ગુજરાતી પ્રકાશક
છોટેલાલ યતિ
જીવન-કેશરકર ગ્રંથમાળા
બીકાનેર.

હિન્દી સંપાદક અને પ્રકાશક
શ્રી સાધુમાર્ગી જૈનપૂજ્યશ્રી
હુકમીચંદજી મહારાજની સંપ્રદાયના
હિતેચ્છુ શ્રાવક-મંડળ-રતલામ

આ પુસ્તકના ખર્ચનો હિસાબ

કાગળ, છપાઈ અને બાઈન્ડીંગ	રૂ.	૫૦૦)
વ્યવસ્થા વિજ્ઞાપનાદિ	રૂ.	૧૫૦)
સંપાદનાદિ	રૂ.	૧૦૦)
સમાલોચના, ભેટ પુસ્તક અને કમીશન	રૂ.	૨૫૦)
		૧૦૦૦

મુદ્રક—
શ્રીજૈનભાસ્કરોદય પ્રેસમાં
મેનેજર બાલચંદ હીરાલાલે છાપ્યું.
જામનગર.

અર્પણ

શ્રી મોરબી સંઘને શ્રીમજ્જૈનાચાર્ય પૂજ્ય શ્રી ૧૦૦૮
શ્રી જવાહિરલાલજી મહારાજની પાસે શ્રીમાન્
ધર્મવીર દુર્લભજી ત્રિભોવન ઝવેરીએ
બ્રહ્મચર્ય [ચતુર્થ] વ્રત પાલન કરવાની
પ્રતિજ્ઞાની યાદગીરી અર્થે
સપ્રેમ સમર્પણ.

લી૦
આ પ નો,
છો ટે લા લ ય તિ.

पूज्य श्री १००८ श्री जवाहिरलालजी महाराज के

व्याख्यानद्वारा सम्पादित और हिन्दी गुजराती पुस्तकें:—

पुस्तक का नाम	आ.पा.	पुस्तक का नाम	आ.पा.
१ अनुकम्पा विचार	४—०	२४ सुबाहु कुमार	४—०
२ परदेशी राजा	४—०	२५ अहिंसा व्रत	४—०
३ आदर्श क्षमा	१—६	२६ वैराग्य शिक्षा	१—०
४ अर्जुनमाली [राधेश्यामक०]	१—०	२७ ब्रह्मचर्य व्रत	२—०
५ नंदन मणियार	०—६	२८ धर्मव्याख्या	२—०
६ भावना	१—०	२९ धर्म अने धर्म नायक [गु.]	१—०
७ सुदर्शन [हिन्दी-गद्य.]	१—०	३० सनाथ अनाथ निर्णय.	२—०
८ ,, चरित्र [,, पद्य.]	१—०	३१ ,, ,, ,, [गुज]	१—०
९ सुदर्शन चरित्र [गुजराती]	१—०	३२ सकडाल पुत्र हिन्दी	२—०
१० मदनरेखा	१—०	३३ ,, ,, गुजराती	३—०
११ चूलनी पिता	१—०	३४ तीर्थंकर चरित्र २. भा.	१०—
१२ जैन धर्म में मातृ पितृ सेवा	१—०	३५ सत्यवादी हरिश्चन्द्र तारा	८—०
१३ परिचय [दयादान विचार]	३—	३६ रुक्मिणी विवाह	४—०
१४ शालिभद्र चरित्र ३ भाग	०—०	३७ खादी और जैनधर्म	०—६
१५ मिल के वस्त्र और जैनधर्म	१—०	३८ सतीवसुमति [चन्दनबाला]	६—०
१६ जिनरिख जिनपाल	०—९	३९ सती राजेमती	३—०
१७ मेघकुमार	५—०	४० साधारण पाठ्य पुस्तक	२—०
१८ स्थानक और धर्मोपकरण	१—०	४१ नंदीसूत्र [मूलपाठ]	३—०
१९ उववाइ सुत्तं [मूल]	४—०	४२ चित्रमय अनुकम्पाविचार रु० १॥	
२० सद्धर्म मण्डन रु० १॥		४३ जवाहिर-ज्योति	६—०
२१ अस्तेय व्रत	२—०	४४ राजकोट व्याख्यान संग्रह रु. २।	
२२ सत्य व्रत	३—०	४५ मयणरहा-चरित्र हिन्दी	२—०
२३ सूत्रकृतांग टीका. अनुवाद रु.१०		४६ ,, ,, ,, गुजराती	२—०

पत्रव्यवहारका पत्ता:—छोटेलाल यति बीकानेर, B. K. S. R.

બે બોલ

શ્રીજૈન હિતેચ્છુ શ્રાવક મંડલ [રતલામ] તરફથી પાંચમું પુષ્પ "સત્યમૂર્તિ હરિશ્ચંદ્ર-તારા"નું ગુજરાતી ભાષાંતર જનતાની સેવામાં રજુ કરતાં મને અત્યંત આનંદ થાય છે.

પૂજ્ય શ્રી ૧૦૦૮ શ્રી શ્રી જવાહિરલાલજી મહારાજશ્રીની વ્યાખ્યાન શૈલીથી જૈન-જૈનેતર અનેક વિદ્વાનો અને રાજા મહારાજાઓ પણ આકર્ષાયાં છે. પૂજ્યશ્રી કાઠિયાવાડ [ગુજરાત]માં પધારીને દેશ, જાતિ અને ધર્મ પ્રત્યે હિતકર તથા મહત્વપૂર્ણ વ્યાખ્યાનો આપી રહ્યા છે. એઓશ્રીના ભૂતપૂર્વ વ્યાખ્યાનો કે જે ઉપરથી હિન્દી ભાષામાં તેનાં પ્રકાશન થયા છે તેમના લાભથી ગુજરાતી જનતા વંચિત ન રહે એ હેતુથી આ અનુવાદ પ્રકાશન કરવામાં આવ્યું છે. મને આશા છે કે, રાષ્ટ્ર-ધર્મ-સમાજ-પ્રેમી બંધુઓ આ પુસ્તકના વાચનદ્વારા યોગ્ય લાભ લઇ, પોતાનું કર્ત્તવ્ય બજાવવા પ્રેરણા મેળવશે તો અમોએ લીધેલ શ્રમ યત્ કિંચિત સફલ થયો ગણાશે.

આ અનુવાદ કરવામાં 'સ્થાનકવાસી જૈન પત્ર'ના તંત્રી શ્રીયુત જીવનલાલ છગનલાલ સંઘવીએ ઘણો પરિશ્રમ લીધો છે અને બહુ જ સુંદર રીતે કાર્ય બજાવ્યું છે. એ બદલ એમનો હું અત્યંત આભારી છું.

આ પુસ્તકના સંશોધક આદિ કાર્યોમાં શ્રીયુત શાન્તિલાલ વનમાળી શેઠનો ઉપકાર હું આ પ્રસંગે પ્રદર્શિત કરું છું. એમણે આ પ્રકાશનમાં ઘણી અગત્યની સૂચનાઓ અને મહેનત લીધી છે તે માટે હું એમનો ઋણી છું. અને શ્રી "જૈન હિતેચ્છુ મંડલ"ના કાર્યકર્તાઓ અને "જૈન ભાસ્કરોદય પ્રેસ"ના મેનેજર બાલચંદ હીરાલાલ-જાપણે આ પ્રકાશનમાં જે સુંદર સહકાર આપ્યો છે તે બદલ અત્રે આભાર માનવાની તક લઉં છું.

જામનગર, માઘશુક્લા ૫
તા ૫-૨-૧૯૩૮

આપનો,
છોટેલાલ યતિ.

સત્યમૂર્તિ હરિશ્ચંદ્ર-તારા

[હિન્દી આવૃત્તિની સમાલોચનાનું સિંહાવલોકન]

પુસ્તકનું કથાનક જૈનદષ્ટિએ ગીતરૂપમાં આલેખ હોવા છતાં કથાનું ચરિત્ર-ચિત્રણ કરવામાં સફળતા મળેલી સ્પષ્ટ જોવામાં આવે છે. આવેલું ખૂબ જ સારીરીતે ચિત્રણ કરવામાં આચાર્યશ્રી મહારાજને પણ સફળતા મળી છે. પ્રસ્તુત પુસ્તકમાં આદ્યોપાન્ત અહિંસાની સાથે સાથે પુષ્પરાશીવનાનો સુયોગ થયેલો જોવામાં આવે છે. ધાર્મિક પુસ્તકોમાં આ પ્રમાણે રાષ્ટ્રીયતાનું મિશ્રણ બીજે ઠેકાણે બહુ જ ઓછું જોવામાં આવે છે. — 'ત્યાગભૂમિ' અજમેર.

પ્રસ્તુત પુસ્તક શિક્ષાની દૃષ્ટિએ એટલું તો નિઃસંકોચ કહી શકાય કે, આ પુસ્તક આ વિષે લખવામાં આવેલા બીજા પુસ્તકો કરતાં ઘણી સારી છે. વક્તા મહોદયે હરિશ્ચંદ્રના જીવનની પ્રત્યેક બાજુને શિક્ષાપ્રદ બનાવવાનો યથાસાધ્ય પ્રયત્ન કર્યો છે અને તે પ્રયત્નમાં તેમને સફળતા પણ ઠીક મળી છે. —રાજસ્થાન સંદેશ, અજમેર—

જૈન ધર્મનાં ગ્રન્થોમાં વર્ણિત કથાનકના આધારે પ્રસ્તુત પુસ્તકની રચના કરવામાં આવેલી હોવાથી, પુરાણ-કથિત હરિશ્ચંદ્ર કરતાં પ્રસ્તુત હરિશ્ચંદ્રને કોઈ જુદા જ રૂપમાં બનાવવામાં આવ્યા છે. તેમના પ્રારંભિક જીવનની કેટલીક ઘટનાઓ જે આજદિવસ સુધી હિન્દી સાહિત્યના કોઈ પણ ગ્રન્થમાં જોવામાં આવી નથી તે આ પુસ્તકમાં વર્ણવવામાં આવી છે. કથાનકની સાથે સાથે નીતિ, ધર્મ અને સદાચારની શિક્ષા આ- પવામાં આવેલી હોવાને કારણે પુસ્તકની ઉપયોગિતા ઘણી જ વધ- જવામાં આવી છે. —સ્વરાજ્ય, ખંડવા—

પ્રસ્તુત પુસ્તક ઉચ્ચભાવો અને ઉપમાઓથી ઓતપ્રોત છે. પ્રત્યે- ક સ્ત્રી અને પુરુષ પાઠકને પઠનીય છે. —જૈનપથ પ્રદર્શક, આગરા—

શિક્ષાની દૃષ્ટિએ સર્વ સાધારણને માટે આ પુસ્તક ઘણું ઉપયોગી છે. —જૈન પ્રકાશ મુંબઈ—

પ્રસ્તાવના.

જે હરિશ્ચંદ્ર અને તારાનું ચરિત્ર વાંચી–સાંભળીને, ભારતીયો જ નહિ, બલ્કે વિદેશીઓ પણ મુગ્ધ બનતા સાંભળવામાં આવે છે; મુસલમાનો, ધાર્મિક મતભેદો છોડી, આંખોમાંથી અવિરત અશ્રુપ્રવાહ ખાળતાં સંભળાય છે, એ જ દાનશિરોમણી, સત્યધીર મહારાજા હરિશ્ચં અને તેની પતિવ્રતા, શિક્ષાદાત્રી, પતિહિતેચ્છુ, પતિસેવાને ખાતર, સાંસારિક સુખોને લાત મારનાર, મહાનમાં મહાન કષ્ટમાં પણ ધર્મ અં પતિસેવાને ન ત્યાગનાર ધર્મપત્ની, મહારાણી તારાનું ચિત્ર રજુ કરત પહેલાં, એ વિચારવું જરૂરનું છે કે, તેમની કથા શા માટે ગાવા–સાંભળવામાં આવે છે, અને તેમના ગુણ ગાવાથી કે શ્રવણ કરવાથી મનુષ્ય શો લાભ થાય છે?

જગતનો એ નિયમ છે કે, જેના આચાર–વિચારમાં ક્રૂરતા ભરે હોય છે, જે ધર્મને બદલે અધર્મને મહત્વ આપે છે, જે સત્યને ઠો મારી અસત્યને અપનાવે છે, જેનું કાર્ય નિયમવિરુદ્ધ, બીજાઓને હા કર્તા અને કુદરતના નિયમોથી પ્રતિકૂલ હોય છે, તે મનુષ્યનું ન સાંભળીને હૃદય કંપી ઉઠે છે, રોમાંચ ખડાં થાય છે, તેનું નામ લેવા કે સાંભળવાથી, લોકો તિરસ્કાર કરે છે. તે જીવતો ન રહેવાથી લો દુઃખ થતું નથી પરન્તુ આનંદ થાય છે. તેના મરણ પછી કોઇ નામ પણ લેતું નથી. અને જો કદાચ લે, તો તે બહુજ ઘૃણ નજરથી. એવા મનુષ્યોથી માત્ર એવા જ લોકો પ્રસન્ન રહે છે જેઓની પ્રકૃતિ એમની પ્રકૃતિ સાથે મળતી જુલતી રહે છે. ઉલટું, જે માણસ બીજાના દુઃખથી દુઃખી બનીને, તેને સહાય કર સમદૃષ્ટિ, સદાચારી, પાપભીરુ અને પરોપકારી છે, તે જીવિતાવસ્થ તો સૌને પ્રસન્ન રાખે જ છે, કિન્તુ તે મરણ પામતાં–તેનાં હજારો યા લાખો વર્ષો વીતી જવા છતાં પણ લોકો તેના નામનું આદરપૂર્વક સ્મરણ કરે છે. તેનાં ચરિત્રને વાંચે–સાંભળે છે અને

જગતમાં જેટલા જેટલા દાનવીરો થયા છે, જેટલા જેટલા સત્ય-
દી અને સત્યપાલક થયા છે, તે સૌમાં હરિશ્ચંદ્રનું સ્થાન મુખ્યપણે
નવામાં આવે છે. બધા લોકો કહે છે, કે ધન્ય છે હરિશ્ચંદ્રને, કે જેણે
ાવા માટે એક ટંકનું ભોજન પણ પાસે ન રાખ્યું અને શરીરપર
ાત્ર જરૂરી વસ્ત્ર રાખીને, પોતાની અને પોતાના પુત્ર તથા સ્ત્રીની
વિષ્યની ચિંતા ન રાખતાં, રાજ્યપાટાદિ સઘળું દાનમાં આપી દીધું.
ટલું જ નહિ, બલ્કે, વચનદ્વારા સ્વીકારેલી દક્ષિણા, પાસે એક પૈસો
ણ ન હોવા છતાં, બરોબર ચોક્કસ મુદ્દતે આપવાની પ્રતિજ્ઞા ઉપર ૯૯
ત્રા અને સ્ત્રીને વેચી તથા પોતે પણ વેચાઇને, પોતાના વચનનું પાલન
ર્યું. આ ઉપરાંત પણ પોતાની સ્વામિની [ભંગણી] ના કટુ શબ્દો
પ્રસન્નતાપૂર્વક સહન કરતા રહ્યા, અને એ સમયનું સ્મરણ કરીને કોનું
કઠોર હૃદય કરૂણાથી દ્રવિત થાય નહિ, કે જ્યારે આટલું સંકટ વેઠવા
છતાં પણ સ્મશાનમાં અર્ધ-રાત્રિને સમયે પોતાના એક ના એક પુત્રનું
શબ જોઇને, તેમ જ પોતાની અર્ધાંગનાનો વિલાપ સાંભળીને પણ સત્યથી
ચલિત ન થયા, તથા કર લીધા વગર, પોતાના પુત્રનો અગ્નિસંસ્કાર
ન થવા દીધો।

હરિશ્ચંદ્રની જેમ તારા પણ જગતની પતિવ્રતા સ્ત્રીઓમાંની એક
હતી, જે પોતાના પતિને કર્તવ્યથી પરાંગમુખ અને વિલાસમાં મગ્ન
થયેલ જોઇ, સાંસારિક સુખોને તિલાંજલી આપી, તેમને પોતાના કર્તવ્ય
પથપર લાવવામાં અને વિલાસિતાના સાગરમા ડૂબતા બચાવવામાં તત્પર
થઇ ગઇ. એક ટંકનું ભોજન મળવાની આશા ન રહેવાની પરિસ્થિતિ
ઉત્પન્ન થવા છતાં, પણ રાજ્યસુખને ભૂલી, પતિની સાથે સાથે વનનાં
અસહ્ય દુઃખો સહન કરવામાં અને પોતે હજારો સેવિકાઓ વડે સેવાતી,
તે વાતનું પણ લક્ષ ન કરતાં, પતિની સાથે મજુરી કરવામાં જ આનંદ
માનવા લાગી. એટલું જ નહિ, પણ પતિના વચનની રક્ષાને માટે પહેલાં
પોતે પણ વેચાઇ. એક માણસનું પેટ ભરવા માટે જે પૂરતું ભોજન
નથી, એટલા જ ભોજનમા પુત્રને પણ ભોજન કરાવ્યું અને તેમાં પોતે

પણ [illegible] કહીને પણ, વીજ તરફ [illegible] [illegible] પતિનું મિલન થતા [illegible] [illegible] હરિશ્ચંદ્રને પડી ન શક્યો. પણ [illegible] ફિકરવાયામાં પણ જેને પતિના [illegible]

[illegible] પેશાનો એક હતો. જો [illegible] [illegible] સમજાત હતો. તેઓને વધારે દુઃખ [illegible] સૌજન્ય, વીરતા તથા [illegible]

[illegible] ભારતને સાંપડયું છે, તે અન્ય દેશના [illegible] અન્ય દેશોનું સાહિત્ય જૂઠું, ચારી, [illegible] સ્થાપિત કરે છે, ત્યાં ભારતનું સાહિત્ય [illegible] વિશ્વપ્રેમ વગેરેનો ઉચ્ચતર [illegible] ભારતનું એ દુર્ભાગ્ય પણ છે કે, ત્યાં [illegible] અને અન્ય [illegible] નું સાહિત્ય [illegible] પામતું જાય છે, ત્યાં ભારતમાં મુસલમાનોની [illegible] સાહિત્યને ભારતીયો જ કલંકિત કરી રહ્યા છે. જે [illegible] અને તારાનું ચરિત્ર વિશ્વમાં અદ્વિતીય માનવામાં આવે છે, તે જ હરિશ્ચંદ્રનું દાન તથા તારાની પતિભક્તિને, કેટલાક લોકો પાપ [illegible], પોતાના દેશ અને ધર્મના ઉત્કૃષ્ટ સાહિત્યને [illegible] રહ્યા છે. એવા લોકો, પોતે તો દાન નથી કરી શકતા, કરે પણ ક્યાંથી ! કારણ કે તેમાં પણ વીરતાની જરૂર પડે છે એટલે દાનને જ પાપ કહીને, તેની પુષ્ટિ હરિશ્ચંદ્રના કષ્ટોનું ઉદાહરણ આપીને કરે છે. સ્ત્રીઓ પોતે તો પતિભક્ત હોતી નથી, તેઓ તો સુવર્ણભક્ત હોય છે, આ પ્રમાણે તારાની નિષ્કામ પતિભક્તિને પાપ કહીને સંતોષ માની લે છે. સારાંશ એ છે કે, ભારતના આવા નિર્મળ સાહિત્યને પણ કેટલાક નિતામકોએ મલિન બનાવી રહ્યા છે.

જે ભારતભૂમિને હરિશ્ચંદ્ર, તારા અને રોહિત જેવાં રત્નો ઉત્પન્ન ાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે, જે અયોધ્યામાં તેમનો જન્મ થયો, કાળમાં તેઓ થયા છે. જે વંશને તેમણે જન્મ લઇને ગૌરવાન્વિત ે છે એ બધાને આધુનિક લોકો ધન્ય માને છે.

જેમ ગાયમાં કામધેનુ આદર્શ મનાય છે, તેમ કથાઓમાં હરિશ્ચંદ્ર ા આદર્શ છે. તેને આદર્શ માનીને તે પ્રમાણે આચરણ કરનારઓથી પ હમેશાં દૂર જ રહ્યા કરે છે અને તેઓની ઉન્નતિ દિન-પ્રતિદિન તા પામે છે.

છેવટમાં અમારે એટલું જ નિવેદન કરવાનું રહે છે કે પૂજ્યશ્રી હારાજનાં વ્યાખ્યાનો શાસ્ત્રીય ભાષાં અને શાસ્ત્ર-સિદ્ધાંત અનુસાર પાયાં છે; છતાં કાર્યકર્તાઓ તરફથી ભૂલો થવા સંભવ છે. તેથી આ ાવૃત્તિમાં કોઈ એવો દોષ વાંચનારને દ્રષ્ટિગોચર થાય તો તેણે અમને ણાવવા કૃપા કરવી. કોઇ ત્રુટી જણાય તો તે અમારી છે, પરન્તુ જ્ય મહારાજ તેમાંથી તદ્દન મુક્ત છે. વાંચક કોઇ દોષ પરત્વે અમારૂં યાન ખેંચશે તો તે સુધારવા અમે બનતો પ્રયત્ન કરશું. सुज्ञेषु किं बहुना।

રતલામ, અષાઢી પૂર્ણિમા સં. ૧૯૯૧ વિ૦	ભવદીય, વર્દ્ધભાણ પીતલિયા પ્રેસીડેન્ટ, બાલચંદ શ્રીશ્રીમાલ સેક્રેટરી.

અનુક્રમ.

પુસ્તકો મળવાનાં ઠેકાણાં :—

૧ યતિ છોટેલાલ કે. રાંગડીચોક — બીકાનેર
૨ જીવનલાલ છગનલાલ સંઘવી. પંચભાઇની પોળ — અમદાવાદ
૩ ગુર્જરગ્રન્થરત્ન કાર્યાલય. ગાંધીરોડ — અમદાવાદ
૪ જૈનભાસ્કરોદય પ્રિન્ટિંગ પ્રેસ — જામનગર
૫ બુકસેલર મોહનલાલ ડોસાભાઇ શાહ — રાજકોટ
૬ જૈનધર્મ પ્રસારકસભા — ભાવનગર
૭ શાહ્ બ્રધર્સ પ્રિન્ટિંગ પ્રેસ — રાજકોટ



સત્યમૂર્તિ

[હરિશ્ચંદ્ર-તારા]



કરણ ૧ લું

રાજનો મોહ

સરયૂ નદીને કિનારે આવેલી અયોધ્યા નામની નગરી પ્રસ્તુત ના નાયક હરિશ્ચંદ્રની જન્મભૂમિ અને રાજધાની માનવામાં આવે છે. ીની અધિષ્ઠાતાવાળા પ્રદેશમાં, એક તો નૈસર્ગિક ગુણના હોય છે, ાંય વળી અયોધ્યાનગરી' જેના કુદરતી સૌંદર્ય અને મહત્તાના વર્ણ- ાં ગ્રન્થોનાં પૃષ્ઠોનાં પૃષ્ઠો ભરેલાં પડ્યાં છે. ભગવાન ઋષભદેવ, જિતનાથ, અભિનંદન, અનન્તનાથ આદિ તીર્થંકરો અને શ્રીરામચંદ્ર વા મહાપુરુષોને ઉત્પન્ન કરવાનું ગૌરવ અયોધ્યાને જ પ્રાપ્ત થયું છે.

અયોધ્યાનગર, સરયૂનદીના તટપર ઉદ્યાનની જેમ શોભી રહ્યું હતું. આ અયોધ્યાના નિવાસીઓ સુંદરતા અને સ્વભાવમાં આ ઉદ્યાનના પુષ્પોની માફક પ્રતીત થતા હતા. પુષ્પોમાં જેમ સુગંધનો ગુણ છે તે જ પ્રમાણે ત્યાંના લોકો કોમળતાને માટે પણ પ્રસિદ્ધ છે. જેમ છતાં તેઓની આ કોમળતા અને સુગંધ, કઠોરતા ઉપર અવલંબિત છે અર્થાત્ તેમની સ્થિતિ એ કઠોર વસ્તુપર છે, જે ને ડાળી કહે છે. એ જ પ્રમાણે અયોધ્યાવાસીઓમાં, જ્યાં નમ્રતા, કોમળતા અને પરોપકારરૂપી સુગંધ હતી ત્યાં તે ગુણોની સ્થિતિને માટે, તેમનામાં વીરતા રૂપી કઠોરતા પણ હતી.

જો માણસ કેવળ નમ્રતાનિમગ્ન રહે અથવા કેવળ કઠોરને કઠોર જ રહે, તો સંસારવ્યવહારમાં તે એક-યોગ્ય ગણાતો નથી. જે માણસ સાકરના જેવો હોય છે, અર્થાત્ જેમ સાકર મ્હોંમાં મૂકવાથી તો મિઠાશ આપે છે, પણ શરીરપર મારવાથી દુઃખ પહોંચાડે છે, તે જ પ્રમાણે જે માણસ સદ્ગુણોની સાથે તો નમ્ર, છતાં દુર્ગુણોની સાથે કઠોર રહે છે તે જ માણસ સંસારવ્યવહારમાં કુશલ મનાય છે. અસ્તુ.

આ અયોધ્યારૂપી ફુલવાડીમાં એક ફુલ એવું હતું, કે જે પોતે પણ સુગંધિત હતું અને પોતાની સુગંધથી બીજાં ફુલોને પણ સુગંધિત કરી રહ્યું હતું અખિલ સંસાર આ ફુલને ઉત્તમ ગણતો અને તેની પ્રશંસા કરતો આ ફુલનું નામ હતું 'રાજા હરિશ્ચંદ્ર'. હરિશ્ચંદ્ર જ્યાં, અવધ નિવાસીઓમાં ઉત્કૃષ્ટ મનાતો, ત્યાં જ તેનામાં સુગંધ, કોમળતા અને કઠોરતાના ગુણો પણ વધારે હતા

ફુલ, જો એમ સમજે કે હું સ્વતંત્ર છું ડાળીને આશ્રિત નથી એટલે ડાળી કાંઇ કામની નથી અને જો ડાળી એમ સમજે કે ફુલ મારાપર માત્ર બોજા રૂપે છે, એનાથી મને કાંઇ લાભ નથી તો બન્નેની શોભા નષ્ટ થઇ જાય. ફુલ જ્યાંસુધી ડાળી પર છે ત્યાંસુધી તેની શોભા છે અને ડાળીપર જ્યાંસુધી ફુલ છે ત્યાં સુધી જ તે ડાળી

શોભા છે. એ જ પ્રમાણે જો મોટાઓ એમ સમજે કે 'હું મોટો છું અને બીજા લોકો તુચ્છ છે' અને ન્હાનાઓ એમ સમજે કે 'આ મોટાઓ અમારું કાંઇપણ બગાડી શકતા નથી, અમે તો સ્વતંત્ર છીએ,' તો કામ ચાલી શકતું નથી. એમ થવાથી તો બંનેને હાનિ પહોંચવાનો સંભવ છે. પોતપોતાના ધર્મને સમજીને, જ્યારે મોટો એમ સમજે કે હું, ન્હાનાઓ હોવાથી જ મોટો છું અને એમણે જ મને મોટો બનાવ્યો છે, તથા ન્હાનો એમ સમજે કે મોટાથી જ મારી શોભા છે અને તેનાથી જ મારી રક્ષા છે, ત્યારે જ કાર્ય સુંદરરૂપે ચાલી શકે. રાજા અને પ્રજામાં આ વિચારોના અસ્તિત્વથી જ કદાપિ અશાન્તિ થતી નથી, તેમ પરસ્પર વૈમનસ્ય ઉત્પન્ન થતું નથી.

હરિશ્ચંદ્રને પ્રજા અને પ્રજાને હરિશ્ચંદ્ર પ્રાણની જેમ પ્રિય હતો. હંમેશા એક બીજાના કલ્યાણની ચિંતા પરસ્પર કરતા હતા, એક બીજાને દુ:ખમાં ધકેલવાનો કદી વિચાર સરખોએ થતો ન હતો.

હરિશ્ચંદ્ર માટે કહેવાય છે કે તે રામચંદ્રજીથી ૨૭ પેઢી પહેલાં, એક જ કુલમાં ઉત્પન્ન થયા હતા વૈજ્ઞાનિકોનું કથન છે કે સંતાન પોતાના બાપદાદાઓની સંપત્તિની સાથે જ, પોતાના પૂર્વજોના ગુણ, સ્વભાવ, સ્વાસ્થ્ય આદિને પણ પ્રાપ્ત કરે છે. એ જ પ્રમાણે હરિશ્ચંદ્રના ત્યાગાદિને જોતાં જો રામચંદ્રમાં રાજત્યાગનો ગુણ હોય તો તેમાં કાંઈ આશ્ચર્ય નથી. આંબાના વૃક્ષમાં જો કેરીઓ લાગે તો તેમાં શી વિશેષતા!

જો કે હરિશ્ચંદ્ર એક ઉચ્ચ કુળમાં ઉત્પન્ન થયા હતા, બુદ્ધિમાન હતા, પ્રજાની રક્ષામાં તન, મન, ધનથી જોડાયલા રહેતા હતા, તથાપિ સંસારમાં ભાગ્યે જ એવા વિરલ મનુષ્યો નિકળશે કે જેઓ યુવાવસ્થાની ધુનમાં ન આવ્યા હોય, યુવાવસ્થા પામીને, ઉન્મત્ત ન બની ગયા હોય. યુવાવસ્થાની સાથે જ જો કદાચ ધનવૈભવ પણ મળી ગયો તો સમજો કે વાંદરાને દારૂ પીવરાવી દેવામાં આવ્યો, અને કદાચ સંયોગવશાત્ રાજસત્તા

પણ મળી ગઈ, તો પછી કહેવાનું જ શું હોય! આવી દશાને માટે તો ગુસાંઈજીની આ ઉક્તિ કેટલી અનુભવપૂર્ણ નથી?—

> ग्रह गहित पुनि बातबस, तेहि पुनि बीछी मार।
> ताहि पियाइय बारुनी, कहहु कवन उपचार॥

એક બીજા કવિએ કહ્યું છે:—

> यौवनं धनसंपत्तिः प्रभुत्वमविवेकिता।
> एकैकमप्यनर्थाय, किमु यत्र चतुष्टयम्॥

અર્થાત્:—યુવાની, ધનસંપત્તિ, પ્રભુતા અને અજ્ઞાનતા એમાંથી દરેક અનર્થકારી છે. જ્યાં એ ચારે એકી સાથે મળી હોય ત્યાંની તો વાત જ ન પૂછો.

યુવાવસ્થામાં મસ્ત રહેતો મનુષ્ય, પ્રાયઃ કામભોગમાં વધારે આસક્ત રહે છે. તેને કર્ત્તવ્ય અકર્ત્તવ્યનું ઘણું જ ઓછું ધ્યાન રહે છે. તેનું ધ્યાન તો માત્ર સ્ત્રીઓના સૌંદર્ય, તેના હાવભાવ વગેરેમાં જ રહે છે અને તેમના સમયનો વધારે ભાગ એના જ કાર્યોમાં વ્યતીત થાય છે. પુરુષની આવી અવસ્થામાં, જો કદાચ સ્ત્રી પણ એ પ્રકારની જ મળી ગઈ, તે પણ યુવાવસ્થાને લીધે કામભોગની દાસી બની ગઈ, તો પછી પુરુષની સાથે તે પોતે પણ વિલાસની મોટી ખાઈમાં જઈ પડે છે અને પોતાનો તથા પોતાના પતિનો નાશ કરી લે છે. પણ જો કદાચ સ્ત્રી સાવધાન તથા વિવેકવાન બની, તો તે પતિને પણ વિલાસમાં ડૂબતો બચાવી લે છે અને તે પોતે પણ બચી જાય છે.

આ યુવાવસ્થારૂપી પિશાચિનીએ, હરિશ્ચંદ્રને પણ દબાવ્યો. જો કે તેણે હરિશ્ચંદ્રને વિલાસપ્રિય બનાવી દીધો, પરન્તુ તે પડતી તરફ તેનું ધ્યાન લઈ જવામાં અસમર્થ બની. હાં, પોતાની નવપરિણીત સૌંદર્યની રાણી તારાના મોહપાશમાં હરિશ્ચંદ્ર જરૂર એવો તો સપડાઈ

ગયો કે તેને તારા વિના આખો સંસાર શૂનો (જડ. શૂન્યવત્) દેખાવા લાગ્યો. તારા તેની આંખોની તારા બની ગઇ અને તારા વગર તેને એક ક્ષણ પણ પસાર કરવી મુશ્કેલ થઇ પડવા લાગી. આ વખતે, મહારાજા હરિશ્ચંદ્ર કેવળ સ્ત્રી સુખને જ સુખ માની બેઠો. ઉઠતાં બેસતાં, ખાતાપીતાં, તેને તારા, તારાની જ ધૂન લાગી રહેતી. દેશ અને રાજ્યમાં શું થાય છે, રાજ્યાધિકારીઓ પ્રજા સાથે કેવો વર્તાવ રાખે છે, પ્રજા સુખી છે કે દુઃખી વગેરે બાબતોની તેને લેશપણ દરકાર રહી નહિ.

રાજા, જ્યારે પોતે પ્રજા તરફથી ઉદાસીન બની વિલાસમાં ડુબી જાય છે ત્યારે પ્રજા તથા દેશની શી દશા થાય છે, તેના અનેક દૃષ્ટાંતો ઇતિહાસમાં મોજુદ છે. અહિંઆ ભારતસમ્રાટ પૃથ્વીરાજ ચૌહાણ અને મહારાણા ઉદયસિંહનું નામ આપવું ઉચિત ગણાશે. હરિશ્ચંદ્રના વિલાસી બની જવાથી અને રાજ્યકાર્ય તરફ નજર ન નાખવાથી આ દશા થવા લાગી. અધિકારી વર્ગ પ્રજાનું ધન શોષણ કરીને પોતાનું હિત સાધવા લાગ્યા અને પ્રજાનાં સુખદુઃખની ચિન્તા કરનાર કોઈ ન રહ્યું.

જેમ જેમ મહારાજા હરિશ્ચંદ્ર વિલાસમગ્ન બનતો જતો હતો, તેમ તેમ તેની કાન્તિ, સુંદરતા, વીરતા, ધીરતા, બુદ્ધિ, બળ વગેરેનો પણ નાશ થતો જતો હતો. કોઈ કવિએ કહ્યું છે કેઃ—

कुरङ्गमातङ्गपतङ्गभृङ्ग-मीनाः हताः पञ्चभिरेव पञ्च।
एकः प्रमादी स कथं न हन्यते, यः सेवते पञ्चभिरेव पञ्च॥

અર્થાત્—હરણ, સાંભળવાનાં વિષયસુખથી, હાથી સ્પર્શેન્દ્રિયના વિષયસુખથી, પતંગ આંખના વિષયસુખથી, ભમરો નાકના વિષયસુખથી, અને માછલી જીભના વિષય સુખથી નાશ પામે છે. તો જે એક જ માણસ આ પાંચે વિષયોનું સેવન કરનાર હો તે વગર મોતે કેમ નહિ મરી જાય !

એ જ પ્રમાણે, મહારાજ હરિશ્ચંદ્ર આત્મ-ભવના પતનને પંથે જઈ રહ્યા હતા. તેને તેનું કિંચિત પણ ભાન ન હતું, કે હું અધઃપતનને માર્ગે જઈ રહ્યો છું. એ તો એમ જ માનતા કે સંસારમાં આના જેવો બીજો આનંદ છે જ નહિ. અર્થાત્-તે પતનને તે આનંદ માની રહ્યા હતા.

જો કે રાજા પોતે વિલાસપ્રિય બની ચૂક્યો હતો, પરન્તુ રાણી તારા ચતુર અને વિવેકશીલ હતી એટલે તેના પર વિલાસીતાનો એવો પ્રભાવ ન પડ્યો. પતિની દશાને દેખી, તથા દાસીઓના મોઢેથી પ્રજાનાં દુઃખ, રાજ્યાધિકારીઓના અન્યાય અને રાજ્યકાર્ય ન જોવાને લીધે, પ્રજાદ્વારા પોતાના પતિની નિંદાને સાંભળી, રાણીને વિચાર થયો કે જે પ્રજાની પાલક માતા પિતા રાજા અને હું રાણી કહેવાઉં છું, જે પ્રજાના ધનને અમે અમારા ઉપયોગમાં લઈએ છીએ, જે પ્રજાના દુઃખને મટાડી, તેની રક્ષા કરવી એ પતિનું અને એની સાથે જ મારું કર્તવ્ય છે, એ જ પ્રજાનાં સુખદુઃખની ચિંતા ન કરતાં, પોતાની મોજ-મજામાં પડ્યા રહેવું, એ નર્કમાં લઈ જવા જેવી બાબત છે. પતિ, મારા જ કારણે મહેલની બહાર જતા નથી, મારા જ સૌંદર્ય પર તેઓ મુગ્ધ બની રહ્યા છે, તે માટે મને તથા મારા રૂપયૌવનને સેંકડોવાર ધિક્કાર છે, કે જે રૂપ, અને યૌવન મારા પતિને આ રીતે ભ્રમણામાં નાંખીને, કર્તવ્યભ્રષ્ટ કરી રહેલ છે; તેમજ તેમને આ લોકમાં કલંકિત તથા પરલોકમાં ગુન્હેગાર [શિક્ષાપાત્ર] બનાવી રહેલ છે. 'મારા માથે કયા કાર્યનો બોજો છે, હું રાજા શાથી કહેવાઉં છું' વગેરે બાબતોનું તેમને ધ્યાન ન રહેવાનું કારણ હું જ છું મારે જ લીધે, આજે સૂર્યવંશની અખંડ યશકીર્તિમાં કલંક લાગી રહ્યું છે. જે પતિની આકૃતિ દેખતાં જ શાંતિ મળતી, જેનો ચહેરો ગુલાબના પુષ્પની જેમ હંમેશાં પ્રફુલ્લિત રહેતો, જેમનું શરીર હૃષ્ટ-પુષ્ટ અને સુસ્વરૂપવાન હતું, એ પતિની આજે કેવી દશા છે! આ વખતે તેઓ માત્ર-શૃંગારથી જ સુંદર દેખાય છે. પણ વાસ્તવિક સુંદરતા તો તેમને છોડી ગઈ છે અને તેનું કારણ

હું જ છું. મારા જ પ્રેમે, પતિના ચંદ્ર જેવા સુખદાયક સાંદર્યમાં કલંક લગાડ્યું છે; પરન્તુ શું પ્રેમ એવી નિકૃષ્ટ–હલકી વસ્તુ છે? શું પ્રેમ પતનને માર્ગે ઘસડી જાય છે? શું પ્રેમ, સૌંદર્યનો આ પ્રમાણે ઘાતક છે? શું પ્રેમી મનુષ્ય કર્ત્તવ્ય માર્ગ પર સ્થિર નથી રહેતો? નહિં, નહિં, એવું નથી. જો પ્રેમ એવો હોત, તો સંસારમાં કોઇ તેનું નામ જ ન લેત. પ્રેમ, પ્રેમ તો એ વસ્તુ છે કે જે ઉન્નતિ તરફ પગરણ મંડાવે છે, તેજ, ઉત્સાહ અને જ્ઞાનની વૃદ્ધિ કરે છે, બલવીર્યની રક્ષા કરે છે, ઉદારતા અને ગંભીરતાને વધારે છે, તથા પોતાના કર્ત્તવ્ય પંથથી કદી વિચલિત થવા દેતા નથી.

આ પ્રમાણે વિચારતાં, વિચારતાં રાણી ગંભીર ચિંતાસાગરમાં નિમગ્ન બની ગઇ. તે વિચારવા લાગી કે, જો પ્રેમ ખરાબ નથી તો પછી પતિની આ દશા થવાનું કારણ શું છે? શું સ્ત્રીપ્રેમ ખરાબ છે? શું સ્ત્રીઓનો પ્રેમ એટલો હલકો છે? શું સ્ત્રીઓનું જીવન એટલું અધમ છે કે તેનાથી પ્રેમ કરનાર મનુષ્ય પતિત બની જાય છે? શું સ્ત્રીઓનો પ્રેમ પોતાના પતિના યશરૂપી ચંદ્રમાને માટે રાહુ જેવો છે? યદ્યપિ જો એમ હોત, તો સંસારમાં કોઈ સ્ત્રીઓનું નામપણ ન લેત સ્ત્રીઓથી હમેશાં દૂર જ રહ્યા કરત અને એને વિષની જેમ ત્યાજ્ય સમજત તો પછી મારા પતિના ગૌરવ અને સૌંદર્યપર કલંક લગાડવાનું શું કારણ છે!

વિચારતા-વિચારતા રાણીને જણાયું કે આ કલંક સાથે પ્રેમને કોઈ જાતનો સંબંધ નથી. તેનો સંબંધ તો મોહ સાથે જ છે. જે પ્રેમને માટે પતિ-પત્નિનો સંબંધ સ્થાપિત થાય છે, તે પ્રેમ તેજ, ઉત્સાહ વગેરેનો નાશક નહિ, પણ વર્ધક છે. જે તેજ, ઉત્સાહ વગેરેનો નાશ કરે, અજ્ઞાનતા, આત્મવંચના આદિની વૃદ્ધિ કરે, જેના અસ્તિત્વથી મનુષ્ય કોઈ એક વિશિષ્ટ વસ્તુ સિવાય સંસારના બીજા સત્કાર્યોથી દૂર થઈ જાય, જે મનુષ્યની મનુષ્યતાનો જ લોપ કરી દે, તેનું

નામ મોહ છે, પ્રેમ નહિ. આ આપર પતિનો પ્રેમ નહિ પણ મોહ છે. જ્યાં હું આજસુધી આ વાતને ન સમજી શકી અને મારી આ ભૂલે જ, આજ પતિના સહવાસમાં કાંઈક સમાજની અસ્થિરતા થઈ છે. અને હવે એ ઉચિત જ નહિ, મારે મારું કર્તવ્ય છે કે, હું પતિના મોહને દૂર કરાવી તેમને કર્તવ્ય પંથ પર સ્થિર કરું અને તેમનું, મારું તથા પ્રજાનું કલંક ધોઈ નાખું.

સ્ત્રી જેમરીતે પતિની સેવિકા હોય છે, તેવી જ રીતે તે પતિની શિક્ષિકા પણ બની શકે છે. સારાં કાર્યોમાં પતિને સહાય કરી અને તેને ખોટાં કામોથી બચાવવો, એ પત્નીનું કર્તવ્ય છે. એ જ કારણે પત્ની પતિની ધર્મસહાયિકા ગણાય છે. કર્તવ્ય પર સ્થિર રહેવું એ જ ધર્મ છે અને એમાં મદદ આપવી એ પત્નીનું મુખ્ય કર્તવ્ય છે. જો, પતિ પોતાના કર્તવ્યથી હટીને, અકર્તવ્યમાં તલ્લીન બની રહ્યું હોય તો તેને ઉચિત ઉપાયો વડે કર્તવ્ય પંથપર સ્થિર કરવાનું કામ પત્નીનું છે. એ જ પ્રમાણે પુરુષ પણ પોતાની પત્નીને સન્માર્ગ પર લાવવા માટે જવાબદાર છે. આવી પરિસ્થિતિમાં કયા અને કેવા ઉપાયોથી કામ લઈ શકાય છે, વગેરે બાબતો તારાના ચરિત્રથી પ્રકટ થશે. અસ્તુ.

પતિ પોતાના ઉપર મોહિત છે, અને એથી જ તેઓ પ્રજાના સુખદુઃખ વગેરેથી અજ્ઞાન છે, આ વાતની રાણીને માલમ થતાં જ તે પ્રજાની સ્થિતિ જાણવા માટે આતુર થઈ ગઈ. તેણીએ ગુપ્તરીતે પ્રજાનાં સુખદુઃખ અને રાજાના સંબંધમાં પ્રજાનો અભિપ્રાય જાણવા માટે દાસીઓને નગરમાં મોકલી.

નગરમાં ચારે તરફ, રાજ્યની દુર્વ્યવસ્થાની નિંદા થઈ રહી હતી. લોકો બોલતા હતા કે રાણીને પ્રાપ્ત કરવાથી રાજાને રાજ્યની સ્થિતિ સુધારવી જોઈતી હતી અને પ્રજાનાં દુઃખ દૂર કરીને તેને સુખી બનાવવાના પ્રયત્ન કરવા જોઈતા હતા. પરન્તુ રાણી મળવાથી રાજા પોતે

ણ કામાંધ બની ગયો. તે રાજ્યકાજ તરફ તો દષ્ટિપાત પણ નથી કરતો. રાજ્યનું કામ તો નોકરોના ભરોસા પર છોડી દીધું છે. તેની દષ્ટિ તો માત્ર રાણીનાં નેત્રો તરફ જ રહે છે.

પ્રજા અને રાજા વચ્ચે પિતા-પુત્રના જેવો સંબંધ હોય છે. પુત્ર જો અનીતિ કરતો હોય, પોતાના કર્તવ્યથી પતિત બનતો હોય તો પિતા તેને શિખામણવડે એમ કરતાં રોકે છે. એ જ પ્રમાણે જો પિતા કર્તવ્યથી પરાંગમુખ અને અનીતિમાં પ્રવૃત્ત બને છે તો નીતિ, પિતાનાં કાર્યોનો પણ વિરોધ કરવાની આજ્ઞા આપે છે. એ વખતની પ્રજા પોતાનું તથા રાજાનું કર્તવ્ય સારીરીતે સમજતી હતી એટલે એને રાજાની વિરુદ્ધ એવું કહેવામાં જરાપણ ભય ન થયો. આજની પ્રજા રાજાના અનેક અન્યાયોનો પણ વિરોધ નથી કરતી તે એટલે સુધી કે પ્રજાની પુત્રીઓ અને કુલવધુઓનાં સતીત્વ હરણ કરતાં છતાં પણ રાજાને અન્યાયી કહેવાનું સાહસ નથી કરી શકતી, જ્યારે તે વખતની પ્રજાને પોતાની જ સ્ત્રીની મોહજાળમાં ફસાયેલ રાજાની કડવી ફરિયાદ કરવામાં લેશ પણ ભય ન હતો. આ તફાવતનું કારણ—પોતાના કર્તવ્યને ન સમજવું અને તેના પર સ્થિર ન રહેવું—એ છે. જ્યાંસુધી મનુષ્ય પોતે સચ્ચારિત્રશીલ ન હોય, પોતે નીતિ અને ધર્મનું પાલન ન કરતા હોય ત્યાંસુધી બીજાના દુરાચાર, અનીતિ અને અધર્મનો વિરોધ નથી કરી શકતો.

દાસીઓએ પ્રજાના મુખે જે કાંઈ સાંભળ્યું હતું તે રાણી પાસે આવીને કહી સંભળાવ્યું. રાણી પ્રજાની વાતો સાંભળીને પ્રજાની પ્રશંસા કરવા લાગી તથા પોતાના પતિનો મોહ દૂર કરવા માટે વધારે અધીર બની છતાં તે સાથે તેણીને એક ચિંતા બીજી પણ હતી એમ કે પતિનો મોહ કઈ રીતે દૂર કરી શકાય ?

મારા સ્વામીને કુમાર્ગથી સુમાર્ગ પર લાવવા એ ગિરિ ઉઠાવીને નાખવા જેવડું કઠણ કામ છે. એમાં પણ વ્યસની લોકોને સુધારવા તે અત્યન્ત મુશ્કેલ છે. પણ ઉદ્યોગી મનુષ્યને માટે કોઈ કાર્ય અશક્ય નથી. અસંભવ એ કાયરનું નામ છે. તેને ઉદ્યોગી મનુષ્યો જાણતા જ નથી. એનો તો સિદ્ધાન્ત હોય છે:—

" देहं पातयामि वा कार्यं साधयामि वा "

અર્થાત્—કાંતો કાર્ય સિદ્ધ કરીને જ છોડશે અથવા તેના પર મરી ફીટશે.

રાણી વિચારવા લાગી કે, હું પતિને કઈ રીતે સુમાર્ગ પર લાવું! અંતમાં તેણીએ પતિનો મોહ મટાડવાને માટે ઉપાય વિચારી લીધો અને એ ઉપાયને કાર્યરૂપમાં પરિણીત કરવા પ્રયત્નશીલ બની ગઈ.



પ્રકરણ ૨ જું

મોહનાશનો ઉપાય

ઉત્તમ મનુષ્ય, બીજાઓને સન્માર્ગે લાવવા—માટે, બીજાઓને સુધારવા—માટે, પોતે જ કષ્ટ સહન કર્યા કરે છે. જેટલા-જેટલા મહાપુરૂષો થયા છે, તેમના જીવનચરિત્રો પરથી આ વાત સુપ્રસિદ્ધ છે કે, તે મહાપુરૂષોએ જે દુઃખ વેઠ્યાં છે, તે બીજાઓને સુધારવા માટે, બીજાઓને કુમાર્ગથી ખસેડી સુમાર્ગ પર લાવવા માટે. પોતે દુઃખ ભોગવીને ત્યાગ દર્શાવીને તેમ જ સ્વયં આચરણમાં મૂકીને જે—ઉપદેશ આપવામાં આવે છે જે—આદર્શ ખડો કરવામાં આવે છે, તેનો પ્રભાવ અવશ્ય સ્થાયી હોય છે. જે લોકો માત્ર બીજાઓને બોધ દેવામાં કુશલ હોય છે, પણ પોતે પોતાને એ ઉપદેશોથી વિના કારણ જ મુક્ત સમજે છે, એવા લોકોનો ઉપદેશ નિરર્થક સિદ્ધ થાય છે તથા તેનાથી કાંઇ લાભ થતો નથી. આજના મોટા ભાગના ઉપદેશકો, શિક્ષકો, અધિકારીઓ અને નેતાઓમાં આ દોષ સાંભળવામાં આવે છે, તેથી જ તેઓ પોતાના ઉપદેશ દ્વારા સુધારો કરવામાં તથા જનતાને કુમાર્ગથી હટાવી સન્માર્ગ પર લાવવામાં નિષ્ફળ નીવડે છે.

ઘણા લોકો બીજાના દુર્ગુણો મટાડવા માટે પોતે પણ દુર્ગુણથી કામ લે છે; પરન્તુ દુર્ગુણ-થી-દુર્ગુણ મટતો નથી, પણ વધે છે. જેમ કેઃ— કોઈનામાં ક્રોધનો દુર્ગુણ છે. હવે તે ક્રોધના દુર્ગુણને દૂર કરવા માટે, જો ક્રોધથી જ કામ લેવામાં આવે અને એ ક્રોધી મનુષ્યને માર મારવા વગેરેની શિક્ષા કરવામાં આવે તો તેને તે દુર્ગુણ ઘટવાને બદલે વધશે. નષ્ટ થવાને બદલે વૃદ્ધિંગત થશે. અને નિર્મૂળ થવાને બદલે વિરાટ રૂપ ધારણ કરશે. તેના નાશને માટે ક્ષમા અને શાન્તિનો પ્રયોગ જ કરવો ઉચિત છે.

આજના મોટા ભાગના પતિ-પત્નિઓ પણ એક બીજાના દુર્ગુણને દૂર કરવા માટે કોઈને કોઈ દુર્ગુણનો જ કામ લેવા સાહ-જવામાં આવે છે પરન્તુ એમ કરવાથી તેઓ નિષ્ફળ જ નથી નીવડતા, બલ્કે તેમના દુર્ગુણની વૃદ્ધિ કરવામાં મદદરૂપ બની જાય છે. એટલે દુર્ગુણનો પ્રતિપક્ષી સદ્ગુણ જ દુર્ગુણનો નાશ કરવામાં સમર્થ છે. સદ્ગુણોનો આદર્શ ઉપસ્થિત કરવાથી જ દુર્ગુણ નાશ પામે છે અને સદ્ગુણોની ભાવનાથી જ મનુષ્ય દુર્ગુણ છોડાવવાના કાર્યમાં સફળ થઈ શકે છે.

રાણી વિચાર કરે છે કે પ્રાણનાથને મોહમાં ફસાવવામાં તેમને તેમના કર્તવ્યમાં ભ્રષ્ટ કરવામાં, તેમના શારીરિક સૌંદર્ય અને નૈસર્ગિક ગુણોનો નાશ કરવામાં હું જ કારણભૂત છું. મારૂં જ હાસ્ય, મારો જ શૃંગાર, મારા જ રંગ-રાગ પતિને માટે ઘાતક બન્યા છે. એમણે જ મારા પતિને મોહાવસ્થામાં ડુબાડી દીધા છે. મોહના નાશનો ઉપાય ત્યાગ છે. ત્યાગનો આદર્શ ઉપસ્થિત કરવાથી જ મોહનો નાશ થઈ શકે છે. એટલે હું આ ત્યાગને જ અપનાવીશ અને હાસ્ય, શૃંગાર, રંગરાગ વગેરે વિલાસની વૃદ્ધિ કરનારા કાર્યોને છોડી મારૂં જીવન-ધન, મારા હૃદયેશ્વર મ્હારા પ્રાણાધારના મોહનિદ્રાને હટાવી, જગતને બતાવી આપીશ કે સ્ત્રી-પ્રેમ કેવો હોય છે! સ્ત્રીઓ શું કરી શકે છે અને સ્ત્રીઓનું કર્તવ્ય શું છે! હું પોતે વિલાસિતાને છોડી, વિલાસિતાને ઉત્પન્ન કરનારી વસ્તુઓ તથા એવા કાર્યોને તિલાંજલી આપી મારા પતિને મોહાવસ્થામાંથી જાગૃત કરીશ. હું વૈરાગિની (વૈરાગ્યવાન) નહિ બનું, પરન્તુ—એ શૃંગારો, એ આભૂષણો, એ હાસ્યકટાક્ષ, આદિ જે મારા પતિના મસ્તક પર, મારા શ્વસુરના નિર્મળ વંશપર, એક રાજાના કર્તવ્યપર અને પુરુષના પુરુષાર્થ પર કલંક લગાડી રહેલ છે તેને અવશ્ય ત્યાગી દઈશ. હું પતિની દાસી છું, પતિ મને પ્રાણની જેમ પ્રિય છે, તે ઈશ્વર સમાન મારા પૂજ્ય છે, એટલે તેમના પ્રેમને હું નથી છોડી શકતી

નથી ક્રોધિત બની શકતી; પરન્તુ તેમને મોહાવસ્થાથી સચેત કરવા માટે તેમની મોહનિદ્રાનો ભંગ કરવા માટે, તેમના પર ચોંટેલા કલંકને ધોઇ નાખવા માટે હું પ્રત્યક્ષમાં એ રૂપ ધારણ કરીશ કે જે ક્રોધનું અંતર્ગત કહેવાય છે. એટલું જ નહિ પણ હું મરણાન્ત કષ્ટ સહન કરીને પણ મારા પતિને કર્તવ્યપરાયણ બનાવીશ. તેમને તેમની ભૂલને બતાવીશ અને તેમને સુધારીને તેમની ગણના નીતિજ્ઞ તથા પ્રજાવત્સલ રાજાઓમાં કરાવીશ. ને સાથે સ્ત્રી જાતિને માટે આદર્શ પણ ઉપસ્થિત કરી દઇશ કે પોતાના આરાધ્યદેવ-પતિ ને કેવીરીતે નમ્રતા, ત્યાગ તથા તપશ્ચર્યાના સન્માર્ગ પર લાવી શકાય છે. હું મારા પતિના હિતને અર્થે તેમની શિક્ષિકા બનીશ. તેમને મારવાથી નહિ પણ ત્યાગથી, પ્રત્યક્ષમાં નહિ પણ પરોક્ષમાં અને અરથાથી નહિ પણ રથાથી શિક્ષા આપીશ કે અમુક સમય પછી તેઓ પોતે જ મારી પ્રશંસા કરે.

ક્યાં આજની તે સ્ત્રીઓ કે જે પતિને પોતાના મોહપાશમાં લપટાવેલા રાખવા માટે અનેક ઉપાયો કરે છે. દેવી-દેવતાઓની માનતા કરે છે—જાદુ-ટોણા કરાવીને પતિને વશ રાખવાની પ્રવૃત્તિઓ આદરે છે—અને પતિને પોતાને સ્વાધિન કરીને—પતિને પોતાનો આજ્ઞાંકિત સેવક સમજીને—આનંદ પામે છે, પોતાનું ગૌરવ સમજે છે અને તેના તથા પોતાના સર્વનાશનું જરાપણ લક્ષ રાખતી નથી; અને ક્યાં તારા, જે પતિને પોતાના મોહપાશમાંથી છોડાવવા—તેને કર્તવ્યપથ પર સ્થિર કરવા—અને કલંકથી મુક્ત કરવાનો ઉપાય કરી રહી છે. તારા જેવાં સ્ત્રીઓના ચરિત્રોએ જ આજે ભારતીય સ્ત્રી સમાજને ગૌરવાન્વિત કર્યો છે.

રાણીએ, એ વસ્ત્રાભૂષણો કે જે શૃંગાર નિમિત્તે અતિ હોંસથી પહેરતી હતી—જે પહેરવાથી રાણીની સુન્દરતા સોનામાં સુગંધની જેમ વધતી હતી, જે રાણીને અદ્યાપિ વિશેષ પ્રિય હતાં, જેને તે પોતાના રૂપ-લાવણ્યની વૃદ્ધિ કરવામાં સહાયરૂપ માનતી હતી—તે આભૂષણો તેણીએ વિના સંકોચે એકદમ ફેંકી દીધા અને એવાં સાધારણ આભૂષણો

ધારણ કર્યાં કે જે જીવનમાં ન હતા, તથા જે પ્રાણે એવો કદીપણ પ્રેમ ન હતો. તેણીએ તે કામ, જેમ મન એક કામનાને કોઈ બીજુ ધ્યાન કરી શકે છે તે પ્રમાણે કરી નાખ્યું. તેણીએ પોતાના મુખારવિંદ પણ હાસ્ય તથા પ્રફુલ્લતા એકદમ મલીનતામાં ફેરવી નાખ્યા.

રાણીએ શરીરનાં ઉત્તમોત્તમ વસ્ત્રાભૂષણો કાઢી દીધેલાં જોઈ દાસીઓના સમવાય ઉઠી. રાણીના ગંભીર મુખને જોઈને તે દાસીઓના આશ્ચર્યનો પાર ન રહ્યો તેઓ રાણીને વિનયપૂર્વક બોલી, કે આજે તમે આ શું કરી રહ્યા છો? વસ્ત્રાભૂષણો કેમ કાઢી નાખ્યા છે? અને આપના સ્વભાવ તથા આકૃતિમાં આ અચાનક ફેરફાર થવાનું કારણ શું છે? રાણી મારફત આ પ્રશ્નોનો જવાબ ન મળ્યો, એટલે પુનઃ તેઓ કહેવા લાગી કે આપ આ આભૂષણોને ધારણ કરો અને આપની મલીનતાનું કારણ જણાવો પરન્તુ આજે રાણી વસ્ત્રાભૂષણોની હામી રહેનારી—કૃત્રિમ ઉપાયો વડે પોતાના સૌંદર્યને વધારનારી—હાસ્ય, પ્રસન્નતા વડે પોતાના પતિને પતનાવસ્થામાં ધકેલનારી નહોતી રહી. આજે આજ તેના વિચારો તેનાથી વિપરીત હતા. તેણીએ દાસીઓ પર કૃત્રિમ ક્રોધ પ્રગટ કરતાં કહ્યું કે મને એની જરૂર નથી અને ભવિષ્યને માટે પણ તમોને ચેતવણી આપું છું કે મારી પાસે એવી કોઈ વસ્તુ ન લાવવામાં આવે.

જે રાણી હમેશા રાગ-રંગમાં મસ્ત રહેતી હતી, જેનો ચહેરો સદા પ્રસન્ન રહેતો હતો, ગંભીરતા કે ચિંતાનું ચિન્હ જેના મુખવદન પર કદી જોવામાં નહોતું આવતું, વસ્ત્રાભૂષણો જેને ઘણાં પ્રિય હતા, એ રાણીના સ્વભાવમાં એકાએક આવું પરિવર્તન દેખીને તથા તેનો આ જવાબ સાંભળીને દાસીઓની ગભરામણ વધારે થઈ ગઈ. તેઓ, રાણીને આમ કરવાના કારણનું અનુમાન પણ ન કરી શકી અને વિચારવા લાગી કે, આજે રાણીને શું થઈ ગયું, કે યોગિનીઓની જેમ વૈરાગ્યદશામાં પ્રવિષ્ટ બની છે અને આ પ્રમાણે ગંભી

બની ગઇ છે! દાસીઓએ સત્વર ત્યાંથી દોડી જઇને રાણીના સ્વભાવ-પરિવર્તનના સમાચાર રાજાને આપ્યા. આ સમાચાર સાંભળતાં જ, રાજા પોતાની સુખદાત્રી રાણીની ચિંતામાં અધીર બન્યો અને તરત જ ત્યાંથી ઉઠીને તે રાણીના મહેલમાં આવ્યો. રાણીની આવી સ્થિતિ દેખીને રાજાની ચિન્તા અને આશ્ચર્યનો પાર ન રહ્યો. રાણીની મુખમુદ્રા જોઇને રાજા વિચારવા લાગ્યો કે, આજના જેવો તેનો ચહેરો મેં કદી પણ જોયો નથી, આજે ચહેરામાં આટલો ફેર-ફાર થવાનું કારણ શું છે? તુલસીદાસજીએ કહ્યું છે કેઃ—

सुरपति बसहिं बाहुबल जाके, नरपति सकल रहहिं रुख ताके ॥
सो सुनि तिय रिसि गयउ सुखाई, देखहु काम प्रताप बड़ाई ॥
शूल, कुलिश, असि, अँगवनिहारे, ते रतिनाथ सुमन-शर मारे ॥

અર્થાત્—જેની બાહુબળની સહાયતાથી ઇન્દ્ર વશ થયો છે, સમસ્ત રાજાઓ જેનું રૂપ નિહાળી રહે છે, જે સ્ત્રીના ક્રોધને સાંભળીને સુકાઇ ગયો છે તે કામદેવનો પ્રભાવ છે. જે શરીરને છેદવામાં શૂલ, વજ્ર અને તલવારે પોતાની હાર સ્વીકારી છે, તે શરીર કામદેવના પુષ્પ-બાણથી વિંધાઇ રહ્યું—નષ્ટ થઇ રહ્યું—છે.

તાત્પર્ય એ કે કેટલાકો ભલે વીરપુરુષો હોય, તો પણ જો તેઓ કામી હોય તો પોતાની પ્રિય સ્ત્રીને રિસાયેલી જાણીને અવશ્ય ગભરાઇ જાય છે અને તેઓનું ધૈર્ય છૂટી જાય છે. કોઇ કવિએ કહ્યું છે કેઃ—

कण्ठीरवा नखरवराजमुखा मृगेन्द्रा,
नागाश्च भूरि-मदराजिविराजमानाः ।
मेधाविनश्च पुरुषाः समरेषु शूराः
स्त्रीसन्निधौ परमकापुरुषा भवन्ति ॥

અર્થાત્—ગર્દન પર વિખરાયલા વાળો કરાળમુખી સિંહ, અત્યંત મદવાળા હાથી તથા બુદ્ધિમાન અને વીર પુરુષો પણ સ્ત્રીઓની આગળ અતિ કાયર બની જાય છે.

એ જ પ્રમાણે રાજા હરિશ્ચંદ્ર પણ રાણીની આ દશા દેખી આકુલ થયો. રાજાએ રાણી પ્રત્યેના આંતર અનુરાગ અનુસાર રાણીને પૂછ્યું “આજ તમને શું થયું છે?”

તારા—શું થયું નાથ! આપ આ પ્રશ્ન શું જોઈને કરી રહ્યા છો

હરિશ્ચંદ્ર—જે શરીર પર તમે હમેશાં શૃંગારો સજતાં હતાં, જગ અનિન્દ્ય આભૂષણોથી સુસજ્જિત રહેતું, તે આજે શૃંગાર અને આભૂષણો વિનાનું કેમ છે, તમારું મુખ જે સર્વદા પ્રફુલ્લિત રહેતું હતું તે આજે ગંભીર શાથી દેખાય છે! તમારી મધુર મુખાકૃતિ જે મારા મનને હમેશાં આકર્ષિત રાખતી હતી તે આજ ક્યાં છુપાઈ ગઈ! પ્રિયે, હું એ જાણવા માટે અત્યંત આતુર છું કે તું મને દેખીને હમેશાં જે હાવ-ભાવ બતાવ્યા કરતી હતી, તે હાવભાવે આજે નિષ્ઠુરતાનું રૂપ શાથી ધારણ કર્યું! એક રાજ્યની મહારાણી બનીને ઉદાસીનતા ધારણ કરવાનું શું કારણ છે?

તારા—સ્વામીન્! બસ કરો, જૂઠો પ્રેમ બતાવવાને માટે આ પ્રકારની પ્રશંસા ન કરો.

હરિશ્ચંદ્ર—જૂઠો પ્રેમ શાથી? શું મારો આ પ્રેમ કૃત્રિમ છે? સત્ય નથી? શું હું તારા પર પ્રેમ નથી કરતો?

તારા—નહિં નાથ, કદાપિ નહિ, આપ જો મારા પર સાચો પ્રેમ કરતા હોત તો મને આવું કહેવાનો વખત જ કેમ આવત?

હરિશ્ચંદ્ર—આ તમે કેમ જાણ્યું કે હું તમારાથી પ્રેમ નથી કરતો? આજ તમને મારા પ્રેમ વિષે શંકા થવાનું શું કારણ છે? તમારા પર તો મેં રાજપાટ પણ છોડી દીધું, તે તરફ કદી જોતો પણ નથી હમેશાં તમારા પ્રેમનો ભિખારી બનીને રહું છું, તમારા પ્રેમને માટે સંસારને પણ હું તુચ્છ ગણું છું, વધારે શું કહું, જો આરાધ્યદેવ હોય તો તમે જ છો, પછી આ શંકા કેમ?

રાણી—સ્વામી, હવે હું આપની આ અસત્ય ભુલામણીમાં નહિ ફસાઉં, હું આજસુધી એમ સમજતી હતી કે આપ મારા ઉપર પ્રેમ કરો છો; પરન્તુ મારી આ સમજ માત્ર ભ્રમણા હતી.

રાણીની વાત સાંભળીને રાજા વિચારમાં પડી ગયો કે જે રાણી હંમેશા અતિ નમ્ર રહેતી હતી, વાતનો જવાબ આપવો તો દૂર રહ્યો પણ જે કદી સામું પણ બોલતી ન હતી, તે રાણીને આજે શું થઇ ગયું ! કે જે આ પ્રકારની વાત કરી રહી છે ? રાજાએ દાસીઓને, રાણીના સ્વભાવમાં આ પ્રમાણે પરિવર્તન થવાનું કારણ પૂછ્યું, પરન્તુ દાસીઓ શો જવાબ આપે ? રાજાએ પણ ઘણો વિચાર કર્યો, પરન્તુ આમ થવાનું કોઇપણ કારણ તેના સમજવામાં ન આવ્યું એટલે વ્યાકુલ બનીને રાજાએ ફરીથી રાણીને પૂછ્યું કે તમારૂં ચિત્ત ક્યાં છે ?

તારા—શું મેં કોઇ કટુ વચન કહ્યું છે ? અથવા કોઇ વિચિત્રતાની વાત કીધી છે કે જેથી આપ આવો પ્રશ્ન કરો.

રાજા—જો તમારા મનમાં કોઈ વિષમતા નથી તો આવી વાત કરવાનું શું કારણ છે અને તમારો તે પ્રેમવ્યવહાર, તમારૂં તે સૌંદર્ય, તે શૃંગાર કેમ લુપ્તપ્રાયઃ થઇ ગયા ?

તારા—હું ભ્રમને આધિન બનીને આપની મારફત કરવામાં આવેલા જે અનાદરને આદર અને આપના જે વ્યવહારને હું પ્રેમ સમજતી હતી, તેનું સાચું તત્ત્વ હવે હું સમજી ચૂકી છું. તે મારો ભ્રમ મટી ગયો છે, હું હવે સમજી ગઇ કે આપની દૃષ્ટિમાં જેટલો આદર એક દાસીનો છે તેટલો આદર મારો નથી અને આપ મારા પર જે પ્રેમ પ્રદર્શિત કરતા રહ્યા છો, તે સાચો નથી, પણ [illegible] તે [illegible]

[illegible]

હરિશ્ચંદ્ર—હે પ્યારી [illegible] કે મેં તમારો કયે વખતે અનાદર કર્યો ? તમે જે [illegible] કરો, જે [illegible] કરી ને [illegible]માં અને [illegible]

હું ત્યારે ઉદાસીન બનો અને તમે એ વખતે પરીક્ષા કરી કે જેથી મારો પ્રેમ અનાદરી સિદ્ધ થાય! તમને તો હું મારું તન, મન, ધન પણ સમર્પણ કરી ચૂકેલો છું, કેવળ તમારા જ પ્રેમને આધારે મારું જીવન છે, તો પછી હું અનાદરી પ્રેમ કરું છું એમ શાથી માનો છો? શું મેં તમને કદી ઇચ્છિત વસ્તુ નથી લાવી આપી? શું મેં તમારા વસ્ત્રાભૂષણો, દાસદાસી આદિમાં કદી કંજુસાઈ રાખી છે? શું મેં તમને કદી અપશબ્દ કહ્યા છે? જો નહિ તો પછી તમે કેમ ધાર્યું કે હું તમારો અનાદર કરું છું અને તમારા પર સાચો પ્રેમ નથી કરતો!

તારા—સ્વામી, મારી ઇચ્છિત વસ્તુ, મારા શૃંગાર, મારા આભૂષણ તમે જ છો અને હું પોતે આપની દાસી છું, મને દાસ દાસીની શી જરૂર, પરન્તુ જો આપનો મારા પર પ્રેમ છે, આપ મારું સન્માન કરો છો, આપના હૃદયમાં મારા માટે સ્થાન છે, તો પરીક્ષાને માટે આજ હું એક ન્હાની પ્રાર્થના કરું છું. જો મારી આ પ્રાર્થનાનો સ્વીકાર કરીને આપે મારો મનોરથ પૂરો કરી દીધો તો હું સમજી જઈશ કે આપને માટે આ મારી ભૂલ હતી અને એ ભૂલનો હું પશ્ચાત્તાપ પણ કરી નાખીશ.

હરિશ્ચંદ્ર—તમે જે કાંઈ કહો, જે કાર્ય યા વસ્તુની ઇચ્છા કરો તે લાવવામાં કે કરવામાં જો હું અસમર્થ રહું તો હું મને પોતાને અયોગ્ય સમજીશ.

તારા—હૃદયેશ્વર, આપ એકવાર ફરીથી વિચાર કરી લ્યો અને પછી જ એવી પ્રતિજ્ઞા લ્યો.

હરિશ્ચંદ્ર—હું વિચારી ચૂક્યો અને સારીરીતે વિચારી ચૂક્યો, તમે તમારી ઇચ્છા શીઘ્ર વ્યક્ત કરો.

તારા—પ્રભો, હું મારી પ્રાર્થના સંભળાવના પહેલાં આપને મારી પ્રતિજ્ઞા સંભળાવી દઉં છું હું આપ સન્મુખ પ્રતિજ્ઞા કરું છું કે

જ્યાંસુધી મારી પ્રાર્થના સ્વીકારશો નહિ, મારી ઇચ્છિત વસ્તુ મને પ્રાપ્ત થશે નહિ ત્યાંસુધી હું આપની સાથે મિલન નહિ કરૂં. આપની સાથે મારૂં મિલન ત્યારે જ થશે કે જ્યારે મારી મનઃકામના આપ પૂર્ણ કરી આપશો.

હરિશ્ચંદ્ર—તમારી આ પ્રતિજ્ઞા પણ સ્વીકાર્ય છે. હવે તમે તમારી ઇચ્છા પ્રકટ કરવામાં વિલંબ ન કરો.

રાણીની આ વાતોથી રાજા સમજી રહ્યો હતો કે, રાણી કોઈ વસ્ત્રાભૂષણની ઇચ્છા રાખે છે અને તે મેળવવા માટે જ તેણે આ પ્રપંચ રચ્યો છે. રાજાને એ ખબર નથી કે રાણીએ તેને જાગૃત કરવા માટે જ આમ કર્યું છે અને તે જે વસ્તુ માગશે તે ન લાવી શકવાના કારણે હું [રાજા] રાણીના પ્રેમથી વંચિત રહીશ.

હરિશ્ચંદ્રે વારંવાર ઉત્સુકતા દર્શાવવાથી, રાણીએ કહ્યું—પ્રાણનાથ! મને એક એવા મૃગનાં બચ્ચાંની જરૂર છે જેની પૂંછડી સોનાની હોય. હું એ મૃગનાં બચ્ચાથી, રોહિતની આગળ એક ખેલ કરાવીશ અને એ ખેલથી શો લાભ છે, તે હું પછી આપને બતાવીશ.

હરિશ્ચંદ્ર—બસ! આટલી જ વાત માટે તમે નિષ્ઠુરતાનું રૂપ ધારણ કર્યું હતું! આ ન્હાની વાત મારા પ્રેમની પરીક્ષા છે? હું એવું એક નહિ પણ અનેક હરણીનાં બચ્ચા તમને મંગાવી આપું છું.

તારા—નહિ નાથ, બીજાની મારફત મંગાવેલાં હરણીનાં બચ્ચાંને હું કદાપિ નહિ લઉં. હું તો એ જ સોનાની પૂંછડીવાળું હરણીનું બચ્ચું ઇચ્છું છું જે આપ પોતે જ લાવી આપશો.

હરિશ્ચંદ્ર—સારી વાત છે હું પોતે જ જંગલમાંથી પકડીને લાવી આપીશ.

તારા—પણ નાથ, એક વાત બીજી છે. તે એ કે, જ્યાંસુધી આપ એવું મૃગનું બચ્ચું ન લાવો, ત્યાંસુધી મારા નિવાસભુવનમાં પધારવાની

કૃપા ન કરો ત્યારે મારી મંગાવેલી વસ્તુ મળી જાય ત્યારે જ આપ મારાં નિવાસસ્થાનમાં પધારજો.

રાજા, આવેશમાં આવીને રાણીની આ વાતનો જવાબ 'ઠીક છે' એવો આપીને પોતાના મહેલમાં ચાલ્યો ગયો. એને વિચાર છે કે હું રાણીની આ પરીક્ષામાં નિષ્ફળ નહિ નીવડું અને એમના માટે કેટલાયે સોનાની પૂંછડીવાળા હરણના બચ્ચાંઓને જંગલમાંથી પકડીને લાવીશ. પ્રેમાવેશને અધીન બનવાના કારણે, રાજાએ એ વાતનો વિચાર પણ ન કર્યો કે રાણી મૃગનું બચ્ચું માગી રહી છે તેવું અર્થાત્ સોનાની પૂંછડીવાળું મૃગ કે મૃગનું બચ્ચું દુનિયામાં હોય છે કે નહિ! એ તો એવા વિચારમાં છે કે હું જલદી રાણીની ઇચ્છા પૂર્ણ કરીને પુનઃ પ્રેમ પ્રાપ્ત કરું.

રાજા પ્રત્યે સોનાની પૂંછડીવાળા હરણનું બચ્ચું માગીને અને રાજા પોતે જ તે લાવી આપે તે માટે વચનથી બાંધીને, તેને કષ્ટમાં નાખવાનો રાણીનો વિચાર ન હતો, પણ તેનો વિચાર એ બહાને રાજાને જંગલમાં મોકલવાનો હતો. રાજા ઘણા સમયથી મહેલની બહાર નીકળ્યો ન હતો. વનનો પવન, વનનું દૃશ્ય અને વન-ભ્રમણના લાભ તો તે લગભગ ભૂલી ગયો છે, એટલે રાણીને એ બધાનો રાજાને પુનઃ અનુભવ કરાવવાનો વિચાર છે. તે વિચારે છે કે, મહેલમાં જ પડી રહેવાને લીધે રાજાની જે કાન્તિ ચાલી ગઈ છે, રાજાનો જે ઉત્સાહ નષ્ટપ્રાયઃ થઈ ગયો છે, તે વનમાં કેટલાક વખત રહેવાથી વૃદ્ધિ પામશે. વનનાં દુઃખો સહેવાથી, તેમને દુઃખનો અનુભવ થશે અને તેની સાથે જ મારા પર તેમનો જે મોહ છે તે પણ ઓછો થઈ જશે.

પ્રકરણ ૩ જું

મૃગનાં બચ્ચાંની શોધમાં

વસ્તુનો આદર તેની ન્યૂનતામાં હોય છે, વિશેષપણામાં નહિ. જે ભોજન-વસ્ત્રાદિકને ધનિક લોકો તુચ્છ સમજે છે, તે જ ગરીબોને માટે મહાન છે અને તે પ્રાપ્ત થવાથી, તેઓ તે વસ્તુનો ભારે સત્કાર કરે છે તથા પોતે પોતાને ધન્ય માને છે. જે જળની વૃદ્ધિથી અન્ય પ્રાંતના લોકો દુઃખી થઈ જાય છે, તે જ જળની મરુભૂમિના લોકો અમૃતસમાન પ્રશંસા કરે છે. તાત્પર્ય એ કે જ્યારે વસ્તુની અછત હોય છે ત્યારે તેની કદર થાય છે. જેઓ તાપના દુઃખથી સંતપ્ત હોય છે તેઓ જ છાયાના સુખને જાણે છે, તેઓ જ તેના આનંદને સારી રીતે સમજે છે અને તેનો સત્કાર પણ તેઓ જ કરે છે.

મહારાજા હરિશ્ચંદ્ર, પોતાની રાણીએ માંગેલા સોનાની પુંછડીવાળા હરણના બચ્ચાંની શોધમાં વનમાં ચાલ્યો. વનમાં પહોંચતાં ત્યાંની ઘન છાયા, શીતલ હવા અને પક્ષિઓનાં કલરવથી રાજાનુ ચિત્ત ઘણું જ પ્રસન્ન થયું. તે વિચારવા લાગ્યો કે, મેં આટલા દિવસો સુધી મહેલમાં રહીને જે પંખાઓ ઝુલાવીને, જે ગાન-વાદ્યને સાંભળી રહ્યો તે આ કુદરતી ત્રિવિધ પવન અને આ પક્ષિઓના ગાનની આગળ તુચ્છ છે. અસ્તુ.

મનુષ્ય હૃદયના વિચારોનો પ્રભાવ, તેની આકૃતિ પર પડ્યા વગર રહેતો નથી. તેના હૃદયમાં જે કાંઇ વિચાર થાય છે તેની એક ઝલક ચહેરા પર અવશ્ય દેખાઇ આવે છે. શિકારીઓને દેખતાં જ હરણ દોટ મુકવા માડે છે તે જ હરણ રાજાને અસ્ત્ર-શસ્ત્રથી સુસજ્જિત જોતાં છતાં પણ તેનાથી પોતાના પાલકની જેમ નિર્ભય બની રહે છે. રાજા તથા તે હરણ પોતાના નેત્રોથી આ પ્રમાણે દેખીને પ્રસન્ન બની રહ્યા

છે, જાણે કે રાજા તેમનો પરિચિત ન હોય, એટલે કે જેને દેખીને પોતાની પ્રસન્નતા બતાવી રહ્યો હોય અને તેની તરફ પોતાની નિર્મળ નેત્રોથી નિરખી તેનું સ્વાગત કરતા હોય, અત્ર-તત્રથી સુસજ્જિત રાજાનો તેઓને જરાપણ ભય નથી, જાણે કે તેમને પણ હિંસક-અહિંસક, ઉપકારી-અપકારી અને વધ કરનાર તથા રક્ષકનું જ્ઞાન હોય અથવા તેની આકૃતિથી તેઓ સમજી લેતા હોય.

મહારાજ હરિશ્ચંદ્ર, એ મૃગોની આંખોની તુલના રાણીનાં નેત્રોથી કરતો થકો વિચારે છે કે, જે નેત્રોની ઉપમા આપીને હું રાણીને મૃગ-નયની કહ્યા કરું છું, તે નેત્રોમાં અને રાણીના નેત્રોમાં તો મોટું અંતર છે. ક્યાં આ બિચારા મુંગા પશુઓના નિષ્કપટ નેત્રો અને ક્યાં રાણીના કપટ ભર્યાં નેત્રો! ક્યાં આ પ્રાણીઓની આંખોમાં ભરી રહેલું પ્રેમ-સરોવર અને ક્યાં રાણીની એ નિષ્ઠુરતા! ક્યાં હરણના ચક્ષુઓ, કે જે વડે તેઓ મને આ પ્રમાણે જોઈ રહ્યા છે, અર્થાત્ મને જોઈને તેઓ પોતાની ચક્ષુઓને સફળ માની રહ્યા છે અને ક્યાં રાણીની એ ચક્ષુઓ, જે નમ્રતા, વિનય દર્શાવવા છતાં પણ મારી તરફ નથી ઢળતા! તથા જેને કદી કદી અગ્નિની જેમ ક્રોધ વરસે છે. હાય-હાય! મેં આ હરણના નેત્રોની ઉપમા રાણીના નેત્રોને આપીને આમની સાથે ભારે અન્યાય કર્યો છે.

આમ વિચારતા-વિચારતા, મહારાજા હરિશ્ચંદ્રને પોતાના કામનું ભાન આવ્યું. તે હરણના ટોળામાં સોનાની પૂંછડીવાળા બચ્ચા જોવા લાગ્યો, પરન્તુ તેણે એક પણ હરણનું બચ્ચું એવું ન જોયું, કે જેની પૂંછડી સોનાની હોય. રાજા, સોનાની પૂંછડીવાળા હરણના બચ્ચાની શોધમાં આગળ વધ્યો. જેમ જેમ તે આગળ વધતો જતો હતો, તેમ તેમ તે વનમાં નૈસર્ગિક સૌંદર્યને જોઈ-જોઈને પ્રસન્ન થતો જતો હતો. સુગંધમય શીતળ પવનના સ્પર્શથી, રાજામાં એક નવિન સ્ફુર્તિ આવતી જતી હતી. રાણીના વ્યવહારથી રાજાના હૃદયને જે ખેદ ઉત્પન્ન થયો હતો, તે ખેદ વનનું સુખ મટાડતો જતો હતો.

જો કે, વનદેવીએ રાજાના હૃદયને શાન્તિ આપવામાં કશીયે કચાશ રાખી નહિં તો પણ રાજા સંપૂર્ણ આનંદિત થયો નહિં. ઘડીએ ઘડીએ તેને રાણીના નિષ્ઠુર વ્યવહારની સ્મૃતિ આવતી હતી અને તેની સામે કરવામાં આવેલી પ્રતિજ્ઞાનું સ્મરણ થતાં જ તેને પૂર્ણ કરવા માટે અધીર બની જતો. ચાલતાં ચાલતાં તે એક ઝરણા પાસે આવી પહોંચ્યો, જે કલ-કલ અવાજ કરતું, અબાધિત ગતિથી વહી રહ્યું હતું. તેના કિનારા પરના ઘટાદાર વૃક્ષો સૂર્યના તાપથી તેની રક્ષા કરતાં હોય, તેમ તે ઝરણાને આચ્છાદિત કરી રહ્યાં હતાં. વૃક્ષો પર વિશ્રાંતિ લેવાના હેતુથી બેઠેલાં પક્ષિઓ તેઓ પોતાના ઉપકારી વૃક્ષ અને ઝરણાંની પ્રશંસા કરી રહ્યા હોય તેમ કલરવ કરી રહ્યાં હતાં. તૃષાથી વિહ્વલ બનેલાં પશુઓ, જેવીરીતે મહાન દાનવીરના દાનથી ભિક્ષુકો સંતુષ્ટ બની જાય છે તેવીરીતે તે ઝરણાંનું પાણી પીને સંતુષ્ટ બની જતા હતાં.

રાજા જો કે મહેલની અપેક્ષાએ વનમાં પ્રસન્ન દેખાતો હતો, તો પણ ક્ષુધા અને ચાલવાનાં પરિશ્રમથી તેનું હૃદય કાંઇક ખિન્ન બની ગયું હતું. ઝરણાંના કિનારે પહોંચીને તે એક વૃક્ષની છાયામાં શિલા પર બેસી ગયો અને ઝરણાનું પાણી તથા વૃક્ષોનાં ફળથી પોતાની ક્ષુધા-તૃષા મટાડીને તે કહેવા લાગ્યોઃ—

હે ! ઝરણે, તું તારી ગતિ અને શબ્દથી માત્ર મને જ નહિં, પણ આખા જગતને શું શીખવી રહેલ છે ? મારા આગમન પૂર્વે પણ તું આ ગતિથી અને એ જ શબ્દ બોલતું થકું વહી રહ્યું હતું અને મારાં આગમનથી પણ તું એ જ ગતિથી અને એ જ શબ્દ બોલતું વહી રહેલ છે. જ્યારે હું અહિંથી ચાલી પણ જાઉં, તો પણ તું તારી ગતિ ના શબ્દમાં કોઈ જાતનું અંતર પડવા ન દે. એથી સ્પષ્ટ થાય છે કે, મારા આવવાથી તને કોઈ જાતનો હર્ષ નથી થયો કે નથી થાય કે અફસોસ થયો. અને મારા ચાલ્યા જવાથી પણ ન તો તને દુઃખ થશે કે ન તો તને આનંદ થશે. તું તારી ગતીને, તારા સંગીતને, એક જ રૂપે રાખે છે.

નથી તને હર્ષ થતો કે જેને તું પખાળે અને નથી તેને દુઃ
થતો કે જેને તું પછાડે. તારા કિનારા પર આવેલાં લીલાં વૃક્ષો
સંપત્તિથી પણ ન તો તું અભિમાન કરતું તેમ ન તો તું નિર્
જનોને મલીન બનાવનાર ઉપર તું કોપ કરતું. પ્રકૃતિએ તારા માટે
નિયમ નિરત કર્યો છે, તેનું તું બરાબર પાલન કરી રહેલ છે. એનું
પાલન કરવામાં, જે પહાડ, પત્થર વગેરે તને વિઘ્નકર્તા થાય છે,
તેથી પણ તું જરાપણ અધીન થતું નથી, પણ તેને હટાવતાં થકાં,
અવિરત ગતિથી તું વહી રહ્યું છે અને અમોને તું પોતાનું અનુકરણ
કરવાનો બોધ આપી રહ્યું છે.

તું જેવું સંગીત સંભળાવી રહ્યું છે, તેવું જ સંગીત મેં રાણીનું પણ સાંભળ્યું છે; પરન્તુ જે રસ તારા સંગીતમાં છે, તે રસ રાણીના સંગીતમાં મને નથી મળ્યો. તું સ્વાભાવિક સરળતાથી તારા શબ્દ સંભળાવે છે, જ્યારે રાણી કૃત્રિમ સરળતાથી. તું તારૂં સંગીત હંમેશાં ગાયા કરે છે, કોઈને દેખીને નહિ; પરન્તુ રાણી તેનું સંગીત હું રહું ત્યાંસુધી જ ગાય છે, હંમેશા નહિ ગાનારીઓના સંગીત પણ મેં સાંભળ્યા છે, પણ એમનામાં તારી માફક નિઃસ્વાર્થતા ક્યાં? તેઓ તો ભય તથા લોભથી પોતાનું સંગીત સંભળાવે છે; અને તું તારૂં સંગીત નિર્ભય અને સ્વાર્થભાવના વગર સંભળાવે છે

હે! જલસ્રોત! તું તારો અકૃત્રિમ નાદ સંભળાવીને સૌને કૃત્રિમ નાદથી બચવાનો ઉપદેશ આપે છે અને કહે છે કે, જેવો મારો નાદ અકૃત્રિમ છે તેવો જ અકૃત્રિમ નાદ તમારા હૃદયમાં પણ છે. પરન્તુ તે સાથે જ તું એ પણ બતાવે છે કે જે પ્રમાણે હું પ્રકૃતિના નિયમોનું ઉલ્લંઘન ન કરતાં, હર્ષ-શોક વગર મારા કર્તવ્યનું પાલન કરી રહેલ છું, એ જ પ્રમાણે તમે પણ હર્ષ-શોક વગર પોતાના કર્તવ્ય પર દૃઢ રહો અને પ્રકૃતિના નિયમોનું પાલન કરો, ત્યારે જ તે નાદનો આનંદ મેળવી શકો છો.

મિત્ર ઝરણે! આજસુધી હું, જે નાદ સાંભળવામાં આનંદ માનતો હતો, તે નાદ કૃત્રિમ છે, એ વાતને આજ તારી સહાયતાથી હું સમજી શક્યો. તારી સહાયતા મેળવવાનો અવસર મને રાણીની જ કૃપાથી મળ્યો છે. 'તમે મારો તિરસ્કાર કરો છો' એવું રાણીનું કથન ઠીક જ હતું ખરી રીતે આજસુધી તે મારું અને હું તેનું અપમાન જ કરતો રહ્યો. અમે બન્નેએ પરસ્પર કદી તારાં જળ તથા શબ્દની જેમ નિર્મળ અને અકૃત્રિમ વાત નથી કરી, એ એક બીજાનું અપમાન જ છે. સંભવ છે કે તારી મારફત બોધ મેળવવાને માટે જ રાણીએ હરણના બચ્ચાંને બહાને મને અહિંયા મોકલ્યો હોય.

આમ વિચારતાંવિચારતાં રાજાને યાદ આવ્યું કે, હું અહિંયા ક્યા કાર્યને માટે આવ્યો છું! હું રાણીની પાસે પ્રતિજ્ઞા કરી ચૂક્યો છું કે, સોનાની પૂંછડીવાળું હરણનું બચ્ચું લાવી આપીશ. એટલે મારે મારી પ્રતિજ્ઞા પૂરી કરવાનો ઉપાય કરવો જોઇએ. અહિં બેસવાથી કાંઇ વળશે નહિં.

ઝરણાનાં તટ પરથી ઉઠી વનનાં વૃક્ષ, લતાદિની છટા, ભમરાનાં ગુંજારવ, હિંસક પશુઓની ગર્જના અને પક્ષિઓનાં કિલ્લોલ ક્રિડાને દેખતો સાંભળતો રાજા સોનાની પૂંછડીવાળા હરણના બચ્ચાંની નિરંતર શોધમાં આગળ જતો હતો. તેણે છ દિવસ સુધી અનેક વનોમાં સોનાની પૂછડીવાળા હરણના બચ્ચાંની નિરંતર શોધ કરી, પણ તેને એક પણ એવું હરણનું બચ્ચું ન દેખાયું કે જેની પૂંછડી સોનાની હોય

સાતમે દિવસે રાજાને પોતાની પ્રતિજ્ઞા પૂરી ન થઇ શકવાને કારણે ઘણો ખેદ થયો. તે નિરાશ બની કહેવા લાગ્યો કે, હું ક્ષત્રિય થઈને સ્ત્રીને આપેલાં વચનનું પણ પાલન ન કરી શકું તો હું તેને મ્હોં કેવી રીતે બતાવું! રાણી, ત્હારી આકૃતિથી, તારા સ્વભાવથી, એમ ન્હોતું જણાતું કે તું કદી આવી અપ્રાપ્ય વસ્તુને માટે મને પ્રતિજ્ઞાથી બાંધીને કષ્ટમાં નાખશે! આ નિષ્ઠુરતા, આ વિશ્વાસઘાત તારા હૃદયમાં કયા ખૂણે ભર્યો હતો, કે જેને હું ન જાણી શક્યો!

રાજા વિચાર કરવા લાગ્યો કે ગણિકા મારી પાસે એવી પ્રત્યક્ષ [નહિં જાણતી] વાત માગીને મને જે કષ્ટમાં નાખ્યો છે, એનું શું કારણ હશે? ગણિકા વિનાકારણે જ મને કષ્ટમાં નાખે, વસન્તસેના એ તો સંભવિત નથી. વિચાર-વિચારના, વિચારમગ્ન રાજાએ ગણ કાંઈ ઉત્તર પડ્યો અને કહેવા લાગ્યો—ગણિકાએ મારી પાસે જે માગણી પૂંછડીવાળું હરણનું બચ્ચું માગ્યું છે તેનું કારણ હું સમજી ગયો. ખરેખર હું તારો આભારી જ છું. ખરેખર હું તારે વિષયોમાં રક્ત રહું, પોતાના કર્તવ્યને ન સમજું અને તને મારી વિષયેચ્છાની તૃપ્તિનું સાધન બનાવું, એ કદાપિ તારા આદર કર્યા વગર કહી શકતો. તેં મારી પાસે સોનાની પૂંછડીવાળું હરણનું બચ્ચું માગીને અને તે પણ મને પોતાને જ તે લાવવા માટે વચનથી બાંધીને તથા જ્યાંસુધી ન લાવું ત્યાંસુધી તારા મહેલમાં નહિં આવવાની પ્રતિજ્ઞા કરાવીને મારા ઉપર જે ઉપકાર કર્યો છે એમાં તારો કાંઈ સ્વાર્થ પણ નથી. તેમ મને કષ્ટમાં નાખવાનો તારો આશય પણ નથી. આમ કરવાનો તારો હેતુ એ છે કે, ન તો હું આ પ્રમાણે હરણનું બચ્ચું લાવી શકું કે ન તો તારા મહેલમાં આવી શકું. અને એ રીતે હું એ વિષયોથી વિમુખ કે જેને હું અત્યાર સુધી અમૃત સમજતો હતો તેનાથી બચી જાઉં. તે મારાપર મોટો ઉપકાર કર્યો છે. તારી જ કૃપાથી આજ મને પ્રકૃતિનો તે અવર્ણનીય આનંદ પ્રાપ્ત થયો છે જેની હું મહેલોમાં રહીને કલ્પના પણ નહોતો કરી શકતો રાણી! તેં મને મારો કર્તવ્યમાર્ગ બતાવી આપ્યો અને એ કર્તવ્યમાર્ગના કંટકોને પણ તેં મને તારા મહેલમાં ન પ્રવેશવાની પ્રતિજ્ઞા કરાવીને સાફ કરી દીધા. પ્રિયે! હું તને અનેકાનેક ધન્યવાદ આપું છું અને તારી આ કૃપાનો આભારી છું. હું તારી ઇચ્છિત વસ્તુ મેળવી ન શક્યો, એટલા માટે સંભવ છે કે તું મારાથી નિષ્ઠુર જ રહે પણ તારી નિષ્ઠુરતા મને કર્તવ્ય પંથપર સ્થિર થવામાં સહાયભૂત બનશે, નિષ્ઠુર નહિં.—આ વિચારોથી રાજાનું મન પ્રસન્ન થયું. તે ત્યાંથી ઉઠ્યો અને નગર તરફ તેણે પ્રસ્થાન કર્યું.

પ્રકરણ ૪ થું

રાણીની ચિંતા

શિખામણ આપનાર જો કે ઉપરથી તો કઠોર વ્યવહાર કરે છે, પરન્તુ તેના હૃદયમાં શિખામણ લેનાર પ્રતિ હમેશાં દયા, કૃપા અને સ્હાનુભૂતિનાંજ ભાવ જ રહે છે. તે જેને શિખામણ આપે છે તેને માટે તેના હૃદયમાં દુર્ભાવ નથી રહેતો, એથી તેઓ તે શિખામણોને હૃદયમાં સ્થિર કરાવવા માટે દરેક ઉચિત ઉપાયથી કામ લે છે. એક કવિએ કહ્યું છે કે :—

उपरि करवालधाराकारा, क्रूरा भुजङ्गमपुङ्गवाः ।
अंतः साक्षाद्द्राक्षा, गुरवो जयन्ति केऽपि जनाः ॥

અર્થાત્—શિખામણ આપનાર ગુરુ, ઉપરથી તો તલવારની અણીની જેમ તીક્ષ્ણ અને કાળા સર્પની જેમ ભયાનક દેખાય છે, પરન્તુ તેમનું હૃદય દ્રાક્ષના જેવું નરમ અને મધુર રહે છે. એક બીજા કવિએ કહ્યું છે કે:—

गुरु परजापति सारखा, घड़-घड़ काढे खोट ।
भीतरसे रक्षा करे, ऊपर लगावे चोट ॥

અર્થાત્—શિક્ષા ગુરુ અને કુંભાર બન્ને એક જ પ્રકારના હોય છે. જેમ કુંભાર ઘડાને બરાબર કરવા માટે, તેની બુરાઇ દૂર કરવા માટે ઉપરથી તો પ્રહાર કરે છે, પણ અંદરથી હાથ વડે તેની રક્ષા કરતા જાય છે, તે જ પ્રમાણે શિક્ષા ગુરુ ઉપરથી કઠોર રહે છે, પરન્તુ જેને તે શિક્ષા આપે છે તેનું હૃદયથી તો ભલું જ ચાહે છે

તાત્પર્ય એ કે, બીજાને શિખામણ આપવા માટે, અમૃતનાં ઘડા-પર વિષનું ઢાંકણ ચડાવી દીધું હોય, તેના જેવું જ ગુરુ રૂપ ધરવું

કરી અહીં હિરણ્યપુરનું કામ રાણી કરી રહી છે. તે પણ ઉપરથી રાજા પ્રત્યે નિસ્પૃહ બની ગઈ છે, પરન્તુ અંતરમાં રાજાને માટે પહેલા અપેક્ષાએ વધારે જ પ્રેમ રાખે છે, ઓછો નહિ.

રાણીએ, રાજા પ્રત્યે સોનાની પૂંછડીવાળું હરિણનું બચ્ચું માગી તેની પાસે, બચ્ચું લાવ્યા વગર મહેલમાં નહિ આવવાની પ્રતિજ્ઞા કરાવી લીધી, પણ તેના હૃદયને પણ ચેન નથી પડતું. તેને રહી-રહી વિચાર થઈ આવે છે કે, મેં પતિ પાસે જે અપ્રાપ્ય વસ્તુ મંગાવી છે તેને માટે પતિને નથી ખબર કે તેમને ક્યાં-ક્યાં ભટકવું પડશે અને કેવાં-કેવાં કષ્ટ ઉઠાવવાં પડશે! અસ્તુ.

સંધ્યા સમયે, જ્યારે રાજા હમેશાની જેમ મહેલમાં ન આવ્યો ત્યારે રાણી વિચારવા લાગી કે, આજે નાથ કેમ ન આવ્યા! એ વખતે તેને યાદ આવ્યું કે જ્યાં સુધી તે સોનાની પૂંછડીવાળું હરણનું બચ્ચું લઈને ન આવે ત્યાં સુધી મહેલમાં ન પ્રવેશવાની મેં જ તેમને પ્રતિજ્ઞા કરાવી છે. પરન્તુ સ્વામી તેમના મહેલમાં પણ છે કે નથી એ વાતની ખાત્રી કરવા માટે રાણીએ દાસીને મોકલી, દાસીએ પાછી આવીને જવાબ આપ્યો કે, તેઓ મહેલમાં નથી. આ જવાબ સાંભળતાંજ, રાણીના મન પર ચિંતાનું સામ્રાજ્ય છવાઈ ગયું. તે કહેવા લાગી કે મારી જ વસ્તુની તપાસમાં નાથ વનમાં ગયા હશે, પણ મેં એવી વસ્તુ માંગી છે કે, જે મળી જ નથી શકતી. હૃદયેશ્વર! હું નથી જાણતી કે, આજ આપને વનમાં શા શા કષ્ટોનો સામનો કરવો પડ્યો હશે? સૂર્યનો તાપ અને રસ્તાના થાકથી આપની કેવી દશા થઈ રહી હશે! આજે આપને ભોજન પણ ક્યાં મળ્યું હશે? આ અભાગિનીએ જ આપને આ કષ્ટોમાં નાખ્યા છે. પરન્તુ સ્વામી, આમાં મારો કિંચિત્ પણ સ્વાર્થ નથી. મને આપનું, પ્રજાનું તથા મારું કલ્યાણ આવું કરવામાં જ જણાયું, એથી જ મેં આપને આ પ્રકારે વનમાં જવાને માટે વ્યાકુલ કર્યા છે. પ્રાણાધાર, હું આપને મારું હૃદય ચીરીને

બતાવી શકું છું કે, મારા હૃદયમાં આપના પ્રત્યે એ જ પ્રેમ છે પરન્તુ મારા આ પ્રેમથી આ વખતે આપને દુઃખ થઇ રહ્યું હશે, એટલે હું પણ પ્રતિજ્ઞા કરૂં છું કે, જ્યાં સુધી આપના દર્શન ન કરૂં ત્યાં સુધી હું અન્નજળ કદાપિ ગ્રહણ નહિં કરૂં અને શૈયા પર શયન નહિં કરૂં. આપ વનમાં ભૂખ-તરસનું દુઃખ વેઠો, વનની કઠોર ભૂમિ પર શયન કરો અને હું ભોજન પાન તથા સુખપૂર્વક શયન વડે આનંદ કરૂં એ સર્વથા અનુચિત છે. હું આપની અર્ધાંગના છું એટલે આપ દુઃખ સહન કરો અને હું સુખ ભોગવું, એ વાત મારી કર્ત્તવ્યમર્યાદાની બહાર છે. હું પણ જ્યાંસુધી આપના કષ્ટોનું અનુમાન કરી શકું ત્યાંસુધી અનુકરણ કરીશ. જો મેં આપના હિતને દૃષ્ટિમાં રાખીને, એવી અપ્રાપ્ય વસ્તુ સ્વચ્છ હૃદયથી માંગી છે, તો મારી તપસ્યા અવશ્ય જ આપના અને મારાં કષ્ટોને દૂર કરવામાં કલ્યાણપ્રદ થશે.

રાજાની ચિંતામાં વિકળ બનેલી રાણીના ૬ દિવસો આ પ્રમાણે વ્યતીત થઇ ગયાં. એ ૭ દિવસોમાં તેણીએ ન તો ભોજન કર્યું કે ન તો પાણી પીધું. એટલા દિવસોમાં રાણીના હૃદયમાં જે જે ભાવો ઉત્પન્ન થયા, તેનું વર્ણન કરવું કઠિન છે.

સાતમે દિવસે ચિંતાગ્રસ્ત રાણી મહેલની નજીકનાં બગીચામાં જઇને એક હોજપર બેસી ગઇ અને એ હોજનાં કમળને સંબોધન કરીને કહેવા લાગી—કમળ! આ વખતે તું કેવું પ્રસન્નચિત્ત વિકસિત બનીને તારી છટા ફેલાવી રહ્યું છે! જો આ વખતે કોઇ તને ઉખાડી નાખે, તારી પ્રસન્નતા અને છટાનો ઘાતક બની જાય, તો કેટલું ખરાબ થાય! તને જે પ્રકૃતિએ બનાવ્યું છે, તેને તને બનાવવામાં તો સમય લાગ્યો છે, પરન્તુ તારો નાશ કરનારને જરાપણ વાર લાગતી નથી. છતાં જે તને બનાવવામાં સમર્થ નથી, તેને તારૂં બગાડવાનો શો અધિકાર છે! એવું કરનાર નિન્દનીય જ નહિ પણ ઘોર પાતકી પણ છે. જે પ્રકારે તને પ્રકૃતિએ બનાવ્યું છે, તે જ પ્રકારે મારા પતિ-

બાળકને પણ તેમના માતાપિતાએ બનાવ્યા છે. તેમને બનાવવામાં તેમના માતાપિતાને કેટલું કેટલું કષ્ટ સહન કરવું પડ્યું હશે અને તેમના લાલન-પાલનમાં કેટલું કેટલું કષ્ટ તેમણે સહ્યું હશે! પરન્તુ જે પતિનીએ એનો જરાપણ વિચાર ન કર્યો, તેમને એક ક્ષણમાં જ ઉખેડી નાખ્યા હું પોતે પાપિની છું કે જેણે એ વસ્તુને ઉખાડવાનું સાહસ કર્યું: જેમને મેં બનાવ્યા ન હતા હાય! આ માત પિતાઓમાં પતિ પર કોણ જાણે શા શા કષ્ટો પડ્યા હશે અને એમને કેટલા સંકટોનો સામનો કરવો પડ્યો હશે!

પતિના કષ્ટોની કલ્પના કરતી થકી રાણી, ગંભીર ચિન્તાસાગરમાં એવી નિમગ્ન બની ગઈ કે તેને તેની પોતાની પણ શુદ્ધિ ન રહી પરન્તુ સાચા હૃદયવાળાને કોઈ ચિંતામાં વધારે સમય સુધી રહેવું પડતું નથી, એ મુજબ રાણીને પણ આ ચિંતાસમુદ્રમાં વધારે સમય સુધી ગોથાં ખાવા પડ્યા નહિ.

બીજી તરફ રાજા વનમાંથી પાછો ફરીને વિચારવા લાગ્યો કે, પહેલાં હું એ રાણીને તો જોઉં કે, જેણે મને સાત દિવસ સુધી વનમાં રખડાવ્યો છે મારા વનમાં જવાથી અને દુઃખ સહન કરવાથી તેને દુઃખ છે કે આનંદ! એ વાતની તો તપાસ કરું! કેમ કે સોની પરીક્ષા દુઃખને સમયે જ થાય છે, સુખને સમયે નહિ જો કે રાણીએ મને સોનાની પૂંછડીવાળું હરણનું બચ્ચું લાવ્યા વિના તેના મહેલમાં આવવાની બંધી કરી છે, છતાં આજે હું એ વિચારથી રાણીના મહેલમાં જતો નથી કે, જે વિચારોથી હું આજસુધી રાણીના મહેલમાં જતો હતો. આજે તો માત્ર એ જોવા માટે જઈ રહ્યો છું કે વનમાં મારા હૃદયમાં જે વિચાર આવ્યો હતો, તે બરાબર હતો કે નહિ રાજા આમ વિચારીને, સૌથી પહેલા રાણીના મહેલમાં ગયા પરન્તુ ત્યાં રાણી જોવામાં આવી નહિ, દાસીઓને પૂછવાથી રાજાને માલૂમ પડ્યું કે, રાણી આ વખતે નજીકના બાગમાં છે. ત્યાં હોજપર [illegible]

રાણીને, ધ્યાનસ્થ યોગીઓની જેમ ચિંતામગ્ન જોઇને રાજા વિચાર કરવા લાગ્યો કે, મેં વનમાં રહીને જેટલાં કષ્ટો ભોગવ્યાં છે, એથી અધિક કષ્ટોનો અનુભવ, રાણી મહેલમાં જ કરી રહી છે. હું મારા શરીરને, વનમાં રહેવા છતાં પણ એટલું દુર્બળ નથી દેખતો, કે જેટલું દુર્બળ અત્યારે રાણીનું શરીર છે. સંભવિત છે કે, રાણી મારી જ ચિંતામાં ડૂબી ગઈ હોય. પરન્તુ હું હવે તેને વધુ વખત સુધી ચિંતામાં ન રાખતાં, જલ્દીથી તેને ચિંતામુક્ત કરીશ.

આ પ્રમાણે વિચાર કરી રાજાએ કહ્યું:—પ્રિયે તારા, કુશળ તો છો ને !

રાજાનાં આ શબ્દો કાને પડતાં જ, રાણીના હૃદયમાં એક પ્રસન્નતાની લહેર આવી ગઇ. તે પતિના શબ્દોને સાંભળી વિચારવા લાગી કે, આ શબ્દો તો પતિના જ હોય એમ જણાય છે, તો શું તેઓ આવી ગયા ! જરૂર આવી ગયા હશે, નહિં તો મને 'પ્રિયે' કહીને કોણ બોલાવે ?

રાજાને આવેલો જાણી, રાણીના હૃદયમાં અપાર આનંદ થયો. પરન્તુ પોતાના તે આનંદને પ્રગટ ન થવા દીધો. તેણીએ વિચાર્યું કે, જો હું કદાચ હર્ષવિવશ સ્વામીની સન્મુખ આ આનંદને પ્રેમ-પ્રદર્શન દ્વારા પ્રગટ કરી દઇશ, તો જે હેતુથી મેં નાથને આટલા દિવસો સુધી વનમાં રખડાવ્યા છે, તેમાં સફળતા મળશે નહિ. સ્વામી પુનઃ મારા મોહમાં લિપ્ત બની જશે, અને તેથી તેમના પરનું જે કલંક—હું મટાડવા ચાહું છું—તે નહિ મટાડી શકું.

આમ વિચારીને રાણીએ ગંભીરતા ભરી કટાક્ષ દૃષ્ટિથી રાજા તરફ જોઇને પૂછ્યું:—પ્રભો, આપ પધારી ગયા ?

રાજા—હા, પ્રિયે ! હું આવી ગયો.

રાણી—હૃદયવલ્લભ ! મારી માગેલી વસ્તુ ક્યાં છે ?

રાજા—પ્રિયે ! તમે વિચારો તો ખરા કે, જે વસ્તુ તમે મા[ગી] છે તે શું મળી શકે એમ છે ! તમે એક રાજવંશની સ્ત્રી છો, ક

ગાન્ધર્વોની કૃપાપાત્ર છો, એ ગાનની અધિષ્ઠાત્રી છો, ત્યાં તમારામાં આટલી અજ્ઞાનતા રહે એ કેટલાં આશ્ચર્યની વાત છે! એવું મૃગનું બચ્ચું કે, જેની પૂંછડી સોનાની હોય તે પ્રત્યક્ષ જોવાનું તો દૂર રહ્યું પણ કદી સ્વપ્નમાં દેખ્યું છે? અથવા કોઈની પાસે સાંભળ્યું કે પુસ્તકોમાં વાંચ્યું પણ છે? જો નહિ, તો પછી એવું મૃગનું બચ્ચું હોય કે તેની શી ખાત્રી? મેં સાત દિવસ સુધી વનમાં હમેશાં શોધ્યું, પરન્તુ મને એકપણ એવું મૃગ કે મૃગનું બચ્ચું—ન દેખાયું, કે જેની પૂછડી સોનાની હોય—સંસારમાં હોત તો કદાપિ હું તેને લાવ્યા વગર ન રહેત; પરન્તુ શું તે મારી દૃષ્ટિથી પણ છુપું રહેત? હું નથી કહી શકતો કે તમે સર્વથા અપ્રાપ્ય વસ્તુ માગીને, મારી આટલી કઠિન પરીક્ષા કેમ કરી છે કે જેમાં હું કદાપિ સફળતા ન મેળવી શકું! હવે મારા કથન પર વિશ્વાસ મુકો અને નિષ્ઠુરતાને છોડી, શૃંગાર ધારણ કરી હમેશની જેમ પ્રેમવ્યવહાર કરો.

રાણી—સારી વાત છે નાથ! આપ જે કાંઈ કહી રહ્યા છો તે આપને માટે શોભાસ્પદ નથી, એ તો હું નથી કહી શકતી, પણ હું અભાગિનીને માટે આપના હૃદયમાં સ્થાન ક્યાં છે કે જે મારી માગેલી વસ્તુ આપ મને લાવી આપો! આપના રાજ્યમાં, બધાને માટે તો સર્વ કાંઈ છે, પરન્તુ મારે માટે તો કેવળ તિરસ્કાર અને કપટભર્યો શુષ્ક પ્રેમ જ છે. જો મેં આપની પાસે અપ્રાપ્ય વસ્તુ માગી હતી, તો આપને એ વખતે કહી દેવું જોઈતું હતું, કે જેથી તેને માટે ન તો હું પ્રતિજ્ઞા કરત, અને ન તો આપની પાસે પણ પ્રતિજ્ઞા કરાવત. આપ પણ ક્ષત્રિય છો અને હું પણ ક્ષત્રિયાણી છું. પોતાની પ્રતિજ્ઞા—ભલે સંભવિત હોય કે અસંભવિત હોય—પર દૃઢ રહેવું, એ ક્ષત્રિયોનો ધર્મ છે એ પ્રમાણે હું આપના અને તમે મારા મિલનથી વંચિત રહ્યા અને ઇચ્છા પણ પૂર્ણ ન થઈ. હું આપને પહેલાં જ પ્રાર્થના કરી ચૂકી હતી કે, આપ મારાથી પ્રેમ નથી કરતા બલ્કે મારો અનાદર કરો છો. આ વાતની

પુષ્ટિ આથી વધારે થઇ ગઇ. આ અનાદરપૂર્ણ જીવનથી તો મરવું જ શ્રેષ્ઠ છે (દાસીને સંબોધીને) મલ્લિકે ! પતિ દ્વારા કોઈ પણ પ્રકારની આશા કરવી, એ દુરાશા માત્ર છે. એટલે ચાલો, મહેલમાં જઇએ અને આપણા બાકી રહેલા જીવનને ભગવદ્‌ભજનમાં જ વ્યતીત કરીએ.

આમ કહીને, દાસીને સાથે લઈ રાણી મહેલ તરફ ચાલી રાજા તેણીને રોકવા માટે કહેતો જ રહ્યો, પરન્તુ રાણીએ રાજાના આ કથન પર ધ્યાન પણ ન આપ્યું, તેમ તે રોકાઇ પણ નહિ.

આ પ્રકારે રાણીનું ચાલ્યા જવાનું તાત્પર્ય રાજા સમજી ગયો. તે વિચારવા લાગ્યો કે, રાણી આ બધું મારા લાભને માટે જ કરી રહી છે, મારા હિતને જ દષ્ટિમાં રાખીને તેણે મને પોતાના મહેલમાં નહિ પ્રવેશવાની પ્રતિજ્ઞા કરાવી છે એટલે એનો આ વ્યવહાર સર્વથા ક્ષમ્ય છે. કદાચિત એમ સમજવું મારો ભ્રમ પણ હોય. તો પણ જ્યારે સ્ત્રી થઇને રાણી મારી અપેક્ષા નથી રાખતી, તો પછી હું પુરુષ બનીને તેણીની અપેક્ષા શા માટે રાખું ? અત્યાર સુધી જે વિષયાનંદ લેતા હતા, તે બન્ને સમાનરૂપે જ લેતા હતા, વળી રાણી તો તેના અભાવમા દુઃખ નથી માનતી. તો પછી હું દુઃખ શા માટે માનું ? જો મને રાણીનો વિયોગ અસહ્ય બનશે તો શું રાણીને મારો વિયોગ અસહ્ય નહિ બને ? અને જો તેને મારો તથા વિષયાનંદનો વિયોગ સહ્ય (સહન કરવા યોગ્ય) બની જશે, તો હું પુરુષ થઇને તેણીનો તથા વિષયાનંદનો વિયોગ સહન કરવામાં અસમર્થ કેમ બનીશ ? રાણીનો પોતાની પ્રતિજ્ઞાના પાલનમાં એટલી દૃઢ રહે અને હું તેના પાલનમાં અશક્ત રહું. એ તો મારા પુરૂષાતનને કલંકિત કરનારી વાત છે. રાણીના તથા મારા, બન્નેનાં હાનિ-લાભ, સુખ-દુઃખ આદિ જ્યારે સરખાં જ છે, તો પછી હું જ શા માટે ચિંતા કરું.

આ પ્રમાણે વિચાર કરીને રાજાએ દૃઢતા ધારણ કરી અને તે પોતાના મહેલમાં ચાલ્યો ગયો.

પ્રકરણ ૫ મું

રાજાની સુખ-નિદ્રા

હૃદયથી શાન્ત અને મનથી સ્થિર રહેવાથી, મનુષ્યને જે આનંદ મળે છે તે અશાન્ત અને અસ્થિર બનવાથી મળતો નથી. હૃદયને શાન્ત અને મનને સ્થિર રાખવા માટે જ યોગીજનો એકાન્તવાસ પસંદ કરે છે. એ જ કારણે તેઓ સાંસારિક ખટપટોથી દૂર અને સઘળી ચિંતાઓથી રહિત થઇ જાય છે. જે મનુષ્યમાં ચિંતાની છાયા જેટલી વધારે હશે તેટલું જ તેનું હૃદય અશાન્ત અને મન અસ્થિર થશે. અને જેનામાં ચિંતાની છાયા જેટલી ઓછી હશે, તેટલું જ તેનુ હૃદય શાન્ત અને મન સ્થિર થશે. તાત્પર્ય એ કે મન સ્થિર થવાથી મનુષ્યને આનંદ પ્રાપ્ત થાય છે અને ચિંતા એ મનને સ્થિર બનાવવામાં બાધક છે, ચિંતાગ્રસ્ત મનુષ્યના હૃદયને કોઇદિવસ કે કોઇ કામમા શાન્તિ નથી મળતી. તેનું મન, પવન લાગવાથી ચાલતાં પાંદડાંઓની જેમ હમેશાં ચંચળ રહે છે. એવા મનુષ્યને ખાન-પાન, શયનાદિ લૌકિક કાર્ય અને જ્ઞાન, ધ્યાન, તપાદિ લોકોત્તર કાર્ય વગેરે કરવામાં પણ આનંદ આવતો નથી.

સંસારનાં જ કાર્યો તરફ દૃષ્ટિપાત કરો. સંસારના આવશ્યક કાર્યો ખાવું, પીવું, સૂવુ વગેરે ચિંતાગ્રસ્ત મનુષ્ય પણ કરે છે અને ચિંતા રહિત મનુષ્ય પણ કરે છે છતા એ જ કાર્યોમા ચિતાગ્રસ્તને દુઃખનો અનુભવ થશે, છતાં જ્યારે ચિંતારહિતને શાન્તિનો અનુભવ થશે. કોઈ ચિંતાવિનાનો મનુષ્ય કે જે સૂઇને ઉઠે છે, ત્યારે તેને પૂછવાથી તે કહે છે કે, હું અતિ આનંદથી સુતો હતો. પરન્તુ ચિંતાગ્રસ્ત મનુષ્ય, જો

સૂઇને ઉઠે અને તેને પૂછવામાં આવે, તો તે કહેશે કે મને સારી રીતે ઉંઘ જ ન આવી, અથવા મેં આ જાતનું ખરાબ સ્વપ્ન નિહાળ્યું વગેરે. એ નિદ્રામાં ચિંતારહિતને આનંદ મળવાનું અને ચિંતાગ્રસ્તને ખરાબ સ્વપ્ન નિહાળવાનું કારણ એ છે કે, ચિંતારહિત મનુષ્યનું મન સ્થિર હતું અને ચિંતાગ્રસ્તનું મન અસ્થિર હતું—સારાંશ એ કે, મનની સ્થિરતા જ આનંદ આપનાર છે મનની સ્થિરતા વગરનો આનંદ દુઃખમાં પરિણમે છે અને મન સ્થિર થવાથી મનુષ્ય દુઃખને પણ આનંદ જ માને છે. મનની સ્થિરતાને માટે ચિંતાઓનો નાશ થવો જરૂરી છે. જે મનુષ્યની ચિંતા જેટલે અંશે નાશ થતી જશે, તેટલે અંશે તેનું મન સ્થિર થતું જશે અને ચિંતાઓનો સંપૂર્ણ પણે નાશ થવાથી તેનો આત્મા જ્ઞાનદ્વારા સચ્ચિદાનંદ બની જશે.

બગીચામાંથી પોતાના મહેલમાં આવીને, રાજા સૂઈ ગયો. આજે તેનું મન ચિંતાઓથી ઘણે અંશે મુક્ત હતું અને કંઇક રસ્તાનો થાક પણ હતો, એટલે તેને એવી અપૂર્વ ઉંઘ આવી કે જેનો અનુભવ તેણે કોઇ દિવસ કર્યો ન હતો. અસ્તુ.

રાજાએ રોકવા છતાં પણ રાણી ન રોકાતાં પોતાના મહેલમ આવી. તેની અત્યાર સુધીની તો ચિંતા રાજાના દર્શનથી નષ્ટપ્રાયઃ બની થૂઇ હતી, પરન્તુ મહેલમાં આવવાથી તેને એક બીજી ચિંતાએ ઘેરી લીધી. તે વિચારવા લાગી કે, સ્વામી વનનાં દુઃખોને ભોગવી, આજ બારમે દિવસે ઘેર પધાર્યા. પરન્તુ મેં પાપિનીએ તેમનું કુશળ પણ ન પુછ્યું, તેમના પર જે કષ્ટ વીત્યાં, તે પણ ન સાંભળ્યાં, એટલું જ નહિ પણ મારાં કઠોર વચનોથી તેમના હૃદયને વધારે દુઃખિત કર્યું અને તેમણે રોકવાં છતાં પણ હું તેમની પાસે ન રોકાઇ. જો કે મેં જે કાંઇ કર્યું છે તે તેમના હિતને અર્થે જ કર્યું છે, પરન્તુ નાથ મારા હેતુને સમજ્યા વિના, એમ તો નહિ કહે ને કે રાણી દુષ્ટ

હૃદયવાળા છે, તેનો સ્વભાવ ક્રૂર છે અને તે પતિવંચક છે. નાથ! જે પ્રમાણે વરસાદ પડેલાં સૂર્ય પોતાના પ્રખર તેજથી સહુને તપાવે છે, તે જ પ્રમાણે મેં પણ આપને કષ્ટ આપ્યું છે. હા, સૂર્યની ઉષ્ણતા પછી, વરસાદથી જેવી શાન્તિ મળે છે એવી જ શાન્તિ મેં આપેલાં કષ્ટો સહન કર્યાં પછી, આપને મળશે કે નહિ એ વાત તો ભવિષ્યના ગર્ભમાં છુપાયલી છે. પ્રભો! આજે આપ વનમાં અનેક કષ્ટો સહન કરીને પધાર્યા છો. એ વખતે સેવા વડે આપનો શ્રમ મટાડવાનું અને આપને સુખ આપવાનું મારું કર્તવ્ય છે. પરન્તુ જો હું અત્યારે આપની સેવામાં હાજર થાઉં, તો મેં અત્યારસુધી જે કાંઇ કર્યું છે, જે હેતુથી મેં પોતે આપને દુઃખ તરફ ધકેલ્યા છે તે બધું નિષ્ફળ થઇ જાય.

રાણી આ ચિંતાને દૂર કરવા માટે, ભગવાનનું ભજન કરવા બેઠી. એ બોલવા માગે છે તો પરમાત્માનું નામ, પણ તેના મુખથી પરમાત્માને બદલે, પતિ-પતિ જ શબ્દ નીકળે છે. આ અંતરને માટે રાણી વિચારે છે કે, મારા માટે પરમાત્મા અને પતિ બને સમાન જ છે. મને કાંઇ વિષયેચ્છા માટે પતિ યાદ આવી રહ્યા નથી. વિષયવાસનાને તો હું પહેલેથી જ ત્યાગી ચૂકી છું એટલે મારા માટે પરમાત્મા અને પતિ બને સરખા જ વંદ્ય છે.

રાણી, જોકે ચિંતાથી મુક્ત બનવા માટે, ચિત્તને અનેક પ્રકારથી સમજાવે છે, પરન્તુ તે રાજાના શ્રમ વગેરેનું સ્મરણ કરીને, રહી રહીને તે ચિંતા તરફ ચાલી જાય છે. રાણી વિચારે છે કે, મારે આ વખતે શું કરવું જોઇએ? જો હું રાજાની સેવા કરવા જાઉં છું તો એ વાતનો ભય છે કે, રાજાનો મારાપર ફરીથી મોહ થઈ જાય તથા પ્રતિજ્ઞાનો ભંગ થઇ જાય અને જો નથી જતી તો હૃદયને ધૈર્ય નથી સાંપડતું

રાણીએ દાસીને બોલાવીને કહ્યું:–દાસી, સ્વામી વનમાં અનેક કષ્ટો સહન કરીને આજે આવ્યા છે. ભૂખ, પરિશ્રમ વગેરેથી તે પીડિત થયેલા

કરી. એટલે તું ભોજન સામગ્રી તથા તેલ લઈને તેમની સેવા કરી આવ. જોકે આ કાર્ય છે તો મારું, પરન્તુ હું અભાગિનીથી રાજા રૂપી મણિ દુષિત બની ગયું છે, અને આ વખતે મારા જવાથી, સંભવ છે કે તેઓ વધારે દુષિત પણ બની જાય. એટલે મારા આ કાર્યને તું જ કરી આવ. જેથી પતિની સેવા પણ થાય અને તેઓ નિર્દોષ પણ બને.

રાણીની વાત સાંભળીને, દાસી કહેવા લાગી—સ્વામિની, જણાય છે કે આજે આપને પતિપ્રેમને લીધે કોઈ વાતનું ધ્યાન નથી, જો એમ ન હોય તો તમે મને આ વખતે રાજા પાસે જવાનું કદાપિ ન કહેત. રાતનો સમય છે, રાજા તેમના મહેલમાં એકલા છે, હું જાઉં અને તેઓ કામને વશ બનીને કોઈ અનુચિત કાર્ય કરી નાખે તો! જ્યારે તેઓ આપના સહવાસથી દુષિત બની ગયા છે, તો મારા જવાથી તેઓને માટે કેટલા વધારે દુષિત બનવાની આશંકા છે! વિચાર કરો. રાજા આપના પતિ છે અને આપ તેમના ધર્મપત્ની છો. એકાન્તમાં તેમની પાસે જવાનો અધિકાર આપને છે મને એ અધિકાર નથી કે હું એકલી તેમની પાસે જાઉં. હાં, જો આપ જતા હો, તો આજ્ઞા હોય તો હું પણ આપની સાથે આવું. અથવા આપની હાજરીમાં કાર્ય પ્રસંગે તેમની પાસે જઈ શકું છું. પરન્તુ આપની ગેરહાજરીમાં રાતને વખતે તેમની પાસે જવા માટે હું આપની ક્ષમા માગું છું. અસ્તુ.

જો, જોવામાં આવે તો સ્ત્રી પુરુષ સંબંધી પાપનું ખાસ કારણ સ્ત્રી પુરુષનો એકાન્તનિવાસ છે. એને માટે દૃષ્ટાન્ત આપવું અપ્રાસંગિક ગણાશે નહિ.

ભોજરાજાએ પોતાની સભાના પંડિતોને પૂછ્યું કે :—

मनोमहिलाविषयादितोऽपि कामस्य सत्यं जनकं वदे ! कः ।

અર્થાત્—હે કવિ, કામને ઉત્પન્ન કરનાર, મન, સ્ત્રી, આનપાનાદિ તો છે જ, પણ તેનો સાચો ઉત્પાદક કોણ છે?

રાજાના આ પ્રશ્નનો ઉત્તર કોઈપણ પંડિત ન આપી શક્યો ત્યારે રાજાએ કાલિદાસને કહ્યું કે—શું મારા આ પ્રશ્નનો ઉત્તર તમે પણ નહિ આપી શકો? કાલિદાસે કહ્યું હું કાલે આપને આનો ઉત્તર આપીશ.

કાલિદાસ ઘેર આવ્યો. ઘેર આવીને તેણે ગ્રંથોમાં આ પ્રશ્નનો જવાબ શોધવાનો પ્રારંભ કર્યો, પરન્તુ એનો જવાબ કોઈપણ ગ્રન્થમાં ન મળ્યો.

કાલિદાસની સ્ત્રીનો દેહાંત થઈ ચૂક્યો હતો. તેને પ્રભાવતી નામની એક પુત્રી હતી. જે એ જ નગરમાં પરણી હતી. પ્રભાવતી હમેશા પોતાના પિતાને ઘેર આવતી અને ભોજન બનાવી તથા તેમને જમાડી જતી રહેતી હતી. હંમેશની જેમ તે દિવસે પણ તેણીએ ભોજન બનાવ્યું અને કાલિદાસને કહ્યું કેઃ—પિતાજી, ભોજન કરી લો. કાલિદાસ એ વખતે ગ્રન્થોમાં રાજાની પ્રશ્નનો ઉત્તર શોધી રહ્યો હતો એટલે તેણે પ્રભાવતીની વાત સાંભળી ન સાંભળી હોય એમ કરી દીધી. પ્રભાવતી સમજી કે, પિતા આ વખતે કોઈ જરૂરી કામમાં પડેલા છે, સંભવ છે કે તે કાર્ય થોડીકવારમાં સમાપ્ત થઈ જશે પ્રભાવતી થોડીકવાર રહીને, પછી કાલિદાસ પાસે ગઈ અને તેને ભોજન કરી લેવાનું કહ્યું, પરન્તુ કાલિદાસે જવાબ આપ્યો કે, હું થોડીકવાર પછી ભોજન કરીશ.

કાલીદાસનો આ જવાબ તથા તેની મુખમુદ્રા પરથી પ્રભાવતી સમજી ગઈ કે પિતાજી આ વખતે કોઈ ચિંતામાં છે.

તેણીએ પૂછ્યું—પિતાજી, આપ શી ચિંતામાં છો? કાલિદાસે કટાણું મ્હોએ જવાબ આપ્યો કેઃ—તું કંઈ જાણતી સમજતી તો નથી, તને શી ખબર કે હું આ વખતે શું કાર્ય કરી રહ્યો છું એથી જ તું આ પ્રકારની અનાવશ્યક વાત કરીને, મારો વખત ગુમાવી રહી છે.

પ્રભાવતી—પિતાજી, આપ વિચારો તો ખરા કે, મારે બે ઘરનું કામ કરવું પડે છે જો હું બધું કાર્ય સમયસર ન કરું તો મારું કેમ

કેવી રીતે થાય ? હું ક્યારનીયે ભોજન બનાવીને આપને વિનંતિ કરી છું કે, ભોજન કરી લો, પરન્તુ આપ નથી તો ભોજન કરવા આવતા કે નથી તો આપની ચિંતા પણ કહેતા ! વધારે નહિ તો આપની ચિંતા તો કહો, કે જે પર હું પણ વિચાર કરી શકું અને કદાચ સંભવિત હોય તો આપને કાંઇક સહાય પણ કરી શકું.

કાલીદાસે પ્રભાવતીને ભોજ રાજાનો પ્રશ્ન સંભળાવીને કહ્યું કે, મેં આ પ્રશ્નનો ઉત્તર રાજાને આવતી કાલે આપવાની પ્રતિજ્ઞા કરી છે; પરંતુ અત્યારસુધી હું પ્રશ્નનો ઉત્તર વિચારી શક્યો નથી, કે કોઇ ગ્રંથમાં પણ તેનો ઉત્તર મળતો નથી. પ્રભાવતીએ કહ્યું:—પિતાજી, રાજાના આ પ્રશ્નનો ઉત્તર, કાલની સભાના સમય પહેલાં હું આપને આપીશ. આપ આવીને ભોજન કરી લો. પ્રભાવતીએ વિશ્વાસ આપવાથી કાલિદાસે ભોજન કર્યું. પિતાને ભોજન કરાવીને પ્રભાવતીએ પોતાના સાસરે સંદેશ મોકલી દીધો કે, હું આજ મારા પિયર જ રહીશ.

સંધ્યા સમયે, પ્રભાવતીએ કાલિદાસને માટે જે ભોજન બનાવ્યું તેમા તેણીએ કામોત્તેજક પદાર્થોનું સંમિશ્રણ કરી દીધું. કાલિદાસને એ ઉતેજક પદાર્થોનું ભોજન કરાવીને, પ્રભાવતીએ પણ ભોજન કર્યું અને બને પોતપોતાને સ્થાનો સુઇ રહ્યાં પ્રભાવતીએ સુતાં પહેલા, એવુ સ્થાન જોઇ લીધું હતું કે જેમાં જતા રહેવાથી તે પિતાના હાથમાં પણ ન આવે અને રાજાના પ્રશ્નનો ઉત્તર પણ મળી જાય.

કામાંધ મનુષ્યની બુદ્ધિ નાશ પામી જાય છે તેને તે વખતે કર્તવ્યાકર્તવ્યનું ભાન નથી રહેતું. ભલે ગમે તેટલો બુદ્ધિમાન મનુષ્ય હોય, તો પણ કામાંધ બનવાથી તેને કેવળ સ્ત્રીની જ ધૂન રહે છે. પછી ભલે તે સ્ત્રી, પુત્રી પણ કેમ ન હોય ! અથવા પરસ્ત્રીની જ કેમ ન હોય!

એ કામોત્તેજક પદાર્થોએ રાત્રિને વખતે કાલિદાસના મનમાં વિકાર ઉત્પન્ન કર્યો. કાલિદાસ કામવાસનાથી મુગ્ધ થવાની ઇચ્છાએ પ્રભાવતી પાસે ગયો અને તેનાથી ભોગ ભોગવવાને માટે ઉપદ્રવ કરવા લાગ્યો. પ્રભાવતીએ પોતાના પર કાલિદાસને દુરાગ્રહ કરતો જોઈ તેને કહ્યું:—પિતાજી, સાવધાન રહો. પોતાની પુત્રી ઉપર શું આપ અત્યાચાર કરવા તૈયાર થયા છો ? એ વખતે કાલિદાસ તો કામાંધ હતો. તેને એવે વખતે આ મારી પુત્રી છે કે બીજી કોઈ સ્ત્રી છે તેની ચિંતા ક્યારે હતી ! તેણે પ્રભાવતીની વાત સાંભળીને ઠેલીને કહ્યું કે બસ, ચૂપ રહે, નહિં તો તારું જીવન જોખમમાં છે.

પ્રભાવતી સમજી ગઈ કે, મેં જ તેને કામોત્તેજક પદાર્થો ખવડાવ્યા છે, એટલે તે પોતાને આધીન નથી. આ વખતે તેનું જ્ઞાન લુપ્ત થઈ ગયું છે તેણીએ કાલિદાસને કહ્યું:—પિતાજી, જો આપની ઇચ્છા એવી જ હોય તો દીપક તો ઓલવી નાખો. દીપક સળગી રહ્યો છે, તો શું તેને દેખતાં છતાં તમે તમારી પુત્રીની સાથે અને હું મારા પિતાની સાથે ભોગ ભોગવીશ !

પ્રભાવતીની વાત સાંભળીને કાલિદાસ દીપક બુઝાવવા ગયો એટલામાં જ પ્રભાવતી પહેલેથી જ નક્કી કરેલાં સ્થાનમાં ચાલી ગઈ અને અંદરથી બારણું બંધ કરી દીધું. કાલિદાસ પાછો આવીને પ્રભાવતીને ભય બતાવવા લાગ્યો, પ્રલોભન આપવા લાગ્યો, પરન્તુ પ્રભાવતીએ એ ઉત્તર આપ્યો કે આપ સવારે ભલે મને મારી જ નાખો, પરન્તુ આ વખતે હું કદાપિ બારણું ખોલી શકતી નથી. કાલિદાસે પ્રભાવતીને મેળવવા માટે ઘણા ઉપાયો કર્યા, પરન્તુ તે તેને મેળવવામાં નિષ્ફળ નિવડ્યો.

કાલિદાસે આખી રાત્રી એ જ પ્રકારની વ્યથામાં વિતાવી. જ્યારે પ્રભાત થવા આવ્યું અને ઉત્તેજક પદાર્થોનો પ્રભાવ ઓછો થયો, ત્યારે

કાલીદાસને વિચાર આવ્યો કે, હું આ શું કરી રહ્યો છું ? હાય-હાય ! હું મારી પોતાની જ કન્યા સાથે વ્યભિચાર કરવા તત્પર થયો છું ! આ કન્યા શું કહેશે અને હું તેને મુખ કેમ બતાવીશ ! મારૂં કલ્યાણ તો હવે મરવામાં જ છે.

આ પ્રમાણે વિચાર કરી, કાલિદાસે પોતાનો પ્રાણ ત્યાગવાનો સંકલ્પ કર્યો. તેણે પ્રાણત્યાગ માટે ફાંસી લગાવવા એક દોરી બાંધી અને તેમાં પોતાનું ગળું ફસાવવા તૈયાર થયો. અહિં પિતાના ઉત્પાતને શાન્ત અને ઉત્તેજક પદાર્થોનો પ્રભાવનો સમય વ્યતીત થયો જાણી, પ્રભાવતીએ વિચાર કર્યો કે, હવે તો પિતાજીની બુદ્ધિ ઠેકાણે આવી ગઇ હશે. તે કમાડ ખોલીને બહાર નીકળી, તો જુએ છે કે પિતાજી મરવા માટે તૈયાર થઇ ઉભા છે. તેણીએ કહ્યું:—પિતાજી, આપ આ શું કરી રહ્યા છો ?

કાલિદાસ—બસ ! પ્રભાવતી, મને ક્ષમા કર. હું મારા આ કુકૃત્યની શિક્ષા પરલોકમા તો ભોગવીશ જ પરન્તુ આ લોકમાં પણ હું મુખ બતાવવા માટે સર્વથા અયોગ્ય છું. હવે હું મારૂં કલ્યાણ મરવામાં જ જોઉં છું. એટલે તું આમાં વિઘ્ન ન નાખ તારા પર ખોટા વિચારો લાવીને, હું પોતે પણ ભ્રષ્ટ થયો અને તને પણ ભ્રષ્ટ કરવા તૈયાર હતો, પરંતુ તુ તારી બુદ્ધિથી બચી ગઇ. આ લોકમાં હું પાપનું પ્રાયશ્ચિત મરીને જ કરીશ, એટલા માટે તું કાંઇપણ ન બોલ.

પ્રભાવતી—પિતાજી, જરા થોભો અને મારી વાતને સાંભળી લો. આપના મનમા જે વિકાર ઉત્પન્ન થયો અને આપે જે કાંઇ ઉત્પાતાદિ કર્યો, તેમાં આપનો કાંઇ દોષ નથી, એ તો રાજાએ જે પ્રશ્ન કર્યો છે તેનો ઉત્તર માત્ર છે. મેં પ્રશ્નનો ઉત્તર આપવા માટે આપને એવા ઉત્તેજક પદાર્થો ખવડાવ્યાં હતાં, જેથી આપને એવું કરવા માટે વિવશ બનાવ્યા. હવે તો આપ સારી રીતે સમજી ગયા

હતી કે, કામને ગયો પિતા એકાન્ત છે. સાધારણ રીતે અથવા ઉત્તેજક પદાર્થોના પ્રયોગથી કદી મન ખરાબ પણ થઇ જાય, સ્ત્રી પણ પાસે જ હોય, તો પણ જો એકાન્ત ન હોય, અ ત્યા બીજા માણસો હાજર હોય, તો તે ખરાબ વિચાર કાર્ય કદાપિ પરિણીત ન થઈ શકે. આ જવાબ જો હું અનુભવ કરાવ્યા આપત તો આપને વિશ્વાસ ન આવત. એટલા માટે મેં, પ્ર ઉત્તર દેતાં પહેલાં જ, ઉત્તરનો અનુભવ કરાવી દીધો

કાલિદાસ—જો કે તે પ્રશ્નનો ઉત્તર આપવા માટે, જાણી જ ખવડાવ્યાં, જેથી હું મારા પોતાના તાબામા ન રહી શક્યો, તથ તાની સાથે કુકર્મ કરવાનો મારા હૃદયમા વિચાર તો થયો. આ વિચ આવ્યા તેનુ મારે શું પ્રાયશ્ચિત લેવુ જોઇએ !

પ્રભાવતી—જ્યારે આપ વિવશ હતા, તો પછી તેનું પ્રાયશ્ચિ શુ હોય ? છતા પણ જો આપ પ્રાયશ્ચિત્ત કરવાજ ઇચ્છો છો, તો ક પણ પ્રાયશ્ચિત્ત કરો અને આપની સાથે હું પણ પ્રાયશ્ચિત કરું કે ભવિષ્યમા ભલે સગો બાપ પણ કેમ ન હોય, અથવા સ પુત્રી પણ કેમ ન હોય, પણ તેની સાથે એકાન્તમા રહેવુ નહિ

પ્રભાવતી દ્વારા મળેલો જવાબ, કાલિદાસે ભોજરાજાને સંભળાવ્યો જે સાંભળીને તે પ્રસન્ન થયો.

સારાંશ એ, કે કામવિકારને કાર્યરૂપમા પરિણીત કરવાનો અવ સર ત્યારે જ પ્રાપ્ત થાય કે જ્યારે સ્ત્રીપુરુષ એકાન્ત સ્થાનમા હો. એથી બચવાને માટે સ્ત્રીપુરૂષનુ એકાન્ત સ્થાનમા રહેવાનું ત્યાજ્ય માનવામાં આવ્યું છે

દાસીનો જવાબ સાંભળીને રાણી કહેવા લાગી, કે તારું કહે ઠીક છે. ખરી રીતે મેં, પતિપ્રેમના આવેશમા કામની ઉચિત- અનુચિતતાનુ ધ્યાન આપ્યું નહિ પણ હવે હું પણ જતી નથી ઇશ્વર અને સત્ય પર વિશ્વાસ રાખીને તેમને સુવા જ દો. કાલ થશે તે સારૂં જ થશે.

પ્રકરણ ૬ ઠું

કર્ત્તવ્ય-માર્ગ

ધર્માત્મામનુષ્ય સૂર્યોદય પહેલાં જ ઉઠીને, પરમાત્માનું ભજન કરવા લાગી જાય છે. તે આળસુઓની જેમ સૂર્યોદય પછી પડી રહેતા નથી. સૂર્યોદય પછી ઉઠવાથી, વૈદ્યક ગ્રન્થોમાં પણ ઘણી હાનિઓ બતાવવામાં આવી છે. રાત્રિએ વધારે સમય સુધી જાગવું અને પછી સૂર્યોદય પછી સૂતા રહેવું, એ પ્રાકૃતિક નિયમથી પણ વિરૂદ્ધ છે. પ્રકૃતિના આવશ્યક નિયમોની અવહેલના કરનાર માણસ, પોતાના જીવન, સ્વાસ્થ્ય, ઉત્સાહ અને લાભની પણ અવહેલના કરે છે. એવું કરનારો માણસ, પ્રાકૃતિક નિયમાનુસાર શિક્ષાને પાત્ર બને છે. સારાંશ એ કે, કર્તવ્યને સમજનાર માણસ, સૂર્યોદયની પહેલાં જ ઉઠીને, પરમાત્માના ભજનમાં લાગી જાય છે. મહારાજા હરિશ્ચંદ્ર આજે સૂર્યોદય પહેલાં ઉઠયા. આજે સૂર્યોદય જોવાનો અવસર તેને ઘણા દિવસો પછી મળ્યો છે. તેના હૃદયમાં આજે એવો આનંદ છે, એવો ઉત્સાહ છે, શરીરમાં એવી સ્ફુર્તિ છે, મન એવું પ્રસન્ન છે, કે જેનો અનુભવ તેને ઘણા સમયથી થયો ન હતો. તે રાણીને ધન્યવાદ આપતો કહેવા લાગ્યોઃ-રાણી! મને વનમા પ્રાકૃતિક દૃશ્ય જોવામાં, નિદ્રા લેવામાં અને આજે પ્રાતઃકાલે ઉઠવામાં જે આનંદ પ્રાપ્ત થયો છે, તે બધી તારી જ કૃપાનું ફળ છે. તારા સોનાની પૂંછડીવાળા મૃગશિશુ માગવાનો હેતુ મને આ આનંદો પ્રાપ્ત કરાવવાનો છે. ખરી રીતે, હું મારા જીવનને વિષયવાસનામાં વ્યતીત કરીને, કલ્પવૃક્ષને કાપી ધતૂરાને વાવી રહ્યો હતો, હાથી આપીને ગધેડું લઇ રહ્યો હતો અને અમૃતને ઢોળી વિષ પી રહ્યો હતો. પરન્તુ તેં મારી ભૂલ બતાવી દીધી. હું તારો ઉપકાર માનું છું અને મારા પર તારો એ

ધણું મેં'ડું ખાધુ સમજું છું. મોનાની પૂંછડીવાળુ ક્ગપૂર્ણ દેવપોએ કામ મળી જાત, તો પણ વિલાસનામાં અને એ આ મગન જે આનંદ વિલાપામાંથી મુક્ત રહેવામાં પ્રાપ્ત થયો છે.

હંમેશના આવશ્યક કાર્યોથી નિવૃત્ત બનીને, મહારાજા દ સભામાં જઇને રાજ્યાસનપર બેઠો, તે રાજસિંહાસન જે ઘણા દિ ખાલી જ પડીરહેતું હતું, તે આજે રાજાના બેસવાથી સુશોભિત રાજ સિંહાસનપર બેસવાથી કેટલાક લોકોને તો આનંદ થયો કેટલાક લોકોને દુઃખ થયું. તે રાજ્યાધિકારીઓ, જેઓ રાજાની ગે જરીમાં પ્રજાપર મનફાવતા અત્યાચાર કરતા હતા અને પોતાનો સાધતા, તથા તે અનાચારી કાર્ય કર્તાઓ, જેઓ રાજાની ગેરહાજ નિરંકુશ બન્યા હતા, તેમને તો રાજાના રાજ્યાસનપર આવવાથી થયું. રાજાના રાજ્યાસન પર આવતાં પહેલાં, તે લોકો સમજતા હત રાજા તો રાણીની સાથે વિષયભોગમાં પડ્યો છે, એટલે અમે જ છીએ. આજે રાજાના આવી જવાથી, તેમના તે વિચારોપર પાણી ગયું, એટલા માટે તેમને રાજાના આવવાથી દુઃખ થયું પરન્તુ જે રાજાના શુભચિંતક તથા ન્યાયપ્રિય હતા, જેઓ અન્ય અધિકા ઓના અત્યાચારો જોઇ-જોઇને ત્રાસી ગયા હતા અને જેમને રાજ્યા ખાલી રહે એ ખરાબ લાગતું હતું, તેઓ રાજાના સિંહાસન પર બે વાથી આનંદ પામ્યા. અને કહેવા લાગ્યા કે, આજ સૂર્યવંશનો સ સિંહાસનરૂપી ઉદયાચલ પર ઉદયમાન થયો છે. આ તેજોરાશિનો ઉ થવાથી અત્યાચારી ઘુવડ જરૂર છુપાઈ જશે

જે રાજા, ઘણા વખતથી મહેલની બહાર પણ નીકળ્યો ન હતે રાજ્યકાર્ય તરફ જે કદી નજર સરખી કરતો ન હતો, તે રા આજે અચાનક અને યથાસમયે આવી રાજ્યકાર્ય તપાસવા માટે તૈયા થયો તે માટે લોકો આશ્ચર્ય પામવા લાગ્યા. રાજાના સ્વભાવમાં એક એક આ પ્રમાણે ફેરફાર થવાના કારણની લોકોએ તપાસ કરી, તો

તેમને ખબર પડી કે રાણીની કૃપાથી રાજા રાજ્યકાર્યમાં પુનઃ પ્રવૃત્ત થયા છે. રાણીએ, રાજાને સોનાની પૂંછડીવાળું-મૃગનું બચ્ચું ન લાવી શકવાના કારણે પોતાના મહેલમાં આવતો રોકયો છે. આ ઉપરથી રાજાને પોતાના કર્ત્તવ્યનું ભાન થયું છે. એ જાણીને લોકોએ રાણીની પ્રશંસા કરી અને તેને અનેક ધન્યવાદ આપ્યા.

રાણીના મહેલમાં ન જવા માટે વચનથી બંધાયેલો રાજા એકાગ્રચિત્તે રાજકાર્ય જોવામાં તલ્લીન રહે છે. તેનો સઘળો સમય રાજકાર્ય જોવામાં, ન્યાય કરવામાં, પ્રજાનાં દુઃખોને દૂર કરી તેને સુખ આપવાં વગેરે કાર્યોમાં જ વ્યતીત થાય છે. પ્રજાને માટે સદાચારાદિ નીતિ સંબંધી અને કલા-કૌશલ્ય આદિ વ્યવસાય સંબંધી શિક્ષણનો તેણે એવો પ્રબંધ કર્યો કે, જેથી તેના રાજ્યમાં અપરાધીનું નામ પણ ન રહ્યું. રાજા, ગુન્હાઓના કારણોની તપાસ કરીને તેનો નાશ જ કરી દેતો, જેથી ફરીથી ગુન્હો થાય જ નહિ. ન્યાય પણ તે એટલો સરસ આપતો, કે કોઈ પણ પક્ષને દુઃખ થતું ન હતું. જે પ્રમાણે હંસ, દૂધ તથા પાણીને જુદા કરે છે તે જ પ્રમાણે કટોકટીના સમયના મુકદ્દમામાં પણ રાજા સત્ય તથા જૂઠને અલગ અલગ કરી દેતો. રાજ્યાધિકારીઓ દ્વારા કોઈપર અત્યાચાર ન થાય, તેને માટે ઘણી જ સાવધાની રાખતો અને ચોર લૂંટારા વગેરેના ઉપદ્રવથી પ્રજાનું રક્ષણ કરવું, એમાં તે પોતાનું પરમ કર્ત્તવ્ય સમજતો. આ પ્રમાણે એમાં તે પોતાનું પરમકર્ત્તવ્ય સમજતો આ પ્રમાણે તેના રાજ્ય સંચાલનથી થોડા જ દિવસોમાં પ્રજા સુખ-સમૃદ્ધિથી સંપન્ન બની ગઈ. કોઈ દુઃખી ન રહ્યું. હરિશ્ચંદ્રનું આ નીતિ-ધર્મમય રાજ્ય સત્યનું રાજ્ય કહેવાવા લાગ્યું અને તેની કીર્તિ દુનિયાભરમાં પ્રસરી ગઈ. આ પ્રમાણે રાણીએ પોતાના ત્યાગ તથા ઉદ્યોગથી, પોતાની મન-કામના પણ પૂર્ણ કરી લીધી. રાજાને તેના કર્ત્તવ્યપથપર પણ આરૂઢ કરી દીધો. અને પોતાનું તેમજ પોતાના પતિનું કલંક પણ ધોઈ નાખ્યું.

પ્રકરણ ૭ મું

ઇન્દ્ર–સભા

ત્રૈલોક્યમાં સત્ય સમાન કોઇ બીજી વસ્તુ નથી સત્ય જ સંસારની સ્થિતિ છે. જો સત્ય માત્ર એક ક્ષણને માટે પણ સંસારનો સાથ છોડી દે, તો સંસારનું કામ ચાલવું કઠિન જ નહિ પણ સર્વથા અસંભવિત બની જાય. સત્કીર્તિ મેળવવા માટે પણ સત્ય એ અનન્ય સાધન છે. સત્યનું પાલન ભલે હરકોઈ પ્રદેશમાં કરવામાં આવે, પરંતુ એ સત્યપાલનથી થનારી સત્કીર્તિ એ જ પ્રદેશમાં મર્યાદિત નથી રહેતી પણ પવનની જેમ સર્વત્ર પ્રસરી જાય છે છતાં શરત એ છે કે, સત્યપાલનમાં પ્રશંસાની આકાંક્ષા ન કરવામાં આવે, પણ આકાંક્ષા રહિત બનીને સત્યપાલન કરવું. કોઈ આકાંક્ષા ઇચ્છાથી સત્યનું પાલન કરવું એ તો એ આકાંક્ષાનો વ્યાપાર કરવા બરાબર છે.

સ્વર્ગની સુધર્મ–સભા, હંમેશ કરતાં આજે વધારે પ્રમાણમાં શણગારવામાં આવી હતી ચારે તરફ પારિજાતના ફુલો લાગ્યા છે અને સભામાં ચામર, છત્ર વગેરેથી સુશોભિત ઇન્દ્ર બેઠા છે લોકપાળાદિ તમામ દેવતાઓ અને અપ્સરાઓ પોતપોતાને સ્થાને બેઠા છે, તથા આત્મરક્ષકાદિ અનુચરગણ પણ યથાસ્થાને ઉભો છે. સભાની મધ્યમાં નાચ-ગાનનો અખાડો બની રહ્યો છે, જેમાં ગાયક-ગાયિકાઓ અને નાચનાર-નાચનારીઓ સુસજ્જિત ઉભાં છે.

ગાનાર નાચનારાઓએ ઇન્દ્ર પાસે આજ્ઞા માગી કે, આજ અમે લોકો કયા વિષયનું ગીત ગાઇએ અને નૃત્ય કરીએ ? ઇન્દ્રે કહ્યું:— સંસારના અન્ય વિષયો પર તો હંમેશા નૃત્યગાન થાય છે, એટલે

આજ સત્યનું ગીત ગાઓ અને તે જ પ્રમાણે નૃત્ય કરો સત્યના જ પ્રતાપથી અમે લોકો અહીંઆ આનંદ ભોગવી રહ્યા છીએ. એટલા માટે આજે સત્યનાં જ ગુણગાન કરીને અહિં બેઠેલા દેવો તથા અપ્સરાઓને સત્યનું મહત્ત્વ સંભળાવો.

સત્યનું ગાન કરવા માટે ઇન્દ્રની આજ્ઞા મેળવીને, ગાયકગણ વગેરે ઘણા જ પ્રસન્ન થયા. તેમણે ગાન તથા નૃત્ય વડે સત્યનું જે સજીવ દશ્ય બનાવ્યું, એથી આખી સભા પ્રસન્ન થઇ ઉઠી અને સત્યની સાથે જ ગાયક તથા નૃત્યકારોની પણ પ્રશંસા કરવા લાગી. ગાનનૃત્ય સમાપ્ત થતાં ઇન્દ્ર કહેવા લાગ્યાઃ—

મારા વ્હાલા દેવો તથા અપ્સરાઓ! તમે જે સત્યનાં નૃત્યગાન હમણાં જોયાં સાંભળ્યાં છે અને જેને જોઇ સાંભળીને તમે પ્રસન્ન થયા છો, તે સત્ય સાક્ષાત્ જેની પાસે હશે, તે કેટલો આનંદિત રહેતો હશે, એ વાતનો વિચાર કરો. સત્ય સૂક્ષ્મ છે, એટલે તે સાકાર વિના ઉપયોગમાં નથી આવી શકતું અને જ્યાં સુધી ઉપયોગમાં ન આવે— કોઇને પ્રયોગમાં લાવતા ને જોઇએ—ત્યાંસુધી સત્યને સમજવા માટે આદર્શ મળતો નથી. તમે લોકો દેવલોકમાં છો, તો પણ સત્યની તે મૂર્તિના દર્શનનું સૌભાગ્ય પ્રાપ્ત નથી થયું કે જેના દર્શનનું સૌભાગ્ય મૃત્યુલોકના માનવીઓને પ્રાપ્ત થયું છે મૃત્યુલોકમાં અયોધ્યાનો રાજા હરિશ્ચંદ્ર એવો સત્યવાદી છે કે માનો કે સાક્ષાત્ સત્ય જ હરિશ્ચંદ્રના રૂપમાં હોય. હરિશ્ચંદ્રમાં સત્ય, ફૂલમાં સુગંધ, તલમાં તેલ અથવા દૂધમાં ઘી ની જેમ વ્યાપ્ત છે, જે પ્રમાણે શરીરમાં જીવ સર્વત્ર અને સમુદ્રમાં જળ અથાગ છે તે જ પ્રમાણે હરિશ્ચંદ્રમાં સત્ય સર્વત્ર તથા અથાગ છે. જેમ મેરુપર્વત અચળ છે, તેમ હરિશ્ચંદ્રનું સત્ય પણ અચળ છે. જેવીરીતે કોઇ સૂર્યનો ચંદ, ચંદ્રનો સૂર્ય, લોકને અલોક, અલોકને લોક અને ચૈતન્યને જડ તથા જડને ચૈતન્ય બનાવવા સમર્થ નથી,

તેવી જ રીતે હરિશ્ચન્દ્રને સત્યથી વિચલિત કરવામાં પણ કોઈ સમર્થ નથી. જેમ એ બધાની મર્યાદા સ્થિર છે તે જ પ્રમાણે હરિશ્ચંદ્રનું સત્ય પણ સ્થિર છે. હરિશ્ચંદ્રનું કોઈપણ કાર્ય સત્ય વગરનું નથી તે સત્ય ઉપર પ્રવર્તમાન અટલ છે. ગંગાનો પ્રવાહ ફેરવવામાં, સમુદ્રનો અંત ખોળવામાં, જ્વાળામાંથી ઘી કાઢવામાં અને ચંદ્રમાંથી અગ્નિ વરસાવવામાં ભલે કોઈ સમર્થ પણ થાય પરન્તુ હરિશ્ચંદ્રને સત્યથી અલગ કરવામાં કદાપિ કોઈ સમર્થ બની શકતું નથી.

હરિશ્ચંદ્ર મૃત્યુલોકમાં છે અને આપણે દેવલોકમાં છીએ, એવા વિચારથી તમે તેને તુચ્છ ન સમજો. ધર્મ અને પુણ્યનું ઉપાર્જન કરવા માટે મૃત્યુલોક જ શ્રેષ્ઠ છે. મૃત્યુલોકમાં ઉપાર્જન કરેલા ધર્મ-પુણ્યના પ્રતાપથી જ તમે તથા હું આ લોકમાં આનંદ ભોગવી રહ્યા છીએ. એ પણ વિચારો કે, હરિશ્ચંદ્રને નાનો ન માનો. જે ધર્મ-પુણ્ય મનુષ્ય શરીરદ્વારા થઈ શકે છે તે આ દેવ શરીરદ્વારા થઈ શકતાં નથી. શરીરનો અંત લાવવા માટે તથા તેને જન્મ મરણ રહિત બનાવવા માટે મનુષ્યજન્મ જ ધારણ કરવો પડે છે. મનુષ્ય શરીરધારી જીવ દેવયોનિ પ્રાપ્ત કર્યા વિના મોક્ષ જઈ શકે છે, પરન્તુ દેવ શરીરધારી, મનુષ્ય જન્મ ધારણ કર્યા વગર મોક્ષ પ્રાપ્ત કરી શકતો નથી. એટલે હરિશ્ચંદ્રને તમે તે મનુષ્ય છે માટે નાનો ન સમજો. સત્યપાલન માટે આ વખતે હરિશ્ચંદ્ર અદ્વિતીય છે. તેની બરોબરી કરે તેવો સંસારમાં બીજો કોઈ નથી.

સંસારમાં મનુષ્ય વિશેષ કરીને બે પ્રકારના માનવામાં આવે છે: એક દુર્જન અને બીજો સજ્જન. સજ્જન મનુષ્ય બીજાની પ્રશંસા સાંભળીને—બીજાને સુખી જોઈને—સુખી થાય છે અને બીજાને દુઃખમાં જોઈ, તેને પોતાને પણ દુઃખ દૂર કરવાનો ઉપાય કરે છે. કદી કોઈને દુઃખ આપવાનો વિચાર પણ કરતો નથી. બીજાના દુર્ગુણોનો ઢંઢેરો ન પીટતાં તે પોતાનાં દુર્ગુણો દૂર કરવાનો પ્રયત્ન કરે છે અને ક્ષમા, [illegible]

દુર્ગુણોને પાસે પણ આવવા દેતા નથી. પરન્તુ દુર્જનોનો સ્વભાવ સજ્જનોના સ્વભાવથી તદ્દન વિરૂદ્ધ હોય છે. તેઓ બીજાના લાભમાં પોતાની હાનિ, બીજાની હાનિમાં પોતાનો લાભ, બીજાના દુઃખે પોતે સુખી અને બીજાના સુખે પોતે દુઃખનો અનુભવ કરે છે. બીજામાં સદ્દગુણ જોઇને, તેને ઇર્ષા થાય છે અને દુર્ગુણ જોઇને તેને પ્રસન્નતા થાય છે. બીજાની પ્રશંસા તેને અસહ્ય લાગે છે, એટલે તેઓ, તે સાંભળતાં ઘૃણા કરે છે. પણ બીજાની નિંદા કરવામાં કે સાંભળવામાં તેઓ કદી થાકતા નથી. તેમનું હૃદય કાજળની જેમ કપટથી ભરેલું, મોઢું વિષના ઘડાની જેમ દુર્વાક્યથી ભરેલું, નેત્ર અગ્નિની જેમ ક્રોધથી ભરેલાં અને મન ખોટાં વિચારોથી ભરપુર રહે છે. વિદ્વાનોએ દુર્જનોની તુલના ઇન્દ્રની સાથે કરીને તેમને ઇન્દ્રથી પણ મોટા ગણાવ્યા છે. તેઓ કહે છે કે, ઇન્દ્રનું શસ્ત્ર-વજ્ર ઇન્દ્રના હાથમાં રહે છે અને તે માત્ર શરીર પર જ આઘાત પહોંચાડી શકે છે, પણ દુર્જનોનું શસ્ત્ર-દુર્વચન, દુર્જનોના મુખમાં રહે છે અને તે મનુષ્યના હૃદયપર આઘાત પહોંચાડે છે. વજ્રનો ઘા અને તેની પીડા તો મટી પણ જાય છે, પરન્તુ દુર્વચનનો ઘા તથા તેની પીડા મટવી મુશ્કેલ છે. ઇન્દ્રની આંખોમાં જેટલું તેજ છે, તેટલો ક્રોધ દુર્જનોની આંખોમાં છે. ઇન્દ્ર પોતાની આંખોવડે બીજાનાં સદ્દગુણો જુએ છે, ત્યારે દુર્જન પોતાની આંખોથી બીજાનાં દુર્ગુણો જુએ છે. સારાંશ એ કે દુર્જન પણ એક પ્રકારનો ઇન્દ્ર છે. તફાવત માત્ર એટલો જ છે કે, ઇન્દ્ર સદ્દગુણોથી મોટો છે અને દુર્જન દુર્ગુણોથી મોટો છે. અસ્તુ.

એક જ વસ્તુ, પ્રકૃતિની ભિન્નતાથી ભિન્ન-ભિન્ન ગુણ આપે છે. જે જળ છીપમાં પડીને મોતી બની જાય છે, તે જ જલ જો સર્પના મુખમાં પડે છે તો તે વિષ બની જાય છે. જે વાત સજ્જનોને સુખ આપનારી હોય છે, તે જ વાત દુર્જનોને દુઃખ આપનારી રૂપ પડે છે. જે વર્ષા સંસારના સઘળાં વૃક્ષોને લીલાંછમ કરી દે છે, સઘળાં વૃક્ષ

જે વાણીથી પ્રદર્શિત બની ગઈ છે, તે જ વાણી જ્યોત્સ્ના સુકાર્ય જ છે. સારાંશ એ કે સારી વસ્તુ પણ વિરુદ્ધ પ્રકૃતિવાળાને માટે ખરાબ બની જાય છે.

સજ્જન મનુષ્ય બીજાની પ્રશંસા સાંભળીને, બીજામાં ગુણ જોઈને પ્રસન્ન થાય છે; પરન્તુ તે સજ્જનોની પ્રસન્નતાનું કારણ દુર્જનોની અપ્રસન્નતાનું કારણ બની જાય છે. તેઓ તો માત્ર બીજાની નિંદા અને બીજાનાં દુર્ગુણોથી પ્રસન્ન થાય છે.

ઇન્દ્ર દ્વારા હરિશ્ચંદ્રની પ્રશંસા સાંભળીને, બીજા બધા દેવ અપ્સરાઓ વગેરે તો પ્રસન્ન થયા, તેઓ હરિશ્ચંદ્રનું સત્વ અને તેની સાથે જ મૃત્યુલોક તથા મનુષ્ય જન્મની પ્રશંસા કરીને સત્યરહિત દેવ જન્મને ધિક્કારવા લાગ્યા; પરન્તુ એ દેવોમાંથી એક દેવને હરિશ્ચંદ્રની પ્રશંસા ઠીક ન લાગી. તે ઇન્દ્રના ભયથી પ્રત્યક્ષ તો કાંઇ ન બોલી શક્યો, પણ હૃદયમાં બળી ગયો હતો અને વિચારતો હતો કે-આ ઇન્દ્ર છે તો શું થયું, પણ તેને પોતાના અધિકારનું પણ ધ્યાન નથી દેવતાઓની સામે ઇન્દ્ર થઇને, હાડચામડાંથી બનેલા, રોગાદિ વ્યાધિઓથી ભરેલા મનુષ્યની પ્રશંસા કરવી એ કેટલું પતન બતાવે છે ! હું તેનાથી ભય પામું છું. નહિ તો આજ સભામાં ઉભો થઇને ઇન્દ્રના કથનનો વિરોધ પ્રકટ કરીને કહેત કે, શું હરિશ્ચંદ્ર દેવતાઓથી પણ મોટો છે કે જેની દેવસભામાં પ્રશંસા કરવામાં આવે છે ? પરન્તુ હું ઇન્દ્રના કથનનો પ્રતિવાદ મોઢેથી નહિ કરતાં, કાર્યથી કરી બતાવીશ અને જે હરિશ્ચંદ્રની પ્રશંસા ઇન્દ્રે મોટા મદ મદ સ્વરથી કરી છે, તે જ હરિશ્ચંદ્રને સત્યથી પતિત કરીને, ઇંદ્રને બતાવી આપીશ કે, તમે એ હરિશ્ચંદ્રની સત્યભ્રષ્ટતા જોઇ લો જેના સત્યની પ્રશંસા દેવસભામાં કરીને, તમે દેવતાઓને તેનાથી તુચ્છ હોવાના ભાવ દર્શાવ્યા હતા અને હરિશ્ચંદ્રને સત્યની મૂર્તિ બતાવતા હતા, તથા સાથે જ મૃત્યુલોક અને મનુષ્ય જન્મની પણ શ્લાઘા કરતા હતા.

દુર્જનોને ખાસ કરીને સદ્‌ગુણોથી જ દ્વેષ થાય છે. એથી જ તેઓ બીજાની સુકીર્તિ સાંભળીને અથવા બીજાને સુખી જોઈને ઇર્ષ્યાગ્નિ ગળવા માંડે છે જે પ્રમાણે રાહુ ચંદ્રમાને ગળી જવાની ચિંતામાં રહે છે, તે જ પ્રમાણે દુર્જન બીજાની કીર્તિ, સુખ અને ગુણ ગળી જવાની ચિંતામાં રહે છે તથા તે માટે ઉપાય શોધે છે તેમજ સમયની રાહ જોયા કરે છે. ઇન્દ્ર જો હરિશ્ચંદ્રની પ્રશંસા કરી અથવા હરિશ્ચંદ્રમાં સત્યપરાયણતા હતી, તો તેથી તે દેવને કોઇ જાતની હાનિ ન હતી; પરંતુ દુર્જનના સ્વભાવાનુસાર તે અકારણ જ હરિશ્ચંદ્રની સાથે સત્યની અને ઇંદ્રની પણ ઇર્ષ્યા કરવા લાગ્યો.

જગતમાં ઇર્ષ્યા સમાન બીજો કોઇ દુર્ગુણ નથી. જો કે ઇર્ષ્યા અગ્નિ નથી, છતાં પણ જો તે જેનામાં હોય છે તેના શરીરને નિરંતર બાળ્યા જ કરે છે. ઇર્ષ્યા કરનારનું મન કોઇ પણ સ્થિતિમાં પણ પ્રસન્ન નથી રહેતું. તે એ વિચારથી અંદરને અંદર બળ્યા કરે છે કે આ ગુણ, આ સુખ અથવા આ ધનવૈભવાદિ આ બીજાને કેમ મળ્યાં છે! પછી ભલેને તે જ સુખવૈભવ તે ઇર્ષ્યા કરનારને પણ કેમ ન મળ્યાં હોય પરંતુ તે સુખવૈભવ બીજાની પાસે જોઇ શકતો નથી.

તે દેવ, ક્રોધ અને ઇર્ષ્યાથી ભરપૂર બની ઘેર આવ્યો. દેવાંગનાઓ તેની આકૃતિ જોઇને ભયભીત બની ગઈ કે, આજે ખબર પડતી નથી કે, તેઓ શા માટે અપ્રસન્ન છે! તેમણે બ્હીતાં બ્હીતાં પોતાના પતિને પૂછ્યું કે, આજે આપનું મન કેમ ઉદાસીન છે! આંખો કેમ લાલ છે અને શરીર કેમ કંપી રહ્યું છે! જણાય છે કે, આપને આ વખતે ક્રોધ થઇ રહ્યો છે. એટલે અમે જાણવા માગીએ છીએ કે, આપ કોનાપર કોપાયમાન થયા છો! શું દેવસભામાં ઇન્દ્ર આપનું કંઇ અપમાન કર્યું છે અથવા કોઇ બીજાએ આપને એવી કોઇ વાત કરી છે કે જેથી આપને ક્રોધ થઇ આવ્યો! અથવા બીજું કોઇ કારણ છે!

દેવ—શું તમે દેવસભામાં આવેલ ન હતા? અપ્સરાઓએ કહ્યું કે—અમે પણ ત્યાં જ હતી અને અત્યારે ત્યાંથી જ આવીએ છીએ.

દેવ—તો પછી તમને નથી ખબર કે, ત્યાં શું થયું હતું?

અપ્સરાઓ—ખબર કેમ નહિ? ત્યાં સત્યના વિષયમાં વ્યાખ્યાન થયાં હતાં અને તે પછી ઇન્દ્રે હરિશ્ચંદ્રના સત્યનો મહિમા વર્ણવ્યો હતો.

દેવ—શું આ અપમાન ઓછું છે? આપણે દેવ શરીરધારીઓની સામે, આપણી જ સભામાં આપણા જ રાજા, મનુષ્યલોકના માનવીની પ્રશંસા કરે અને આપણે મુંગે મોઢે સાંભળીએ, એથી વધારે અપમાન બીજું શું હોય? શું સત્ય મૃત્યુલોકમાં અને ત્યાંના મનુષ્યોમાં જ છે? દેવલોક અને દેવતાઓમાં શું સત્ય નથી? તો પછી મૃત્યુલોકના મનુષ્યોના સત્યની પ્રશંસા કરીને, હરિશ્ચંદ્રને સંસારમાં સૌથી મોટો સત્યવાન બનાવવામાં આવે અને દેવલોક તથા દેવતાઓના ગૌરવ-સન્માનની નિંદા કરવામાં આવે, એ કેટલું અનુચિત છે? જોકે બધા દેવો અને અપ્સરાઓ ત્યાં બેસીને સાંભળતા હતા; પરન્તુ બધા ઇન્દ્રના મુખે હરિશ્ચંદ્રની પ્રશંસા સાંભળીને પ્રસન્ન થઈ ગયા હતા. કોઈની પણ બુદ્ધિમાં આ વાત ન આવી કે, આ પ્રમાણે દેવલોક તથા દેવતાઓનું કેટલું અપમાન થઈ રહ્યું છે! જો હું ન હોત તો આ અપમાનજનક વાત પર કાંઈ વિચાર જ ન કરત, પરન્તુ યોગાનુયોગે હું પણ ત્યાં હાજર હતો, એથી મને આ અપમાનનું ધ્યાન રહ્યું. ઇન્દ્રે આજે દેવતાઓનું ઘોર અપમાન કર્યું છે. તે ઇન્દ્રપદને માટે તદ્દન નાલાયક છે. હું એ વખતે તો ઇન્દ્રના તે કથનનો વિરોધ ન કરી શક્યો, પરન્તુ મેં એ વિચારી લીધું છે કે, હરિશ્ચંદ્રને સત્યથી પતિત કરીને, આ પ્રમાણે ઇન્દ્ર દ્વારા કરવામાં આવેલી તેની પ્રશંસાનો વિરોધ કરું અને દેવો પર લાગેલા આ કલંકને દૂર કરી ઇન્દ્રને તેની ભૂલ બતાવી આપું.

ક્રોધના આવેશમાં, સારા-નરસાનું ભાન રહેતું નથી. ક્રોધીની બુદ્ધિ ભ્રષ્ટ બની જાય છે. એથી તે ન કહેવા યોગ્ય વાત કહી દે છે

અને ન કરવા યોગ્ય કાર્ય કરી નાખે છે. જો કે ઇન્દ્ર આ દેવનો સ્વામી છે, એથી તે પૂજ્ય છે પરંતુ ક્રોધને આધીન બની, એણે ઇન્દ્રને માટે પણ અસભ્યતાભર્યાં શબ્દો કહી નાખ્યાં. આગળ જતાં એ દેવને પોતાનાં કૃત્ય પર પશ્ચાત્તાપ કરવો પડશે, પરંતુ ક્રોધવશ આ વખતે તેને વાતના ઉચિત-અનુચિતપણાનું લક્ષ નથી. એ જ કારણે જ્ઞાની પુરુષ ક્રોધત્યાગનો ઉપદેશ આપીને કહે છે કે ક્રોધથી હમેશાં બચો.

દેવના સ્વભાવથી તેની અપ્સરાઓ પરિચિત હતી. તેઓ વિચારવા લાગી કે, સ્વામીને બીજાના ગુણ અને બીજાની પ્રશંસાથી દ્વેષ છે. તેમનો આ રોગ અસાધ્ય છે. એટલા માટે આ વિષયમાં એમની ઇચ્છા વિરુદ્ધ કાંઇ પણ કહેવું, એ તેમના ક્રોધાગ્નિમાં આહુતિ નાંખવા જેવું છે. હરિશ્ચંદ્રના સત્યની પ્રશંસા સાંભળીને, અન્ય દેવોની માફક તેમને પણ પ્રસન્ન થવું જોઇતું હતું, પરંતુ પ્રસન્નતાને બદલે તેમના હૃદયમાં ઇર્ષાગ્નિ ભભૂકી ઉઠ્યો છે. તેઓએ દેવને ફરી પૂછ્યું કે આપ હરિશ્ચંદ્રને સત્યભ્રષ્ટ કેવી રીતે કરશો?

દેવ—એનો પણ ઉપાય હું કાંઇને કાંઇ વિચારી લઇશ. પણ પહેલા હું એ જાણવા માગું છું કે, તમને હું જે આજ્ઞા આપું તેનું પાલન કરશો કે નહિ? હું તમારી પણ કસોટી કરીશ કે તમે ક્યાં સુધી પતિ-આજ્ઞાનું પાલન કરો છો! એ તુચ્છ મનુષ્યની પ્રશંસા કરવામાં બધા લોકો એક તરફ થઇ ગયા. કોઇએ પણ ઇન્દ્રના કથન પર વિરોધ પ્રદર્શિત ન કર્યો, એ વિચારીને, મારું હૃદય ક્રોધથી બળી રહ્યું છે. મને, એ વખતે શાંતિ મળશે કે જ્યારે હું હરિશ્ચંદ્રને સત્યથી વિચલિત કરીને ઇન્દ્રને કહીશ કે, તમે અમારી સામે જે મનુષ્યના સત્યની પ્રશંસા કરી હતી, તેની સત્ય-ભ્રષ્ટતા જોઈ લો અને પ્રશંસા કરવા બદલ પશ્ચાત્તાપ કરો હવે, એ કહો કે આ કાર્યમાં હું તમને જે આજ્ઞા આપું તેનું પાલન કરશો?

રાજાની વાત સાંભળીને, અપ્સરાઓ પરસ્પર મસલતો કરવા લાગી, કે, પતિના આ પ્રશ્નનો શો જવાબ આપવો! તેઓમાંની પહેલી અપ્સરાએ બાકીની અપ્સરાઓને કહ્યું કે, જો કે પતિ જે કાર્યને માટે આજ્ઞા આપવા ઇચ્છે છે, તે કાર્ય છે તો અનુચિત, પણ પતિની આજ્ઞા માનવી, એ આપણું કર્તવ્ય છે. તેમના સારા-ખોટા કાર્યનું ફળ તેઓ ભોગવશે.

બીજી—ઇન્દ્ર કહી ચૂકેલ છે કે, ધ્રુવને અટલ, લોકને અશોક આદિ બનાવવામાં કોઈ સમર્થ નથી, તે જ પ્રમાણે હરિશ્ચંદ્રને સત્યથી વિચલિત કરવામાં પણ કોઈ સમર્થ નથી આમ છતાં પણ પતિ, હરિશ્ચંદ્રને સત્યથી વિચલિત કરવાનો વિચાર કરી ગયા છે, એ ઉચિત તો નથી, પણ પતિને આ વાત કહીને તેમના કોપનું પાત્ર કોણ બને? એટલા માટે આપણને તો આપણું કર્તવ્ય—પતિના આજ્ઞાપાલન—પર દૃઢ રહેવું એ જ ઉચિત છે. બહુમાં બહુ તો તેઓ, હરિશ્ચંદ્રનું સત્ય હરવામાં આપણી મદદ લેશે, એ સિવાય બીજી શી આજ્ઞા આપશે?

ત્રીજી—પણ પતિએ કદાચ આપણને છળકપટ વડે હરિશ્ચંદ્રના સત્યનો ભંગ કરવાની આજ્ઞા આપી તો!

ચોથી—આપણને એ સાથે શું સંબંધ! આપણે તો પતિની આજ્ઞાનું પાલન કરવાનું છે. ઇન્દ્રના કથન પર વિશ્વાસ રાખો, હરિશ્ચંદ્ર સત્યથી કદાપિ વિચલિત ન બની શકે. સંભવ છે કે, પતિના આ ઉપાયથી હરિશ્ચંદ્રનું સત્ય વધારે સુખ્યાતિ પામે. આપણને એ બહાને તે સત્યમૂર્તિ હરિશ્ચંદ્રના દર્શન તો થશે કે, જેની પ્રશંસા ઇન્દ્ર પોતે કરી છે. આપણી પોતાની તો એ ઇચ્છા નથી કે, આપણે પણ હરિશ્ચંદ્રને સત્યથી વિચલિત કરવામાં પતિને સાથ આપીએ, પણ જ્યારે એવું કરવા માટે આપણને બાધ્ય કરવામાં આવે છે, તો પછી ઉપાય શો! શાસ્ત્રકારોએ આ વાત સ્પષ્ટ કરી દીધી છે કે, જો કદાચ બાધ્ય થઈને કોઈ અનુચિત

કાર્યમાં પ્રવૃત્ત થવું પડે તો પોતાનું હૃદય સ્વચ્છ રાખવું. આવી દશામાં એ અનુચિત કાર્યના અપરાધથી કેટલેક અંશે બચી જવાય છે. એ જ પ્રમાણે સ્વચ્છ હૃદયી છીએ, પરાધીન બનીને પતિના આ અનુચિત કાર્યમાં સહકાર આપીએ છીએ; એટલે આપણો કાંઈ અપરાધ નથી. બલ્કે આપણે તો પતિની આજ્ઞા-પાલનનો લાભ પણ મેળવીશું અને તે સાથે જ હરિશ્ચંદ્રના દર્શનનો લાભ પણ મેળવીશું.

આ પ્રમાણે વિચાર કરીને, અપ્સરાઓએ દેવને ઉત્તર આપ્યો કે, અમે તો તમારી આજ્ઞાંકિત છીએ, આપની આજ્ઞાનું પાલન કરવું, એ અમારું કર્તવ્ય છે. એટલે આપ જે આજ્ઞા આપશો, તેનું અમે પાલન કરીશું.

અપ્સરાઓનો ઉત્તર સાંભળીને. દેવ એ વિચારથી પ્રસન્ન થયો કે કામના પ્રારંભમાં જ શુભ લક્ષણો દેખાયાં. અર્થાત્ અપ્સરાઓએ હરિશ્ચંદ્રને સત્યથી ડગાવવાના કાવત્રામાં મારી આજ્ઞા પાળવાનો સ્વીકાર કર્યો. હવે તો હું અવશ્ય જ હરિશ્ચંદ્રને સત્યથી વિચલિત કરીશ. હું જ્યાંસુધી હરિશ્ચંદ્રને સત્યથી ન વિચલિત કરું ત્યાંસુધી મારા દેવજન્મને ધિક્કાર છે અને મારા આત્મસામર્થ્યને પણ ધિક્કાર છે.



પ્રકરણ ૮ મું

ષડ્યંત્ર

દુર્જન મનુષ્ય જ્યારે કોઇનું અકાજ કરવા ઇચ્છે છે, ત્યારે તે કોઇ ષડ્યંત્રથી કામ લે છે. જેવી રીતે ક્ષત્રિય લોકો એમ વિચારે છે કે, આ જગ્યાએ કયા અસ્ત્ર-શસ્ત્રથી કામ લેવું, તેવી જ રીતે દુર્જન માણસ ઉપાયનું હથિયાર શોધે છે. તે ઉપાય ઉચિત છે કે અનુચિત, પ્રશંસનીય છે કે નિંદનીય એ વાતનો તે વિચાર કરતો નથી. તેને તો બીજાની હાનિ કરવાનું જ ઇષ્ટ લાગે છે. એવા મનુષ્યને માટે એક કવિએ કહ્યું છે કેઃ—

> पातयितुमेव नीचः परकार्यं वेत्ति न प्रसाधयितुम् ।
> पातयितुमस्ति शक्तिर्वायोर्वृक्षं न चोन्नमितुम् ॥

અર્થાત્—નીચ મનુષ્ય, પારકાનાં કામને બગાડવાનું જાણે છે, પણ બનાવવાનું જાણતો નથી. વાયુ વૃક્ષને ઉખેડી શકે છે, પણ જમાવી શકતો નથી.

એ જ પ્રમાણે દુષ્ટ મનુષ્ય એવું પણ જાણતો હોય છે કે, હું કોઇનું ભલું કરી શકતો નથી, છતાં પણ તે વિના કારણે જ લોકોને નુકશાન કર્યા કરે છે. અસ્તુ.

અપ્સરાઓની વાત સાંભળીને દેવ પ્રસન્ન થયો, પણ એ પ્રસન્નતાની સાથે જ તે બીજી ચિંતામાં પડી ગયો કે, હરિશ્ચંદ્રના સત્યનો ભંગ કરવા માટે, કયા ઉપાયથી કામ લેવું. વિચારવાન મનુષ્યને પોતાની વૃત્તિઓ પ્રમાણે કોઇને કોઈ ઉપાય સૂઝી જ આવે છે. એ જ પ્રમાણે આ કાર્યની સફળતાનો ઉપાય ધારી લીધો. તેણે વિચાર્યું કે, આ

કાર્યમાં વિશ્વામિત્રને પોતાનું હથિયાર બનાવવું શ્રેયસ્કર છે. તેની પ્રકૃતિ ક્રોધી છે તે પણ પોતાના ક્રોધને શાન્ત કરવા માટે પ્રત્યેક શક્ય ઉપાયોથી કામ લે છે, એટલે તેને હથિયાર બનાવવાથી આ કાર્યમાં અવશ્ય સફળતા મળશે જ. જો હું કદાચ પ્રત્યક્ષમાં હરિશ્ચંદ્ર સાથે કાંઇ કપટ કરીશ, તો સંભવ છે કે, તે સાવધાન બની જાય. એટલા માટે હું તો અપ્રગટ જ રહીશ અને વિશ્વામિત્રને હરિશ્ચંદ્ર સાથે ભેરો કરાવી દઇશ. વિશ્વામિત્ર સ્વભાવથી ક્રોધી છે. માત્ર તેના ક્રોધને વધારી દેવાનું કામ છે. એકવાર હરિશ્ચંદ્ર પર જ્યાં તેનો ક્રોધ પ્રજ્વલિત થયો, કે પછી તે કોઇના કાબુમાં નથી અને હરિશ્ચંદ્રને કોઈ પણ પ્રકારે અપમાનિત કરીને જ છોડશે. હરિશ્ચંદ્રની ખ્યાતિ સત્યને લીધે જ છે, એટલે સત્યનો ભંગ કર્યા વગર તેનુ અપમાન નથી થઈ શકતું. વિશ્વામિત્ર પોતાનો ક્રોધ મટાડવા માટે તેને સત્યથી જ પતિત કરશે અને એ રીતે મારી પ્રતિજ્ઞા પૂર્ણ થઇ જશે.

હરિશ્ચંદ્ર પર વિશ્વામિત્રને કેવી રીતે કોપાયમાન કરવા, એ માટે તેણે વિચાર કર્યો કે, અપ્સરાઓ મારફત વિશ્વામિત્રના આશ્રમનો બગીચો નષ્ટ કરાવી નાખવો. બગીચો નષ્ટ થવાથી, તે જરૂર અપ્સરાઓ પર ક્રોધાયમાન થશે. અપ્સરાઓ પર ક્રોધાયમાન બનવાથી તે તેમને બાળી નાખશે જ નહિ, પણ માત્ર શારીરિક શિક્ષા આપશે. એ શારીરિક શિક્ષા ભોગવતી વખતે તેઓ હરિશ્ચંદ્રની શરણે જશે. હરિશ્ચંદ્ર સત્યને માટે તો પ્રસિદ્ધ છે જ; એટલામાટે તે જરૂર અપ્સરાઓને દુઃખમુક્ત કરશે. અપ્સરાઓને દુઃખમુક્ત કરવાથી વિશ્વામિત્રનો ક્રોધાગ્નિ હરિશ્ચંદ્ર ઉપર ભભુકી ઉઠશે અને આ રીતે આ ષડ્યંત્ર પણ સફળ થશે.

દેવે અપ્સરાઓને આજ્ઞા આપી કે, તમે વિશ્વામિત્રના આશ્રમમાં જાઓ, તેના આશ્રમની નજીક જે બગીચો છે તેને ભાંગી તોડી ફેંકી દો. વિશ્વામિત્રના ક્રોધથી તમને કિંચિત્ પણ ભય ન પડશે; અને તે

જો કોઈ ક્રિયા કરે, તો તેને મદદ કરતી, હરિશ્ચંદ્રનું શરણ લેજે. હરિશ્ચંદ્રના શબ્દો સાંભળતાં તે તમને તે શિલાના બંધથી મુક્ત કરશે, બસ! પછી તમે અહીં આવજો. તમારી બધી જ સેવાનો હું મારા કાર્યમાં મદદના મેળવી લઈશ.

દેવની આજ્ઞા મેળવીને, અપ્સરાઓ વિશ્વામિત્રના આશ્રમમાં આવી અને તેના બગીચામાં ક્રીડા કરતી, તેને નષ્ટ-ભ્રષ્ટ કરવા લાગી. વિશ્વામિત્રના શિષ્યોએ તેઓને રોકી, સમજાવી અને વિશ્વામિત્રનો ભય દર્શાવ્યો, પરન્તુ તેઓ માની નહિ, બલ્કે, કેઈ તેના શિષ્યોની હાંસી કરવા લાગી. કોઈ તેમને ધમકી આપવા લાગી અને કેટલીક કહેવા લાગી કે, અમને દરેક જગ્યાએ રમવાનો અધિકાર છે, તમે રોકનાર કોણ? જ્યારે શિષ્યોનું એ અપ્સરાઓને રોકવાનું કંઈ ચાલ્યું નહિ, ત્યારે તેઓ યોગીન્દ્ર સમાધિમાં બેઠેલા વિશ્વામિત્રની પાસે ગયા. શિષ્યોનો કોલાહલ સાંભળીને, વિશ્વામિત્રની આંખ ખુલી. તેણે શિષ્યોને આ ધમાલ કરવાનું કારણ પૂછ્યું. શિષ્યોએ કહ્યું કે, કેટલીક અપ્સરાઓ બગીચાનો નાશ કરી નાખે છે, જેથી આટલા દિવસોની મહેનત વ્યર્થ જાય છે. તેઓ રોકવા છતાં પણ નથી અટકતી; એટલું જ નહિ પણ ઠઠ્ઠા મશ્કરી કરતી, હાસ્યપૂર્વક પોતે પોતાને એમ કરવાની અધિકારિણી કહે છે. તેઓને આપનો જરાપણ ડર નથી.

શિષ્યોની વાત સાંભળતાં જ, વિશ્વામિત્રની આંખો ક્રોધથી લાલચોળ બની ગઈ. તે બગીચામાં આવીને જુએ છે તો અપ્સરાઓ નિર્ભયતાપૂર્વક કોઈ લતાના પાંદડાંઓ તોડી રહી છે, તો કોઈ ફળ-ફૂલ, ડાળી આદિ તોડી રહી છે. તેણે ક્રોધાયમાન બનીને અપ્સરાઓને પૂછ્યું, કે તમે મારા બગીચાને શા માટે ઉજ્જડ બનાવી રહી છો? શું જાણતી નથી કે, આ આશ્રમ એ વિશ્વામિત્રનો છે કે જેના ક્રોધથી આખું જગત ભયભીત બની રહ્યું છે! હવે તમે તમારા કૃત્યને માટે આવી

પાસે ક્ષમાની પ્રાર્થના કરો અને અહીંથી જલ્દી નાસી જાઓ, નહિતો તમને યોગ્ય શિક્ષા કરીશ.

વિશ્વામિત્રની ક્રોધભરી લાલ આંખો જોઇને તથા તેની વાતો સાંભળીને, અપ્સરાઓ કિંચિત પણ ભય પામી નહિ. ઉલ્ટું તેને જોઇને હસવા લાગી અને તેની મશ્કરી કરવા લાગી. તેમાંની કોઇએ કહ્યું કે, આ સાધુ બન્યો છે, જે સ્ત્રીઓને ક્રીડા કરતી રોકે છે. કોઈ બોલી:– તમે સાધુ છો, તો જઇને તમારૂં કામ કરો. અમારી જે ઇચ્છા હશે તે કરીશું, તું અમને કેવી રીતે રોકી શકે ?

તેઓનો આ વ્યવહાર, વિશ્વામિત્રની ક્રોધાગ્નિમાં આહૂતિ આપવાનું કાર્ય કરી રહ્યો હતો. વિશ્વામિત્રનો ક્રોધ, છેલ્લી મર્યાદાએ પહોચી ગયો, પણ તે સ્ત્રીઓ હતી—દેવાંગનાઓ—હતી, એટલે વિશ્વામિત્ર તેઓને ભસ્મ કરવામાં અસમર્થ હતા. વ્યાકુલ બની, વિશ્વામિત્ર કેવળ આ શ્રાપ આપીને સંતોષ પામ્યો, કે અરે દુષ્ટાઓ! તમે જે હાથો વડે મારા બગીચાના વૃક્ષોનો નાશ કર્યો છે, લતાદિને તોડી, મરડી નાંખેલ છે, તે તમારા હાથ, મારા તપના પ્રભાવથી એ જ લતાઓમાં બંધાઈ જાઓ.

તપની શક્તિ મહાન્ હોય છે. એ શક્તિને ન માનવાની કોઇનામા પણ શક્તિ નથી પણ જ્યાં વિવકી મનુષ્યોનું તપ સંસાર ઘટાડવામાં સહાયક થાય છે, ત્યાં અવિવેકી મનુષ્યોની તપશ્ચર્યા તેને સંસાર વધારવાના જ હેતુરૂપ બની જાય છે, મોક્ષના હેતુરૂપ નહિ. દેવતા પણ તપની શક્તિને આધિન છે. જેનામા તપની શક્તિ છે, તેનું વરદાન કે શાપ નિષ્ફળ જતાં નથી.

અપ્સરાઓ, દેવાગના હોવાને લીધે, શક્તિસંપન્ન હતી, પરન્તુ તપોબળની આગળ તેમની કોઇ શક્તિ કામમાં ન આવી. વિશ્વામિત્રનો

શાપ પાતાં જ તેઓનો કેરો હાથ બનાડાગ. જ્યોમાં [illegible] અને તેઓ તરફડવા લાગી. તેમણે છૂટવાના અનેક ઉપાય કર્યા. પણ એ પણ ઉપાય મફળ થયો નહિ ત્યારે તેઓને જ્યાંગતી જોઈ. વિશ્વામિત્ર તેમને કહેવા લાગ્યો કે, હવે તમે મને જોઈ [illegible] કે હું કોણ છું! મારામાં શી શક્તિ છે અને હું શું કરી શકું છું હું પહેલા સમજાવતો હતો પણ તમે ન માન્યું. હવે તેનું ફળ ભોગવો અને યુગ-યુગાન્તર સુધી બંધાયલી રહો. હું તમને વધારે મોટી શિક્ષા પણ કરી શકતો હતો, તે ત્યાંસુધી કે તમને બાળીને ભસ્મ પણ કરી શકતો હતો. પરન્તુ મેં તમારા પર સ્ત્રી હોવાને કારણ જ [illegible] એટલા માટે આટલી જ શિક્ષા કરી છે.

આ પ્રમાણે આત્મપ્રશંસા કરીને વિશ્વામિત્ર પોતાના મથાવિ-સ્થાને ચાલ્યો ગયો.

હવે જ્યારે જોયું કે વિશ્વામિત્રે પોતાના તપોબળથી અપ્સરાઓને વૃક્ષો સાથે બાંધી દીધી છે, ત્યારે તે એક અદશ્ય મંત્રનું રૂપ બનાવી હરિશ્ચંદ્રના નોકરોમાં મળી ગયો. તેનો એમ કરવાનો હેતુ એ હતો કે કોઈપણ પ્રકારે હરિશ્ચંદ્રને આ તરફ લાવીને, એ અપ્સરાઓને તેના હાથથી મુક્ત કરાવું, જેથી વિશ્વામિત્રનો બધો ક્રોધ હરિશ્ચંદ્ર પર ઉતરી જાય.

નીતિજ્ઞ રાજાઓ, પોતાના હમેશના રાજકાર્યથી નિવૃત્તિ મેળવીને બહાર ફરવા નીકળે છે. આજના અનેક રાજાઓએ આ ફરવાના કામને નિર્દોષ પશુઓના શિકારમાં પરિણીત કરી દીધું છે. પરન્તુ આ ધર્મશાસ્ત્રોને ન વાંચવા-સાંભળવાનું અને સત્સંગ ન કરવાનું કારણ છે. હાલના રાજાઓ કદાચ જો બહાર નીકળે ખરા, પરન્તુ શિકારના હેતુથી નીકળશે અથવા આ પ્રમાણે મોટરમાં નીકળશે કે જે લોકો રાજાને કંઈ પ્રાર્થના કરવા ઇચ્છતા હોય તે પ્રસંગ આવતાં મોટર સીધી ચાલી જાય. એ સિવાય જગ્યાએ જગ્યાએ પોલીસોનો એવો પહેરો ગોઠવાય

જાય કે લોકો રાજાને બરાબર જોઇ પણ ન શકે, આ તો ઘણી દૂરની વાત છે કે, કોઇ પોતાનું દુઃખ રાજાને સંભળાવી શકે. છતાં પહેલાના રાજાઓ એ હેતુથી ફરવા નીકળતા હતા કે એક તો જે મનુષ્ય દુઃખી હોય, તે કોઈ કારણથી રાજા સુધી ન પહોંચી શકે, તે પોતાનું દુઃખ રાજાને સંભળાવી શકે. બીજું જે પ્રજા રાજાને પિતાતુલ્ય સમજતી હોય, તે રાજાના દર્શન કરી પ્રસન્ન થઇ જાય અને રાજા પણ પોતાની પ્રજાને પુત્ર સમાન જોઇ લે. ત્રીજું, નગર, દેશ, પાક, સ્વચ્છતા વગેરેનું પણ નિરીક્ષણ થઇ જાય અને પોતાનું સ્વાસ્થ્ય પણ સારું રહે. તેઓ કોઇ ધીમી સવારી પર અથવા પગે ચાલતા એ પ્રમાણે અવાજ કરાવતા ચાલતા હતા કે, રાજાના આવવાની સૌને ખબર પડી જાય. પછી જેને જે કાંઇ પ્રાર્થના-ફરિયાદ કરવી હોય તે રાજા પાસે કરતા અને રાજા તે ધ્યાનપૂર્વક સાંભળીને તેનું દુઃખ મટાડવાનો ઉપાય કરતા.

હંમેશની જેમ રાજા હરિશ્ચંદ્ર રાજકાર્યથી નિવૃત્ત બની ફરવા નીકળ્યો. નગરમાં થઈને તે જંગલમાં ગયો. જંગલમાં પેલા સેવકનું રૂપ ધારણ કરેલા દેવના કહેવાથી, તે વિશ્વામિત્રના આશ્રમ તરફ ચાલ્યો ગયો. આશ્રમમા બધાયેલી અપ્સરાઓએ ચોપદારનો અવાજ સાંભળી તે તરફ જોયું, તો માલમ પડ્યું કે, કોઇ ચામર-છત્રધારી આવી રહ્યા છે. અપ્સરાઓએ અનુમાન કર્યું કે, હોય ન હોય, પણ હરિશ્ચંદ્ર જ આ તરફ આવી રહ્યા છે. આપણું મહદ્ભાગ્ય છે કે આ બહાને આપણને દર્શન તો થશે, પણ સંભવ છે કે આપણે ભૂંડી રહીશું તો કદાચ હરિશ્ચંદ્ર આ તરફ ધ્યાન ન આપે અને આપણે બંધાયેલી જ રહી જઇએ, તથા હરિશ્ચંદ્રનું દર્શન પણ ન થાય એટલે આપણે બધાં ભેગા થઈ બૂમ પાડીએ. જેથી હરિશ્ચંદ્ર આપણો પોકાર સાંભળીને આ તરફ આવ

આ પ્રમાણે વિચાર કરીને અપ્સરાઓએ હૃદયભેદક બૂમો પાડવાની શરૂઆત કરી. તેમનો દુઃખમય આર્તનાદ સાંભળીને, હરિશ્ચંદ્ર

સેવકોને આજ્ઞા આપી કે ઋષિ આશ્રમ પાસે કોણ રડે છે તેની તપાસ કરો. સેવકગણ હરિશ્ચંદ્રની આજ્ઞા મળતાં આશ્રમમાં ગયા અને પાછા ફરીને હરિશ્ચંદ્રને પ્રાર્થના કરી કે, આશ્રમમાં સાત કોમળાંગી અપ્સરાઓને કોઈએ ખુબ નિર્દયતાપૂર્વક ઝાડ સાથે બાંધી રાખી છે, એમનો જ આ પોકાર છે. તેઓ પોતાને બંધન મુક્ત કરવાની આપને પ્રાર્થના કરે છે.

રાજાના હૃદયમાં એ અપ્સરાઓ પ્રત્યે દયા ઉત્પન્ન થઈ. તે તત્ક્ષણ આશ્રમમાં આવ્યો અને તેણે અપ્સરાઓને પૂછ્યું કે—તમને કોણે તથા શા માટે બાંધી નાખ્યા છે?

અપ્સરાઓ—અમે આ બગીચામાં ક્રીડા કરતી, ફલફૂલ તોડતી હતી, એટલે વિશ્વામિત્ર ઋષિએ કોપાયમાન થઈને, પોતાના તપોબળથી અમને આ વૃક્ષમાં બાંધી દીધી.

હરિશ્ચંદ્ર—તમારે ઋષિના આશ્રમમાં આવીને વિઘ્ન કરવું ઉચિત ન હતું. ક્રીડા કરવા માટે બીજાં સ્થાનો શું ઓછાં નથી. તમે અપરાધ તો જરૂર કર્યો છે, પણ ઋષિએ તમને જે શિક્ષા કરી છે તે અપરાધ કરતાં ઘણી વધારે છે. આ ઉપરાંત મુનિને શિક્ષા કરવી પણ ઉચિત ન હતી; કેમકે શિક્ષા કરવી એ તેમના અધિકાર બહારની વાત છે. મેં, શિક્ષા કરવા માટે જ, રાજદંડ મારા હાથમાં ગ્રહણ કર્યો છે. શિક્ષા કરવી, એ મારું કામ છે, મુનિનું કામ નથી.

અપ્સરાઓ—અમે આપને પ્રાર્થના કરીએ છીએ કે, આપ અમને બંધનથી મુક્ત કરી દો.

હરિશ્ચંદ્ર—હું તમને છોડી તો દઉં છું, પણ ભવિષ્યમાં કોઈ આશ્રમને નુકશાન કરશો નહિ.

અપ્સરાઓ—હવે કદાપિ એવું નહિ કરીએ.

એક—ક્રોધી તપસ્વીના તપોબળની અપેક્ષાએ એક સત્યવાદી ...સ્થનું સત્યબળ ઘણું વધારે છે. મનુષ્ય ગમે તેટલી તપસ્યા કરતો ..., પણ જે ક્રોધને દબાવી ન શક્યો, તેની અપેક્ષાએ તે ગૃહસ્થી જ ...શંસનીય છે, જે ગૃહસ્થ હોવા છતાં પણ સત્યપરાયણ છે,

હરિશ્ચંદ્રે એ અપ્સરાઓને મુક્ત કરવા, જેવો જ હાથ લગાડ્યો, તરત જ એ અપ્સરાઓ બંધનમુક્ત થઇ. અને હરિશ્ચંદ્ર પ્રત્યે કૃત...તા દર્શાવવા લાગી હરિશ્ચંદ્રની આજ્ઞા મેળવી, તેઓ વિમાનમાં બેસી. ...આકાશમાં ઉડી ગઈ. ત્યાંથી હરિશ્ચંદ્ર પર પુષ્પવૃષ્ટિ કરતાં, અન્યોન્ય ...હેવા લાગી—

પહેલી—હરિશ્ચંદ્રના ચહેરા પર જેવું તેજ ઝળકી રહ્યું છે, માનો ... તેજની મૂર્તિ છે.

બીજી—એ સત્યનું જ તેજ છે જેના હાથમાં સત્યની જેવી અલૌકિક શક્તિ છે કે જે બંધનમાંથી છુટવા આપણે દેવાંગનાઓ હોવા છતાં પણ પરાજિત બની ચૂકી હતી, તે જ બંધન હરિશ્ચંદ્રનો હાથ લાગવાથી જ તૂટી ગયાં ઋષિનું તે તપોબળ, કે જેનો પ્રભાવ નષ્ટ કરવા આપણે અસમર્થ નીવડ્યા, તે, હરિશ્ચંદ્રના સત્ય બળ પાસે પરાજય પામ્યું. હરિશ્ચંદ્રની કૃપાથી જ આપણે છૂટી શક્યા, નહિ તો કોણ જાણે ક્યાંસુધી બંધાયલી રહેત, માનવના હાથ સ્વભાવિક રીતે તો સાધારણ જ છે, સૌન્દર્યમાં તો તેના હાથ કરતા આપણા ઘણે દરજ્જે વધી ગયા છે, પણ તેના હાથોમાં કેવી અસાધારણ શક્તિ છે, કે બંધન તોડવામાં ક્ષણમાત્રની પણ વાર ન લાગી!

ત્રીજી—જે હરિશ્ચંદ્રમાં સત્યનું આટલું તેજ છે, જે આ પ્રમાણે પરદુઃખભંજન છે તેનું સત્ય છોડાવવામાં પતિ કદાપિ સમર્થ નહિ બની શકે પતિની આ પ્રવૃત્તિ વ્યર્થ છે.

શાચી—જો કે તમારું આ કહેવું વાજબી છે, પણ પતિ આજ્ઞા પાળવાનું જ આ ફળ છે કે સત્યમૂર્તિ હરિશ્ચંદ્રનું દર્શન પણ થયું અને તે સાથે જ સત્ય ઉપર પણ દૃઢ વિશ્વાસ થઈ ગયો! આપણે તો પતિની આજ્ઞા માનનારા સાથમાં જ છીએ પતિઆજ્ઞા પાળવાનું કેવું મોટું ફળ મળ્યું.

આ પ્રમાણે વાતો કરતી અપ્સરાઓ પોતાને ઘેર આવી. તે પણ એમ વિચારીને પોતાના ઘર તરફ ચાલી આવ્યો કે, હરિશ્ચંદ્ર પર વિશ્વામિત્રનો ક્રોધ વધવાનું કારણ ઉત્પન્ન કરી જ દીધું છે, હવે જોઈએ છીએ કે આગળ શું થાય છે. આશા તો છે કે આ ષડ્યંત્ર સંપૂર્ણ સફળ થશે.

આ તરફ હરિશ્ચંદ્ર પણ પોતાને ઘેર ગયો. અપ્સરાઓને છોડાવવું કાર્ય, તેની દૃષ્ટિમાં ખાસ મહત્ત્વનું નહતું, એટલે તેને સ્મરણ પણ ન રહ્યું કે મેં વિશ્વામિત્રે બાંધેલી અપ્સરાઓને બંધન મુક્ત કરી છે



પ્રકરણ ૯ મું

વિશ્વામિત્રનો કોપ



બીજાને દુઃખ આપનાર, પોતે પણ દુઃખમાં પડે છે. કોઈને આઘાત પહોંચાડવામાં પોતાના હાથને પણ આઘાત પહોંચે છે. કોઈ બીજાને અપમાનિત કરવામાં પહેલાં પોતાને જ નિર્લજ્જ બનવું પડે છે. સારાંશ એ કે, બીજાને નુકશાન કરવામાં પોતાને પણ નુકશાન ભોગવવુ પડે છે; પરન્તુ બીજાને સુખ આપવામાં, બીજાને સન્માનિત કરવામાં અને બીજાનું રક્ષણ કરવામાં, પોતાને પણ સુખનો અનુભવ થાય છે. એટલા માટે મહાપુરુષ ઉપદેશ આપે છે કે, કોઈના આત્માને દુઃખ ન આપતાં સુખ આપો, તો તમે પોતે પણ સુખ પામશો.

અપ્સરાઓને બાંધીને, વિશ્વામિત્ર પોતાના સમાધિસ્થાને ગયા. તેમને એ વાતનું અભિમાન હતું કે, મેં મારા તપના બળે અપ્સરાઓને બાંધી દીધી છે, હવે તેમને છોડાવાની કોઈનામાં પણ શક્તિ પણ નથી. તેમને મુક્ત કરવામાં હું જ સમર્થ છું. તેમનો પતિ આવીને, જ્યારે મને અનેક પ્રકારનાં કાલાવાલાં કરશે, ત્યારે હું તેને મારો ક્રોધ બતાવીને તેમને બંધનમુક્ત કરીશ.

વિશ્વામિત્ર સમાધિમાં બેઠા, પરન્તુ તેમનું મન સમાધિમાં પણ અસ્થિર જ રહ્યું. તેમને ઘડીઘડીએ તે અપ્સરાઓનો વ્યવહાર, પોતાનો ક્રોધ અને પોતાના તપોબળથી તેમનુ બંધાઈ જવું વગેરે વાતો યાદ આવ્યા કરતી હતી. સમાધિ ન આવવાને લીધે તેઓ સમાધિસ્થાનમાંથી બહાર આવ્યા એટલામાં જ તેમના શિષ્યોએ આવીને ખબર આપ્યા કે, જે અપ્સરાઓને આપે આપના તપોબળથી બાંધી દીધી હતી, તેઓ

છૂટીને ચાલી ગઈ છે. વિશ્વામિત્રને, શિષ્યોની વાત સાંભળીને જ આશ્ચર્ય થયું. તેઓ વિચારવા લાગ્યા કે, શું મારા તપમાં એટલી પણ શક્તિ ન રહી! તેમણે શિષ્યોને પ્રશ્ન કર્યો કે, તેઓ પોતાની મેળે છૂટીને ચાલી ગઈ, કે કોઈએ છોડવાથી ચાલી ગઈ?

શિષ્યો—તેઓને બાંધીને આપ આવ્યા, તે પછી થોડીવારે રાજા હરિશ્ચંદ્ર અહીં આવ્યા હતા. હરિશ્ચંદ્રને તેઓ પોકાર પાડવા લાગી, તે સાંભળીને હરિશ્ચંદ્ર ત્યાં ગયા અને તેમણે હાથ લગાડતાં જ તે અપ્સરાઓનાં બંધન તૂટી ગયાં.

શિષ્યોની આ વાત સાંભળતાં જ, વિશ્વામિત્રના ક્રોધસાગરમાં ભયંકર તરંગો ઉઠવા લાગ્યા. તેઓ પોતાને સ્વાધીન રહી શક્યા નહિ અને કહેવા લાગ્યા કે, શું હરિશ્ચંદ્રને મારો, મારા તપોબળનો અને મારા ક્રોધનો કિંચિત્ પણ ભય નથી? શું આ પૃથ્વી ઉપર કોઈ એવો મનુષ્ય પણ છે કે, જે મારી ઉપેક્ષા કરતો હોય? શું હરિશ્ચંદ્રને એ ખબર નથી કે, મોટા મોટા મહર્ષિઓને પણ મારાથી પોતાની હાર માનવી પડી છે? હરિશ્ચંદ્ર! તેં મારી બાંધેલી અપ્સરાઓને, તારા રાજમહેલમાં—તારા સત્યના અહંકારમાં—અને તારી સહૃદયતા બતાવવા માટે છોડી દીધી છે, પરન્તુ જો હું મારા તપોબળથી તને એવી શિક્ષા આપું છું, કે તારો સઘળો અહંકાર ઉતરી જાય અને તું સમજી શકે કે, તપસ્વીઓના અને ખાસ કરીને વિશ્વામિત્રના અપરાધીઓને છોડવાનું શું ફળ મળે છે! જો હું તને આ કાર્યની ઉચિત શિક્ષા ન આપું તો મારા વિશ્વામિત્ર નામને, મારા તપને અને મારા ક્રોધને ધિક્કાર છે.

હરિશ્ચંદ્ર પર ક્રોધ થવાના કારણે, વિશ્વામિત્રને આખી રાત ઉંઘ ન આવી. તેઓ એ ચિંતવતા રહ્યા કે, ક્યારે પ્રભાત થાય અને ક્યારે હું હરિશ્ચંદ્રને તેની જ સભામાં, તેના કૃત્યની સજા કરું.

ક્રોધ અને ક્ષમા, દયા અને હિંસામાં કેટલો તફાવત છે, તે વિશ્વામિત્ર અને હરિશ્ચંદ્રની સ્થિતિ ઉપરથી સ્પષ્ટ જણાય છે. અપ્સરાઓને

બાંધીને પણ, વિશ્વામિત્રને શાંતિ ન મળી. તેના હૃદયમાં એ અપ્સરાઓના જ વિચાર થવા લાગ્યા, જેથી એમનું સમાધિમાં પણ મન સ્થિર ન રહી શક્યું. એમણે અપ્સરાઓને શું બાંધી હતી, માનો કે તેઓ પોતે જ તેમાં બંધાઇ ગયા હતા. એમને એ જ ચિંતા થઇ રહી હતી કે, રખેને તેઓ છૂટી ન જાય. પાછળથી જ્યારે તેઓ છૂટી ગઇ છે એમ જાણ્યું ત્યારે હરિશ્ચંદ્ર પર ક્રોધ થવાના કારણે તેમને રાત્રિમાં પણ શાન્તિ ન મળી. પરન્તુ તે હરિશ્ચંદ્ર કે જેણે અપ્સરાઓને છોડી હતી, તે નિશ્ચિંત છે. તેને અશાન્તિનું નામ માત્ર પણ ન હતું, એટલે રાત્રે ઘણા સુખપૂર્વક સૂતો હતો

નિયમાનુસાર રાજા સૂર્યોદય પહેલાં ઉઠીને, પોતાના નિત્ય કર્મથી નિવૃત્ત થઇ ગયો અને સૂર્યોદયની સાથે જ, ન્યાયાસન પર આવીને બિરાજમાન થયો.

રાજા પોતે જ જ્યારે બધું કાર્ય નિયમિત સમયે અને ઉચિત રૂપે કરે છે, ત્યારે તેની પ્રજા, રાજ્યાધિકારીઓ વગેરે પણ એ જ પ્રમાણે કરે છે. જ્યારે રાજા પોતે જ અનિયમિત અને અનુચિત કાર્ય કરે, તો પછી તેની પ્રજાનું તો કહેવું જ શું ? કહેવત છે કે, યથા રાજા, તથા પ્રજા અર્થાત્ જેવા રાજા હોય તેવી જ પ્રજા હોય. જો રાજા, પોતે ન્યાયપરાયણ અને સત્યપ્રિય હોય તો, તેની પ્રજા પણ તેવી જ હોય પણ જ્યારે રાજા જ અન્યાય કરવા માંડે, જુઠું બોલે, ત્યારે પ્રજામાં ગુન્હાઓની વૃદ્ધિ થાય એમાં કાંઇ નવાઇ જેવું નથી. અસ્તુ.

ન્યાયાસન પર બેસીને રાજા, ન્યાય કાર્યમાં ધ્યાન આપવા લાગ્યો તે એક એક ન્યાયકાર્યને એવી રીતે પતાવતો જતો હતો કે વાદી અને પ્રતિવાદી બન્નેય આનંદિત થઇ ઉઠતા અને પોતાને હાનિ થવા છતાં પણ કોઇને દુઃખ થતું ન હતું.

ન્યાય અને યોગના કાર્યમાં થોડી ઘણી સમાનતા છે. જેવી રીતે યોગી, આત્મચિંતન વખતે બીજી બધી વાતોને ભૂલી જાય છે અને

તેનું ધ્યાન કેવળ આત્માના ચિન્તનમાં જ રહે છે, તેવી જ રીતે ન્યાય કરનારને પણ, ન્યાયકાર્ય આગળ બીજી વાતો ભૂલીને પોતાનું મન ન્યાય કરવામાં જ સ્થિર કરે છે. યોગીજનો, જેમ સંસારના પ્રાણિમાત્રને આત્મવત્ ગણે છે, તે જ પ્રમાણે ન્યાય કરનાર પણ સર્વને આત્મવત્ ગણે છે અને બીજાના સુખ-દુઃખનું અનુમાન, પોતાના આત્મા સાથે કર્યા પછી જ ન્યાયકાર્ય કરે છે. એવું કરનાર જ ન્યાય-નદીને પાર જઈ શકે છે, નહિ તો તે વચમાં જ ડૂબી જાય છે અને તેનો ન્યાય, અન્યાયનું રૂપ ધારણ કરે છે અસ્તુ

મહારાજા હરિશ્ચંદ્રનો એ નિયમ હતો કે, રોજનું કામ રોજે રોજ જ કરી નાંખવું. કામને બાકી રાખીને, પ્રજાને વારંવાર આવવા જવાનું કષ્ટ આપવું, એ તેને અનુચિત લાગતું હતું. આજના ન્યાયાધીશો પ્રાય ન્યાય કાર્યને વધારે વખત સુધી પડતર રાખવામાં અને પ્રજાને વારંવાર ધક્કા ખવરાવી, પોતાની કચેરી ભરપૂર રાખવામાં જ પોતાની પ્રતિષ્ઠા સમજે છે, પરન્તુ એમ કરવું એ ન્યાય પ્રણાલીથી વિરુદ્ધ છે

મહારાજા હરિશ્ચંદ્રે ન્યાયના જેટલા મુકદ્દમાઓ હતા તે બધાનો ફેંસલો કરી દીધો. તે ન્યાયાસનથી ઉઠવાની તૈયારીમાં જ હતો, તેવામાં દ્વારપાળે સમાચાર આપ્યા કે, વિશ્વામિત્ર ઋષિ પધાર્યા છે અને તેઓ આપના પાસે ન્યાય માગે છે રાજા આ સમાચાર સાંભળીને આશ્ચર્યમાં પડી ગયો કે, વિશ્વામિત્ર તો ઋષિ છે, તેઓ ન્યાયાલયમાં શા કારણે આવ્યા છે? જો કદાચ મારા લાયક કાંઈ કામ હતું, તો એમણે મને જ સંદેશો મોકલીને બોલાવી લેવો જોઈતો હતો. પરન્તુ તેઓ પોતે જ આવ્યા, એ શું ઋષિમુનિઓએ ન્યાયાલયનો આશરો લેવો, એ કદાપિ ઉચિત નથી. તેમાય વળી વિશ્વામિત્ર જેવા તપસ્વી ન્યાયાલયમાં આવે, એ તો વધારે આશ્ચર્યની વાત છે રાજાએ દ્વારપાળને કહ્યું કે, એમને સન્માનપૂર્વક લઈ આવો.

પહેલાં, એ કહી દેવામાં આવ્યું છે કે, સંસારમાં મનુષ્યો બે

પ્રકારના મનાય છે. એક દુર્જન અને બીજા સજ્જન. સજ્જનોને મળવાથી હૃદય પ્રસન્ન થાય છે, પરન્તુ દુર્જનોનું નામ સાંભળતાં જ લોકો ભયભીત બની જાય છે. દુર્જન અને સજ્જન એ બન્ને મનુષ્ય છે, પરન્તુ બંનેની પ્રકૃતિમાં અંતર હોય છે. તુલસીદાસજીએ કહ્યું છે કેઃ-

बिछुरत एक प्राण हरि लेहीं, मिलत एक दारुण दुःख देहीं ।
उपजहिं एक संग जल माहीं, जलज जौंक जिमि गुण विलगाहीं ॥

અર્થાત્—સંસારના પ્રાણી બે પ્રકારના છે. એક તો એ કે, જેમનો વિયોગ થતાં જ, પ્રાણ નીકળવા માંડે છે, અર્થાત્ તેમનો વિયોગ અસહ્ય બની જાય છે અને બીજા તેઓ કે જેમનું મિલન, કઠણ દુઃખનું કારણ બની રહે છે. અર્થાત્ જેમને મળવું એ મોટા દુઃખનો વિષય છે. એ તેમની પ્રકૃતિની ભિન્નતાનું કારણ છે. જેમ કમળ અને જળો એક સાથે જ એક જ પાણીમાં પેદા થાય છે, પણ એ બંનેનો ગુણ જુદો જુદો હોય છે.

સર્પ અને દ્વિમુખી સર્પ; બંને એક જ જાતિના જીવો છે. બંનેની આકૃતિ વગેરેમાં પણ કાંઇ ખાસ અંતર હોતું નથી, પણ બંનેની પ્રકૃતિમાં મોટું અંતર હોય છે. સાપ તો મનુષ્ય, પશુ વગેરેને કરડે છે, જેથી તેઓના પ્રાણ સુદ્ધા પણ ચાલ્યા જાય છે. જ્યારે દ્વિમુખી સર્પ કરડતો નથી. એ કારણે જ્યાં લોકો સાપને જોઇ ભયભીત થઇ જાય છે, તેને મારી નાખવા માટે તત્પર બને છે, ત્યાં દ્વિમુખી સર્પને જોઇ લોકો પ્રસન્ન થાય છે. તેનું દર્શન શુભ શકુન મનાય છે અને લોકો તેની પૂજા કરે છે સારાંશ એ કે, પૂજા કે નિંદા કુખ્યાતિ કે સુખ્યાતિ વગેરે બાબતોનો પોતાની પ્રકૃતિ પર આધાર રહે છે.

જે પ્રમાણે સર્પને જોઇને બીજા લોકો તો ભયભીત બની જાય છે, પણ સર્પનો મંત્ર જાણનાર તેનાથી ભય પામતા નથી, તે જ પ્રમાણે સભાના અન્ય લોકો તો વિશ્વામિત્રના આગમનથી શંકાશીલ બની ગયા કે, કોણ જાણે આ વિશ્વામિત્ર શું યે ગજબ કરશે, પરન્તુ રાજા હરિશ્ચંદ્ર તો નિઃશંક જ હતો.

પ્રકરણ ૧૦ મું

ન્યાયસભામાં વિશ્વામિત્ર

ઇતિહાસ સાક્ષી પૂરે છે કે, સાચો રાજા કોઇ સંપ્રદાયનો ખાસ પક્ષપાતી હોતો નથી. પરન્તુ લોકોની પ્રતિરૂપ ધાર્મિક ધર્મ માટે, જે સત્યધર્મ હોય છે તે જ તેમના ઉપાસક હોય છે જે ધર્મ કે સંપ્રદાય શાન્તિ સ્થાપનાર છે, તેને તે રાજા સમાન દૃષ્ટિએ જુએ છે અને સમજે છે કે, જે શાન્તિરક્ષણનો ભાર મારા ઉપર છે, તેમાં આ ધર્મ કે સંપ્રદાયના સાધુ, આચાર્યાદિ મદદ કરે છે જેમ કોઇ સભ્ય પુરૂષના આગમનથી તેનો સત્કાર કરવામાં રાજા પોતાનું કર્ત્તવ્ય સમજે છે, તેવી જ રીતે રાજા, એવા ધર્મના સાધુ–આચાર્યાદિનો સત્કાર કરવામાં પોતાનું કર્ત્તવ્ય સમજે છે પુરાતત્ત્વવેત્તાઓએ, જે પૃથ્વીમાં દટાયેલા અશોકના ચાર શિલાલેખ બહાર કાઢયા છે, તે વિષયમાં પણ એ જ પ્રગટ કર્યું છે કે, આ શિલાલેખોમાં સર્વ ધર્મના બ્રાહ્મણ, સાધુ, શ્રમણ વગેરેનો સત્કાર કરવાનો ઉપદેશ છે.

સારાંશ એ કે, બધા ધર્મને સાચા સમજી તેમના અનુયાયીઓ પ્રત્યે સમાન દૃષ્ટિથી જોવું અને તેમના સાધુ વગેરેનો ઉચિત સત્કાર કરવો, એ રાજાનો રાજનૈતિક ધર્મ છે. એમ કરનાર રાજા, નીતિજ્ઞ મનાય છે.

ન્યાયાલયમાં વિશ્વામિત્ર પ્રવેશતાં જ, મહારાજા હરિશ્ચંદ્ર, સભાસદો સાથે ઉભો થઈ ગયો અને તેમનો સત્કાર કરવા માટે સિંહાસન ઉપરથી ઉતરવા લાગ્યો; પરન્તુ વિશ્વામિત્રે ક્રોધયુક્ત શબ્દોથી કહ્યું—બસ રાજા

સિંહાસન પર જ બેસો હું તમારી પાસે સત્કાર-પૂજા મેળવવાની ઇચ્છાએ આવ્યો નથી. તમે ન્યાયાધીશ છો, એટલે હું પણ તમારી પાસે ન્યાય કરાવવા માટે આવ્યો છું. અમારો પણ એક ન્યાય કરી નાખો.

આ પ્રમાણે વિશ્વામિત્રની ક્રોધયુક્ત વાતો સાંભળીને અને તેમનું ભયંકર સ્વરૂપ તથા લાલચોળ આંખો જોઇને સભાના સઘળા માણસો તો કંપી ઉઠયા, પરન્તુ સત્યવાદીને કોનો ભય? એ નિયમ મુજબ હરિશ્ચંદ્રને જરાપણ ભય ન થયો. તેણે નમ્રતાપૂર્વક વિશ્વામિત્રને કહ્યું–મહારાજ! આપ આટલા ક્રોધાયમાન કેમ છો? ન્યાય માટે આવતી વખતે આટલો ક્રોધ રાખવો, એ તો ન્યાયપ્રાપ્તિથી વિરુદ્ધ જાય છે. ન્યાય અને ક્રોધ પરસ્પર દુશ્મન છે. ઘણું કરીને સાચો માણસ પણ ક્રોધને લીધે જુઠો મનાય છે આપનો જો કોઇ ન્યાય મારે કરવા યોગ્ય છે તો આપ શાન્તિપૂર્વક બોલો અને આજ્ઞા કરો કે, આપ કઇ બાબતનો ન્યાય ઇચ્છો છો, ન્યાયને માટે આપને આટલો ક્રોધ કરવો ઉચિત નથી હું ન્યાય કરવા માટે જ બેઠો છું.

રાજાની શાંતિ તથા તેજોમય મુદ્રા જોઇને વિશ્વામિત્ર આશ્ચર્યચકિત થઇ ગયા. તેઓ ન્યાયાલયમાં આવવા માટે પશ્ચાત્તાપ કરતાં મનમાં કહેવા લાગ્યા કે, મેં અહીં આવીને મોટી ભૂલ કરી. જો હું અહીં ન આવતા, મારા તપોબળ વડે આશ્રમમાં જ તેને શિક્ષા કરત, તો ઠીક થાત; પરન્તુ હવે તો મેં જ આવીને એની પાસે ન્યાય માગ્યો છે, એટલે ન્યાય મેળવવા માટે જે નિયમો છે, તે બધાનું મારે પાલન કરવું પડશે. હું તો એમ ધારતો હતો કે, હું જતાંવેંત જ મારો ક્રોધ બતાવીને રાજાને ભયભીત કરી દઇશ, પરન્તુ અહીં આવીને તો મારે વધારે અપમાનિત થવું પડયું.

હરિશ્ચંદ્રે વિશ્વામિત્રને આસન આપ્યું. મનને કાબુમાં રાખી વિશ્વામિત્ર રાજાએ આપેલાં આસનપર બેસી ગયા. રાજાએ વિશ્વામિત્રનું

સન્માન કર્યું, અને તેમને કહ્યું કે:—મહારાજ! આપ કંઇ આજના ન્યાય માગો છો, હવે આજ્ઞા કરો.

વિશ્વામિત્ર—હું જે આજનો ન્યાય માગું છું, તે શું તું ન જાણતો કે, મને પૂછે છે?

હરિશ્ચંદ્ર—મહારાજ, ક્રોધ શાન્ત કરો અને વિચારો કે, જો હું જાણતો હોત, તો આપને અહીં સુધી પધારવાની તસ્દી કેમ આપત હું જાણતો નથી. એટલા માટે આપને આવવું પડ્યું છે અને મેં આપને પૂછ્યું છે.

વિશ્વામિત્ર—જેવો તું રાજા છે, એવો જ હું યોગી છું. જે જે જાતનો તને રાજ્યને માટે અધિકાર છે, એવો જ અધિકાર મને મારા આશ્રમને માટે છે. આવી સ્થિતિમાં, જેમ તું રાજ્યમાં ગુન્હા કરનારને શિક્ષા કરે છે, તે જ પ્રમાણે હું, આશ્રમમાં ગુન્હો કરનારને શિક્ષા કરી શકું કે નહિ?

હરિશ્ચંદ્ર—મહારાજ, આશ્રમ રાજ્યસીમાની અંદર જ છે, એટલે ત્યાં અપરાધ કરનાર રાજ્યમાં જ અપરાધ કરનાર તરીકે ગણાય. એવા અપરાધી રાજ્યદ્વારા જ શિક્ષા-પાત્ર થઇ શકે છે, આપ તેને શિક્ષા આપી ન શકો.

વિશ્વામિત્ર—અમારા આશ્રમમાં અપરાધ કરે, અમારી અવજ્ઞા કરે અને અમે તેને શિક્ષા પણ ન કરી શકીએ?

હરિશ્ચંદ્ર—નહિં મહારાજ, આપને શિક્ષા કરવાનો અધિકાર નથી. આપની અવજ્ઞા કરનાર પણ રાજ્યનો અપરાધી છે, અને અપરાધીઓને શિક્ષા કરવા માટે જ મેં રાજદંડ ધારણ કર્યો છે.

વિશ્વામિત્ર—લાગે છે કે, તારા અવનતિના દિવસો આવ્યા છે, એથી તને ઋષિઓની પ્રતિષ્ઠાનું ધ્યાન નથી. જ્યારે તું અમારા

બનાવેલા નિયમો પ્રમાણે રાજકાર્ય કરતો, અપરાધીઓને શિક્ષા કરે છે; તો પછી અમે અમારા આશ્રમના અપરાધીઓને શિક્ષા કેમ ન કરી શકીએ?

હરિશ્ચંદ્ર—આપ લોકોએ બનાવેલા નિયમો જ કહે છે કે, શિક્ષા કરવાનો અધિકાર માત્ર રાજાને અથવા રાજાએ આ કાર્ય માટે નિયુક્ત કરેલા રાજ્યાધિકારીઓને જ છે, બીજાને નહિ. આવી સ્થિતિમાં, મેં ઋષિઓની અથવા આપની કોઈ માનહાનિ કરી નથી.

વિશ્વામિત્ર—ઠીક, એક વાત બીજી બતાવ. અમે, અમારી અપરાધિનીઓને તપોબળથી વૃક્ષમાં બાંધી હતી. જો કે, તેઓ અપ્સરાઓ હતી, તથાપિ મારા બંધનને તોડી ન શકી, પણ આ પૃથ્વી પર એક જ મારો શત્રુ પ્રતિદ્વન્દ્વી અને મારી અવજ્ઞા કરનાર એવો છે કે જેણે એ અપ્સરાઓને છોડી દીધી. તે છોડનારો અપરાધી છે કે નહિ અને જો છે, તો તે શી શિક્ષાને પાત્ર છે?

વિશ્વામિત્રની આ વાત સાંભળતા જ, હરિશ્ચંદ્રને તે દિવસની વાત યાદ આવી તે સમજી ગયો કે, ઋષિ પોતાના તપોબળનો પ્રભાવ બતાવતા, આ વાત મારા ઉપર જ કહી રહેલ છે. રાજાએ હસતાં હસતાં, તથા તેના તપોબળ પર કટાક્ષ કરતા કહ્યું—મહારાજ આ વાત તો મારા ઉપર જ છે. કેમ કે, મેં જ કાલે અપ્સરાઓને બંધનમુક્ત કરી હતી પરન્તુ તેઓને છોડી દેવામાં, મારો ભાવ આપની સાથે દુશ્મનાવટનો ન હતો, તેમ લડવાનો કે આપની અવજ્ઞા કરવાનો ન હતો. તેઓ લતાવૃક્ષથી બંધાએલી, દુઃખથી આર્તનાદ કરી રહી હતી, જેટલા માટે મેં દયા લાવીને તેઓને છોડી દીધી. માત્ર દયા જ નહિ, બલ્કે મારું કર્તવ્ય પણ છે કે, અધિકાર પરત્વે જો કોઈ, કે જેને કોઈ બાંધી ગયો, તો તેને બંધનથી મુક્ત કરીને, તે કોઈ [illegible] [illegible] કરવું. એ તો માત્ર દેવીઓને છોડી જ દીધી છે અને તે [illegible] સ્થિતિમાં મેં કોઈ અપરાધ નથી. આ

મુકદમામાં આપ વાદી છો અને હું પ્રતિવાદી છું. એટલે જો આપને યોગ્ય લાગે તો આ મુકદમાનો ન્યાય પંચો મારફત કરી લેવામાં આવે.

હરિશ્ચંદ્રનો જવાબ સાંભળીને, વિશ્વામિત્ર વિચાર કરવા લાગ્યા કે, મેં તો એમ ધાર્યું હતું કે, આ પ્રમાણે તેને પોતાનો અપરાધ કબુલ કરાવી, તેના જ મુખે તેને શિક્ષા કરાવીશ, પરન્તુ એણે તો મને જ અપરાધી ઠરાવ્યો અને મને શિક્ષા ન કરી, એ પોતાની કુશળતા બતાવી રહ્યો છે. વિશ્વામિત્રને એ વિચાર આવતા જ, એવી નિરાશા થઈ કે, જેવી નિરાશા અદાલતમાં મુકદમો હારી જનારને થયા કરે છે. વિશ્વામિત્ર ભ્રાંતિમાં પડ્યા કે, જો હું રાજાના કથનને ઉચિત માનીશ, તો એની સભામાં એક રીતે મારું અપમાન થાય છે અને જો ઉચિત નથી માનતો તો છેવટ મારે તેનો અપરાધ તો કબુલ કરાવવા જ જોઈએ.

વિશ્વામિત્ર ફરી પોતાનો ક્રોધ પ્રગટ કરતા કહેવા લાગ્યા—રાજા! તેં અપ્સરાઓને છોડી એ તારો અપરાધ છે. આ અપરાધને કબુલ કરવાને બદલે, તું ઉલટો મારા ઉપર જ દોષારોપણ કરે છે, એથી સ્પષ્ટ છે કે, તારામાં અજ્ઞાન છે. તપસ્વીઓની બાબતમાં વિઘ્ન કરવાનો તને કદાપિ અધિકાર નથી. પરન્તુ તેં અજ્ઞાનને લીધે તેને તારો અધિકાર માની લીધો છે. સૂર્યવંશના સિંહાસન ઉપર આવા અજ્ઞાનીએ બેસવું ઉચિત નથી. એટલે તારે તારું રાજ્ય બીજાને આપી દેવું એ જ શ્રેયસ્કર છે. અજ્ઞાની મનુષ્ય રાજ્ય કરવા યોગ્ય નથી હોતો એટલા માટે તું તારું રાજ્ય કોઈ બીજાને આપી દે.

હરિશ્ચંદ્ર—મહારાજ, કોઈ દુઃખીનું દુઃખ મટાડવું, એ મારું કર્તવ્ય છે. મેં કર્તવ્ય અને કરૂણાની પ્રેરણાથી એ અપ્સરાઓને બંધન મુક્ત કરી છે એમાં મારો લેશપણ અપરાધ નથી અને જ્યારે અપરાધ જ નથી, તો, હું કેવળ આપને પ્રસન્ન કરવા માટે, આ કાર્યને અપરાધ માની શકું નહિ. આપ મારો અપરાધ સિદ્ધ કરો, પછી જે દં

અપરાધ કબુલ કરીને શિક્ષા ન ભોગવું તો તે મારૂં અજ્ઞાન છે. અને એ વખતે રાજ્યભાર બીજાના હાથમાં સોંપી દેવો, મને ઉચિત છે. હું ક્ષત્રિય છું. નિર્બળ તથા દુઃખીઓની રક્ષા કરવી, એ મારૂં કર્ત્તવ્ય છે. કર્ત્તવ્યનું પાલન જ જો કદી અજ્ઞાન કહેવામાં આવતું હોય, તો જ્ઞાન કોને કહેશો? એ મારી સમજણમાં આવતું નથી. કોઇ દુઃખમાં પડેલાને દુઃખમુક્ત કરવામાં, કાયર અને નિર્દય લોકો તો ભલે અજ્ઞાન કહે; પરન્તુ દયાળુ અને વીરપુરૂષો તો તેને જ્ઞાન જ માનશે, તથા પ્રસંગ આવતાં તેઓ પોતે પણ તેને દુઃખમુક્ત કરવાની પ્રવૃત્તિ કરશે આપની દૃષ્ટિમાં, જો અપ્સરાઓને છોડી દેવી, એ અજ્ઞાન અને અપરાધ છે, તો આપ પંચોદ્વારા તેનો નિર્ણય કરાવી લો જો પંચોએ પણ આપની વાતનું સમર્થન કર્યું, તો હું શિક્ષાને પાત્ર છું અને તે સાથે જ રાજ્યપદને માટે પણ અયોગ્ય છું. ઉચિત તો એ હતું કે, અપ્સરાઓને બંધન-મુક્ત કરવાના મારા કાર્યથી આપ એમ ધારીને પ્રસન્ન થાત, કે મેં ક્રોધ કરીને તેમને બાંધી દીધી હતી અને રાજાએ પોતાનો રાજધર્મ પાળતાં તેમને છોડી દીધી, તો તે સારૂંજ કર્યું. પરન્તુ તેને બદલે આપ મને દુષિત ઠરાવો છો અને મારૂં અજ્ઞાન બનાવો છો. આપને, આ પરથી વિચારી લેવુ જોઇતું હતું, કે જો અપ્સરાઓને છૂટી જવાનું રાજધર્મથી વિરૂદ્ધ હતુ, તો જે અપ્સરાઓ આપના તપોબળથી બંધાઇ હતી, તે છૂટત જ કેમ? મહારાજ, શાન્તિપૂર્વક વિચાર કરો અને ક્રોધને દૂર કરો, તો આપને મારૂં આ કાર્ય અનુચિત નહિં લાગે,

દુરાગ્રહી માણસ, ઉચિત-અનુચિત અને ન્યાય-અન્યાયને જોતો નથી. તે તો કોઇ પણ પ્રકારે પોતાની હઠને જ પૂરી કરવા ચાહે છે. એ જ પ્રમાણે અહીં પણ વિશ્વામિત્ર, રાજાની પાસે અપરાધ કબુલ કરાવવાની જિદ હઠ પકડી રહ્યા છે. પરન્તુ રાજા કહી રહ્યો છે કે, હું વ્યાજ આપને પ્રસન્ન કરવા માટે કદાપિ જુઠું નહિં બોલું. વિશ્વામિત્ર

વિચાર કરે છે કે, જો હું મૌન રાખું અને રાજાને દોષ જાતથી નીચો ન બતાવું, તો આ મારું વધારે અપમાન ગણાશે અને જો રાજાના કહેવા પ્રમાણે આ વિષયનો નિર્ણય મધ્યસ્થ લોકો મારફત કરાવું છું, તો તે લોકો જરૂર મારા પક્ષને સમર્થન કરશે. શિક્ષા કરવા માટે, આશ્રમમાંથી અહીં આવવાની એક ભૂલ તો કરી જ છે. હવે જો પંચ મારફત ન્યાય કરાવું છું, તો એ બીજી ભૂલ ગણાશે. રાજા, આ પ્રમાણે તો પોતાનો અપરાધ કબુલ કરશે નહીં એટલા માટે કોઈ બીજા ઉપાયથી તેને હેરાન કરવો જોઈએ કે, જેથી તે પોતાનો અપરાધ કબુલ કરી લે. આ પ્રમાણે વિચારીને, વિશ્વામિત્ર કપટયુક્ત પ્રસન્નતા બતાવતાં બોલ્યા: હાં, ત્યારે તેં રાજધર્મનું પાલન કરવા એ અંગનાઓને છોડી છે, કેમ!

રાજા—હા, મહારાજ, તેઓને દુઃખમુક્ત કરવા સિવાય મારો બીજો કોઈ આશય ન હતો.

વિશ્વામિત્ર—ઠીક છે, પરન્તુ આ જ પ્રમાણે તું બધી બાબતોમાં રાજધર્મનું પાલન કરીશને!

હરિશ્ચંદ્ર—જરૂર. જો હું કોઈ જગ્યાએ રાજધર્મના પાલનમાં અસમર્થ રહું, તો પછી રાજા શાનો?

વિશ્વામિત્ર—રાજધર્મમાં દાન કરવાનું પણ છે. રાજા પાસે કરેલી યાચના ખાલી જતી નથી, આ વાતને તો તું જાણે છે?

હરિશ્ચંદ્ર—જાણું છું જ એમ નહિ, પણ તેનું પાલન પણ કરું છું.


વિશ્વામિત્ર—વારુ, હું યાચક છું. મારી યાચના પૂર્ણ કરીશ!

હરિશ્ચંદ્ર—આપ યાચના કરો, હું જ્યારે તે પૂર્ણ કરવામાં અસમર્થ રહું, ત્યારે કહેજો.

વિશ્વામિત્ર—હું તારી પાસે સમુદ્ર સહિત પૃથ્વી અને તારા રાજવૈભવની યાચના કરું છું.

વિશ્વામિત્રની વાત સાંભળીને, હરિશ્ચંદ્રના મુખ ઉપર પરિવર્તન ન થયું. તેણે એ જ પ્રમાણે પ્રસન્નચિત્તે કહ્યું કે, રાજ્ય તો શું, પણ કદાચ આપ આ શરીરને પણ માંગત, તો એ પણ આપની સેવામાં અર્પણ કરત. રાજ્ય માંગીને તો આપે મારા માથાનો બોજો ઓછો કર્યો છે. એને આપવામાં મને શું હરકત છે?

હરિશ્ચંદ્રે સેવકને પૃથ્વીનું *પિંડ અને પાણીની ઝારી લાવવાની આજ્ઞા આપી.



*પૂર્વીકાળમાં, માટીના પિંડનું દાન આપવાની પ્રથા હતી. તે આપતી વખતે જેટલી પૃથ્વી આપવી હોય, તેટલી મોટપનું આપતી હતી.

પ્રકરણ ૧૧ મું

રાજ્ય-દાન



દાન, તપ અને સંગ્રામ એ ત્રણે કાર્ય, વીરના હોય તો જ થાય છે. જે વીર નહિ, પણ કાયર છે, તે એ ત્રણેમાંથી કોઈ કાર્યને કરી શકતો નથી. પ્રથમથી જ જે શત્રુઓના હથિયારોથી, મૃત્યુથી અને ગૃહ-કુટુંબના કષ્ટમય ભવિષ્યથી ભયભીત બને છે, તે સંગ્રામમાં કદાપિ સ્થિર રહી શકતો નથી. શરીરનું દુ:ખ, ટાઢ, ઉષ્ણતા અને વર્ષાનાં દુ:ખ સહન કરવામાં અને સાંસારિક મોહ ત્યાગવામાં જે વીર નથી, તે તપ કરી શકતો નથી. એ જ પ્રમાણે જેને પોતાના જ પેટની ચિંતા છે, જેના પર લોભનો પૂર્ણ પ્રભાવ જામી ગયો છે, પોતાનું અને પોતાના સ્ત્રી-પુત્રાદિનું ભવિષ્ય દુ:ખમય બનવાનો ભય છે, તે દાન કરી શકતો નથી. સારાંશ એ છે કે, દાન કરવું એ પણ વીરતાનું કામ છે, કાયર મનુષ્યો દાન કરી શકતા નથી. જેમ સંગ્રામમાં શૂરાતન ચડવાથી, શત્રુઓના આઘાતનો પ્રતિકાર કરવા સિવાય તેને બીજું કાંઈ સૂઝતું નથી. હથિયારનું લાગવું, મૃત્યુ થવું અને પછી ઘરના લોકોનું રડવું, ઇત્યાદિ કશાની તેને ચિંતા હોતી નથી—જેમ તપને માટે શૂરાતન પ્રાપ્ત થવાથી તેને વૈરાગ્ય જ સૂઝે છે—વૈરાગ્યના કષ્ટ, સ્ત્રી, પુત્ર, ઘર આદિનો વિયોગ સૂઝતો નથી—બરાબર તે જ પ્રમાણે જેને દાનનું શૂરાતન ચડે છે તેને પોતેના ભવિષ્યનાં કષ્ટોની ચિંતા થતી નથી, તેમ તે બીજી કોઈ બાબતનો વિચાર પણ કરતો નથી જો કે, ભવિષ્યનો વિચાર તો વીર પુરુષો પણ કરે છે, પરન્તુ તેઓ ભવિષ્યનાં કષ્ટોનો અનુભવ કરતા, પોતાના નિશ્ચયથી વિચલિત થતા નથી,

રાજાને, નિર્ભયતાપૂર્વક પૃથ્વી-પિંડ અને પાણીની ઝારી મંગાવતો જોઇ, વિશ્વામિત્ર આશ્ચર્યચકિત થયા. એમણે માન્યું હતું કે, રાજ્ય આપવામાં રાજાને સંકોચ થશે, ત્યારે હું તેને કહીશ કે, અહિં તો રાજ-ધર્મ નથી પાળી શકતો, પછી મારી બાંધેલી અપ્સરાઓને છોડતી વખતે રાજધર્મ કેમ પાળ્યો હતો? અને એ વખતે વિચાર કેમ ન થયો, અને હવે વિચાર કેમ થાય છે? આ યુક્તિથી તેને હેરાન કરીને અપ્સરાઓને છોડવાનો અપરાધ કબુલ કરાવી લઇશ. બસ, મારી વાત રહી જશે, પરંતુ રાજાને રાજ્ય આપતી વખતે પણ નિઃસંકોચ દેખીને વિશ્વામિત્ર વિચારવા લાગ્યા, કે હવે શું કરવું? મને રાજ્ય માંગવામાં તો થોડોક સંકોચ પણ થયો, પરંતુ તેને રાજ્ય આપવામાં જરાપણ સંકોચ થતો નથી. જે રાજ્યને, રાજાના પૂર્વજોએ આત્મ-બલિદાન આપીને સુરક્ષિત રાખ્યું છે, તે રાજ્ય આ એક ક્ષણમાં કોઇ પણ જાતનો વિચાર કર્યા વગર જ, મને આપી દેવા તૈયાર થયો છે! એને ભારે અહંકાર છે, પણ હું જોઉં છું કે તેનો આ અહંકાર ક્યાં સુધી રહે છે!

દુરાગ્રહી માણસ, બીજાનું સત્ય અને કર્તવ્યપાલનને પણ અહં-કાર સમજે છે. તેમને એ બાબતનો વિચાર થતો નથી કે, પોતાની ખોટી હઠ સિદ્ધ કરવા માટે આ પ્રમાણે ઉપાય કરવો, એ પોતાનો અહંકાર છે, કે 'સત્યપાલન કરવું' એ તેનો અહંકાર છે!

પૃથ્વીનો પિંડ અને પાણીની ઝારી આવી જવાથી, રાજાએ પૃથ્વી પિંડ હાથમાં લઇને, વિશ્વામિત્રને કહ્યું-મહારાજ, લો.

વિશ્વામિત્ર—રાજા, જરા સમજી-વિચારીને રાજ્યદાન કર. સમુદ્ર સહિત પૃથ્વી આપી દીધા પછી રાજા પાસે શું બચે છે, તેને જરા-જરા વિચારી લે.

હરિશ્ચંદ્ર—મહારાજ, વિચારવાનું કામ તો ત્યારે હતું કે જ્યારે હું રાજ્યને કોઇ બીજા કાર્યમાં આપી દેતો હોત. હું રાજ્યને દાનમાં આપું છું

અને તે પણ આપ જેવા ઋષિને મારી તેમાં વિચારવું શું હોય?

વિશ્વામિત્ર—રાજન્ થોડી દેવાથી નાની શી વાત માટે કેટલો વિચાર કરી રહ્યો છે. તું કાયદેસર તારું આપેલું કબુલ ન કરતાં તેને આપી રહ્યો છે, એ તારું અજ્ઞાન નહી તો શું છે?

આ પ્રમાણે વાતને આવું નજર સામે આવતાં જોઈ વચ્ચે પડેલો એક પ્રધાન, વિશ્વામિત્ર તથા હરિશ્ચંદ્રની વચ્ચે ઉભો રહીને હરિશ્ચંદ્રને કહેવા લાગ્યો—મહારાજ, આપ ઉતાવળમાં આ શું કરી રહ્યા છો! કોઈ વાતનો વિચાર કર્યા વગર, કોઈની પણ સંમતિ લીધા વગર, એકદમ જ રાજ્ય કેમ આપી દ્યો છો? કોઈપણ કામ એકદમ ન કરી નાખવું જોઈએ. કોઈ કવિએ કહ્યું છે કે—

सहसा विदधीत न क्रियामविवेकः परमापदां पदम् ॥

અર્થાત્—એકદમ કોઈ કામને ન કરી નાખવું જોઈએ. વગર વિચાર્યું કામ કરવાથી, બહુ મોટી આપત્તિની સંભાવના રહે છે.

આપ એ તો વિચારો કે, કોઈપણ જાતના વગર, આખું રાજ્ય વિશ્વામિત્ર ઋષિના હાથમાં સોંપવાથી રાજ્યની કેવી દુર્દશા થશે અને પ્રજાને કેટલું કષ્ટ પડશે? વાત તો માત્ર, આશ્રમઓને ઉડાવવાની બાબતનો અપરાધ કબૂલ કરવાની છે અને સંભવ છે કે અપરાધ કબૂલ કરવાથી ક્ષમા માગવી પડે. આ નાનીશી વાતને માટે રાજ્ય આપી દેવું એને દુરદર્શિતા શી રીતે કહી શકાય?

પ્રધાનનો આ ઉપદેશ સાંભળીને, વિશ્વામિત્રના હૃદયમાં જેવા વિચારની પ્રસન્નતાની એક આનંદ-ઉર્મિ પ્રસરી ગઈ કે, જો પ્રધાનના કહેવાથી હરિશ્ચંદ્ર માની જાય અને પોતાની ભુલ કબુલ કરી લે, તો આ બધો ઝગડો મટી જાય. પરન્તુ વિશ્વામિત્રની આ પ્રસન્નતા વધુ વખત ટકી શકી નહિ; હરિશ્ચંદ્રનો જવાબ સાંભળતાં જ, તે કોઈપણ નિરાશામાં જ ફેરવાઈ ગઈ.

હરિશ્ચંદ્ર પોતાના પ્રધાનને કહેવા લાગ્યાઃ—પ્રધાન, શુભ માર્ગમાં મદદ આપવી, એ તમારૂં કર્તવ્ય છે. વિઘ્ન કરવાનું નહિ. તમે જરા નીચેના આ ઉપદેશ ઉપર તો વિચાર કરોઃ—

धनानि जीवितं चैव, परार्थे प्राज्ञ उत्सृजेत् ।
सन्निमित्ते वरं त्यागो, विनाशे नियते सति ॥ } હિતોપદેશ

અર્થાત્—બુદ્ધિમાન મનુષ્ય, પોતાનું ધન તથા પ્રાણ બીજાના લાભને માટે ત્યાગી દે છે. કેમ કે તેનો નાશ તો કોઇ દિવસ થવાનો જ છે એટલા માટે પરોપકારમાં જ તેનો ત્યાગ કરવો શ્રેષ્ઠ છે.

હું રાજ્યને કદાચ જુગાર પર મૂકું, અથવા કોઈ બીજાં કાર્યમાં આપતો હોઉં તો તમારૂં આ કથન કેટલેક અંશે વ્યાજબી છે, પરન્તુ હું તો તેનું દાન કરી રહ્યો છું. તમારી દૃષ્ટિમાં રાજ્ય એક મહાન વસ્તુ છે અને ધર્મ એક તુચ્છ વસ્તુ છે; પરંતુ મારી દૃષ્ટિએ રાજ્ય તુચ્છ અને ધર્મ મહાન છે. હું ધર્મપાલનને માટે આ રાજ્યને દાનમાં આપી રહ્યો છું રાજ્યને દાનમાં આપવાનો મને અધિકાર છે. એમાં કોઇની સંમતિની જરૂર નથી. રાજ્યને દાનમાં આપવાથી મારા પૂર્વજોની કીર્તિ ત્રિલોકમાં ફેલાશે કે, 'સૂર્યવંશ જ એક એવો છે કે, જેણે રાજ્ય સુદ્ધાં પણ દાનમાં આપી દીધું.' આ રાજ્યદાનથી સૂર્યવંશના ગૌરવની વૃદ્ધિ થશે. એક કવિએ કહ્યું છે કે.—

स जातो येन जातेन याति वंशः समुन्नतिम् ।
परिवर्तिनि संसारे मृतः को वा न जायते ॥ } હિતોપદેશ

અર્થાત્—આ પરિવર્તનશીલ સંસારમાં, મરીને બધા જન્મ લે છે, પરન્તુ જન્મ લેવો તેનો જ સાર્થક છે કે, જે [illegible] વંશની ગૌરવવૃદ્ધિ કરે.

પ્રધાન, હું હાલ પહેલી રાજ્ય [illegible] મુનિને આપી દીધું છે, ત્યારે આપું છું. હું રાજ્ય આપવાની વાત કરી

ન્હોતું, એટલે તમારું કાંઇપણ કહેવું સાંભળવું નકામું છે. હું હવે મારા નિશ્ચયથી ડગી શકતો નથી. જુઓ, એક કવિએ કહ્યું છે —

> विदुषां वदनाद्वाचः सहसा यान्ति नो बहिः ।
> याताश्च न पराञ्चन्ति द्विरदानां रदा इव ॥ } હિતોપદેશ

અર્થાત્—વિદ્વાન મનુષ્યના મુખથી એકદમ કોઇ વાત નીકળે નથી. અને જો નીકળી તો, જેમ હાથીના દાંત બહાર નીકળ્યા પછી ફરી મ્હોંમાં પાછા પેસતા નથી, તે મુજબ પાછી ફરતી નથી,

હવે, જો અપરાધ કબુલ કરવાનું કહેતા હો તો, હું જુઠું કોઇપણ વખતે કે કોઇપણ સ્થિતિમાં બોલી શકીશ નહિ. હવે પ્રજાની વાત, તો જો પ્રજામાં શક્તિ હશે, તો તે વિશ્વામિત્રને પોતાને અનુકૂલ બનાવી લેશે. પ્રજાથી વિરોધ કરીને રાજા એક ક્ષણ પણ ટકી શકતો નથી. તેમ એવા રાજાને, પ્રજા રહેવા દેની પણ નથી. એટલે આ બાબતમાં પણ કાંઇ વિચારવા જેવી વાત નથી

પ્રધાન ! હું રાજ્ય વિશ્વામિત્ર ઋષિને આપી રહ્યો છું, કોઇ બીજાને તો રાજ્ય માગવાની હિંમત પણ થતી નથી. તેઓ પોતાનું રાજ્ય છોડીને આવ્યા છે, એટલે રાજ્યકાર્યથી પણ જાણ છે એ જ કારણ છે કે તેમણે મારૂં રાજ્ય માગ્યું છે. રાજ્ય આપવામાં મને કાંઇ નુકશાન નથી; હાનિ તો એમને છે, કે જેઓ રાજર્ષિપદ છોડીને ફરી રાજ્ય કરવા ઇચ્છે છે આ રાજ્ય આપવા-લેવામાં ગંભીર રહસ્ય રહેલું છે, જે હાલ અપ્રગટ છે જો એમ ન હોત, તો આ રાજર્ષિ કે જેમણે પોતે જ પોતાનું રાજપાટ છોડી દીધું છે, પછી રાજ્ય કરવાની ઇચ્છા કેમ કરે ? એના મોટા પુરૂષોની રાજ્ય કરવાની ઇચ્છા થઇ તો સમજવું કે એમાં કાંઇ ભેદ છે પ્રધાન રાજ્ય આપવામાં આપણી જરાપણ હાનિ નથી, બલ્કે લાભ જ છે લાભ શું છે તે આગળ ઉપર જણાશે. ધર્મ અને સત્ય ઉપર વિશ્વાસ રાખો અને આ ઉત્તમ કાર્યમાં વિઘ્ન ન નાખો.

રાજાની વાત સાંભળીને પ્રધાન તો બેસી ગયો, પરન્તુ વિશ્વામિત્ર વિચારવા લાગ્યા કે, આ રાજાએ તો મને રાજર્ષિપદ ઉપરથી પણ નીચે ઉતારવાનો વિચાર કર્યો. તે પોતાનું રાજ્ય આપીને, મને ત્યાગીમાંથી ભોગી બનાવી રહ્યો છે. મેં રાજ્ય માંગીને ઠીક ન કર્યું, અને હવે જો હું તે ન લઉં તો રાજાની પહેલી વાત સાચી થાય છે કે, મે અપ્સરાઓને દયા અને રાજધર્મથી છોડી. મારે તો તેનું અભિમાન દૂર કરવું છે. એમ કરવામાં મારૂં રાજર્ષિપદ જાય છે તો ભલે જાય, પરન્તુ મારી વાત જવા દઇશ નહિ અને તેનું અભિમાન પણ રહેવા દઇશ નહિ. એ રાજ્ય તો આપી રહ્યો છે, તો હું તેની પાસેથી રાજ્ય લઇ લઉં અને પછી બીજા દાનાદિમાં ફસાવું; ત્યારે જ તેની બુદ્ધિ ઠેકાણે આવશે પછી તો તે એકવાર નહિ, પણ દશવાર પોતાનો અપરાધ કબુલ કરશે. આમ એનું અભિમાન નહિ જાય

વિશ્વામિત્ર અહીં આવીને, ન્યાય માંગવાની અને વળી રાજ્ય માંગવાની વાતો પર મનમાં ને મનમાં પશ્ચાત્તાપ તો કરતા જ હતા, પણ પોતાનો દુરાગ્રહ છોડવા તે તૈયાર ન હતા એમ કરવામાં તે પોતાનું અપમાન સમજતા હતા. એ માટે પોતાનું રાજર્ષિપદ ગુમાવીને પણ, રાજા પાસે પોતાની ઇચ્છા પ્રમાણે તેનો અપરાધ કબુલ કરાવવા માગે છે. તેઓ, પોતાની હાનિ કરીને, રાજર્ષિપદથી ભ્રષ્ટ બનીને પણ રાજાને હલકો બનાવવાના ઇચ્છુક છે. કવિએ આવું જ કહ્યું છે કે —

साहु नाम अरु दुष्ट जन, इनको यही स्वभाव ।
ख्याल सिखावैं आपनी पर बंधन के दाँव ॥
पर बंधन के दाँव, ख्याल अपनी सीखवावैं,
गुरु बार ह्वै जवै तऊ हि बाज न आवैं ॥
कहै गीरधर कविराय करैं आपनी बढ़ाई,
उनमें हरि हरि भजै, तऊ छोटी न छुड़ाई ॥

આજે પણ ઘણા લોકો, બીજાને ફસાવવા માટે, તેમને ક કરાવવા માટે, પોતે માર ખાતા, જેલ જતા અને કષ્ટ ભોગવ ભોગવવામાં આવે છે. એ દુષ્ટોના સ્વાભાવિક ઘણો છે કે, તેઓ પો દુઃખ ભોગવીને પણ બીજાઓને દુઃખ આપે છે. એ જ પ્રમાણે આ હરિશ્ચંદ્રને અપમાનિત કરવા માટે વિશ્વામિત્ર, પોતાના રાજર્ષિપદને પ છોડી દેવા તૈયાર થયા છે. આ વખતે તેને જેટલી ચિંતા રાજ દુઃખમાં ધકેલવાની છે, તેટલી ચિંતા રાજર્ષિપદની નથી. વિશ્વામિ હરિશ્ચંદ્રને કહ્યું—જો, હજુ બરાબર વિચાર કરી લે પછીથી પશ્ચાત્તા કરવામાં કાંઈ ફાયદો નથી અવિચારથી ઉતાવળમાં આવી જઈને જે કા કરવામાં આવે છે, તેનું દુઃખ જીંદગીભર ભૂલાતું નથી. એ મા કોઈ કવિએ કહ્યું છે કેઃ—

गुणवदगुणवद्वा कुर्वता कार्यमादौ, परिणतिरवधार्या यत्नतः पण्डितेन।
अतिरभसकृतानां कर्मणामाविपत्ते-र्भवति हृदयदाही शल्यतुल्यो विपाकः।

અર્થાત્—કોઈ કામ ગમે તેવું સારું કે ખોટું કેમ ન હોય પણ કામ કરનાર બુદ્ધિમાને, પહેલાં તેના પરિણામનો વિચાર કરીને પ તે કામમાં પડવું જોઈએ. કારણ કે વગર વિચાર્યે ઉતાવળથી કરવામાં આવેલા કાર્યનું ફળ મરણ પર્યંત હૃદયને બાળે છે અને કાંટાની જેમ ખટક્યા કરે છે.

હરિશ્ચંદ્ર—મહારાજ, પશ્ચાત્તાપ તો ખોટું કામ કરવાથી થાય છે, સત્કાર્યમાં કઈ જાતનો પશ્ચાત્તાપ? ધન અને રાજ્ય, એ બધું પરિવર્તનશીલ છે, એની સ્થિતિ હમેશાં સરખી રહેતી નથી કોઈ કવિએ કહ્યું છે કે—

दान, भोग अरु नाश, तीन होत गति द्रव्यकी,
नाहिन है को वाम, तहा तीसरी ग्रमत है ॥

અર્થાત્—દાન, ભોગ અને નાશ એ ત્રણ ધનની ગતિઓ છે. જે પોતાના ધનને દાનમાં વાપરતો નથી, ઉપભોગમાં ખર્ચતો નથી, તેના ધનની ત્રીજી ગતિ નાશને પામવાની છે.

મહારાજ, જો આ રાજ્ય કોઈ સુકૃત્યમાં જાય તો આનંદની
ન છે, તેમાં પશ્ચાત્તાપની ક્યાં વાત છે ? હું આપને પ્રસન્નમને
ાગરસહિત પૃથ્વી અને રાજ-પાટ આપું છું, આપ તેનો સ્વીકાર કરો.

જ્યારે વિશ્વામિત્રે જોયું કે, તે પોતાના નિશ્ચય ઉપર દૃઢ છે, ત્યારે
ોધાયમાન થઇને તે બોલ્યાઃ—જોઉં છું કે તું કેવો દાની છે ? ઠીક લાવ.

હરિશ્ચંદ્રે પૃથ્વીપિંડ વિશ્વામિત્રના હાથમાં આપતાં કહ્યું:—'ઇદં ન મમ' અર્થાત્ આ પૃથ્વી હવે મારી નથી. હું મારી સત્તા ઉઠાવી લઇને વિશ્વામિત્ર ઋષિની સત્તા સ્થાપિત કરૂં છું. વિશ્વામિત્રે રાજા પાસેથી પૃથ્વીનો પિંડ મેળવીને, આશીર્વાદ આપ્યો—'સ્વસ્તિ ભવઃ' અર્થાત્ તારૂં કલ્યાણ થાઓ.

પૃથ્વીનો પિંડ લઇને, વિશ્વામિત્રે વિચાર કર્યો કે, હવે આ રાજ્યમાં તો તેનું કાંઈ રહ્યું નથી, એટલે તેને કોઈ બીજી બાબતમાં ફસાવું, ત્યારે જ મારી ઇચ્છા પૂર્ણ થાય. તેમણે હરિશ્ચંદ્રને કહ્યું:—રાજા, તેં જેવું દાન આપ્યું છે તેવું આજ સુધીમાં કોઈ બીજાએ આપ્યું નથી. પણ દાન આપ્યા પછી દક્ષિણા અવશ્ય આપવી પડે છે દક્ષિણા વગર દાન કહેવાતું નથી. જેટલું ભારે દાન તેં આપ્યું છે, તેટલી દક્ષિણા પણ આપવી જોઇએ.

હરિશ્ચંદ્ર—હા, મહારાજ, દક્ષિણા પણ લો. પ્રધાન! ખજાનામાંથી એક હજાર સોનામહોરો લાવી આપો.

અનેક દાવમાં હારી ગયેલા જુગારીને, એક દાવ જીતવાથી જેટલી પ્રસન્નતા થાય છે, તેટલી જ પ્રસન્નતા વિશ્વામિત્રને હરિશ્ચંદ્રની આ વાત સાંભળીને થઇ, તે મનમાં ને મનમાં કહેવા લાગ્યો, કે હવે આ બરાબર ફસાયો. હવે તેની બુદ્ધિ ઠેકાણે લાવી દઉં છું. તેમનો કારણ ન મળવાથી જે કોપને બરાબર પ્રદર્શિત કરી શક્યા ન હતા, તે કોપને પ્રદર્શિત કરવા માટે હવે તેમને કારણ મળી ગયું. તેમણે કોપ પ્રદર્શિત

સંભવ છે કે, હવે તે સમજાવવા-બુઝાવવાથી પોતાનો અપરાધ કબૂલ કરી લેશે. જો તે પોતાનો અપરાધ કબૂલ કરી લે, તો હું રાજ્યની ખટપટથી પણ બચી જાઉં અને મારું રાજર્ષિપદ પણ રહે. તેમણે હરિશ્ચંદ્રને કહ્યું:—રાજા, આ વાતનો તો વિચાર કર, કે એટલી સોનામહોરો તને ક્યાંથી મળશે? શું એ માટે તું ભીખ માંગશે? અને જો ભીખ માંગવા પણ ધારીશ, તો ક્યાં માંગીશ? હું તો તને મારા રાજ્યમાં રહેવા પણ નહિ દઉં?

હરિશ્ચંદ્ર—મહારાજ! ઇક્ષ્વાકુવંશી આપવાનું જાણે છે, માંગવાનું જાણતો નથી.

વિશ્વામિત્ર— તો પછી શું કરીશ કે તને મહોરો મળશે?

હરિશ્ચંદ્ર—જો આપ આ વખતે મહોરો લેવા ઇચ્છતા હો, તો આ વખતે તો મારી પાસે મારા શરીર સિવાય બીજું કાંઇ નથી. જો આપ મારા શરીરથી કોઇ પ્રકારે આપનું આ ઋણ વસૂલ કરી શકતા હો, તો તે માટે હું સહર્ષ તૈયાર છું. નહિ તો, મારા પૂર્વજોએ કાશી ક્ષેત્રને રાજ્યથી એટલા માટે જુદું રાખી મૂક્યું છે કે, વૃદ્ધાવસ્થામાં રાજ્યત્યાગ કર્યા પછી ત્યાં સ્વતંત્રતા પૂર્વક જીવન વીતાવી શકાય. જો, તમે પૂર્વજોની આ નીતિનું ઉલ્લંઘન ન કરો અને કાશી ક્ષેત્રને પૂર્વવત્ રાજ્યથી જુદું જ રાખો, તો હું ત્યાં કોઇ ઉદ્યોગ કરીને, આપને એક મહિનામાં એક હજાર સોનામહોરો ચૂકવી આપીશ. મેં એક હજાર સોનામહોરો આપવાનું વચન આપ્યું છે, એટલે તે ચૂકવવા માટે મને અવકાશ મળવો ઉચિત છે. આપ ન્યાયનીતિજ્ઞ છો, એટલે મને વિશ્વાસ છે કે, આપ મને એ માટે અવકાશ આપશો, તે સાથે જ કાશીક્ષેત્રને રાજ્યથી પૃથક્ રાખવાની પૂર્વજોની નીતિનું પણ અવશ્ય પાલન કરશો જ.

વિશ્વામિત્ર વિચારે છે કે, જો હું કાશીક્ષેત્ર પર મારી સત્તા સ્થાપું તો તે આ કાર્ય રાજધર્મથી વિરુદ્ધ છે. એ સિવાય જો રાજાને

એક હજાર સુવર્ણ મુદ્રા આપવાને માટે અવકાશ નથી આપતો, તે નીતિનો પણ ભંગ કરું છું અને મહાત્મામાં અપયશ પણ થાય છે એમ વિચારીને, તેઓ રાજાને ફરી કહેવા લાગ્યા.—રાજન્ ! હજુ પણ સમજી જા, એક હજાર સુવર્ણમહોરો, તારે માટે કાશીમાં ક્યાંય હાથથી નથી, કે જે તું કાઢીને લાવી આપે ઉદ્યોગથી, એક મહિનામાં એક હજાર સોનામહોરો પ્રાપ્ત કરી લેવી મુશ્કેલ છે એટલા માટે હું તને ફરી સમજાવું છું કે, તારો અપરાધ કબૂલ કરી લે, જેથી તારું રાજ્ય પણ તારી પાસે રહે અને ઘર છોડીને દુઃખમાં પણ ન પડવું પડે તારી હઠને છોડી દે. તારી આ હઠ તને ખરાબ કરશે.

હરિશ્ચંદ્ર—મહારાજ, મારી તો કશી હઠ નથી હઠ તો આપની છે. આપ બતાવો કે, કષ્ટના ભય અને રાજ્યના લોભે હું સત્યને લોપ કરીને જુઠું બોલું અને જે કાંઈ અપરાધ નથી તેને અપરાધ માનું. એ કેમ બની શકે ? એમ કરવું એને ધર્મ કઇ રીતે કહી શકાય ? આ રાજ્યને આજ સુધી કોઈ પોતાની સાથે ન લઈ જઈ શક્યું અને હું પણ તેને મારી સાથે લઈ જવા માટે સમર્થ નથી. એના ઉપયોગનો આવો સુવર્ણ અવસર ફરી ક્યારે મળશે, કે આપના જેવા ઋષિને હું તે દાનમાં આપું અને માથા ઉપર એક હજાર સુવર્ણમહોરોનું ઋણ લઉં ? આપની કૃપાવડે મને કોઈ પ્રકારનું કષ્ટ થશે નહિ, બલ્કે ઋણની ચિંતાથી હું ઉદ્યોગી બની જઈશ. એટલી સોનામહોરો એક માસમાં ક્યાંથી આવશે એ વાત નહી, પરન્તુ ઉદ્યોગી માણસને કોઈ પણ કામ કોઇપણ સમયે મુશ્કેલ નથી, મેં તો એક મહિનાનો સમય માગ્યો છે

વિશ્વામિત્ર—ઠીક, તું તારી હઠને ન છોડ અને જો કે તારે કેવાં કષ્ટોમાં પડવું પડે છે અશ્વપતિ મહારાજા વિશ્વામિત્ર તને આજ્ઞા આપે છે કે, તું તારી સ્ત્રી અને પુત્રની સાથે, આજે જ આ નગરનો ત્યાગ કરી દે. તને તારી સાથે એક પણ પૈસાની કીમતની વસ્તુ લઈ

[કરવા]નો અધિકાર નથી. દક્ષિણાની બાબતમાં પણ, હું મારો નિર્ણય [જ]ણાવી દઉં છું કે, તું એક મહિનાની અંદર એક હજાર સોના-[મહો]રો મને આપી દેજે. એક માસથી, એક દિવસની પણ વધારે ઢીલ [કર]વાનો તને અધિકાર નથી. જો ત્રીશ દિવસોને બદલે એકત્રીશમો દિવસ [શરૂ] થયો અને તેં એક હજાર સોનામહોરો ન આપી, તો હું મારા [તપ]થી તને કુળ સાથે ભસ્મ કરી દઈશ. તને એ કહેવાની જરૂર નથી [કે] તપસ્વીનો શ્રાપ કદાપિ મિથ્યા જતો નથી.

વિશ્વામિત્રની વાત સાંભળીને, હરિશ્ચંદ્ર મક્કમ થયો અને કહેવા [લા]ગ્યો કે, આપની આજ્ઞા શિરોધાર્ય છે હું હવે આપની આજ્ઞા પાળવા [મા]ટે જાઉં છું અને આપને આ એક પ્રાર્થના કરૂં છું, કે અવધરાજ્યની [પ્ર]જાએ આજસુધી જે આનંદમાં દિવસો વ્યતીત કર્યાં છે. તે જ આનંદ [આ]પ પણ તેને પ્રદાન કરશો. અને એ નીતિનું અનુસરણ કરજો કે [જે]થી પ્રજા સુખી રહે. પ્રજાની બુદ્ધિ અલ્પ હોય છે, એથી તે રાજાને [આ]શ્રિત છે. રાજા તેના પિતા તુલ્ય છે, અને હંમેશાં તેના પાલનની [ચિં]તા કરે છે. પ્રજાથી અપરાધ થવો સ્વાભાવિક છે, એટલા માટે આપ [તે]ના પર દયા કરજો અને એવો ક્રોધ ન કરશો કે વાતવાતમાં તેને [બા]ળીને ભસ્મ કરી દેવામાં આવે નહિ તો પ્રજા બગડી જશે.

રાજાની આ વાત સાંભળતાં તો, વિશ્વામિત્રનો ક્રોધાગ્નિ ભભૂકી ઉઠ્યો. તેઓ કહેવા લાગ્યા—શું તું મને રાજ્ય કરવાનું શીખવે છે ? [illegible] એટલું પણ જ્ઞાન નથી કે, તને શીખવવાની જરૂર પડી ? [illegible] બનાવેલા નિયમો પ્રમાણે તેં અત્યાર સુધી રાજ્ય ચલાવ્યું છે. [illegible] તું શીખવવા માટે આજે તૈયાર થયો છે ! જાણતો નથી કે હવે [illegible] વિશ્વામિત્રનું [illegible]. વિશ્વામિત્ર જુનો જ [illegible] [illegible] પડી વિશ્વામિત્ર [illegible] ! તારે હવે રાજ્ય કે પ્રજાની ચિંતા [illegible] મેં વિષયમાં કંઈ પણ કહેવાની જરૂર નથી, [illegible]

મારગમાં જેમ આવશે તેમ કરશું. અમ મરણ. તમે હીકો આજે જશો અને કાલે આવો. આ જમાનાના અપરા નિયમો કાલે બદલી નાખવામાં આવશે અને તેને બદલે મહારાજા વિશ્વામિત્ર નવા નિયમો પ્રચલિત કરશે.

વિશ્વામિત્રની વાતોથી, સભાસદો પહેલેથી જ ક્રોધાયમાન થઈ રહ્યા હતા, એટલે આ વાત તેમને વધારે અસહ્ય થઈ પડી. તેઓ વિચાર કરવા લાગ્યા કે, આ હમણાં તો ભિખારી હતો, હમણાં જ રાજ્ય મળ્યું છે, રાજ્ય આપનાર પણ અત્યારે અહીં હાજર છે, એટલી જ વારમાં એની આ દશા છે, તો આગળ શું થશે? પોતાના દાતારની સામે પણ જેના કહેવા છતાં પણ શરમ કે ક્ષોભ થતો નથી, તો આગળ ઉપર તો તેને કોની પરવા રહેશે? એમ વિચારીને તેઓએ નિર્ભયતાપૂર્વક વિશ્વામિત્રને જવાબ આપ્યો કે, આપ જુના નિયમોને બદલે નવા નિયમો કઈ રીતે પ્રચલિત કરવા માગો છો? આપના નિયમો કોણ માનશે? આપ કોના પર રાજ્ય કરશો? આ સભા અને આ પ્રજા, જ્યાંસુધી મહારાજા હરિશ્ચંદ્ર અહીં છે, ત્યાંસુધી જ છે તેમનું અહીંથી પ્રયાણ થતા જ, સભા કે પ્રજા કોઈ રહેશે જ નહિ અમે લોકો દેશ વિદેશમા જઈને ભલે દુ:ખ ભોગવીએ, પણ આપના જેવા અન્યાયી રાજ્યમાં તો કદી રહેશું જ નહિ જેણે પોતાનું રાજ્ય આપનારની સાથે આ કઠોરતાનો વ્યવહાર કર્યો છે, તે અમારી સાથે સારો વ્યવહાર કેમ રાખશે? અમે એ જ મહારાજા હરિશ્ચંદ્રની પ્રજા છીએ કે, જેણે પોતાનું રાજ્ય આપી દેવામાં પણ સંકોચ ન કર્યો, તો અમને ઘરબાર આદિ છોડવામાં સંકોચ કેમ થશે? જો આપ અમારા પર રાજ્ય કરવા ઇચ્છો છો તો મહારાજા હરિશ્ચંદ્રે બનાવેલા નિયમો એ જ પ્રમાણે રાખો અને મહારાજા હરિશ્ચંદ્રને અહીંથી ચાલ્યા જવાની આપે જે આજ્ઞા આપી છે તે પાછી ખેંચી લો. એ બીજી વાત છે કે, મહારાજા હરિશ્ચંદ્રે બનાવેલા નિયમોમાં જો કોઈ દોષ હોય તો તેને આપ દૂર કરો, પણ એ નિય-

ભોને તદ્દન ફેરવી નાંખીને, આપ અમારા પર કદાપિ રાજ્ય કરી શકો નહિ. જે પ્રમાણે મહારાજા હરિશ્ચંદ્ર ચાલ્યા જશે, તે જ પ્રમાણે અમે પણ તેમની સાથે ચાલ્યા જઇશું. તેઓ રાજ્યના ભૂખ્યા નથી. આપ પ્રસન્નતાપૂર્વક રાજ્ય કરો, પરન્તુ તેમને અહીંથી ચાલ્યા જવાની આજ્ઞા ન આપો. હવે રહી આપની એક હજાર સુવર્ણમહોરો આપવાની વાત. અમે એ સુવર્ણમહોરો અમારી પાસેથી આપને આપી દઇએ છીએ. રાજ્યની સંપત્તિ તો અમારી સંપત્તિ પણ હોઇ શકે છે અને છે પણ, જ્યાં અમારી સંપત્તિ પર રાજ્યનો કાંઇ અધિકાર નથી. એટલા માટે, આપ એક હજાર સોનામોહોરો અમારી પાસેથી લઇને, મહારાજા હરિશ્ચંદ્રને ઋણમુક્ત કરો અને તેમને અહીં રહેવાની આજ્ઞા આપો. તેમણે ચલાવેલા નિયમોમાં, જે ખરાબ હોય, તેને કાઢી નાખવા ઉપરાંત બીજા કોઇ પ્રકારનું પરિવર્તન ન કરતા, આપ આનંદપૂર્વક રાજ્ય ચલાવો. અમારા આ કથન પ્રમાણે કાર્ય કરશો તો અમે આપને સહકાર આપી શકીએ છીએ, નહિતો કદાપિ એમ બની નહિં શકે.

આજના લોકો, જો કદાચ એ વખતે સભાસદ હોત, તો સ્વાભાવિક રીતે વિશ્વામિત્રની હા મા હા મેળવ્યા સિવાય, તેમની વિરૂદ્ધ બોલવાની હિંમત પણ ન કરત. તેમને તો પોતાના હોદ્દાના રક્ષણની ચિંતા રહેત, સત્ય અથવા પ્રજાનો પક્ષ તેમનાથી કદી ન લેવાત. તેઓ તો એ જ વિચારત કે, હરિશ્ચંદ્ર તો રાજ્યથી પદભ્રષ્ટ થયો છે. તેની જગ્યાએ આ રાજા થયો છે, માટે તેના જ કથનનું સમર્થન કરવામાં આપણો લાભ છે. હરિશ્ચંદ્ર તરફનું સમર્થન કરવામાં લાભ નથી, પરન્તુ એ વખતના સભાસદો સત્યપ્રિય હતા. સત્યની ખાતર તેઓ ધનસંપત્તિ અને માનપ્રતિષ્ઠાને તૃણવત્ સમજતા હતા. એ જ કારણે તેઓને વિશ્વામિત્ર જેવા ક્રોધી અને તપસ્વીના કથનનો વિરોધ કરવામાં પણ ભય ન થયો.

વિશ્વામિત્ર, સભાસદોની વાતો સાંભળીને પોતાની ક્રોધયુક્ત આંખ બનાવીને તેઓને ડરાવવા ઇચ્છ્યું, પણ તેઓ સત્યની શક્તિથી બળવાન હતા, એટલે વિશ્વામિત્રની આંખોથી કેમ ડરે ? વિશ્વામિત્ર તે લોકોને કહેવા લાગ્યા—દુષ્ટો ! તમને ખબર નથી કે હું કોણ છું ? મારી સામે તમારી આ કહેવાની શક્તિ ? જુઓ, હું તમને હમણાં શિક્ષા આપું છું, ત્યારે જ તમને ખબર પડશે કે વિશ્વામિત્રની અવજ્ઞા કરવાનું કેવું ફળ મળે છે ? તમારા લોકોનું કહેવું માનીને, જ્યારે હું હરિશ્ચંદ્રને અહીં રહેવા દઈશ, ત્યારે જ શું મારું રાજ્ય ચાલશે ? તેના રહેવાથી મારી સ્વતંત્રતા શું કાયમ રહેશે અને મારી આજ્ઞાઓનું સંપૂર્ણપણે પાલન થશે ? હરિશ્ચંદ્રને હું અહીં કદાપિ રહેવા દઈ શકું નહિ, તેમ તેના વચનના નિયમોને પણ રહેવા દઈ શકું નહિ

સભાસદ—ત્યારે અમે કહીએ છીએ કે, મહારાજા હરિશ્ચંદ્ર રાજ્યના ભૂખ્યા નથી, તેઓ રાજ્ય નહિ કરે, તેઓ તો કેવળ શાંતિથી બેસી રહેશે અને તેમના તરફની દક્ષિણા અમે આપીએ છીએ તો પછી આપ તેમને શા માટે રહેવા દેતા નથી ? આટલું થવા છતાં પણ આપ તેમને કાઢી મૂકો છો, તો એનો અર્થ એ છે કે આપ તેમને કષ્ટમાં નાખવા ઇચ્છો છો અને તેમની ગેરહાજરીનો લાભ લઈ, આપ પ્રજાને ત્રાસ આપવા માગો છો પરન્તુ આપ ધ્યાન રાખો કે આપની આ આશા દુરાશા માત્ર જ છે.

આ પ્રમાણે સભાસદોના મુખમાંથી જે નીકળ્યું, તે તેઓ બોલીને પોતપોતાના ઘર તરફ ચાલ્યા ગયા વિશ્વામિત્ર તેમના આ કથનથી વિચારવા લાગ્યા કે, મારા સામે કોઇની બોલવાની હિંમત પણ ચાલતી ન હતી, પરન્તુ આજે મારી શક્તિ ક્યાં અદૃશ્ય થઇ ગઈ ? આ લોકો સત્યના બળથી શક્તિવાન છે, એથી જ હું તેમને કાંઇ કરી શકતો નથી

વિશ્વામિત્રનો સભાસદો ઉપર તો કાંઇ પ્રભાવ પડ્યો નહિ, ત્યારે

તે હરિશ્ચંદ્ર પ્રત્યે જ ક્રોધિત બનીને કહેવા લાગ્યોઃ—કુટિલ! તેં ખૂબ માયાજાળ રચી છે. રાજ્ય આપીને દાની પણ બની ગયો, મને અપમાનિત પણ કર્યો અને હવે આ પ્રમાણે બીજાઓથી વિદ્રોહ કરાવીને, ફરીથી રાજ્ય લેવા ઇચ્છે છે! જો તને રાજ્યનો આટલો મોહ હતો, તો તેં પહેલાં આપ્યું જ શા માટે! કે હવે આ પ્રમાણે મને આ સભાસદો દ્વારા અપમાનિત કરાવી રહ્યો છે!

હરિશ્ચંદ્ર—મહારાજ, આપ બીજાના ઉપરનો ક્રોધ પણ મારા ઉપર જ ઉતારશો? હું આપની પાસે જ બેઠો છું, ક્યાંય ગયો પણ નથી કે પ્રજાને આપની વિરૂદ્ધ ઉત્તેજિત કરું. આવી સ્થિતિમાં મારો શો અપરાધ? મેં તો આપને પહેલેથી જ પ્રાર્થના કરી હતી કે, આપ શાન્તિથી કામ લો પરન્તુ મારી આ પ્રાર્થના પર આપ વધારે ક્રોધી બની ગયા. હવે મને આજ્ઞા આપો અને સંતોષ પામો. હું બનતાસુધી પ્રજાના વિચારો આપને અનુકૂળ બનાવવાના પ્રયત્નો કરીશ.

મહારાજા હરિશ્ચંદ્ર મહેલ તરફ વિદાય થયા. અહીં વિશ્વામિત્ર મનમાં વિચાર કરે છે કે શું મેં હરિશ્ચંદ્રને શિક્ષા કરી છે! નહિ, નહિ હું પોતે જ હરિશ્ચંદ્ર વડે શિક્ષા પામ્યો છું. મેં મારા જ મુખે હરિશ્ચંદ્ર પાસે શિક્ષા માંગી છે. મેં મારી સ્વતંત્રતા તેની પરતંત્રતાના બદલામાં લીધી છે. મારા ઇન્દ્રજાલનાદિ કાર્યોમાં, રાજ્યની પીડા ઉત્પન્ન થઇ છે. મેં પોતે જ મારા જ પગમાં રાજ્યની એ બેડીઓ પહેરી લીધી છે કે જેને હું મહામુશ્કેલીએ તોડી શક્યો હતો. મારી સ્વતંત્રતાનો ઉપભોગ તો તે કરશે, જાણે કે તેને અપ્સરાઓને બંધનમુક્ત કરવાનું ફળ મળ્યું હોય, અને તેની પરતંત્રતા હું ભોગવીશ! જાણે કે, મને તેમના ઉપર અનુચિત ક્રોધ કરવાની સજા મળી હોય. હરિશ્ચંદ્ર, ખરી રીતે તો તને જ ધન્ય છે, પરન્તુ હું પણ તને અંધકારમાં છોડી દઇને મારું અપમાન થવા દઇશ નહિ. જે કાર્યનો મેં આરંભ કર્યો છે, તેનો અંત જોયા વિના કદી હું પાછો હઠીશ નહિ.

પ્રકરણ ૧૨ મું

મિલન

વિશ્વામિત્ર પાસેથી મહારાજા હરિશ્ચંદ્ર મહેલ તરફ વિદાય થયા માર્ગમાં તેના મનમાં જે તર્ક વિતર્ક પેદા થયાં હતા તેનું વર્ણન કરવું મુશ્કેલ છે. તે વિચારે છે કે, આજે મારે એ રાણી પાસે જવાનું છે કે જેણે મને કહ્યું હતુ કે, સોનાની પૂંછડીવાળા મૃગશિશુને લાવ્યા વગર મારા મહેલમાં આવશો નહિ હું તેની ઇચ્છા પ્રમાણે આજસુધીમાં સોનાની પૂંછડીવાળું મૃગશિશુ લાવી શક્યો નથી અને આજે તે લાવ્યા વગર જ તેની પાસે જઇ રહ્યો છું, તો તે શું મારો તિરસ્કાર કરશે ? પરન્તુ એમ થવું તો સંભવિત નથી. રાણી એવી નિંદા કરનારી તો નથી, તેમ તે મારૂ અપમાન કરવા ઇચ્છતી નથી. જો એમ હોત તો આટલા વખતમાં તેણીના એવા વિચારો કોઇ ને કોઇ રૂપે અવશ્ય પ્રકટ થઇ શક્યા હોત. તેણીએ મારૂ અપમાન થાય એવી કોઇ વાત આજસુધી કરી નથી. એમ માલુમ પડે છે કે, તેણીએ મને તેના મોહ-પાસમાંથી મુક્ત કરવા માટે જ એમ કર્યું છે અને મને એવું અસંભવિત કામ સંભવિત કરી બનાવવાની શિક્ષા આપી છે કે, જેવી અસંભવિતતા સોનાની પૂંછડી વાળા મૃગના બચ્ચાને મેળવવામાં છે. રાણી, જો મારી કલ્પનાનુસાર જ તારા વિચારો છે, તો હું તારી પાસે સોનાની પૂંછડી વાળા મૃગના બચ્ચાને જ લઇને આવી રહ્યો છું. રાજ્ય આપવું એ સહેલું કામ નથી, છતા મેં તારી સહાયતાથી તેને સંભવિત કરી બતાવ્યું છે.શું તું મારા આ કાર્યને સોનાની પૂંછડીવાળું મૃગનું બચ્ચું માનીને સંતોષ પામીશ ? માન કે ન માન, સત્કાર કરે કે

તિરસ્કાર, હવે તો હું તારી પાસે આવું જ છું, પણ શું તું મારા આ કાર્યમાં સમ્મત થઇશ? તું એમ તો નહિ કહેને, કે અર્ધા રાજ્યની માલીક હું હતી. તમે મારા અધિકારનું રાજ્ય કેમ આપી દીધું? અથવા એમ તો નહિ કહેને કે રોહિત, જે રાજ્યનો ભાવી અધિકારી હતો, તેના અધિકાર ઉપર કુઠારાઘાત કેમ કર્યો? જો, તેં માગ આ કાર્યનો દ્રોહ કર્યો તો સમસ્ત પ્રજા તને સાથ આપીને વિદ્રોહ મચાવશે અને આ રીતે મારું નામ કલંકિત બનશે કે પોતાની સ્ત્રીને રાજ્યને માટે ધમકાવી. રાણી! હવે તો તારી પાસે આવું જ છું, હમણાં જ ખબર પડશે કે, મારી એ આશંકાઓ વ્યાજબી છે કે નિર્મૂળ! છતાં હું તને રાણી શા માટે કહી રહ્યો છું? હવે તો તું એ ગરીબની સ્ત્રી છે કે, જેની પાસે એક વખતનું ભોજન પણ નથી જેને રહેવા માટે ઘર પણ નથી, બલ્કે એવી દશામાં પણ જે એક હજાર સોના-મહોરોનો કરજદાર છે. તારા! આજ તું મને શું કહેશે? જે ઇચ્છા હોય તે કહેજે, મારે સાંભળવુ જ પડશે.

આ પ્રમાણે, ચિંતાસાગરમાં ડૂબકીઓ ખાતો હરિશ્ચંદ્ર રાણીના મહેલમાં આવ્યો. ત્યાં પહોંચતાં, દાસીઓ મારફત જાણ્યું કે, રાણી આ વખતે નજરના બગીચામાં છે. રાજા ચૂપચાપ બગીચામાં ગયો અને એક વૃક્ષની ઓથે બેસી રાણી તથા રોહિતનો ખેલ જોવા લાગ્યો. એ વખતે રાણી, રોહિત સાથે વિનોદ કરી રહી હતી અને સાથે જ તેને શિખામણ પણ આપતી જતી હતી તે રોહિતને પૂછી રહી છે—બેટા તું કોણ છે! ક્યા વંશનો છે! વગેરે. બાળક રોહિત, માતાના પ્રશ્નનો શો ઉત્તર આપે! ને મૌનપણે માતાના મુખ સામે જોવા લાગ્યો. પુત્રને આ પ્રમાણે પોતાની તરફ જોતો જોઈને રાણી કહેવા લાગી:—વત્સ, તું વીર બાળક છે અને વીર-વંશનો છે ઠીક, તું એ તો કહે કે, તું કોનો પુત્ર છે? તારા પિતાનો! બાળક આનો પણ શો જવાબ આપે!

ત્યારે ગણી જ કહેવા લાગી—"બેટા ! માતાનું કામ તો માત્ર જન્મ આપીને પાલન કરવાનું જ છે, પરન્તુ શક્તિ આપનાર તો પિતા જ છે હું, જે નારી માતા છું, તે પણ તારા પિતાની મરિયાદા છે એટલા માટે હમેશાં પિતાની આજ્ઞાનું પાલન કરવું, કદી ઉલ્લંઘન ન કરવું અને કોઈ દિવસ હૃદયમાં ભય કે કાયરતા લાવવી નહિ

બાળકના હૃદયપર માતાના શિક્ષણનો જે પ્રભાવ પડે છે, તે સ્થાયી હોય છે. જે શિક્ષણને, શિક્ષકો ઘણા વખત સુધીમાં પણ હૃદયમાં સ્થાયી નથી કરી શકતા, તે જ શિક્ષણને, માત્ર મહેનતમાં જ પોતાના પુત્રના હૃદયમાં સ્થાયી કરી શકે છે માતાના આપેલા શિક્ષણનો પ્રભાવ એવો હોય છે, કે જો માતા ધારે તો પોતાના બાળકને વીર બનાવે અથવા કાયર, મૂર્ખ બનાવે અથવા વિદ્વાન અને સચ્ચરિત્ર બનાવે કે દુશ્ચરિત્ર. માતા, બાળકને બાળપણમાં જ નહિ, બલ્કે માતાના ગર્ભમાં રહેવાના સમયથી જ, બાળક શિક્ષણ પ્રાપ્ત કરવા માંડે છે. યુરોપના અદ્વિતીય વીર નેપોલિયન બોનાપાર્ટને માટે ઇતિહાસકાર કહે છે કે, તેની માતાએ નેપોલીયન ગર્ભમાં આવતા જ, એવી ભાવના ભાવિ હતી કે, મારો પુત્ર સમસ્ત યુરોપને જીતનારો થાય એને માટે તે સંગ્રામમાં જઈને સંગ્રામ જોતી ઘોડાપર ચડીને એકલી વનમાં જતી, સ્મશાનોમાં જઈને ઉભી રહેતી અને એ પ્રમાણે પોતાના ગર્ભસ્થ બાળકને નિર્ભય થવાનું શિક્ષણ આપતી. તેના એ શિક્ષણથી બાળક પણ એવો વીર થયો કે જેણે આખા યુરોપ ઉપર પોતાની વિજયપતાકા ફરકાવી દીધી શિવાજીની માતાએ, રામાયણ અને મહાભારતની કથા સંભળાવીને પોતાના બાળકને વીરતાનું એવું શિક્ષણ આપ્યું કે, તે જ બાળક આગળ જતા એક મહાન દેશનો રાજા અને હિન્દુ ધર્મનો રક્ષક બન્યો સારાંશ એ છે કે માતૃશિક્ષણનો બાળકના જીવન ઉપર મોટો પ્રભાવ પડે છે જેઓની માતાઓ જ એવી કાયર છે કે, પાંદડું હાલવાથી ભૂતની બીક લાગે

છે અને સભ્યતા, ઉદારતા, નમ્રતા વગેરેનું જ્ઞાન પણ રાખતી નથી. તેમના બાળકો સદ્‌ગુણોનું શિક્ષણ ક્યાંથી પામી શકે ? અને એવી સ્થિતિમાં જો કદાચ બાળક કાયર, અસભ્ય તથા મૂર્ખ બને, તો એમાં આશ્ચર્ય શું ? અસ્તુ

રાણીની વાતો સાંભળી, રાજાની ઘણી ખરી શંકાઓ નાશ પામી તે મનમાં ને મનમાં કહેવા લાગ્યો—રાણી ! તને અત્યારે એ ખબર નથી કે, મેં તને કંગાળ બનાવી દીધી છે અને જે પુત્ર સાથે તું વિનોદ કરી રહી છે, તેના ભવિષ્યનું કાંઇપણ ધ્યાન રાખ્યું નથી. જોઉં છું કે, રાજ્ય આપી દીધાના સમાચાર સાંભળીને તું શું કહે છે ! પરન્તુ પ્રશ્ન તો એ છે કે, આ સમાચાર હું તારા સન્મુખ કયા હૃદયે આપું !

રાજા આ પ્રમાણે વિચાર કરી રહ્યો છે, એટલામાં જ રાણીની દૃષ્ટિ રાજા ઉપર પડી. પતિને આ પ્રમાણે ઉદાસ જોતાં 'એમને ફરી પાછો મોહ ઘેરી ન લે'—એવો વિચાર કરી રાણીએ રોહિતને સંબોધન કરતાં કહ્યું—બેટા, ચાલો જઇએ. તારે રમવા માટે સોનાની પૂંછડી-વાળું મૃગનું બચ્ચું તો લાવ્યા નહિ અને રમત જોવા માટે આવી ગયા. એમ કહેતી રાણી, રોહિતને લઇને ચાલવા લાગી મહારાજા હરિશ્ચંદ્ર મનમાં—રાણી ઉભી રહે, તારા માટે હું સોનાની પૂંછડીવાળું મૃગનું બચ્ચું લાવ્યો તો છું, પરન્તુ તું તે પસંદ કરીશ કે નહિ ?'—એમ કહેતા રાજા દોડીને રાણીના માર્ગમાં ઉભો રહ્યો અને રોહિતને ખોળામાં લઇ લીધો. રાણી મનમાં [illegible] સમજી રહી છે કે, એમને પુત્ર સ્નેહે સતાવ્યા છે, એટલે તે દિગમ્બર બનીને એમ કહેતી રહી, [illegible] [illegible] આવી કે, પુત્રને પણ લઇ લો. હું એકલી જ [illegible]. રાણીને આ પ્રમાણે નિર્ભયતાપૂર્વક જતી જોઇને, રાજાએ કહ્યું—પ્રિયે ! તારા [illegible] વિનોદ સમય નથી [illegible] [illegible]. હું [illegible] [illegible] [illegible] તેનું કારણ વિચારો. પતિની આ વાત સાંભળીને [illegible] [illegible]

ગઈ. તે વિચારવા લાગી કે, શું આજે પતિને કોઈ માનસિક દુઃખ થયું કે જેથી આ પ્રમાણે કહી રહ્યા છે? આવી સ્થિતિમાં જો હું તેમની પાસેથી ચાલી જાઉં, તો મને ધિક્કાર છે. રાણીને રોકાએલી જોઈ, રાજા પુનઃ કહેવા લાગ્યો —પ્રિયે જાઓ! આજનું મિલન, અનિશ્ચિત સમય માટે અંતિમ મિલન છે. હવે કોને ખબર છે કે ક્યારે મળીએ!

રાજાની આ વાતે તો રાણીને કંપાવી દીધી. તે એવી મૂંઝાઈ ગઈ કે, તેના રોમાંચ ખડા થઈ ગયા. તેણીએ જેવું જ પોતાનું મુખ ફેરવીને, પતિના મુખ સામે જોયું કે તુરત જ તે સમજી ગઈ કે આજે પતિનો ચહેરો વાદળાથી ઢંકાએલ ચંદ્રમા જેવો આટલો મલિન કેમ જણાય છે? તેમના ચહેરા ઉપરથી સ્પષ્ટ છે કે, તેમને આંતરિક પીડા છે. તે દોડીને પતિની પાસે આવી અને દીનતા બતાવતી, તેનો હાથ પકડી નમ્રતાપૂર્વક કહેવા લાગી —નાથ! આપે આ શું કહ્યું? આજનો મેળાપ છેલ્લો મેળાપ શા માટે છે? શું આ દાસી ઉપર આપ કોપાયમાન થયા છો? કે આપે કોઈ બીજી જગ્યાએ જવાનો વિચાર કર્યો છે? અથવા કોઈ બીજા કારણથી એવું કહેવું પડ્યું? પ્રભો! જલ્દી કહો, આપના આ કથનનો હેતુ શો છે?

રાણીની આવી નમ્રતા જોઈ, રાજા આશ્ચર્યચકિત બની ગયો. તે વિચારવા લાગ્યો કે, એક ક્ષણ પહેલાં જે રાણી નિષ્ઠુર બની રહી હતી, તે આ પ્રમાણે મારું દુઃખ જાણવા માટે કેમ વ્યાકુળ બની ગઈ! મેં અત્યારસુધી એ નિશ્ચય કરી લીધો નથી કે, રાણી સ્વચ્છંદચારી છે કે કુલવિનાશિની, ક્રૂર છે કે સરળ, અભિમાની છે કે નમ્ર! ક્યાં તો રીસાઈ હોય તેવી રીતે જરા પણ નહીં હતી, અને ક્યાં તે પાછી અત્યારે આ પ્રમાણે નમ્રતા બતાવી રહી છે! મારા પ્રતિ તેનો આટલો બધો પ્રેમ અને તે પણ સમજમાં નહિ. પરંતુ આ વખતે પતિ દુઃખમાં છે એમ જાણીને હું સમજું છું કે આ તો … જો હું દાન કરીને ન આવત તો શા … કે જેને હું …

સમજી ગયા હતા, તે કેમ જણાય કે તે પત્થર નથી પણ વાસ્તવમાં જીવનરત્ન છે,

રાજાને આ પ્રમાણે વિચારમગ્ન જોઇને, રાણીની વ્યાકુળતા વધારે વધી ગઇ. તે કહેવા લાગી—નાથ, આપ મૌન કેમ છો, મારા પ્રશ્નનો ઉત્તર કેમ નથી આપતા? શું આ દાસી તે વાતને સાંભળવા યોગ્ય નથી, જો એમ છે, તો થોડુંક તો કહો, કે જેથી હૃદયને કાંઇક સંતોષ થાય.

હરિશ્ચંદ્ર—પ્રિયે! એવી કઇ વાત હોઇ શકે, કે જે તમને સંભળાવવા યોગ્ય ન હોય, જો હું તમને જ ન સંભળાવું તો સંભળાવું કોને! અને તમે ન સાંભળો, તો પછી સાંભળશે કોણ? પરન્તુ હું એ વિચારું છું કે શી એવી સુખદાયક વાત છે કે હું તમને સંભળાવું! એ વાત તો એવી છે, કે જે સાંભળીને તમે દુઃખી થશો.

તારા—હૃદયેશ્વર, એ તો હું આપની મુખમુદ્રા ઉપરથી જ સમજી ચૂકી છું, કે કોઇ દુઃખદ વાત છે; પરંતુ હું આપની અર્ધાંગના છું, એટલે જો તે સઘળાં દુઃખને ન ઉઠાવી શકું, તો ઓછામાં ઓછું અર્ધું દુઃખ તો વહેંચી લઇશ. એટલા માટે આપ નિઃસંકોચ થઈ કહો.

હરિશ્ચંદ્ર—પ્રાણેશ્વરી! કર્તવ્યને આધીન થઈ, મેં રાજ્યવૈભવ સહિત, સમગ્ર પૃથ્વી વિશ્વામિત્રને દાનમાં આપી દીધી છે. એમણે મારી પાસે યાચના કરી, હું તેમની યાચના ખાલી જવા દઈને, સૂર્યવંશને કલંકિત કેમ થવા દઉં? હવે નથી તો આપણું ઘર રહ્યું, કે બાર' અને નથી એક ટંક ખાવાનું પણ રહ્યું' ઉપરાંત એક હજાર સોનામહોરોની દક્ષિણાનું આપણા માથા ઉપર કરજ રહ્યું છે.

તારા—પ્રાણાધાર! શું તેને જ આપ દુઃખની વાત માનો છો! શું આ જ વાત સંભળાવવામાં આપને સંકોચ થઈ રહ્યો હતો! હું તો સમજતી હતી કે, કોઇ એવી ભયંકર બની છે કે, જેને લીધે સૂર્યવંશની સાથે સાથે જ આપને પણ કલંક લાગવાની આશંકા છે. પ્રભો! એ તો મહાન હર્ષની વાત છે. આ સાંભળવાથી મને દુઃખ શા માટે થશે

સસાગર પૃથ્વીનું દાન, ઉપરાંત એક હજાર સુવર્ણમહોરોની દક્ષિણા, જે લેનાર વિશ્વામિત્ર જેવા ઋષિ, એથી વધારે સૌભાગ્યની વાત બીજી કઇ હોઇ શકે! નાથ! આજે આપે આ દાસીને કૃતાર્થ કરી દીધી, આજે મારું મસ્તક ગર્વથી ઉન્નત બન્યું છે કે મારા પતિ સસાગર પૃથ્વીના દાતા છે. સસાગર પૃથ્વીનું દાન કરનારને, રહેવા-ખાવાની ચિંતા હશે એ આશ્ચર્યની વાત છે! સ્વામી, રહેવા ખાવાની ચિંતા તો પશુ પક્ષી પણ કરતા નથી પછી આપણે તો મનુષ્ય છીએ. આપના અટલ સત્યના પ્રભાવથી, સર્વદા આનંદ ને આનંદ જ છે, આપ કોઇ જાતની ચિંતા ન કરો.

હજુસુધી, રાજાને ચિંતા હતી, કે રાણીને રાજ્યદાનની વાત અસહ્ય લાગી હશે. તે મહાન્ વિપત્તિની કલ્પનાથી કંપી ઉઠશે અને મારા આ કાર્યનો વિરોધ કરશે, પરન્તુ રાણીની વાતોને સાંભળતા જ, રાજાની ચિંતા એકદમ ઉડી ગઇ. તેની જગ્યાએ પ્રસન્નતાની ઝલક દેખાવા લાગી. તે મનમા ને મનમા કહેવા લાગ્યો—તારા, હું તને આજે જ ઓળખી શક્યો છું. હું જાણતો ન હતો કે તું મહાનુભૂતિની સાક્ષાત્ મૂર્તિ છે. મેં રાજ્યનું દાન નથી કર્યું, બલ્કે તેનો આ તારા રૂપી ત્રિલોકની સાક્ષાત્ સંપત્તિ સાથે બદલો કર્યો છે પરન્તુ તારા, હમણાં જ તારી બીજી એક પરીક્ષા બાકી છે.

હરિશ્ચંદ્રે તારાને કહ્યું:—પ્રાણવલ્લભે! તમે મારા આ કાર્યનો વિરોધ ન કર્યો, તે માટે હું તમને ધન્યવાદ આપું છું કારણ કે આગળ જતા એવી એવી સ્ત્રીઓ થશે કે જેઓ, જો પતિ કોઇ આફત વખતે તેઓનું એક સાંકળું વેચી દેશે, તો તેઓ તેમનો વિરોધ કરશે, તેમને અપમાનિત કરશે અને ઘરમા કલેશ મચાવી દેશે.

તારા—આર્યપુત્ર! શું હું સુખની જ સાથીદાર હતી? શું હું રાજ્ય સાથે પરણી હતી કે આપની સાથે? જો આપને પરણી હતી, તો મારે માટે આપ મોટા છો કે રાજ્ય? અને જો રાજ્ય આપે દાનમા

આપ્યું છે, તે શું મેં દાનમાં નથી દીધું? તો પછી હું વિરોધ શા માટે કરું? ભવિષ્યની સ્ત્રીઓ પૈકી, જેઓ પોતાને પતિની અર્ધાંગના‌ઓ માનશે, તેઓ તો કદી પતિના કોઈ ઉચિત કાર્યનો કદી પણ વિરોધ નહિ કરે, અને જેઓ પતિની અપેક્ષાએ સંપત્તિને વધારે મૂલ્યવાન સમજશે, તેઓ પતિ જો કોઈ ઉચિત કાર્યમાં પણ સંપત્તિનો વ્યય કરશે, તો પણ તેનો વિરોધ કરશે. છતાં એવી સ્ત્રીઓમાં પણ જેઓ બુદ્ધિશાળી હશે, તેઓ મારા ચરિત્રથી કાંઈ ને કાંઇ શિખામણ લેશે જ.

હરિશ્ચંદ્ર—પ્રિયે! તમને, તમારા કુળને અને તમારા માતા-પિતાને ધન્ય છે, કે જેમની તમે પુત્રી છો. એ નગરને ધન્ય છે કે જ્યાં તમારો જન્મ થયો છે. તે સાથે હું પણ ધન્ય છું કે જેને તમારા જેવા સ્ત્રીનો પતિ બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે.

તારા—નાથ, મર્યાદાથી વધારે પ્રશંસા કરવી, એ જેની પ્રશંસા કરવામાં આવે છે તેનું અપમાન છે. એટલે હવે આપ ક્ષમા કરો અને આ સેવિકાની એવી પ્રશંસા ન કરો, કે જે યોગ્ય નથી.

હરિશ્ચંદ્ર—ઠીક, પ્રિયે! હવે આવી વાતોમાં વધારે વખત કાઢવો ઉચિત નથી. કેમકે મારે આજે જ અહીંથી જવાનું છે, અને એક મહિનાની અંદર જ વિશ્વામિત્રના ઋણથી મુક્ત થવાનું છે. જો આ મુદતમાં હું ઋણમુક્ત થઇ ન શકું, તો વિશ્વામિત્ર શ્રાપ આપીને મારા કુળનો નાશ કરશે. હું બરાબર સમજુ છું કે, ઋણમુક્ત થવાના સમય સુધી, હું તમને તમારા પિતાને ત્યાં પહોંચાડી દઉં.

રાજાની આ વાત સાંભળી, તારાને વજ્રાઘાત સમું દુઃખ થયું. પરન્તુ તેણે પોતાની આ મનોવેદનાને ધૈર્યથી દબાવતાં કહ્યું—પ્રભો! આપ મને પિતાને ઘેર કેમ મોકલો છો! શું અહીં રહીને, ઋણમુક્ત બનવાનો કોઈ ઉપાય નથી કરી શકાતો!

હરિશ્ચંદ્ર—ના, પ્રિયે! હું હવે અહીં વધારે રહી શકું નહિ, કારણ કે વિશ્વામિત્રની આજ્ઞા, આજે જ રાજ્યથી બહાર જવાની છે.

તારા—સ્વામિન્, તો આપે ક્યાં જવાનો વિચાર કર્યો છે ?

હરિશ્ચંદ્ર—કાશી સિવાય બીજું કોઈ એવું સ્થાન નથી કે રાજ્યની બહાર હોય !

તારા—પછી શું હું કાશી ન આવી શકું ?

હરિશ્ચંદ્ર—પ્રવાસ અને વનનાં દુ:ખ તમે સહન કરી નહિ શકો એટલા માટે તમારે તમારા પિતાને ઘેર જ જવું સારું છે.

તારા—જીવનસર્વસ્વ, આપ વિચારો કે આપના રાજ્યની બહાર ચાલ્યા જવાથી, અને મારા આજ રાજ્યમાં પિતાને ઘેર રહેવાથી વિશ્વામિત્રની આજ્ઞાનું પૂર્ણ રીતે પાલન કેમ થશે ? હું આપની અર્ધાંગના છું. મારા અહીં રહેવાથી, આપનું અર્ધું અંગ રાજ્યથી બહાર ગયું અને અર્ધું અંગ તો અહીં જ રહ્યું. એ ઉપરાંત, જે કષ્ટો આપ સહન કરી શકો, તે કષ્ટોને હું કેમ સહન ન કરી શકું ? અર્ધું અંગ કષ્ટ સહે અને અર્ધું અંગ સુખમાં રહે, એ ક્યાંનો ન્યાય ? નાથ, હું બીજું બધું સાંભળી શકું છું, પણ આ વાત આપ ન સમજાવો. છાયા કાયાની સાથે, કુમુદિની જળની સાથે, ચંદ્રિકા ચંદ્ર સાથે અને પત્ની પતિની સાથે જ રહેશે, જુદી નહિ. મને આપની સાથે રહેવામાં આનંદ છે, જુદા રહેવામાં નહિ. આપની સાથે રહેવામાં મને કષ્ટ પડશે, તે મારા માટે કષ્ટ નહિ, પણ સુખ છે. પરન્તુ આપથી જુદા રહેવાથી, સુખ પણ મારા માટે કષ્ટ જ છે. આપના વિના સ્વર્ગને પણ તિલાંજલી આપી શકું છું પરન્તુ આપની સાથે નરકમાં પણ, હું આનંદ જ માનીશ. જળમાંથી બહાર કાઢેલી માછલીને જે સઘળી આનંદદાયક વસ્તુઓ પોતાના જીવન-જળ વગર સુખદાયક નથી લાગતી, તેજ રીતે સ્ત્રીનું જીવન, જે પતિ છે, તેના વિના સ્ત્રીને પણ સઘળું સુખ, દુ:ખ જ છે. મારા માટે આપની સેવા એ જ સુખ છે એવો યોગ ન મળવો એ જ મારા માટે દુ:ખનું કારણ છે. એટલે હે !

પ્રભો, આ દાસીને આપ આપની સેવાથી વેગળી ન કરો. બાકી જેમ કરવું હોય તેમ કરો.

હરિશ્ચંદ્ર–પ્રાણપ્રિયે, હમણાં તમારે મારી સાથે આવવું ઉચિત નથી. હું જ્યાં જઇ રહ્યો છું, ત્યાં રહેવા માટે કોઈ નિશ્ચિત સ્થળ પણ નથી, કે કોઇ ઉદ્યોગનો પ્રબંધ પણ નથી. તે એટલે સુધી કે એક ટંકનું ભોજન પણ પાસે નથી. આવી દશામાં હું તમને મારી સાથે લઇ જઇને કષ્ટમાં પાડવા ઇચ્છતો નથી એ ઉપરાંત તમે સ્ત્રી છો, સ્ત્રી જાતિ સ્વાભાવિક રીતે સુકોમળ છે. તૃષા, ક્ષુધા, માર્ગનાં દુઃખો વગેરે સહન કરવા યોગ્ય સ્ત્રીઓ હોતી નથી. કદાચ તમે માર્ગમાં એ દુઃખો સહન પણ કર્યાં, તો કાશી પહોંચીને હું તમારા ખાવા, રહેવા વગેરેની ચિંતા કરું કે ઋણમુક્ત થવાની? આ બધી બાબતો ઉપર વિચાર કરી, તમારે આ વિચારોને બદલી, તમારા પિતાને ત્યાં રહેવું ઉચિત છે. જો કે વિશ્વામિત્રે મારી સાથે જ તને પણ રાજ્યમાંથી ચાલી જવાની આજ્ઞા આપી છે, પરન્તુ એમની પાસે હું માગી લઇશ, કે તમારે માટે ચાલ્યા જવાનો હુકમ તેઓ પાછો ખેંચી લે અને તમને તમારા પિતાને ત્યાં રહેવાની રજા આપે.

તારા—પ્રાણનાથ, હું આપને પહેલાં જ પ્રાર્થના કરી ચૂકી છું, કે આપની સેવા વિના એક ક્ષણ પણ હું રહી નહિ શકું. મેં જે દુઃખો વેઠ્યાં નથી, તે દુઃખો વેઠવામાં આપ શાથી જાણો છો કે, જે આપ તેને વેઠી શકશો અને હું વેઠી નહિ શકું? જો આપ તે સહન કરવાને સમર્થ બનશો, તો હું શા માટે સમર્થ બની નહિ શકું? હવે રહ્યો માત્ર મારાં ખાવા-પીવાનો પ્રશ્ન, પણ આ પ્રશ્ન તો આપને માટે પણ છે. એટલે જે પ્રમાણે આપ ગુજારો કરશો, તે પ્રમાણે હું પણ કરીશ. બાકી આપે જમી લીધા પછી પણ હું ભોજન લઈશ. વિના આપની સેવા કરી રહું છું એટલું જ નહિ, પણ વન-વન ભમતાં, નિદ્રા લીધા વગર આપની સેવા કરી શકું છું પ્રભો! આપની ચિંતા

આનો જ માત્ર નથી, મને પણ તેની ચિંતા છે. કેમકે તે અનુપ અપી રામની આખી હું પણ છું. સુખ વખતે અને લાભમાં તો પત્ની પતિની સાથે રહે અને દુઃખ તથા હાનિ વખતે પતિથી અલગ રહે, એ મનુષ્યોચિત કાર્ય નથી. કોઈ કવિએ કહ્યું છે.—

प्रारम्भे कुसुमाकरस्य परितो, यस्योल्लसन्मञ्जरी ।
पुञ्जे मञ्जुलगुञ्जितानि रचय-स्तानातनोरुत्सवान् ॥
तस्मिन्नद्य रसालशाखिनि दशां, दैवात् कृशामञ्चति ।
त्वं चेन्मुञ्चसि चञ्चरीक! विनय, नीचस्त्वदन्योऽस्ति कः ॥

અર્થાત્—હે ભ્રમર, વસંત આવતાં જ જ્યારે આંબામાં કળીઓ ખીલી ઉઠી, ત્યારે તો તે તેની ચારે બાજુ મધુર ગુંજારવ કરતાં કરતાં, ખૂબ મજા લીધી. હવે દૈવવશાત્ આંબાના વૃક્ષને કૃશ થઈ જતાં-પુષ્પ-રહિત થઈ જતાં, જો તું તેની સાથે પ્રેમ નહિ રાખે, તો તારાથી વધારે નીચ બીજું કોણ હોય!

સ્વામી, જ્યારે ભ્રમર પણ એવું કરવાથી નીચ ગણાય છે, તો પછી મનુષ્ય અને ખાસ કરીને પત્નીનો એવો વ્યવહાર કેમ કરીને ઉચિત કહી શકાય? નાથ, હું ક્ષત્રિય કન્યા છું, વીરપત્ની છું અને વીરમાતા છું. કષ્ટોના ભયથી, હું આપની સેવાનો ત્યાગ કદી કરી શકતી નથી. પ્રાણવલ્લભ, ક્ષત્રિય લોકો આપવાનું જાણે છે યાચના કરવાનું જાણતા નથી. યાચના કરવી એ ક્ષત્રિયોચિત કામ નથી છતાં, આપ મારા રહેવાને માટે, વિશ્વામિત્ર પાસે ભીખ માગો, એ સૂર્યવંશી રાજા અને સસાગર પૃથ્વીના દાતાને માટે તો વધારે કલંકની વાત છે. આપ મારે માટે વંશને કલંક લગાડો, તે તો તદ્દન અનુચિત છે. એટલા માટે, કૃપા કરીને આપ એવી નિષ્ઠુર આજ્ઞા ન આપતા, આ દાસીને આપની સેવામાં સાથે જ રાખો. આ સેવિકા, આપની સેવા વગર તેનું જીવન ટકાવી નહિ શકે, તેમ પતિ વિયોગની અપેક્ષાએ મૃત્યુને પણ ખરાબ ... નથી

હરિશ્ચંદ્ર—પ્રિયે, સોનાની પૂંછડીવાળા મૃગશિશુને હું ન લાવું ત્યાં સુધી તમે મને મહેલમાં આવતો પણ રોકયો હતો એ કયાં! અને અત્યારે આ પ્રમાણે સાથે આવવાનું કહી રહ્યા છો એ કયાં?

તારા—નાથ, એ વાત તો હું ભૂલી જ ગઇ હતી. આપે એ વાતને ઠીક યાદ આપી. આપ સોનાની પૂંછડીવાળા મૃગશિશુને લઇને જ અહીં પધાર્યા છો, એથી મારી પ્રતિજ્ઞા પૂરી થઇ ગઇ. શું રાજ્યનું દાન કરવું એ કોઇ સાધારણ કાર્ય હતું? આપે, આ સોનાની પૂંછડીવાળા મૃગ-શિશુના જેવું અસંભવિત કામ સંભવિત કરી બતાવ્યું, પછી હવે મારી પ્રતિજ્ઞા અપૂર્ણ કેમ કહી શકાય? પ્રભો! મેં આપની સાથે જે નિષ્ઠુરતાનો વ્યવહાર કર્યો હતો, તે એ હેતુથી કે, આપ અસંભવિત કાર્યને પણ સંભવિત કરી બતાવો. મારી આ અભિલાષા પૂર્ણ થઇ. હવે હું આપની પાસે એ નિષ્ઠુર વ્યવહારની ક્ષમા માગું છું.

હરિશ્ચંદ્ર—તારા! હું આજ તમને ઓળખી શક્યો કે, તમે કોણ છો, મારા પ્રતિ તમારા હૃદયમાં કેવા ભાવ છે અને મારા હિતને માટે તમે તમારા સ્વાર્થને કેવી રીતે ઠોકર મારી શકો છો! કોઇ બીજી સ્ત્રી, તમારી બરાબરી કરવા માટે, યુવાવસ્થાનાં પતિસુખ છોડવાના ભાવ આ પ્રમાણે ત્યાગ બતાવવામાં કદાપિ સમર્થ નથી થતી. રાણી! જો કે, મેં મારા રાજ્યનું દાન કરી દીધું છે, તથાપિ તેના ફળસ્વરૂપે તમે મને પ્રાપ્ત થયાં છો. તમે મારે માટે અમૂલ્ય છો, મારી દૃષ્ટિમાં સંસારની કોઇપણ વસ્તુ તમારા મૂલ્યની બરાબર નથી. સાંસારિક લોકોનો એવો નિયમ છે કે વિદેશગમન વખતે મૂલ્યવાન પદાર્થોને પોતાની સાથે ન રાખતાં કોઇ જગ્યાએ સુરક્ષિત રાખી મૂકે છે. એ જ પ્રમાણે હું પણ તમારા વિપત્તિકાળમાં તમને સુરક્ષિત રાખવા માટે અહીં છોડું છું.

તારા—સ્વામી, આપ બીજું બધું કહેજો, પણ મને આપની સેવાથી દૂર રહેવાનું કદાપિ ન કહો. દુઃખને વખતે જે સ્ત્રી પોતાના

પતિની દુઃખે પરન્તુ દુઃખને વખતે જે સ્ત્રી સુખને માટે પ
સાથ છોડી દે છે તે સ્ત્રી નહિ પણ સ્ત્રી જાતિનું કલંક છે. જો
મારી પ્રશંસા કરી! ફરી આ રીતે મને અપમાનિત કરી હેય. ત
નામની ગણના પણ એવી કલંકિત સ્ત્રીઓમાં જ કરાવવી હેય
આપની ઇચ્છા હોય તેમ કરો; નહિ તો, આ દાસીને સાથે રાખ
જુઓ કે, આ આપની કેવી સેવા કરે છે!' એ વખતે આપને એ
પરીક્ષા થઇ જશે કે આ રમી આપની અર્ધાંગના કહેવડાવવા યે
છે કે નહિ! પ્રભો! આપે જે દૃષ્ટાન્ત આપ્યું છે તે પ્રમાણે પણ વિ
ત્તિને વખતે મૂલ્યવાન પદાર્થોને રક્ષણ કરવાને માટે સાથે રાખવા
આવે છે, ખાડી દેવામાં આવતા નથી મૂલ્યવાન પદાર્થો પણ વિપત્તિ
સહાયતાને માટે હોય છે. તેઓને સુરક્ષિત રાખીને, વિપત્તિ સ
કરવાના ભાવ એ ન નીતિવિરુદ્ધ સિદ્ધાન્ત છે નાથ! આ દુઃખિત
... પતિ વિયોગનું દુઃખ અસહ્ય છે અને તે પણ કષ્ટને વખતે.
શરીરની છાયા તે આપની જ સાથે છે આજસુધી રાજ્યસુખ ભો
વવામાં આ મહિલા જે પ્રમાણે આપની સહયોગિની રહી છે તે
પ્રમાણે કષ્ટ ભોગવવામાં પણ સહયોગિની રહેશે પતિ-પત્નીનો સંબ
જ સહયોગને માટે હોય છે. એટલે મને આ વખતે આપના સહયોગ
વંચિત ન રાખો. હું મારે લીધે આપને કોઇ પણ પ્રકારનું દુઃખ ન
થવા દઉં. બલ્કે જે કષ્ટ પડશે, તેમાંથી અર્ધું હું વહેંચી લઇશ જે
ધાતુની પરીક્ષા તેના બળવાથી થાય છે. તે જ પ્રમાણે સ્ત્રીની પરીક્ષા
દુઃખમાં થાય છે. સુખને વખતે તો સ્ત્રીને પતિભક્ત બનવું એ
ખાસ મહત્ત્વની વાત નથી તેની જ પતિભક્તિની પરીક્ષા પતિના સંક
કાળમાં જ થાય છે. એટલા માટે આપ દયા કરીને મને આ કષ્ટ રી
સુસંયોગથી દૂર ન રાખો હું મારે માટે આપને કાંઇ નહિ થવા દઉં
હું પોતે જ કષ્ટ વખતે સ્વાવલંબન ગ્રહણ કરીશ આટલું છતાં પણ
જો આપ મારી પ્રાર્થના નહિ સ્વીકારો, તો મારા માટે મૃત્યુનું આલિંગન
અનિવાર્ય બની જશે

હરિશ્ચંદ્ર, મનમાં ને મનમાં તારાની પ્રશંસા અને પોતાનાં ભાગ્યની શ્લાઘા કરતો કહેવા લાગ્યોઃ—એક તરફ તે સ્ત્રીઓ છે, કે જેઓ દુઃખ વખતે પતિથી વિખુટી પડીને સુખપૂર્વક રહેવામાં પ્રસન્નતા અનુભવે છે બીજી તરફ એક તારા છે, કે જેણે સુખ વખતે તો મને પોતાનાથી દૂર રાખ્યો, પણ દુઃખ વખતે તે મારાથી દૂર રહેવા ઇચ્છતી નથી. કદાચ કોઈ બીજી સ્ત્રી આવે વખતે કહેવામાં આવત કે, તમે દુઃખમાં સાથે ન રહો, પણ સુખમાં રહો, તો તે પ્રસન્ન થઈને કહેત કે, સારૂં થયું કે મને આ દુઃખથી છૂટકારો મળ્યો; પરન્તુ ધન્ય છે તારાને કે, જેને હું આટલું સમજાવું છું, છતાં પણ તે આ આપત્તિકાળમાં પણ મારી સાથે જ આવવા ઇચ્છે છે.

રાજાએ જ્યારે જોયું કે, તારા કોઈરીતે પણ મારો સાથ નહિ છોડે, ત્યારે તેણે તેને વધારે સમજાવવું બીનજરૂરી લાગ્યું. તેણે કહ્યું— તારા, જો તમારી એવી જ ઇચ્છા છે, તો વિલંબ ન કરો, સાથે એક કોડી પણ લેવાની જરૂર નથી, બલ્કે વસ્ત્ર પણ એટલા સાધારણ જ હોય કે જેના વિના ન ચલાવી શકાય. રોહિતના શરીરપર પણ કોઈ મુલ્યવાન વસ્ત્રાભૂષણ ન રહે. તેનાં વસ્ત્ર પણ એવા જ સાધારણ હોય કે જેવા સાધારણ મેં જણાવ્યાં છે.



પ્રકરણ ૧૩ મું

પ્રજા અને વિશ્વામિત્ર

જે રાજા, પ્રજાનું પુત્રવત્ પાલન કરે છે, પ્રજા તેના દુઃખમાં અને તેનાં સુખમાં સુખી રહે છે. જેનું કાર્ય ન્યાય અને ધર્મથી હોતું નથી તે રાજાને પ્રજા પણ પોતાના પિતાતુલ્ય સમજે છે એવા રાજાના દુઃખે પ્રજા પણ દુઃખી તથા સુખે સુખી રહે છે. પડતાં, એવા રાજાને માટે પ્રજા, પોતાનું તન, ધન અને પ્રાણ પણ સમર્પણ કરવામાં પોતાનું અહોભાગ્ય માને છે. સારાંશ એ છે, રાજાને પ્રજા પ્રિય છે, તેની પ્રજાને તે પણ પ્રિય છે. એથી ઊ જે રાજા, પ્રજાનું ધન ચૂસી કષ્ટમાં નાખે છે, તેના સુખ અને કષ્ટોની ઉપેક્ષા કરે છે અને કેવળ પોતાના જ આનંદમાં આનંદ છે, તેની પ્રજા પણ, રાજા પ્રત્યે સદ્ભાવ રાખતી નથી પણ તે હ રાજાને ધિક્કાર્યાં કરે છે તથા એવા રાજાથી છૂટવાની ઇચ્છા રાખે આ ઉપરથી એ સિદ્ધ થાય છે કે, રાજા જે પ્રમાણે ધારે પ્રજાને બનાવી શકે છે. ધારે તો તે પોતાને અનુકૂળ બનાવે અથવા પ્રતિકૂળ બ

વિશ્વામિત્રથી વિદાયગીરી, સભાસદો સભા છોડીને ઘર આવતા આખા નગરમાં આ સમાચાર વિજળીની માફક પ્રસરી ગયા કે અ રાજાએ રાજવૈભવ સહિત, સસાગર પૃથ્વીનું દાન વિશ્વામિત્રને સ દીધું અને વિશ્વામિત્રે, રાજાને નગર છોડી જવાની આજ્ઞા આપી મહારાજા હરિશ્ચંદ્ર, થોડા જ સમયમાં, જેમ પોપટ પાંજરાને છોડી દે જાય, તેવી રીતે આ નગરમાંથી ચાલ્યા જનાર છે આ ભયંકર સ માટે, બધાં નગરનિવાસીઓમાં ખળભળાટ મચાવી દીધો. પ્ર

હરિશ્ચંદ્રના વિરહથી થનાર દુઃખનું અનુમાન કરી અને તેના ન્યાયી રાજ્યનું સ્મરણ કરી, જેમ જળમાંથી બહાર કાઢવામાં આવેલી માછલી તરફડે, તેમ વ્યાકુળ બની ગઇ. લોકોનાં ટાળેટાળાં જગ્યાએ જગ્યાએ એકઠા થઇને, એ જ વિષયની ચર્ચા કરવા લાગ્યા કે, રાજાએ તો આ રાજ્યરૂપી પરતંત્રતાથી પોતાને સ્વતંત્ર કરી લીધા, પણ અમારી શી દશા થશે? એ વિશ્વામિત્રને ધિક્કાર છે કે, જેને ઋષિ બનીને રાજ્યસુખનો લોભ થયો, એ નિર્દયીને રાજા પાસેથી રાજ્ય ઝુંટવી લઇને, તેમના પર એક હજાર સોનામહોરોનું કરજ લાદતાં. શરમ પણ ન આવી એ ઋષિ કરતાં તો અમે ગૃહસ્થી પણ સારા છીએ કે, છળ પ્રપંચ કરીને કોઇની માલમત્તાનું હરણ કરતાં નથી. એ પાપી ઉપર વજ્ર પણ ન પડયું! રાજા સાથે એવા વ્યવહાર કરતી વખતે, તેનું હૃદય કેમ ન ફાટી ગયું! અને જે જીભથી તેણે, રાજા પાસે રાજ્ય માંગીને તેમને દક્ષિણાના કરજની જાળમાં ફસાવ્યા, તથા નગર છોડી ચાલ્યા જવાની આજ્ઞા આપી, તે જીભ પણ કેમ કપાઇ ન ગઇ!

આ પ્રમાણે, તે વખતે પ્રજાજનો વિશ્વામિત્રને ગરિ જેમ ફાવ્યું તેમ બોલવા લાગ્યા. પ્રજાને વ્યાકુળ અને વિશ્વામિત્ર પર ક્રોધિત થએલી જોઇ, પ્રજામાંના કેટલાક બુદ્ધિમાન લોકોએ કહ્યું—એ વિશ્વામિત્ર ઉપર ક્રોધ કરીને, તેમને દુર્વાક્ય કહેવાથી, આપણને પણ કાંઈ લાભ નથી, તેમ રાજાને પણ કાંઇ લાભ નથી. રાજાએ રાજ્યનું દાન કરીને પોતાનું કર્તવ્ય બજાવ્યું છે. જો આપની દૃષ્ટિમાં રાજા નિર્દોષ છે તો કોઇ એવું કામ કરવું જોઇએ કે, જેથી રાજાને કાંઇક સુખ મળે. અમારી સમજણ પ્રમાણે તો આ વખતે વિશ્વામિત્ર પાસે જઇને, તેમની સાથે આ વિષયમાં વાતચીત કરી લઇએ કે જો કદાચ તેઓ, રાજા ઉપર જે કરજ છે, તે આપણી પાસેથી લઇને તેમને કરજથી મુક્ત કરે, તથા જો તેમનો કાંઇ અપરાધ થયો હો તો, તે પણ લઇને, રાજાને તેમની ઇચ્છાનુસાર સ્થાન પર રહેવા દેવાની સ્વતંત્રતા આપે, તો કોઇ રાજાને બહુ

કોઈક કાળે થાય અને આપણી મહતુમુનિનો પણ પરિચય મળે.

બુદ્ધિમાનોની આ વાત લોકોને પસંદ પડી. પ્રજામાંથી ચૂંટાએલા મુખ્ય આગેવાનોનું એક ડેપ્યુટેશન બનાવી, વિશ્વામિત્ર પાસે મોકલવામાં આવ્યું. આ ડેપ્યુટેશનની પાછળ પાછળ પ્રજા પણ ચાલી. પ્રજાના આ ટોળામાંથી કોઈ બોલતું હતું કે, રાજાને માટે આટલું ધન આપી શકું છું, કોઈ બોલતું હતું કે, હું આટલું આપી શકું છું વળી કોઈ કહેતું હતું કે, હું મારું સર્વસ્વ, તે એટલે સુધી કે મારો પ્રાણ પણ રાજાને માટે અર્પણ કરવા તૈયાર છું. અસ્તુ.

વિશ્વામિત્ર ચિંતામગ્ન નિર્જનમાં બેસી વિચાર કરી રહ્યા હતા કે, હાય! હું શું કરવા આવ્યો હતો અને શું થઈ ગયું? મેં ધાર્યું હતું કે, હું હરિશ્ચંદ્રનું માનમર્દન કરીશ, તેને અપરાધ કબુલ કરાવી શિક્ષા આપીશ અને એ રીતે માન તપોબળના પ્રભાવ તેના પર પાડીને ભવિષ્યમાં કોઈ ઋષિની અને ખાસ કરીને મારી અવજ્ઞા ન કરવાની પ્રતિજ્ઞા કરાવીશ. મેં મારા જ હાથે મારું માનમર્દન કરી નાખ્યું. મારા જ મુખે મેં મારે માટે શિક્ષા માગી લીધી અને હું પોતે જ હરિશ્ચંદ્રના સત્યથી પ્રભાવિત બની ગયો. એ જ હું છું, કે જે વૃક્ષોની છાયામાં રહેનાર, ભિક્ષાથી નિર્વાહ કરનાર આજે ચક્રવર્તી રાજા બનવા તૈયાર થયો છું અને એક સસાગર પૃથ્વીના અધિપતિ મહારાજા હરિશ્ચંદ્ર છે, કે જેણે પ્રસન્નવદને પોતાનું સર્વસ્વ મને આપીને ઉપરથી કરજનો બોજો માથે ચડાવ્યો અને અત્યારે વનવાસીના વેશમાં ચાલી ગયો છે. અમારા બંનેમાં વિજયી કોણ થયું? હું કે હરિશ્ચંદ્ર? એક તો આ રાજ્ય રૂપી જેલથી છૂટીને સ્વચ્છંદ તથા સ્વતંત્ર બની ગયો અને બીજો પોતાની સ્વચ્છંદતા તથા સ્વાધીનતાને ક્રોધસાગરમાં ડુબાડી, આ રાજ્ય રૂપી જેલમાં પોતાની મેળે જ આવીને કેદી બની ગયો! તપોબળ અને સત્યબળના સંગ્રામમાં, કોને પરાજય મળ્યો? હરિશ્ચંદ્ર! મારું તપોબળ તમારા સત્યબળથી પરાભવ પામ્યું; પરન્તુ હું સહજમાં જ

મારા તપોબળને કલંકિત અને તમારા સત્યબળને પ્રશંસનીય નહિ બનવા દઉં! હું આખર સુધી મને કલંકમાંથી બચાવવાનો ઉપાય કરીશ. જો કે ક્રોધે મારો સર્વનાશ કરી દીધો છે, મને ત્યાગીમાંથી ભોગી બનાવી દીધો છે, હું રાજર્ષિ જ નહિ, બ્રહ્મર્ષિ પણ બની જાઉં તો પણ શું? પરન્તુ હું આ દુષ્ટ ક્રોધ પર વિજય મેળવી શક્યો નથી; છતાં પણ આ વખતે આ પ્રમાણે પશ્ચાત્તાપ કરવાથી લાભને બદલે હાનિ જ વધારે છે. જો હું આ વખતે પશ્ચાત્તાપ કરીશ અને હરિશ્ચંદ્રને તેનું રાજ્ય પાછું આપી દઇશ, તો દુનિયામાં મારી નિંદા થશે. બધા લોકો, હરિશ્ચંદ્રની પ્રશંસા અને મારો તિરસ્કાર કરશે તથા મને રસ્તા ઉપર ચાલવું પણ ભારે થઇ પડશે.

વિશ્વામિત્ર, એવા વિચારસાગરમાં નિમગ્ન હતા, એ જ વખતે સેવકો, પ્રજા તરફથી ડેપ્યુટેશન આવ્યાના વર્તમાન આપ્યા. વિશ્વામિત્ર સમજી ગયા કે, એ લોકો હરિશ્ચંદ્રની જ બાબતમાં કાંઇ કહેવા માટે આવ્યા હશે. તેમને હરિશ્ચંદ્ર જેવા સત્યવાદી રાજાના રાજ્યત્યાગનું દુઃખ હશે, તે જ સંભળાવવા આવ્યા હશે. તે લોકો અવશ્ય પ્રશંસાને પાત્ર છે, પરન્તુ આ વખતે મારી સાક્ષાત્ કરવાથી કોઇ લાભની આશા રાખવી એ તેમને માટે વ્યર્થ છે. છતાં તેમની વાત સાંભળવી ઉચિત છે એમ ધારીને વિશ્વામિત્રે તે ડેપ્યુટેશનને આવવાની આજ્ઞા આપી.

પ્રતિષ્ઠિત સજ્જનો સન્મુખ આવ્યા પછી અને પ્રણામ કરી રહ્યા પછી, વિશ્વામિત્રે કઠોર સ્વરે તેમને પૂછ્યું—શું છે? ડેપ્યુટેશનના નેતાએ જવાબ આપ્યો—અમે આપને પીડીત પ્રાર્થના કરવા આવ્યા છીએ.

વિશ્વામિત્ર—કહો, શું કહેવું છે?

નેતા—અમે સાંભળ્યુ છે કે, મહારાજા હરિશ્ચંદ્રે આપને દાનમાં રાજ્ય આપી દીધું છે અને અત્યારથી આપ અમારા રાજા બન્યા છે.

વિશ્વામિત્ર—હા

નેતા—રાજાનું કર્તવ્ય છે કે, પ્રજાના દુઃખોને ધ્યાનપૂર્વક સાંભળી તેને દૂર કરવાનો પ્રયત્ન કરે.

વિશ્વામિત્ર—તમે તમારું દુઃખ તો કહો!

નેતા—જેણે પોતાના રાજ્યવૈભવનું એક ક્ષણમાં દાન કરી દીધું, પોતાની સ્ત્રી કે પુત્રની જરાપણ ચિંતા ન કરી, એ મહા ઉદાર હરિ અમે સાંભળ્યું છે કે, આપે એક નજીવા કારણ આપીને તેને અહીંથી ચાલ્યા જવાની આજ્ઞા કરી છે.'

વિશ્વામિત્ર—તમે લોકો વાતને બરાબર જાણતા નથી. હરિશ્ચંદ્ર મારા આશ્રમની કેદી અપ્સરાઓને છોડી દીધી હતી, તેને આ અપરાધનો ઠપકો આપવામાં આવ્યો અને મેં તેને માત્ર એ જ કહ્યું કે તું તારો અપરાધ કબૂલ કરી લે પરન્તુ એ તો એવો નીકળ્યો કે અપરાધ કબૂલ કરવાનું તો દૂર રહ્યું, પણ ઊલટો તે કહેવા લાગ્યો કે મેં તેઓને દયા કરીને રાજધર્મ પ્રમાણે છોડી દીધી છે. મેં કહ્યું—રાજધર્મ તો દાન દેવાનો પણ છે. તું તારું રાજ્યનું દાન કરી શકે છે? બસ, આટલા પર તો તેણે પોતાનું રાજ્ય દાનમાં આપી દીધું. હવે તમે જ કહો કે, જે રાજા ઋષિઓના આશ્રમની કેદી સ્ત્રીઓને છોડી દે, હઠ પકડીને પોતાનો અપરાધ પણ કબૂલ ન કરે, વાતવાતમાં પોતાનું રાજ્ય બીજાને સોંપી દે, તે રાજ્ય કરવા યોગ્ય કેમ કહી શકાય?'

નેતા—તેમણે આપને રાજ્ય આપ્યું છે તો આપ પ્રસન્નતાપૂર્વક રાજ્ય કરો, અમારે રાજ્યની બાબતમાં કાંઈપણ કહેવાનું નથી. અમારી વિનંતી તો એ છે કે, આપે તેમના ઉપર જે કરજ થાપ્યું છે તે અમારી પાસેથી લઈ લો. બલ્કે જો તેથી વધારે લેવાની ઇચ્છા હોય તો વધારે લો. પરન્તુ એમને એ સ્વતંત્રતા આપો કે એમની જ્યાં રહેવાની ઇચ્છા હોય ત્યાં રહે. તેમને અહીંથી જવા માટે વિવશ ન કરો. હરિશ્ચંદ્ર અમોને પિતાથી પણ વધારે પ્રિય છે. એટલે એમના સંબંધમાં,

અમારી આ પ્રાર્થનાનો સ્વીકાર કરો. કદાચ આપ હરિશ્ચંદ્રને આ સ્વતંત્રતા આપવાના બદલામાં અમારૂં સર્વસ્વ પણ લેવા માગતા હો તો અમે એને માટે પણ તૈયાર છીએ. સાથે જ આપને અમે એ પણ વિશ્વાસ આપીએ છીએ કે તેઓ આપના રાજ્યકાર્યમાં કોઈપણ પ્રકારની દરમ્યાનગીરી નહિ કરે, અને રાજ્યમહેલથી છેટે અમારા ઘરમાં શાન્તિપૂર્વક જીવન વ્યતીત કરશે.

વિશ્વામિત્ર—તમે લોકો આ વાત મને કહો છો, તો હરિશ્ચંદ્રને જ કેમ કહેતા નથી કે, તે પોતાનો અપરાધ કબુલ કરી લે. મને રાજ્યની જરૂર નથી. હઠ છોડીને તે અપરાધ કબુલ કરશે કે તુરત જ હું તેનું રાજ્ય પાછું સોંપી દઇશ. પછી તે આનંદથી અહીં ભલે રહે.

નેતા—જ્યારે હરિશ્ચંદ્રે કોઇ અપરાધ જ કર્યો નથી તો પછી અમે તેમને અપરાધ કબુલ કરવાનું કઇ રીતે કહી શકીએ ?

વિશ્વામિત્ર—તમે લોકો પણ હરિશ્ચંદ્રની જ બુદ્ધિના જણાઓ છો. હરિશ્ચંદ્રે અપરાધ કર્યો છે, છતાં પણ તમે કહો છો કે કર્યો જ નથી !

નેતા—ખેર, કર્યો હશે. અમે આ બાબતની વિચારણા કરવા ઇચ્છતા નથી. જો તેમણે અપરાધ કર્યો છે અને તે કબુલ કરતા નથી, તો તેનું ફળ તે ભોગવશે; પણ આપને તેમના ઉપરનું કરજ અમારી પાસેથી લઈને, તેમને અહીં રહેવાની આજ્ઞા આપવામાં આપને શું નુકશાન છે ! અમે તો આપને એ જ પ્રાર્થના કરીએ છીએ કે, જ્યારે આપ તેમને કંઇ આપવા ઇચ્છતા નથી, તો તેમને કરજમુક્ત કરીને અહીંથી ચાલ્યા જવાની આજ્ઞા પાછી ખેંચી લો.

વિશ્વામિત્ર—મેં તમોને જે કાર્ય કહ્યું છે, તેને તો સમજતા નથી અને તમારી જ વાત પકડી રાખો છો ! તમે હરિશ્ચંદ્રને કહો કે, તે તેનો અપરાધ કબુલ કરી લે બસ, કિસ્સો ખતમ. પછી તો તેને કશે જવાની જરૂર જ નથી, તેમ તેને રાજ્ય છોડવાની પણ જરૂર નથી.

નેતા—જ્યારે તેમને રાજ્યનો લોભ નહિ, ત્યારે તેઓ પોતે જ પોતાનો અપરાધ કબુલ કરી લેશે અને અપરાધ કબુલ નહિ કરે તો [illegible] નહિ [illegible]. તેમને [illegible] કરી અહીં રહેવા [illegible]

પ્રકરણ ૧૪ મું

ગરીબ વેશમાં રાજ્ય-કુટુંબ

આ સંસાર એક ચક્રની જેમ પરિવર્તનશીલ છે. આજે જે બાળક છે, તે જ વૃદ્ધત્વને પામે છે. આજે જે સુખી છે, તે જ કાલે દુઃખી જોવામાં આવે છે. અને જે દુઃખી છે, તે કાલે સુખી જોવામાં આવે છે. અસ્તુ.

જે, થોડાંક સમય પહેલાં એક વિશાળ રાજ્યનો માલીક હતો, અલંકારોથી જેનું શરીર સુશોભિત રહેતું હતું, તે જ મહારાજા હરિશ્ચંદ્ર અને તેના રાજ્યની સામ્રાજ્ઞી તારા, આ વખતે કંગાળથી પણ કંગાળ છે. તથા તે વિશ્વામિત્ર કે જે, થોડી જ વાર પહેલાં વન-વાસી હતા, ભિક્ષા જ જેનો આધાર હતો, તે આ વખતે એક વિશાળ રાજ્યનો સમ્રાટ્ બની ગએલ છે. સંસારની આ પરિવર્તનાવસ્થા થવા છતાં પણ, જે પોતાના સુખજીવનનું અભિમાન કરે છે, અથવા જે પોતાના દુઃખથી કાયર બને છે, તેને અજ્ઞાની સિવાય બીજું કંઇ કહી શકાતું નથી. એટલા માટે, જ્ઞાની પુરુષો કહે છે કે, સુખમાં હર્ષિત ન બનો અને દુઃખમાં ગભરાઇ જવા નહિ.

હરિશ્ચંદ્ર, તારા અને રોહિત, પોતાના [illegible] વસ્ત્રને ગરીબોના વેષમાં ફેરવી નાખીને, મહેલમાંથી બહાર નીકળ્યા. હરિશ્ચંદ્રના જે માથા ઉપર સુવર્ણનો મુકુટ શોભા આપી રહ્યો હતો, તે જ મસ્તક ઉપર આજે વાળનો મુકુટ છે જે શરીર પર મૂલ્યવાન વસ્ત્રાભૂષણો રહેતાં હતાં, તે જ શરીર ઉપર માત્ર એક જુનું વસ્ત્ર છે. [illegible] પહેરેલું છે અને [illegible] રોહિત પણ એ જ વેશમાં છે. ત્રણેના શરીર પર [illegible]

સ્વભાવિક રીતે, આભૂષણપ્રિય સ્ત્રીઓમાંથી આ એક છે, કે જેણે સઘળાં આભૂષણોને તજી દીધાં છે. આ વેશમાં, તેના લલાટમાંનો સૌભાગ્ય-સૂચક સિન્દૂરનો ચાંદલો કેટલી શોભા આપી રહ્યો છે, જાણે કે કોઇ સુવર્ણ આભૂષણ ઉપર રત્ન જડેલું ન હોય! હું ધારતો હતો, કે રાણી સ્ત્રી-સ્વભાવ પ્રમાણે સુખત્યાગના દુઃખથી ભયભીત બની, પતિના આ કાર્યનો વિરોધ કરશે, પરન્તુ ધન્ય છે તેને, કે જે આ દશામાં પણ પતિનો સાથ કરવા માટે જઇ રહી છે!

રાજા, રાણી અને રોહિતે વિશ્વામિત્રને પ્રણામ કરીને કહ્યું—મહારાજ, હવે અમને આશીર્વાદ આપો. હું આજે મારી પ્રાણ-સમાન પ્રજાને, આપના હાથમાં અર્પણ કરીને જાઉં છું, આજથી પ્રજાના પિતા, પ્રભુ, પાલક તથા રક્ષક આપ જ છો. હું આશા રાખું છું કે, જે રીતે પિતા પોતાના પુત્ર ઉપર શાસન ચલાવે છે, તે જ રીતે આપ તેમનાં ઉપર પ્રેમપૂર્વક શાસન ચલાવશો.

વિશ્વામિત્રે રાજાના કથનને સાંભળ્યું તો ખરું, પણ ગ્લાનિને લીધે તે માથા પર ઉઠાવી ન શક્યો. પહેલાં તો તેઓ એમ ધારતો કે, જતી વખતે હું રાજાને એમ કહીને અપમાનિત કરીશ, કે તમારા, તમારી સ્ત્રીના અથવા તમારા પુત્રના શરીર ઉપર આ વસ્તુ છે, જે રાખવાનો તમને અધિકાર નથી; પરન્તુ રાજાએ, પોતાના, તારાના તથા બાળકના શરીર પર સર્જનની રક્ષાને માટે માત્ર એક એક વસ્ત્ર રાખ્યું હતું અને તે પણ જૂનું. એ સિવાય તેમની પાસે કોઈપણ એવી વસ્તુ ન હતી, કે જેને માટે વિશ્વામિત્રને કાંઇ કહેવાનો પ્રસંગ મળે. તે એટલે સુધી કે પગમાં પગરખાં પણ ન હતાં.

વિશ્વામિત્રને માથું નીચું કરેલું જોઇ અને તેમને એમ કરવાનું કારણ સમજી, તેમના ઉત્તરની રાહ જોયા વગર જ, મહારાજા હરિશ્ચંદ્ર, રાણી તથા બાળકને લઈ ચાલવા લાગ્યા. બહાર આવતાં જ, પ્રજા ટોળની સાથે ચાલી. આગળ રાજા અને તેની પાછળ બાળકને ફેરવતી!

જા માલની રાણી. પોતાના પૂર્વજોની રાજધાનીની અયોધ્યાની અ- નીકળ્યા. અયોધ્યાના સ્ત્રી-પુરુષો તેમના વિયોગથી દુ:ખથી વિકલ થઈ ગયાં હતાં; પરન્તુ રાજા અને રાણીના મોઢા ઉપર દુ:ખની રેખા પણ ન હતી. હરિશ્ચંદ્ર અને તારાએ સઘળાં સ્ત્રી પુરુષોને પાછા ફરવા કહ્યું. પરન્તુ આ વિલાપના વખતે તેમના આ કથનને કોણ સાંભળે? બધા લોકો નગરની બહાર પણ સાથે ને સાથે આવ્યા. રાજાએ લોકોને પાછા વળતા ન જોયા, ચિન્તા કરવા લાગ્યા, કે જો આ લોકો અહીં સાથે આવશે તો મહા અનર્થ થશે. વિશ્વામિત્ર આ માટે મને જ અપ-રાધી ઠરાવીને કહેશે કે, મારા રાજ્યને નિર્જન કરવાનો ઉપાય કરી રહ્યો છે. અનેક પ્રકારે કહેવા-સમજાવ્યા, પણ જ્યારે તે લોકો પાછા ન વળ્યા, ત્યારે રાજા અને રાણી નગરની બહાર એક જગ્યાએ બેસી ગયા. નગરના તમામ પુરુષો હરિશ્ચંદ્રને અને નગરની તમામ સ્ત્રીઓ તારાને ઘેરી વળીને ઉભાં રહ્યાં. પુરુષો તો રાજાને કહી રહ્યા છે કે, અહીં રહો, અહીંથી ન જાઓ. વિશ્વમિત્રના રાજ્યથી અમને દુ:ખ પડશે. આપના ઉપરનું કરજ અમે ચૂકવી આપીએ છીએ. આપ રાજ-કાર્ય ન કરતાં, જો શાન્તિથી અમારા વચ્ચે અહીં બેસી પણ રહેશો, તો પણ અન્યાયરૂપી ઘુવડ આપના પ્રતાપ તેજની સામે નહિ રહે. આમ છતાં પણ આપ જશો, તો અમે બધા આપની સાથે જ આવીશું. અમારા માટે અયોધ્યા એ જ છે કે જ્યાં આપ છો. આપના વિના અયોધ્યા પણ અમને નર્કસમાન દુ:ખદાયક લાગશે.

હરિશ્ચંદ્રની પાસે તો પુરુષવર્ગ આ પ્રમાણે વિનય કરી રહેલ છે, અને બીજી તરફ રાજપુરોહિત, પ્રધાન તથા નગરના અન્ય પ્રતિષ્ઠિત પુરુષોની સ્ત્રીઓ તારાને કહી છે કે, આપે તો રાજ્ય આપ્યું નથી. તો પછી કેમ જાઓ છો? રાજાએ રાજ્ય આપ્યું છે અને તેમને વિશ્વામિત્ર રહેવા દેતા નથી, તો તેમનું ગમન યોગ્ય પણ છે, પરન્તુ તમારે શા માટે જવું જોઈએ? આપના જવાની તૈયારી જોઈને અમને

ઘણું જ દુ:ખ થઈ રહ્યું છે, એટલે અમારી વિનંતી છે કે, આપ અહીં રહો. જો વિશ્વામિત્ર આપને કદાચ રાજમહેલમાં નહીં રહેવા દે, તો અમે આપને અમારે ત્યાં રાખીશું, પરન્તુ આપનું ગમન કોઇરીતે ઇષ્ટ નથી જો આપ નહિ માનો, તો અમે પણ આપને સાથે સાથે જ ચાલીશું.

રાજા અને રાણીને પ્રત્યેક સ્ત્રી-પુરૂષ આ પ્રમાણે કહી રહેલ છે. પૃથક્ પૃથક્ ક્યાં સુધી સમજાવી શકાય, એમ ધારીને બંનેએ બાપણુ ડાગ જ પ્રજાને સમજાવવાનું યોગ્ય ધાર્યું. રાજા અને રાણી એકએક ઓટલા પર ઉભા થઇ ગયા. જે ઓટલા પર રાજા ઉભા હતા, તેની ચારે બાજુ પુરૂષો અને જે ઓટલા પર રાણી ઉભી હતી, તેની ચારે બાજુ સ્ત્રીઓ ઉભી રહીને તેમના મુખ તરફ જોવા લાગી.



પ્રકરણ ૧૫ મું

પ્રજાને ઉપદેશ

લોકો પર ઉપદેશનો પ્રભાવ કાંતો ભયથી પડે છે અથવા તો પ્રેમથી પડે છે. ભય દર્શાવવાથી જે ઉપદેશ સ્વીકૃત કરાવવામાં આવે છે તે ઉપદેશ, જ્યાં સુધી ભય હોય ત્યાંસુધી જ પોતાનો પ્રભાવ રાખી શકે છે ભયનાશ પામતાંની સાથે જ, ઉપદેશનો પ્રભાવ પણ નાશ પામી જાય છે. પરન્તુ જે ઉપદેશનો પ્રભાવ પ્રેમથી પડે છે, તે કોઇ વખત પણ નાશ પામતો નથી, પણ ઉત્તરોત્તર વૃદ્ધિ પામતો જાય છે. દાખલા તરીકે કોઈ એક વિશિષ્ટ શક્તિસંપન્ન રાજા ઉપદેશ આપે અને કોઇ એક ત્યાગી, જેની પાસે રાજા જેવી કોઈ વિશિષ્ટ શક્તિ નથી, તે ઉપદેશ આપે. આ બન્નેમાંથી રાજાના ઉપદેશનું ત્યાંસુધી જ પાલન કરવામાં આવશે કે, જ્યાં સુધી તેનામાં એ શક્તિ હોય. એ શક્તિ ન રહેવાથી, તે ઉપદેશ પણ રહેશે નહિ. પરન્તુ જો ત્યાગી પોતે પણ ન રહે, તો પણ તેનો ઉપદેશ નષ્ટ નહિ થાય. સારાંશ એ છે કે, આ બન્ને પ્રકારના ઉપદેશોમાંથી પ્રેમપૂર્વક આપેલો ઉપદેશ શ્રેષ્ઠ છે, ત્યાં એ ઉપદેશને માટે આ અનિવાર્ય વસ્તુ છે, કે ઉપદેશક પોતે તેનું આચરણ કરીને આદર્શ ઉપસ્થિત કરે. જ્યાંસુધી તે પોતે ત્યાગ દર્શાવતો નથી અને માત્ર બીજાઓને જ ઉપદેશ આપે છે, ત્યાંસુધી તેના ઉપદેશનો કાંઈપણ પ્રભાવ પડતો નથી.

વક્તા ઉપર, જ્યારે શ્રોતાઓની અપૂર્વ શ્રદ્ધા હોય છે, ત્યારે જ શ્રોતાજનો ધ્યાનપૂર્વક વક્તાનો ઉપદેશ સાંભળે છે જ્યાં વક્તા પ્રત્યે, લોકોના હૃદયમાં શ્રદ્ધાનો અભાવ છે, ત્યાં વક્તાનું વક્તવ્ય અને શ્રોતાઓનું શ્રવણ, એ બન્નેય નિરર્થક જાય છે. મહારાજા હરિશ્ચંદ્ર ઉપર,

પ્રજાજનોની અપાર શ્રદ્ધા હતી, એટલે તેઓ વકતા તરીકે ઉભા રહેવાથી, જનતા શ્રદ્ધાપૂર્વક અને ધ્યાનપૂર્વક પોતાના હિતૈષી મહારાજાનો ઉપદેશ સાંભળવા લાગી. પુરૂષોથી ઘેરાયલા ઓટલા પર ઉભા થઈને, મહારાજા હરિશ્ચંદ્ર તેમને કહેવા લાગ્યાઃ—

મારા વ્હાલા ભાઈઓ! તમે બધા મારી સાથે અહીં સુધી આવ્યા અને મારા વિયોગથી દુઃખિત બની રહ્યા છો, તથા મારા પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી રહ્યા છો, એ તમારો મારા પ્રત્યેનો સદ્ભાવ છે. પરન્તુ તમે એ બાબતનો વિચાર કરો કે, તમારો મારા પ્રત્યે આટલો બધો પ્રેમ હોવાનું કારણ શું છે? ભાઈઓ! આ પ્રેમ મારા પ્રત્યે નથી, પરન્તુ સત્ય પ્રત્યે છે. જે હરિશ્ચંદ્રને માટે તમે આટલું દુઃખ અનુભવી રહ્યા છો, આંસુ પાડી રહ્યા છો, તે એટલે સુધી કે પોતપોતાનાં ઘરબાર છોડીને, જેની સાથે જવા તમે તૈયાર થયા છો, તે જ હરિશ્ચંદ્ર જો અસત્યાચારી હોત, પોતાના સ્વાર્થને માટે તમને દુઃખ આપત, તમારા અધિકારાદિની અવગણના કરત, દુરાચરણમાં પડીને આ રાજ્ય કોઈ અયોગ્યને આપી દેત, તો તમે બધા મારા જરાપણ પ્રેમવાળા ન હોત, પણ તમે પોતે જ મને કાઢી મૂકવા માટે ઉપયોગ [illegible] પરન્તુ મેં સત્યનું આચરણ કર્યું છે, મારા કર્તવ્યનું પાલન [illegible], આ રાજ્યને દાનમાં આપી દીધું છે, એથી જ તમને મારા પ્રત્યે પ્રેમ છે. મારી સ્થિતિમાં તમારે મને અહીં રહેવાનો આગ્રહ કરવો તે ઉચિત નથી. મારા અહીં રહેવાથી, મેં જે પ્રતિજ્ઞા વિશ્વામિત્ર [illegible] કરી છે, તે ભંગ થાય અને પ્રતિજ્ઞાનો ભંગ કરવો એનું નામ [illegible] અસત્યાચરણ છે. હું આજસુધી તમારો રાજા રહ્યો છું [illegible]

[illegible]

[illegible]

પધારો ! વિશ્વામિત્રે મને માત્ર સ્ત્રી-પુત્રને સાથે લઇ જવાની રજા આપી છે, તમને લઇ જવાની નહિ. મેં પણ તેમની સમક્ષ એવી પ્રતિજ્ઞા કરી છે. તે પાળી, આપના સાથે ચાલવાનો એ અર્થ થશે કે તેને મેં વિશ્વામિત્રને રાજ્ય આપ્યું નથી અથવા તો તેમની સમક્ષ જે પ્રતિજ્ઞા કરી હતી, તે ભંગ કરી હું તમને પ્રાર્થના કરૂં છું કે, તમે બધા પ્રસન્નતાપૂર્વક અહીં રહો, અને મારી ચિંતા ન કરો. સાથે ચાલી આવવાના રૂપમાં આગ્રહપૂર્વક પ્રેમ દર્શાવવો ઉચિત નથી, પણ સત્યપાલનના આંતરિક આચરણથી જ દર્શાવવો ઉચિત છે. જો તમારો મારા ઉપર પ્રેમ છે, તો હું તમને એ કહું છું કે, જે સત્યને માટે મેં, મારા પૂર્વજોના સમયથી ચાલ્યું આવતું રાજ્ય દાનમાં આપી દીધું અને મારી રાજધાની તથા તમને છોડીને જઇ રહ્યો છું તે જ સત્યના પાલનમાં તમે તત્પર રહો. સત્યથી પાછા ન હઠો, તેમ તેનું પાલન કરતાં, આવતાં કષ્ટોથી ભયભીત પણ ન બનો.

બંધુઓ ! આજસુધી હું રાજા રહ્યો અને તમારા ઉપર રાજ્ય કર્યું, પરન્તુ આજથી વિશ્વામિત્ર રાજા બન્યા છે હવે તેઓ જ રાજ્ય કરશે હું આશા રાખું છું કે તમે મને જેવો સહકાર આપતા હતા, તેવો જ સહકાર વિશ્વામિત્રને પણ આપશો.

હવે તમે કહો છો કે, અમને વિશ્વામિત્રના શાસનમાં દુઃખ પડશે પરન્તુ મિત્રો, એ તો તમારા હૃદયની કેવળ દુર્બળતા જ છે. આજે તો હું રાજ્યનું દાન કરીને જઇ રહ્યો છું એથી તમે મને આ પ્રમાણે કહી રહ્યા છો. પરન્તુ જો મારૂં મૃત્યુ થઇ જાત, તો બીજો રાજા તમારા ઉપર રાજ્ય કરત કે નહિ ? તે રાજા પણ જો તમારા પર અત્યાચાર કરત, તો તમે કોને કહેત ? ભાઇઓ ! દુઃખ તો માત્ર દુર્બળ આત્માઓને થયા કરે છે, સબળ આત્માવાળા મનુષ્યોની પાસે દુઃખ કદીપણ આવતું જ નથી તમે સત્યબળને પ્રાપ્ત કરી બળવાન બનો, પછી કોની તાકાત છે કે, જે તમને દુઃખ આપી શકે ? રાજા અને પ્રજાનો

તો એવો સંબંધ છે કે, પ્રજાપર અત્યાચાર કરનારો રાજા, એક ક્ષણ પણ રાજ્યાસન ઉપર સ્થિર રહી શકતો નથી. પહેલાં તો વિશ્વામિત્ર પોતે જ બુદ્ધિમાન છે, આ વખતે તે ક્રોધી બનીને ભલે ગમે તે કહે, પરન્તુ તેઓ નીતિજ્ઞ છે, એટલે પ્રજા ઉપર કદાપિ અત્યાચાર નહીં ગુજારે. પરન્તુ કદાચ માનો કે, તેમણે કદી અત્યાચાર કર્યો, તો તમે પણ સત્યાગ્રહને પોતાનું હથિયાર બનાવી, તે વડે વિશ્વામિત્રના અત્યાચારનો પ્રતિકાર કરી શકો છો. અત્યાચારના ડરથી ભાગી જવું એ વીરોનું કામ નથી, બલકે કાયરોનું કામ છે. વીરપુરુષો તો હમેશાં અત્યાચારનો પ્રતિકાર જ કરે છે. તમે, સૂર્યવંશી રાજાઓની પ્રજા છો, એટલે એ પ્રમાણે કાયર બનીને, સત્યને કલંકિત કરવું, એ તમારા માટે શોભાસ્પદ નથી.

પ્રિય પ્રજાજનો! મારૂં રાજ્ય, મારો દેશ, મારી પ્રજા અને મારી રાજધાની આજે હું જે આનંદથી છોડી રહ્યો છું, તે આનંદથી કોઈપણ બીજે વખતે છોડી શકત નહિ. બીજા કોઇ સમયે, જો કોઇ મને તે છોડવાની ફરજ પાડત, તો હું તે છોડાવનારનો હું યથાશક્તિ પ્રતિકાર કરત, તેની સાથે યુદ્ધ કરત અને એ યુદ્ધમાં હું પોતે જ તમારી મદદ લેત પરન્તુ હું તે સઘળી ચીજો કે જે હું અંતસમય સુધી કોઇ બીજાને આપત નહિ, તે ચીજો આજે સત્યપાલનને માટે પ્રસન્નતાપૂર્વક છોડી રહ્યો છું. કર્ત્તવ્ય અને સત્યની આગળ, રાજ્ય વૈભવનું સુખ તૃણ સમાન છે અને વન-વનમાં મહાન્ દુઃખો રાજ્ય-સુખની અપેક્ષાએ અધિક સુખદાતા છે જે સત્ય અને કર્ત્તવ્યને માટે, હું એ સઘળાંને છોડી રહ્યો છું, તે સત્ય અને કર્ત્તવ્યનું તમે પણ પાલન કરો. એ વખતે તમે પણ જાણશો, કે સત્ય અને કર્ત્તવ્યની આગળ રાજવૈભવ કેટલો તુચ્છ છે!

હવે હું તમને એ કહું છું, કે તમે સત્યપાલનના કાર્યમાં મને મદદ કરો, તેમાં વિઘ્ન ન કરો. તમારે પિતૃ પક્ષ [illegible] ઉચિત છે. કારણ આજે જ અયોધ્યાની સીમા છોડી જવાની છે અને [illegible] તથા અભિમાન [illegible] રહ્યો છે. તમને સૌને [illegible] હું કદાપિ [illegible]

નહિ, અને જો હું ન જઉં, તો પ્રતિજ્ઞાભંગ થાય કે જેથી [illegible] સાથે જ તમારે માટે પણ શરમની વાત છે. હું આશા રાખું છું કે તમે હવે મારી સાથે, એક કદમ પણ આગળ ન આવતાં, પોતપોતાને ઘેર પાછા જાઓ. તમારા જીવનપૂર્વ નગરની તમારા પ્રત્યે કેટલી વિનંતિ એ છે કે, આપ આપણા વચનને માન. સત્યનો [illegible] ન કરો. હું તમને એ આશીર્વાદ આપું છું અને તમે પણ મને એ આશીર્વાદ આપો કે, આપણે બધા સત્યપાલનમાં જ દૃઢ રહીએ.

હરિશ્ચંદ્રનું આ ભાષણ સાંભળી, લોકો માન ધારણ કરી, અશ્રુ-માંથી આંસુઓ વહાવવા લાગ્યા. પશુ-પક્ષી [illegible] હરિશ્ચંદ્ર આ સત્ય પણ કરૂણાજનક ભાષણ સાંભળી, [illegible] રહ્યા, તો પછી સહૃદય મનુષ્યોમાં એવો કોણ હોય કે જે હરિશ્ચંદ્રના આ કથન સામે થોડું પણ બોલી શકે? અસ્તુ.

બીજી તરફ, તારાની સખીઓ અને અન્ય સ્ત્રીઓ, પોતાનાં નેત્રોના જળથી તારાના ચરણ સ્પર્શ કરતી તેની સમક્ષ પ્રાર્થના કરી રહી છે કે, તમે રાજ્ય આપવામાં પણ સાથે ન હતાં, તેમ દક્ષિણા માટેથી કરજ કરવામાં પણ સાથે ન હતાં, તો પછી તમે કેમ જાઓ છો? તેમની આ પ્રકારની વિનતી સાંભળી તારા કહેવા લાગી—

મારી વ્હાલી માતાઓ, બહેનો તથા પુત્રીઓ! જો કે હું આજે તમારાથી એક અનિશ્ચિત વખતને માટે વિખુટી પડું છું, પરન્તુ એ સૌભાગ્યની વાત છે કે, હું પતિની સેવા માટે જઉં છું [illegible] માટે સાથે જ, તમારે માટે પણ એક પ્રસન્નતાની વાત છે કે તમારી જાતિમાંની તારા નામની એક શુદ્ધ સ્ત્રી પતિની સેવા અર્થે પોતાના સર્વ સુખોને તિલાંજલી આપે છે. જો કે હું તમને પતિવ્રતા [illegible] જાણું છું, તથાપિ આ વખતે વિયોગના દુઃખમાં પડીને તમે ભૂલી ગયા છો, એટલે જ તમે મને અહીં રહેવા માટે આગ્રહ કરી રહ્યાં છો પરન્તુ તમે જ વિચારો કે, જ્યારે હું તેમની અર્ધાંગના છું, તો મારે

દાન તેમણે આપ્યું, તેજ દાન મેં શું આપ્યું નથી? જે ફરજ તેમના ઉપર છે, તે ફરજ શું મારા ઉપર નથી? વળી તેઓ કષ્ટ સહન કરે અને હું કષ્ટથી બચવા માટે અહીં રહું, તો તે શું ઉચિત છે? સુખના સમયમાં પતિની સાથે રહીને, દુઃખને વખતે તેમનો સાથ ન કરવો, તે શું પતિવ્રતા સ્ત્રીને માટે ઉચિત છે? બહેનો! તમે તમારા ધર્મનું પાલન કરો, અર્થાત્ તમારા પતિની સેવા કરો અને મને પતિની સેવાનો ત્યાગ કરવાનો ઉપદેશ આપો, એ તમને શોભા આપતું નથી. તમે મારે માટે જે પ્રેમ દર્શાવી રહ્યા છો, તે પતિસેવાનો જ પ્રતાપ છે. જો હું પતિસેવાથી વિમુખ રહીને, તમારી પાસે આવું અને કહું કે, મને સ્થાન આપો, તો હું ધારૂં છું કે તમે મારો તિરસ્કાર કરીને, મને અધમમાં અધમ ગણો અને મારા પ્રત્યે ઘૃણાની દૃષ્ટિએ જુઓ. પરન્તુ પતિવ્રતાને માટે હું સઘળા સુખોને છોડી, તેમની સાથે જઇ રહી છું, એટલેજ તમે મને અહીં રહેવા માટે આ પ્રમાણે પ્રાર્થના કરી રહ્યા છો. જે પતિસેવાનો આ પ્રતાપ છે, તેને હું કદાપિ છોડી શકું નહિ અને તમને પણ એ પ્રાર્થના કરૂં છું કે તમે એ અનુચિત આગ્રહ પણ ન કરો. સ્ત્રીઓનો ધર્મ કેવળ પતિસેવા જ છે. વસ્ત્રાભૂષણાદિનું પરિધાન કરવું એ પતિસેવા આગળ તુચ્છ છે.

બહેનો! આ વખતે મહારાજાનો સાથ છોડી દેવાથી, હું તો કામિની બનું જ, પરન્તુ તે સાથે આખો સ્ત્રી સમાજ પણ કલંકિત બને અથવા લોકો મારી સાથે જ, સ્ત્રીજાતિ માત્રને ધિક્કારે અને કહે કે સ્ત્રીઓ સ્વાર્થી અને કપટી હોય છે, જ્યાંસુધી પતિનું સુખ હોય છે, જ્યાંસુધી તે પતિ ધનસંપન્ન હોય છે ત્યાંસુધી જ તેઓ પતિને સહકાર આપે છે. ધનનો નાશ થતાં જ અને પતિ ઉપર કોઈ જાતનું દુઃખ પડતાં જ, તેઓ પતિને છોડી દે છે. હું મારી માફક જ સમસ્ત સ્ત્રી સમાજને આવા દુઃખોના ભાગી થવા દેવા નહિ માગતી હોઈ, હું પતિની સાથે વનવન ભટકીને, જે કષ્ટ પડશે, તેને સહન કરીશ,

પતિની સેવા કરી, સંસારને એ બતાવી આપવા ચાહું છું કે, જી અમે તેવી વિષમ અવસ્થામાં પણ પતિની સેવા છોડતી નથી જે પુરુ સ્ત્રીઓને કપટી સમજીને તેમનું અપમાન કરે છે, તેમને પણ એ સરિતાથી માલુમ પડે કે, સ્ત્રીઓ કેવી હોય છે અને તેઓનું અપમાન કરીને અમે કેટલો અન્યાય કરીએ છીએ '

બહેનો ! તમારો મારા ઉપર જે પ્રેમ છે, તે અવર્ણનીય છે. આ પ્રેમનું કારણ, મારી પતિસેવા જ છે એટલા માટે મારે તમને કહેવાનું છે કે, તમે પતિની સેવામાં સર્વદા તત્પર રહો, આ વસ્ત્રાભૂષણાદિની અપેક્ષાએ, પતિ પ્રત્યે વધારે પ્રેમ રાખો અને અન્ય ધાર્મિક કાર્યોની અપેક્ષાએ, પતિસેવાને વધારે મહત્ત્વ આપો કારણ કે પતિસેવા સમાન બીજો કોઈ નૈતિક ધર્મ નથી.

બહેનો, હવે તમે મારી સાથે ચાલવાના વિચારોને છોડી, મારા પ્રેમનો પરિચય, તમારા પતિની સેવા દ્વારા આપો જે બહેનોને પતિ નથી, તે ઈશ્વરની સેવા કરે અને પોતાનો બધો વખત પ્રભુભજનમાં વ્યતીત કરે

બહેનો, હવે સમય થાય છે, એટલે તમે મને આશીર્વાદ આપીને વિદાય કરો હું તમારી પાસે માત્ર એ જ આશીર્વાદ માગું છું કે, કોઈપણ વખતે અને કોઈપણ સ્થિતિમાં, હું પતિસેવાને ન ભૂલું પરન્તુ તમે આ વાતને લક્ષમાં રાખજો કે, આશીર્વાદ એ જ લોકોને ફલિભૂત થાય છે કે, જેઓ પોતે પણ તે પ્રમાણે કાર્ય કરે છે

તારાના આ ભાષણે બધી સ્ત્રીઓને આશ્ચર્યચકિત બનાવી દીધી તે ચિત્રવત્ સ્થિર બની ગઈ અને પોતપોતાને ધિક્કારવા લાગી. કેટલીક સ્ત્રીએ તારાને આભૂષણોની ભેટ આપવા લાગી, પરન્તુ તારાએ તેમને એમ કહીને તે લેવાનો ઇન્કાર કર્યો કે, મારું આભૂષણ મારા પતિ છે, જેઓ મારી સાથે જ છે. જો તેમની અપેક્ષાએ આ આભૂષણોને હું મહત્ત્વ ન સમજતી હતી, તો પછી મારી પાસેના આભૂષણો છોડીને હું કેમ આવત '

અયોધ્યાનિવાસી સ્ત્રી-પુરુષોમાંથી, ઘણાઓની ઇચ્છા રાજા-રાણીની સાથે જવાની હતી, પરન્તુ તે બન્નેના ભાષણો સાંભળીને તેમના એ

વિચારો બદલાઈ ગયા. તેમની સાથે જવાને બદલે, અયોધ્યામાં રહીને સત્ય અને કર્તવ્યનું પાલન કરવાનું જ તેમને યોગ્ય લાગ્યું. સૌએ પ્રસન્નચિત્તે અને ઉચ્ચ સ્વરે મહારાજા હરિશ્ચંદ્ર અને મહારાણી તારાનો ગગનભેદી જયનાદ ગજાવ્યો.

મહારાજા હરિશ્ચંદ્ર, રોહિત અને રાણી આ કોલાહલમય જન-સમૂહની બહાર નીકળી, વન તરફ ચાલ્યા. તેમણે આ પ્રમાણે જતાં જોઈને, સઘળા લોકો વિલાપ કરવા લાગ્યા; પરન્તુ પછી કોઈએ રાજાની પાછળ જવું ઉચિત ન માન્યું આ લોકોનો વિલાપ સાંભળીને, પશુ-પક્ષીઓ પણ વ્યાકુળ બનવા લાગ્યા અને રાજા તથા રાણીની આંખમાંથી પણ આંસુ નીકળી પડ્યાં,પરન્તુ તેમણે સત્યરૂપી રૂમાલ વડે તરત જ તે લુછી નાખ્યાં.


જે રાજા અને રાણીની બેસવા માટે અનેક વાહનો હાજર રહેતાં હતાં, મહેલની બહાર નીકળતાં હજારો સેવકો સાથે રહેતા હતા, જેની આગળ વખાણ કરનારા ચારણો યશોગાન કરતા ચાલતા હતા, જે પ્રણામ કરવા માટે પ્રજા હારબંધ રસ્તા પર ઉભી રહેતી હતી, તે આજે પગે ચાલતો, ઉઘાડે પગે અને એકલો જ વનમાં જઈ રહ્યો છે.

જે રાણી, આભૂષણના ભારથી થાકેલ જેવી જણાતી હતી, તે આજે બાળક રોહિતને પોતાના ખોળામાં લઈને, પતિની પાછળ પાછળ ચાલી રહી છે જેને પગનું ભરવા માટે પુષ્પો પાથરવામાં આવતાં હતાં તેજ અત્યારે કાંટા અને પથ્થરવાળા માર્ગ ઉપર ચાલી રહી છે. આટલું હોવા છતાં પણ, આ વીર દંપતીના મુખ ઉપર ચિંતાની એક રેખા સરખી પણ જણાતી નથી. બાળક રોહિત પણ ચૂપચાપ માતા-પિતાની સાથે જઈ રહ્યો છે.

જ્યાંસુધી રાજા અને રાણી વૃક્ષોની ઓથમાં આવી, દેખાતાં બંધ ન થયા, ત્યાંસુધી પ્રજા અનિમેષ તેમની તરફ એકી ટશે જોઈ રહી અને વિલાપ કરતી હતી જ્યારે તેઓ દૃષ્ટિ-મર્યાદાથી અદૃશ્ય થયા, ત્યારે તમામ પ્રજાજનો, જેમ કોઈ અમૂલ્ય પદાર્થ ગુમાવીને પાછા ફરે, તેમ મન મારીને પોતપોતાને ઘેર પાછા ફર્યાં

પ્રકરણ ૧૬ મું

વનના વટેમાર્ગુ



દુનિયાનો એ નિયમ છે કે, એક નબળા મનુષ્ય પોતાને દુઃ[illegible] પડવાથી જેટલો ગભરાય છે, તેટલો એક [illegible] ખમ્યા મનુષ્ય દુઃખથી [illegible] ગભરાતો નથી. જે નીચે જ છે તે કદાચ પડે [illegible] ન, તેને એટલું [illegible] લાગતું નથી કે જેટલું ઉપરથી નીચે પડનારને લાગે છે. એજ પ્રમાણે હરિશ્ચંદ્ર અને તારા કે જેઓ પોતાની આજની સ્થિતિની કદી કલ્પના કરી ન હતી. જેઓ એ પણ જાણતા ન હતા કે ઉઘાડા પગે વનમાં [illegible]ને ચાલવાનું કેવું હોય છે ? તેમને આજે [illegible] ઉઘાડે પગે, વનના કંટકમય માર્ગે ચાલવાથી [illegible] [illegible] હતું. પરન્તુ ન માનું શા કારણે તેઓ આજે [illegible] [illegible] દુઃખને બદલે સુખ અનુભવી રહ્યા છે

પુત્ર સહિત રાજા રાણી અયોધ્યાને અંતિમ પ્રણામ [illegible] [illegible] જવા માટે વન તરફ ચાલવા લાગ્યા [illegible] [illegible] રોહિતને [illegible] રાજા તેડી લે છે અને કોઈ કોઈ વખતે તે [illegible] પણ [illegible] લાગે છે રાજા અને રાણીના કોમળ [illegible] માં કાંટા અને [illegible] [illegible] થવાથી લોહી નીકળે છે અને [illegible] [illegible] રક્તવર્ણા પગ બની ગયા છે

રાજા અને રાણીને, પ્રજાને સમજાવતાં [illegible] [illegible] [illegible] વ્યતીત થઈ ગયો હતો. જેથી સૂર્યાસ્ત થતામાં થોડો [illegible] [illegible] રહ્યો હતો. અયોધ્યાથી તેઓ થોડેક છેટે ગયા કે તુરતજ [illegible] [illegible] અસ્ત થઈ ગયો કે, જાણે સૂર્ય [illegible] [illegible]

રાત્રિનો સમય છે. ભયાનક જંગલ રાત્રિના અંધકારથી જાણે વધારે ભયાનક બની રહ્યું છે. જે રાજા-રાણીના કાનમાં હંમેશાં મધુર અવાજો અને ગાયનોનાં શબ્દ પડતા હતા, તેઓ જ વનનાં પશુઓનાં શબ્દો સાંભળી રહ્યા છે. જે બાળક રાત્રિના સમયે હિંડોળા ઉપર ઝૂલ્યા કરતુ હતુ, તે બાળક વનમાં ક્યારેક માતાના અને ક્યારેક પિતાના ખોળામાં લપેટાઇને ચાલી રહેલ છે, અને એ પશુઓના શબ્દ તથા સનસનાટીમાં વૃક્ષોનો અવાજ સાંભળી રહેલ છે. અંધારું થવાથી માર્ગ દેખાતો નથી, તેથી કોઇ કોઇ વાર તેઓના પગ ઊંચાનીચા પડતાં જાય છે એવા સમયમાં પતિ પત્નીનો અને પત્ની પતિનો હાથ પકડીને એક બીજાની મદદ લેતા જાય છે. રાજા અને રાણી, બંનેના પગ કાંટાં વાગવાને લીધે લોહીથી ભરપૂર બની ગયા છે, પરન્તુ બંનેય શાંત છે. રાણી તો એ વિચારથી શાંત છે કે, જો હું કહીશ, તો પતિના હૃદયને દુઃખ થશે અને તેઓ કહેશે કે મારે લીધે જ તમને દુઃખ થઇ રહ્યું છે અને રાજા વિચારે છે કે, જે કષ્ટ મને થઇ રહ્યું છે, તે જ કષ્ટ રાણીને પણ થયું હશે, તો પછી જ્યારે રાણીઓ હોવા છતાં તે કષ્ટોને શાંતિપૂર્વક સહી રહી છે, તો હું તો પુરુષ છું. હું શા માટે કાયરના જેવું ? રાણી પોતે દુઃખ વેઠીને મારા માટે આદર્શ ઉપસ્થિત કરે છે અને એ રીતે મને ધીરજનો બોધપાઠ આપી રહી છે.

બાળકને સાથે એ બંને મુસાફરો જેમ તેમ એક વૃક્ષની પાસે પહોંચ્યા. દિવસના તેઓ ભૂખ્યા તો હતા જ, આ વખતે પણ કાંઇ ખાવાનું ન હતું કે, જેઓ ખાય એટલા માટે કાંઇપણ બોલ્યા વિના તેઓ તે વૃક્ષની નીચે સૂઇ રહ્યા. હિંસક પશુઓના ભયને લીધે થોડીકવાર રાજા જાગતા રહ્યા અને થોડીકવાર રાણી જાગતી રહી. આ પ્રમાણે અનેક સંકટોથી ઘેરાયેલ, મહેલમાં રહેનારા, કોમળ પથારીમાં શયન કરનારા, રાજા, રાણી અને રોહિત, વનની વચ્ચે, એક વૃક્ષની નીચે જમીન ઉપર થોડીકવાર રાજા અને થોડીકવાર જાગીને રાત પસાર કરી.

છે, 'અમે સત્યની પરીક્ષા આપી રહ્યા છીએ.'

પરમાત્માના સ્મરણથી [illegible] બની, મન અને વાણી [illegible] દેહને ફરી પાછા [illegible] ત્યારે સત્ય [illegible] થઇ ચૂક્યું છે [illegible] કે [illegible] પછી, [illegible] તેના સ્વભાવાનુસાર ભૂખ લાગી. ભૂખ તો [illegible] પરન્તુ તે ભૂખ [illegible] માટે સહન કરી અને [illegible] બની તે [illegible] ગયો. [illegible] આશ્વાસન [illegible] કે તે [illegible] [illegible] [illegible] હિતને આપ્યા, પરન્તુ [illegible] તેણે ન [illegible] કરી દીધા. [illegible] લાગવા લાગ્યો.

રામ [illegible] છે કે [illegible] અને વાણી [illegible] ભોજન [illegible] જેમના આશ્રયે [illegible] ભોજન [illegible] અને વાણી [illegible] છે કે [illegible] માટે, [illegible] હતા, જે [illegible] માતા ન હતા, [illegible]

સ્વાદિષ્ટ ફળો જે પોતાની સાથે રમનારા બાળકોને વહેંચી આપતો હતો, તે જ બાળક રોહિત આજે ભૂખથી વિકળ બની રહ્યો છે અને તેને એ જંગલી ફળો ખાવા માટે મળી રહ્યા છે, જેને તેણે કદી જોયા પણ ન હતાં.

સંતાન ક્ષુધાતુર થતાં, ભોજન માંગવા છતાં પણ ન આપી શકવાના કારણે, માતાપિતાને કેટલો ખેદ થાય છે? એ વાત સૌ જાણે છે. હરિશ્ચંદ્ર અને તારાને પણ રોહિતના ભૂખ-ભૂખના પોકારથી એ જ દુઃખ થઇ રહ્યું છે, પણ તેનો શો ઉપાય? તારા, રોહિતને આશ્વાસન આપતી જાય છે, કે જો, આગળ તને ભોજન આપું છું, પરન્તુ આ આશ્વાસન ક્યાં સુધી કામ કરી શકે?

હરિશ્ચંદ્ર, પુત્રની દશાથી વ્યાકુળ થઇ રહ્યો હતો. તે મનમાં ને મનમાં બોલતો હતો, કે હું કેવા હતભાગી પિતા છું! કે જે પોતાના સુખપાલિત બાળકનું દુઃખ પણ નિવારી શકતો નથી. આ લોકોને આ પ્રમાણે કષ્ટમાં પાડવાનું કારણ હું જ છું, પરન્તુ અત્યારે હું શું કરી શકું?

રાજન, એક તો બે દિવસનો ભૂખ્યો હતો, બીજું, ચાલવાથી પણ અતિશય થાકી ગયો હતો, ત્રીજું, ગરમીને લીધે તરસથી કંઠ સૂકાઇ રહ્યો હતો. ઉપરાંત બાળકની ક્ષુધાનું દુઃખ, તેની વ્યાકુળતામાં વૃદ્ધિ કરતું હતું. ન ચાલતા ચાલતા એક ઝાડની નીચે મૂર્છિત થઇને [illegible] પડ્યો. પતિની આ દશા જોઇને, તારા ગભરાઇ ગઇ. ત્યાં રોહિત પણ પોતાની ભૂખ ભૂલી જઇને પૂછવા લાગ્યો કે, પિતાજી કેમ પડી ગયા? તારાએ રોહિતને રાજાની પાસે બેસાડી દીધો અને તેના હાથમાં પાંદડું આપીને કહ્યું—બેટા, તું તારા પિતાને પવન નાખ. રોહિત પોતાના નાના નાના હાથ વડે પિતાને પવન નાખવા લાગ્યો અને [illegible] પાણી લાવવાને માટે પાણીની [illegible] કરવા ગઇ.

[illegible]

હરિશ્ચંદ્ર—પ્રિયે, હું તને સાથે લાવતો ન હતો પણ હવે મને લાગે છે, કે જો તું સાથે ન હોત, તો મારા દુઃખનો પાર ન રહેત, તું મારા માટે અદ્વિતીય સુખદાયક સિદ્ધ થઇ છે.

તારા—સ્વામિન્, મારી પાસે સુખ છે, ત્યારે જ હું સુખદાયક છું ને?

હરિશ્ચંદ્ર—હા, જો તારી પાસે સુખ ન હોત, તો તું સુખદાયક કેમ બની શકત?

તારા—પ્રભો, આપ દુઃખથી ગભરાઇ ગયા છો. એટલે આપની પાસે જે દુઃખ છે તે આપ મને આપો અને મારી પાસે જે સુખ છે, તે આપ લઇ લો.

હરિશ્ચંદ્ર—એ કેમ બની શકે? સુખ-દુઃખ એ કોઈ પદાર્થ તો નથી, કે જે બદલાવી શકાય. મને તો એ આશ્ચર્ય થાય છે કે, તું આ હાલતમાં પણ તને પોતાને સુખી માને છે. સુખને દુઃખથી બદલવાનો ઉપાય કયો છે, તેની કુંચી કઇ છે, તે બતાવ અને એ પણ બતાવ કે તું આવું કષ્ટ સહન કરતી, પોતાને સુખી કેવી રીતે માની રહી છે તથા તને દુઃખથી ગભરામણ કેમ થતી નથી?

તારા—નાથ, જે વખતે આપે રાજ્યદાન કર્યાના સમાચાર સંભળાવ્યા, તે વખતે દુઃખ મને ડગાવવા માટે આવ્યું હતું. આપ જાણો છો કે, આ સમાચાર સાંભળવાથી, કેવા કેવા શૂરવીરો પણ દુઃખિત થઇ જાય. દુઃખ મને ડગાવવા માટે તો આવ્યું, પરન્તુ મેં જાણ્યું કે આ મારો શત્રુ છે. શત્રુને ઓળખી લેવાથી, બધા તેનાથી સાવધાન રહે છે અને તેને જીતવાનો ઉપાય કરે છે. એ પ્રમાણે મેં દુઃખરૂપી શત્રુને—જેને હું ત્યાં સુધી જાણતી પણ ન હતી, તેને—જીતીને કેદ કરી રાખ્યો છે. હું તેનાથી ભય પામત, અર્થાત્ પરાજિત બનત, તો તો એ મને કચરી જ નાખત, પરન્તુ હું તેનાથી ભયભીત ન થઇ હવે, ત્યારથી મેં તેને કેદ કરી રાખેલ છે, ત્યારથી તે શત્રુને બદલે મારા

ઉપર ઉપકાર કરી રહેલ છે અને મને એનું [illegible] આવવું ? શીખવી રહ્યો છે, કે જે પ્રકારનું હું જાણતી ન હતી

[illegible] વાત સાંભળીને [illegible] અને [illegible] મન્યવાદ આપવા કહેવા લાગ્યો કે હું સમજતા [illegible] છોડી જવાથી તેમજ આ પ્રમાણ [illegible] દુઃખી બનશે, પરન્તુ તું [illegible] બનાવી રહેલ છે.

તારા—પ્રભો, [illegible] ગયું હોય, આપનું [illegible] અલૌકિક અને અત્યન્ત પ્રાપ્ત થયું છે

હરિશ્ચંદ્ર—તારા, આ તો તું અતિશયોક્તિ [illegible]

તારા—નહિ, નાથ ! હું આપને બતાવું છું, કે [illegible] કૃત્રિમ શાથી હતું અને આ [illegible] જ્યાં સોનાના તે સિંહાસન પર બેસતા હતા, [illegible] ભય રહ્યા કરતો હતો અને આપ [illegible] છો, કે જેની બાબતમાં કોઈ પણ પ્રકારનો [illegible] એમ કહેશો કે, રાજાઓ ઘાસના આસન ઉપર બેસ[illegible] સિંહાસન ઉપર જ બેસે છે, પરન્તુ [illegible] ઉત્કૃષ્ટતાને જાણતા નથી આપે એ સોનાના સિંહાસન [illegible] ઘાસના આસનને મોટું માન્યું, તેથી જ [illegible]

હરિશ્ચંદ્ર—આ તો તે [illegible]

તારા—સ્વામી, તે [illegible] આપના [illegible] વામાં આવતું તે ચામર ત્યાંસુધી જ [illegible] તેને ઢોળવામાં આવતું પણ ચામર ઢોળવાનું બંધ થતાં જ [illegible] આવતો બંધ થઈ જતો.

પરન્તુ આ કુદરતી પવન ચામરની એવી ગરજ સારે છે કે, સતત ચાલ્યા જ કરે છે અને એના જ આપેલા પવનથી હું, આપ અને આખો સંસાર જીવી રહ્યો છે. તે ચામર તો માત્ર આપને જ પવન આપતો હતો અને તે ન હોવાથી સંસારનું કામ ચાલી શકતું હતું, પરન્તુ આ ચામર તો બધાને પવન આપે છે અને તેના આપેલા પવન વગર કોઈ જીવિત રહી શકતું નથી. એ રીતે એ કૃત્રિમ ચામરની અપેક્ષાએ આ અકૃત્રિમ ચામર વિશેષ આનંદપ્રદ છે.

પ્રભો, તે રાજ્યમાં આપના માથા ઉપર જે છત્ર રહેતું હતું, તે તો આડંબરરૂપ હતું, સાચું છત્ર ન હતું. એ ઉપરાંત, તે છત્ર માત્ર આપના જ પર છાયા કરતું હતું, પરન્તુ આ વૃક્ષરૂપી છત્ર આડંબર-રહિત અને બધા ઉપર છાયા કરનાર છે આ છત્રની છાયા વિના તો મનુષ્ય, પશુ, પક્ષી આદિ તમામને દુઃખ થઈ શકે છે.

આપના તે રાજ્યમાં, સઘળા જીવો આપનાથી ભય પામતા, તે રાજ્ય ક્રોધ, અહંકાર આદિ પેદા કરનાર હતું; પરન્તુ આ રાજ્યમાં ક્રોધ, અહંકાર, વૈર આદિનું નામ નિશાન પણ નથી. આ રાજ્ય પ્રેમનું છે જુઓ, આ હરણ આપની તરફ કેવી આંખો ફાડીને પ્રેમથી જોઈ રહ્યું છે! આપ જ્યારે તે રાજ્યના માલીક હતા, ત્યારે કદીપણ હરણ [illegible] પ્રમાણે નિર્ભય રીતે આપના રાજસિંહાસન પાસે આવતું હતું?

રાજાનું મૂલ્ય કોઇએ ન કરવાથી, વિશ્વામિત્ર વિચારતા હતા કે, હવે સૂર્યાસ્ત થવાને થોડોક જ વખત બાકી છે, રાજાને કોઈ ખરીદતું નથી, એટલે વ્યાકુળ બનીને તે પોતાનો અપરાધ કબૂલ કરી લેશે. પરન્તુ જ્યારે રાજા ભંગીનું દાસત્વ સ્વીકારવા પણ તૈયાર થયો, ત્યારે તો વિશ્વામિત્રની બધી આશા માટીમાં મળી ગઇ. તેમણે એક વાર વધારે પ્રયત્ન કરવો ઉચિત માન્યું. તેઓ રાજાને કહેવા લાગ્યા—શું ભંગીના હાથમાં વેચાઇશ ?

રાજા—મારે એ જોવાનું નથી કે, હું કોને ત્યાં વેચાઇ રહ્યો છું. હું તો એ જ જોઉં છું કે, આપના કરજથી હું મુક્ત થઇ રહ્યો છું એ સિવાય—

विद्याविनयसम्पन्ने, ब्राह्मणे गवि हस्तिनि ।
शुनि चैव श्वपाके च, पण्डिताः समदर्शिनः ॥ } ગીતા

અર્થાત્—જે પંડિત અથવા જ્ઞાની છે, તેની દૃષ્ટિ વિદ્યા અને વિનય યુક્ત બ્રાહ્મણ, ગાય, હાથી, કુતરો તથા ચંડાલ ઉપર એક સરખી જ રહે છે.

એ મુજબ બ્રાહ્મણ હોય કે ચંડાલ હોય, પણ સત્યપાલનને માટે મારે મન એ બન્ને સમાન છે.

વિશ્વામિત્ર—જો, હરિશ્ચંદ્ર! હજુ કાંઇ બગડયું નથી. હજુ પણ સમજી જા અને તારી હઠ છોડી અપરાધ કબૂલ કરી લે. તો આ બધી વિપત્તિઓથી છુટકારો મળશે અને તારું રાજ્ય પણ તને પાછું મળશે.

રાજા—ખમ, મહારાજ! ક્ષમા કરો. આપ જેવાની મહેરબાનીથી જ સત્ય પાલનનો આ સુવર્ણ અવસર મને મળ્યો છે. એવો અવસર ગુમાવી દેવાની મૂર્ખતા મારાથી કદાપિ નહિ થાય.

રાજાનો આ ઉત્તર સાંભળીને, વિશ્વામિત્ર ક્રોધ કરતાં બોલ્યા—હા, જા. સત્યના મદમાં અત્યારે તને ખબર પડતી નથી, પરન્તુ આગળ તને ખબર પડશે કે હઠનું પરિણામ કેવું ભયંકર આવે છે!

પ્રકરણ ૨૦ મું

બ્રાહ્મણની દાસી તારા

દુનિયામાં જેટલાં જેટલાં સારાં કામો છે, તે ભલે કષ્ટસાધ્ય
હોય, પરન્તુ તેનું ભાવી પરિણામ સારું જ હોય છે. શુભ કાર્ય કરવામાં
જે કષ્ટ પડે છે, તે કષ્ટ નહિ, પણ તે શુભ કાર્ય સફળ થવાની ત
ધર્મો છે. કષ્ટ સહ્યાં વગર, શુભ કાર્ય કદાપિ સફળ થતું નથી.
કરવું, દાન દેવું, સત્ય પાળવું ઇત્યાદિ કાર્યો કરવામાં જો કષ્ટોનો
ગણવામાં આવે, તો કર્તા એ કાર્યો કદી પણ કરી શકતો નથી.
જો કોઇ એમ કહે, કે કષ્ટ પાપથી થાય છે, ધર્મથી નહિ, એટલે
કાર્ય કરવામાં કષ્ટ પડે, તે પાપ છે, તો એવું કહેનાર માણસ
વિષયથી તદન અજ્ઞાન છે, એમ જ સમજવું જોઇએ, તેને એ ઉ
વિચારી લેવું જોઇએ કે, જો સત્કાર્ય વગર કષ્ટ સફળ થતું હોય
પછી સંસારમાં ખોટાં કાર્યો બાકી જ કેમ રહે? કોણ એવો મૂર્ખ
કે, જે સરળતાપૂર્વક થનાર સત્કાર્યોને જેને (પોતાનો આત્મા
બનાવાને કરવાની આજ્ઞા આપે છે) છોડી, ત્યાગ-કષ્ટસહન કર
પાપ કરે? કોણ એવો હશે કે, જે સુખ આપનારાં સારાં કા
કરતાં, દુઃખ આપનારાં ખરાબ કામો કરે! આ ઉપરાંત જો દુઃ
તે માટે સત્કાર્યને પાપ કહેવામાં આવે, તો જે કાર્યોમાં દુઃ
નથી પણ સુખ થાય છે, તેમાં ધર્મ માનવો પડશે પરંતુ
નથી સંસારમાં ખોટાં કાર્યો પણ સુખની આશાથી કરવામાં
અને લોકો એ કાર્યોમાં પણ સુખ માને છે. જેમ કે વ્યભિચ
જુગાર રમવું, ચોરી કરવી વગેરે દુષ્કાર્યોને સુખનાં ખોટાં કાર

છતાં તેવાં કાર્યો કરનાર તેમાં સુખ માને છે. જો તેમાં સુખ ન માને તો તે કરે જ કેમ? કારણ કે, સંસારમાં પ્રત્યેક પ્રાણી જે કાંઇ કરે છે તે સુખને માટે જ કરે છે. એ જુદી વાત છે કે, તે ભ્રમને લીધે દુઃખના કારણને સુખ અને સુખના કારણને દુઃખ માનતો હોય, પરંતુ તેની ઇચ્છા સુખની જ માત્ર રહે છે. જેમ યોગીજનો યોગમાં સુખ માને છે, તેમ ભોગીજનો ભોગમાં સુખ માને છે. જે કામ કરવામાં કામ કરનાર પોતે પોતાને સુખી માનતો હોય, તે કામ સર્વથા સારું જ હોય છે એમ પણ નથી, અથવા તો તે કેવળ ખોટું જ હોય છે એમ પણ નથી એ જ પ્રમાણે જે કાર્ય કરતી વખતે કર્તાને દુઃખ થતું હોય, તે કામ પણ સર્વથા સારું જ હોય છે કે સર્વથા ખોટું જ હોય છે એમ પણ નથી. કાર્યનું સારાપણું કે ખોટાપણું તેના ફળ ઉપર આધાર રાખે છે. કાર્ય કરતી વખતે થનાર સુખ-દુઃખને જોઇને અથવા અનુમાનથી કાર્યનું સારાપણું કે ખોટાપણું કહી શકાતું નથી જેમ દુરાચાર કરતી વખતે, તે કરનાર તેમાં સુખ માને છે, પરન્તુ તેનું ફળ આ લોકમાં જ શરીરની દુર્બળતા, હૃદયની મલીનતા વગેરે રૂપમાં પ્રાપ્ત થાય છે અને પરલોકમાં પણ તે શિક્ષા પામે છે. એ જ પ્રમાણે યોગસાધનમાં, સાધના વખતે કષ્ટ થાય છે, પરંતુ તેનું ફળ આ લોક અને પરલોક બન્ને જગ્યાએ લાભદાયક છે. સાધના પછી સાધક પોતે પોતાને આ લોકમાં જ સુખી માને છે. તાત્પર્ય એ છે કે, કાર્ય કરતી વખતે થનાર સુખ-દુઃખથી એમ ન કહી શકાય કે, આ કાર્ય ધર્મ છે કે પાપ, પરન્તુ તેનાં ફળના દુઃખ-સુખ ઉપરથી આ વાતનો નિર્ણય થઇ શકે છે.

હરિશ્ચંદ્ર અને તારાએ જે કાંઇ કર્યું છે, તે સુખની અભિલાષાથી. હવે આ સુખની અભિલાષામાં, તેઓ જે કાર્ય કરી રહ્યા છે, તેમાં જરૂર દુઃખ થઇ રહ્યું છે, પરન્તુ તેનું અંતિમ ફળ સુખ જ છે. હરિશ્ચંદ્રને દુઃખ થઇ રહ્યું છે, એથી સત્યપાલનનું અને રાજ્ય આપવાનું કાર્ય, તથા તારાનું પતિસેવાનું કાર્ય, એ પાપ કહી શકાતું નથી. એ

-દુઃખ તો, સત્યપાલનમાં એક જાતના કાંટા રૂપ છે કે, જેમ ગુલાબનાં ફુલ મેળવવામા હાથ ઉપર કાંટા વાગે છે. હવે, જો કોઇ માણુસ કાંટા વાગવાના કારણે, ગુલાબનાં ફુલો, કે જેમાં સુગંધી અને કોમળતાનો ગુણ છે, તેને દુર્ગંધયુકત અને કઠોર કહે, તો તે કઈ રીતે ઉચિત કહી શકાય? એ જ પ્રમાણે કષ્ટ થવાને કારણે, સત્ય દાન અને પતિસેવા, કે જેનું ફળ સારૂં છે, તેને પાપ કેમ માની શકાય? જો તે પાપ જ હોય, તો પછી હરિશ્ચંદ્રને પુનઃ તેનું રાજ્ય મળવું અને ઇન્દ્રાદિ દેવતાઓની પ્રાર્થના તથા પ્રશંસા કરવી ઇત્યાદિ સુખ, ક્યા ધર્મનું ફળ કહેવાય? એ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે, સત્કાર્ય ભલે કષ્ટસાધ્ય હોય, પણ તેનું ફળ સુખ આપનારૂં છે, એટલે સત્કાર્ય એ ધર્મ છે અને દુષ્કાર્યો કરવામાં ભલે સુખ મળતું હોય, તો પણ તેનું ફળ દુઃખ આપનાર હોવાથી તે પાપ છે.

હરિશ્ચંદ્ર અને તારા, સત્યરૂપી ગુલાબનાં પુષ્પોને માટે જ દુઃખરૂપી કાંટા સહન કરી રહ્યાં છે. એટલા માટે તેમણે અખંડ રાજ્ય છોડી દીધું, મજુરી કરવામાં પણ તેમને કાંઇ શરમ ન થઇ અને વેચાવામાં પણ પ્રસન્ન જ રહ્યા. તેમનું ધ્યેય તો સત્યપાલન છે. સત્યપાલનમાં તેમને ગમે તેટલાં દુઃખો પડે, પણ તેઓ તેને સહન કરવા માટે તૈયાર છે.

બ્રાહ્મણને ત્યાં વેચાએલી તારા, રોહિતને લઈને તેને ઘેર ગઈ. બ્રાહ્મણે પોતાની સ્ત્રી, પુત્રવધૂ વગેરેને તારા બતાવીને કહ્યું કે, હું આ દાસી લાવ્યો છું.

બ્રાહ્મણના ઘરની સ્ત્રીઓ, તારાનું રૂપ—સૌંદર્ય જોઈને આશ્ચર્યમાં પડી ગઇ કે, જેની આકૃતિ જ ખાનદાનપણાની છે, તે દાસી કેમ બની? તેઓએ આ બાબતમાં બ્રાહ્મણને પૂછ્યું પરન્તુ બ્રાહ્મણે [illegible] કે, હું પોતે જ આ બાબતથી અજાણ્યો છું. [illegible]

જાણ્યું પણ હતું, પરન્તુ તેણે પોતાની ઓળખાણ ન આપી ઓળખાણ આપે કે ન આપે, પણ તેની આકૃતિ ઉપરથી તે આપણા ઘર માટે ઉપયોગી લાગી, તેથી લઇ આવ્યો છું. તેણીના લક્ષણો ઉપરથી જણાય છે કે, તે ગુણવતી છે. તેની પાસે ગૃહકાર્ય કરાવજો અને જો જો, કે તે વિશ્વાસ કરવા યોગ્ય છે કે નથી!

બ્રાહ્મણે તારાને રહેવા માટે એક નાની સરખી ઓરડી ખાલી બનાવી અને પથારી માટે એક નાનકડી શેતરંજી આપી. ઘેર પહોંચતા પહોંચતાં રાત્રિ થઇ ચુકી હતી, એટલે બ્રાહ્મણે દયા કરીને, તે રાત્રે તારાને કાંઇ કામ ન બતાવ્યું અને તેને સુઇ જવાની આજ્ઞા આપી તે નાની ઓરડીમાં તારાએ, બ્રાહ્મણની આપેલી શેતરંજી પાથરીને રોહિતને સુવડાવી દીધો, અને પોતે પણ પતિવિયોગ અને તેના દુઃખની ચિન્તા કરતી પડી રહી. તે વિચાર કરવા લાગી કે, ધર્મશાળાની જેવી કોટડીમાં હું રહેતી હતી, તેવી જ કોટડી અહીં પણ છે ત્યાં તો હું જમીન ઉપર જ સૂઈ રહેતી હતી, પરન્તુ અહીં તો શેતરંજી પણ છે. જે રોહિત હમેશા મારી પાસે સૂતો હતો, તે પણ મારી પાસે જ છે સૂર્ય પણ તે જ છે, ચંદ્ર પણ તે જ છે, ગ્રહ, તારા, આકાશ, પૃથ્વી વગેરે પણ તે જ છે અને હું પણ તે જ છું પરન્તુ પતિ વગર આ બધાં સારાં લાગતાં નથી. હું ધર્મશાળા કરતા અહીં કોઇ પ્રકારના દુઃખમાં નથી, પરન્તુ ત્યાં નાથ હતા, તેમનું મુખચંદ્ર જોયા કરતી હતી, તે સુખ હતું, જે અહીં નથી. હું મારા કરજથી મુક્ત બનીને તો ચાલી આવી, પરન્તુ સ્વામી ઉપર કોણ જાણે કેવી વીતી હશે મારા જેવી અભાગિની કોણ હશે કે, જે આવે વખતે પતિસેવાથી વંચિત થઇ છે. અત્યારસુધી તો હું પતિની સેવા કરતી હતી, તેમના ભોજનાદિની વ્યવસ્થા રાખતી હતી અને દુઃખથી ગભરાઇ જતા તેમને ધૈર્ય આપતી હતી, પણ હવે તે કાર્ય કોણ કરશે?

આ પ્રમાણે વિચાર કરતા કરતા, રાણી ગંભીર ચિંતાસાગરમા

દુખી ગઇ. કેટલીકવાર સુધી તો તે આ પ્રમાણે ચિંતામગ્ન રહી, પરન્તુ થોડી વાર પછી તેને યાદ આવ્યું કે, પતિને હું શિખામણ આપતી હતી, પરન્તુ મેં જ વિયોગરૂપી અગ્નિથી બળવું શરૂ કરી દીધું. હું જે સત્યનો પ્રભાવ જણાવીને પતિને ધીરજ આપતી હતી, શું તે સત્ય હવે તમને સહાય નહિ કરે ? એવું કદાપિ નહિ બને. એ ચોક્કસ છે કે, સત્ય તેમને જરૂર સહાય કરશે. મને આ બાબતની ચિંતા કરવાનું કશું કારણ નથી. અત્યારે પણ તે જ સત્ય અમારી રક્ષા કરવા સમર્થ છે. એ ઉપરાંત ચિંતા કરવાથી મને કાંઇ લાભ થવાનો નથી, પણ જરૂર નુકશાન થવાનું છે. આ રીતે ચિંતા કરવાથી શરીર તથા બળ ક્ષીણ થશે અને મને વેચાતી લેનારને મેં જ કાર્યો કરવાનો વિશ્વાસ આપ્યો છે, તે કાર્યોને હું કરી નહિ શકું. પરિણામે જે સત્યને માટે મેં આટલાં કષ્ટો સહ્યાં છે, તે સત્યથી હું ભ્રષ્ટ બની જઇશ.

આ પ્રમાણે હૃદયમાં ધીરજ ધારણ કરીને, તારા તે જ બિછાનાં પર સુઇ ગઇ. નિયમાનુસાર થોડીક ઊંઘ લઇને તે સૂર્યોદય પહેલાં જ ઉઠી ગઇ અને પરમાત્માનું સ્મરણ કરવા લાગી. તે કહેવા લાગી કે— હે પ્રભો, તારી જ કૃપાથી મારામાં આટલું ધૈર્ય છે કે, જેથી આ દુઃખો સહન કરી રહી છું. જો તારી સહાયતા ન હોત તો, આવાં દુઃખો વખતે ધીરજ રહી જવી એ સ્વાભાવિક હતી. હું તને ધન્યવાદ આપું છું તેમ જ પ્રાર્થના કરું છું કે, સત્યના પાલનમાં ગમે તેટલાં કષ્ટો આવો, પરન્તુ તે સઘળાં સહન કરવાની મારામાં શક્તિ રહે.

પરમાત્માની પ્રાર્થના કરી, તારા બ્રાહ્મણના ઘર તરફ ચાલી. એ વખતે બ્રાહ્મણના ઘરનાં કમાડ ખુલ્લાં ન હતાં, હજુ સુધી ત્યાં ઘરનાં બધાં માણસો ઊંઘ જ લેતાં હતાં. તારાએ [illegible] કમાડ ઉઘાડ્યાં. તારાને સામે ઉભેલી જોઇ, તે [illegible] કહેવા લાગી: અભાગણી—દાસી, તું અત્યારથી જ ક્યાં [illegible] ગઇ હતી ?

તારા—હું દાસી છું. મારી ફરજ છે કે મારે મારા માલીકે ઊંચતાં પદેમાં ઉઠીને જે કાંઈ સેવા કરવાનાં હોય તે કરી લેવું તમે માલીક છો. આપની આશા રાખીને જો હું પણ મોડે સુધી સૂઈ રહું તો કામ કેમ ચાલે !

તારાએ પહેલા તો બ્રાહ્મણના ઘર, રસુડાના વગેરે વાળીને સાફ કર્યાં. પછી રાતનું ભરી રહેલું પાણી ગળીને બીજુ પાણી લાવી અને પછી વાસણ માંજીને, રસોઈ બનાવવા લાગી. તારાની બનાવેલી રસોઈ ખાઈને, બ્રાહ્મણના ઘરનાં બધા માણસો વગ ખુશી થયા તેઓ કહેવા લાગ્યા કે, આ દાસી શું આપણે ત્યાં એક લક્ષ્મી આવી છે! ઘરનું સઘળું કામ તેણે કેવી ચતુરાઈથી કર્યું છે અને રસોઈ પણ કેવી સરસ બનાવી છે! રસોઈ બનાવવાની સામગ્રી તો જે રોજ વપરાય છે તે જ છે, છતા આજની રસોઈમા જે સ્વાદ આવ્યો છે, તે કદીપણ આવ્યો ન હતો.

રસોઈ આદિ કાર્યથી પરવારીને તથા પોતે પણ ખાઈ-પીને તારા બ્રાહ્મણની સ્ત્રીઓને આનંદ થાય તેવી બોધદાયક વાતો કરવા લાગી તથા ગાયન સંભળાવવા લાગી બ્રાહ્મણના ઘરની સ્ત્રીઓ તારાના ગાયન તથા તેની વાતો સાભળીને ઘણી ખુશ થઇ અને તારાના વખાણ કરવા લાગી.

તારા, ઘરનું તમામ કામકાજ કુશળતાપૂર્વક કરતી હતી અને દરેક વસ્તુને સ્વચ્છ તથા વ્યવસ્થિત રાખતી હતી, પશુઓ સાથે પણ તે એવો પ્રેમ કરતી અને તેમની એવી વ્યવસ્થા કરતી કે, ઘી દૂધની પણ વૃદ્ધિ થઇ ગઇ આ પ્રમાણે પોતાની કાર્ય-કુશળતાથી તારાએ બ્રાહ્મણને ત્યાંના બધા માણસોની સહાનુભૂતિ મેળવી લીધી

તારાના કેટલાક દિવસો એ જ પ્રમાણે શાન્તિમા વ્યતીત થયા પરન્તુ હજુ તેની પરીક્ષા થોડી ઘણી બાકી હતી હજુ પણ તેના પર વિપત્તિનું વાદળ ઝઝૂમી રહ્યું હતું.

બ્રાહ્મણનો યુવાન પુત્ર, તારાનું સૌંદર્ય, તેનુ ચાતુર્ય ઉપર મનન

બન્યો. તે વિચારવા લાગ્યો કે, દાસી વગર શણગારે આટલી બધી સુંદર દેખાય છે, તો શણગાર ધારણ કરતાં તો તેણી કેવી સુંદર દેખાય એટલે આ ઓરતને મારે મેળવવું એ જ ઉચિત અને બુદ્ધિગમ્ય છે.

બ્રાહ્મણ પુત્રના હૃદયમાં તારાને પોતાની પ્રિયતમા બનાવવાની અભિલાષા દિનપ્રતિદિન વધવા લાગી. તે તારાની સાથે એ જ ઇચ્છાએ વાતચીત કરવા લાગ્યો તારા હજારો સ્ત્રી પુરૂષોને નીરખી ચૂકી હતી, એથી તો બ્રાહ્મણપુત્રની વિકાર દૃષ્ટિને જાણી ગઇ અને તેનાથી સાવધાન રહેવા લાગી. તે બ્રાહ્મણપુત્રની સાથે ન તો દૃષ્ટિ પણ મેળવતી કે, ન તો તેની સાથે બીનજરૂરી વાતચીત પણ કરતી. બ્રાહ્મણપુત્રે જ્યારે જોયું કે, આ દાસી મારી તરફ જોતી પણ નથી, તેમ વાતચીત પણ કરતી નથી. ત્યારે તે તારાને કાંઇક લોભ બતાવીને પોતાને સ્વાધીન બનાવવાનો ઉપાય વિચારવા લાગ્યો.

દુનિયામાં જે મનુષ્ય નિર્લોભી છે, જેની લોભવૃત્તિ શાંત છે, તે મનુષ્યને કોઇપણ તેના ધર્મ અને કર્તવ્યથી પતિત કરી શકતો નથી. ધર્મથી હટાવીને પાપમાં પ્રવૃત્ત કરનાર લોભ જ છે, પછી તે લોભ ભલે ગમે તે પ્રકારનો હોય. લોભને કારણે જ લોકો ધર્મથી પતિત થઇ જાય છે પરન્તુ જે તારાએ ધર્મને માટે રાજસુખ અને પતિસુખનો પણ ત્યાગ ન કર્યો, તે થોડા લોભ માત્રથી આસક્ત કેમ બને! તે તો તેણે પહેલેથી જ છોડી દીધાં હતાં, એથી તે પોતાના પતિના સ્નેહની રક્ષા અને પોતાના કર્તવ્યના પાલનમાં સ્વતંત્ર બની રહી હતી.

બ્રાહ્મણપુત્ર, એક સુંદર સાડી લાવીને તારાને આપીને કહેવા લાગ્યો કે, તમે આ સાડી પહેરો. આ જાડાં કપડાં તમારા શરીર ઉપર શોભતાં નથી. તારા, બ્રાહ્મણપુત્રની દૃષ્ટિને પહેલેથી જ જાણી ચૂકી હતી, એટલે તેણે સાડી પાછી આપતાં જવાબ આપ્યો કે, આપ આપની ભેટ બીજાને આપો. હું દાસી છું, મારે ઝીણાં અને સુંદર કપડાં પહેરવા ઉચિત નથી, કારણ કે એથી આળસ પેદા થાય છે અને અ…

માલીકના કામમાં ખલેલ પહોંચે છે. અમારે તો જાડાં કપડાં પહેરવાં જ ઉચિત છે.

તારાનો જવાબ સાંભળીને, બ્રાહ્મણપુત્ર કાંઇક નિરાશ થઇ ને વિચારવા લાગ્યો કે, હું ધારતો હતો કે તે આ સાડી પર લલચાઇ જશે, પરન્તુ તેણીએ તો આ સાડીનો તિરસ્કાર કર્યો.

બ્રાહ્મણપુત્ર નિરાશ થવા છતાં પણ પોતાની ઇચ્છા પૂર્ણ કરવા માટે તે પ્રયત્ન કરવા લાગ્યો. તે કોઇ કોઇ વખત તારા કે રોહિતને સારાં સારાં પકવાન અને થોડાંક રૂપીઆ-પૈસા આપતો, પરન્તુ ન તો તે રોહિત પણ લેતો કે, ન તો તે તારા પણ લેતી. પકવાન વગેરેને માટે તારા તો કહી દેતી કે, અમારે પકવાનને બદલે સાધારણ અન્ન જ ખાવું એ જ ઉચિત છે, પકવાન આપની સ્ત્રીને ખવડાવો. તેમ જ જ્યારે તમારે ત્યાંથી મને ભોજન-વસ્ત્ર મળે જ છે, તો પછી રૂપિઆ-પૈસાની અમારે શી જરૂર છે ? આ તરફ રોહિત પણ કહી દેતો કે, મારું ભોજન માતાના જ ભોજનમાં મને મળી રહે છે, જ્યારે હું ભોજન પણ લઇ શકતો નથી તો પછી રૂપીઆ-પૈસા શી રીતે લઇ શકૂં ?

લોભ વડે તારાને પોતાના તાબે કરવાના ઉપાયમાં પણ જ્યારે બ્રાહ્મણપુત્ર નિષ્ફળ નીવડ્યો, ત્યારે તેણે ધર્મનો આશ્રય લીધો. તે એકાન્તમાં પુસ્તક ઉઘાડીને બેસી જતો અને તારાને કહેતો કે, દાસી આવ તને ધર્મ સંભળાવું.

દુષ્ટ માણસો, ધર્મને પણ દુરાચારની ઢાલ બનાવે છે. આવી અનેક ઘટનાઓ આજે પણ સાંભળવામાં આવે છે કે, જેમાં ધર્મના નામે કે ધર્મના ઓથા નીચે દુરાચારો સેવાયા હોય. ભોળા-ભદ્રિક મનુષ્યો ધર્મના વેશધારી માણસો પર વિશ્વાસ કરીને, તેમની કપટ-જાળમાં ફસાય છે, પરન્તુ કેવળ વેશ પર વિશ્વાસ મૂકી દેવો એ પણ બુદ્ધિમત્તા નથી, એને માટે તુલસીદાસજીએ કહ્યું છે કેઃ—

तुलसी देखी सुवेश, भूलहिं मूढ न चतुर नर ।
सुंदर केकी पेख, वचन अमियमम अशन अहि ॥

અર્થાત્—કેવળ સુંદર વેશને દેખી, મૂઢ લોકો ફસાય છે. ચતુર લોકો ફસાતા નથી. સારા વેશધારીઓમાં પણ કયા દુર્ગુણો હોઇ શકે છે, તે માટે મોરને જુઓ, મોર દેખાવમાં કેવો સુંદર હોય છે, તેની વાણી પણ અમૃતના જેવી હોય છે, પરન્તુ આ બધું હોવા છતાં, પણ તેનો ખોરાક સર્પનો છે. અર્થાત્ તે એટલાં કઠોર હૃદયવાળો છે કે, તે જીવિત સર્પને પણ ખાઇ જાય છે.

સારાંશ એ છે કે ધર્મ-વેશધારીનો પણ પરીક્ષા કર્યા વગર એકદમ અવિચારપૂર્વક વિશ્વાસ કરી લેવાથી, નુકશાન થવાનો સંભવ રહે છે. ક્યાંક ક્યાંક એવી જાળમાં ફસાઈને મનુષ્ય ધર્મભ્રષ્ટ પણ બની જાય છે.

બ્રાહ્મણપુત્ર, તારાને ધર્મકથા સંભળાવવા માટે બોલાવતો, પરન્તુ તારા તેને કહી દેતી કે, જે ધર્મ ન જાણતા હોય તેને જ ધર્મ સાંભળવાની જરૂર રહે છે. મારો ધર્મ તમારા લોકોની સેવા કરવાનો છે, જે હું સમજું છું તથા જાણું છું માટે ધર્મ સાંભળવાની જરૂર નથી, તેમ મને એટલો વખત પણ નથી કે, હું ધર્મ સાંભળી શકું.

બ્રાહ્મણપુત્ર, જ્યારે આ ઉપાય વડે પણ તારાને પોતાની તરફ આકર્ષવામાં અસમર્થ બન્યો, ત્યારે તે કોઈ બીજો ઉપાય વિચારવા લાગ્યો. તેણે વિચાર્યું કે સ્ત્રીનો પ્રેમ તેના પુત્ર ઉપર વધારે હોય છે. પુત્ર હોય તો તે બીજી કોઈ સ્ત્રીની દરકાર [illegible] [illegible]

[illegible]

તે તેને અહીં નહીં ન્હવડાવતો, કોઈવાર ધમકાવતો, કોઈવાર મારતો અને કોઈવાર નમાવતો મારતો. રોહિત, એક તો એવ જ તેમનો બાળ-પુત્ર હતો, બીજુ બાળસ્વભાવી હતો અને સ્થિતિને સમજનાર હતો. એ જ કારણથી, તે બ્રાહ્મણપુત્રના અત્યાચારોને ચૂપચાપ સહન કરી લેતો, પરન્તુ નાગને પોતાના પુત્ર પર બ્રાહ્મણપુત્રકૃત થતો અત્યાચાર જોઈને દુઃખ થતું. એક દિવસ તેણે બ્રાહ્મણપુત્રને નમ્રતાપૂર્વક પ્રાર્થના કરી કે, આ રોહિત હજુ બાળક છે આપ તેને જે કામ બતાવો છો, તે કરવામાં તે અસમર્થ છે એ ઉપરાંત આપને ત્યાં હું કામ કરવા માટે આવ્યો છું, અને હું કામ કરું જ છું આપ [illegible] મારા જ ભોજનમાંથી ભોજન ખાય છે અને તેનું હું વેતન પણ જુદું લેતો નથી આવી સ્થિતિમાં આપ તેને કષ્ટ આપવું ઉચિત નથી એ વાત જુદી છે કે, રોહિત પોતાની ઇચ્છાથી પોતે કામ કરે, પરન્તુ આ પ્રમાણે તેના ઉપર અત્યાચાર કરવો, એ ન્યાયોચિત કામ કહી ન શકાય ! કૃપા કરીને આપ તે બાળક ઉપર દયા રાખો અને તેને કષ્ટ ન આપો

બ્રાહ્મણપુત્રે નાગની આ પ્રાર્થનાના જવાબમાં કહ્યું—'હું તને સારું સારું ખાવાનું તથા સારાં સારાં કપડાં વગેરે આપું છું તને ધર્મ-કથા સાંભળવા માટે બોલાવું છું, ત્યારે તો તું અસ્વીકાર કરે છે અને અત્યારે આમ કહે છે '

નાગ—આપ મને જે કાંઈ આપવા ઇચ્છતા હતા, તે આપની મહેરબાની હતી, છતાં મેં તે ન લીધા, તો તેમ મને જ નુકસાન થયું કે જેથી આપ ક્રોધાયમાન થાઓ છો '

બ્રાહ્મણપુત્ર, નાગની આ વાતોથી વધારે ક્રોધિત થયો તેણે પોતાના ઘરની સ્ત્રીઓને કહ્યું કે, દાસીને માટે જે ભોજન આવતા આવે, તે મને બતાવીને આપવું તે પોતે જ કહે છે કે [illegible] આળસ પેદા થાય છે, જેથી મારી-ના કામમાં ખલેલ પહોંચે છે. [illegible] તેને વધારે તેમ જ સારું ભોજન આપવું એ ઠીક નથી

અત્યાર સુધી તારાને એક માણસ ખાય તેટલું ભોજન મળતું હતું. અને તેમાં તે પુત્ર સહિત પોતાનો નિર્વાહ કરતી હતી. પરન્તુ બ્રાહ્મણપુત્ર હવે એટલું ભોજન આપવા લાગ્યો, કે જેથી એક માણસની ક્ષુધા પણ સંપૂર્ણરીતે મટી ન શકે, ભોજન લાવીને તારા, રોહિતને ખાવા બેસાડી દેતી, સ્વભાવ પ્રમાણે રોહિત પોતાની માને પણ ખાવાનું કહેતો, પરન્તુ તારા તેને સમજાવી દેતી કે, તું ખાઈ લે. પછી હું બધું ભોજન ખાઇ જઇશ. કોઈકોઈવાર જ્યારે રોહિત હઠ કરીને કહેતા કે, જો તમે નહી ખાઓ તો હું પણ નહીં ખાઉં, ત્યારે તારા નાનાં નાનાં કોળીયા (ગ્રાસ)થી ખાવા માંડતી. ધીરેધીરે રોહિત સમજવા લાગ્યો કે, મારી માતા મારા માટે ભૂખી રહે છે.

બ્રાહ્મણપુત્ર, તારાને ઓછું ભોજન આપીને પણ શાંત ન થયો. તે તેનાથી વધારે ને વધારે કામ લેવા લાગ્યો. એક દિવસે તેણે તારાને ગંગામાંથી પાણી ભરી લાવી આપવાની આજ્ઞા આપી. તારા, માલિકના આજ્ઞાનું ઉલ્લંઘન કરવાનું તો જાણતી જ ન હતી. તેથી તે ઘડો લઈને ગંગાતટે પાણી ભરવા ગઈ.

જે રાણીને, પીવા વાસ્તે પણ હાથે પાણી લેવું પડતું ન હતું તે જ રાણીને આજે જાતે જ પાણી ભરવા માટે નદીએ જવું પડે છે. છતાં તે એ બધું સત્યને માટે કરી રહી છે, તેથી તેને તેનું કિંચિત્ પણ દુઃખ નથી.

પ્રકરણ ૨૧ મું

ભંગીનો દાસ હરિશ્ચંદ્ર



દુનિયામાં સેવા જેવું બીજું કોઈ મુશ્કેલ કાર્ય નથી. જે મનુષ્ય પોતાના આત્માનું શારીરિને દમન કરી શકે છે અને માલિકની મરજી મુજબ પોતાના સ્વભાવને ગણી શકે છે, તે જ સેવા ધર્મનું પાલન કરી શકે છે. બીજો નહિ સેવાધર્મ કેટલો કઠણ છે કે—

मौनान्मूकः प्रवचनपटुश्चाटुको जल्पको वा ।
धृष्टः पार्श्वे वसति च तदा दूरतश्चाप्रगल्भ. ॥
क्षान्त्या भीरुर्यदि न सहते प्रायशो नाभिजात. ।
सेवाधर्मः परमगहनो योगिनामप्यगम्यः ॥ [ભર્તૃહરિ]

અર્થાત્—જો સેવક મૌન રહે છે તો માલિક તેને મૂંગો, બોલે છે તો બકવાદી, પાસે રહે છે તો ધીટ, દૂર રહે છે તો મૂર્ખ, સહન કરી લે છે તો ડરપોક અને સહન કરતો નથી તો તેને નીચ કુળનો કહે છે. મતલબ એ છે કે સેવાધર્મ બહુ જ કઠીન છે યોગીઓને માટે પણ તે અગમ્ય છે

સેવાના નામથી ગભરાઇને એક બીજો કવિ કહે છે—

चाहे कुटी अति घने वनमें बनावे, चाहे बिना लोन कुत्सित अन्न खावे ।
चाहे कभी नर नये पटभी न पावे, 'सेवा' प्रभो पर न पर की करावे ॥

અયોધ્યા જેવા વિશાળ રાજ્યના માલીક મહારાજા હરિશ્ચંદ્ર અને મહારાણી તારા, આ વખતે કઠોર સેવાધર્મનું પાલન કરી રહ્યા છે. તેમના હૃદયમા શા શા વિચારો હશે ન તો કહી શકાય નહિ, પરન્તુ જેની પાસે કદાચ હજારો સેવકો રહેતા હોય અને હવે તેને પોતાને જ સેવક બનવું પડે, એવી સ્થિતિમા તેના હૃદયમા કેવા કેવાં ભાવો

ઉત્પન્ન થાય, એ અનુમાનથી જાણી શકાય છે. પરન્તુ રાજા અને રાણીની આ સ્થિતિની બાબતમાં જે કષ્ટનું અનુમાન કરવામાં આવે, તે કષ્ટ તેમને તેવા રૂપના અનુભવમાં ન હતું. તેઓ તો એમ જ સમજે છે કે, આ કષ્ટ સત્ય ચાલ્યા જવાથી કષ્ટ કરતાં લાખ દરજ્જે ઉત્તમ છે. અમને તો કષ્ટ ત્યારે જ થાય કે, જ્યારે અમારું સત્ય ન રહે. જ્યાંસુધી અમારૂં સત્ય રહેલું છે, ત્યાં સુધી અમને કોઇ જાતનું દુઃખ નથી. જેમ એક તપસ્વીને તપસ્યા કરતો જોઇ, બીજા લોકો તો સમજે છે કે, તેને કષ્ટ થઇ રહ્યું છે, તે કષ્ટ સહન કરી રહેલ છે, પરન્તુ તપસ્વીને પૂછવાથી તે તો એમ જ કહેશે કે, મને કોઇ જાતનું કષ્ટ નથી, હું તો તપશ્ચર્યા કરી રહ્યો છું. બરાબર આજ બાબત રાજા અને રાણીના સંબંધમાં પણ છે. જોનાર-સાંભળનાર તો સમજે છે કે, તેમને કષ્ટ થઇ રહ્યું છે, પરન્તુ તેઓ કહે છે કે, અમને કષ્ટ ત્યારે જ છે કે, જ્યારે અમારૂં સત્ય ન રહે જ્યાંસુધી અમારામાં સત્ય છે, ત્યાંસુધી અમને કોઇ જાતનું દુઃખ નથી. અસ્તુ.

ભંગી મારફત વિશ્વામિત્રને પાંચસો સોનામહોરો આપાવીને અને વિશ્વામિત્રના ઋણથી મુક્ત બનીને, મહારાજા હરિશ્ચંદ્ર ભંગીની સાથે તેને ઘેર આવ્યો, તેના હૃદયમાં કોઇ પ્રકારની ગ્લાનિ કે સંકોચ પણ નથી વિશ્વામિત્રના કરજથી મુક્ત બની જવાને લીધે, તેનું ચિત્ત પ્રસન્ન છે અને તે પરમાત્માને અનેક ધન્યવાદ આપે છે, કે તારી કૃપાથી મારૂં સત્ય રહી ગયું. તારાના હૃદયમાં જે પોતાના તરફ ખિન્નતા હતી, તેણે મને શાબ્બાશી આપી હતી, તે તારી જ કૃપા હતી તારી જ કૃપાથી, તારા જેવી સ્ત્રી મળી, જેણે મને સત્ય પર સ્થિર રાખ્યો.

[illegible] ભંગીએ પોતાની સ્ત્રીને કહ્યું, કે આ [illegible] મહાત્મા સત્યપુરુષ આપણે ત્યાં આવ્યા છે તેને મેં [illegible] ન [illegible] કે [illegible] તે રીતે [illegible] અને તેમની [illegible] [illegible] તે [illegible] [illegible]

છે કે, દંભનું તો દૃષ્ટાંત છે કે તેને [illegible] આવું થયું, [illegible] લાલાનું તો મહત્વ જ છે, કે તેને ત્યાં [illegible] દંભ વર્તમાન નથી આવ્યો છે. તેમ જ પ્રમાણ આ [illegible] તો [illegible] છે કે જેને આપણે ત્યાં આવવું પડ્યું, પરન્તુ [illegible] જ છે, કે જે આવો પુરુષ આપણે ત્યાં [illegible]

જો કે ભંગીએ તેની સ્ત્રીને રાજાની [illegible] સમજણ પાડી, પરન્તુ એવું સમજવાનો પ્રસંગ [illegible] રીતે પડી શકે? ભગિનીના સ્વભાવ [illegible] પતિ [illegible] જાણવાથી, તથા વાણિ રાજા પ્રત્યે [illegible] હતી, ત્યાં તે પોતાના પતિના [illegible] તે કહેવા લાગી, કે જ્યારે એનાથી કામ લેવાનું નથી [illegible] સોનામહોરો ખર્ચીને શું તેનું મોઢું જોવા માટે [illegible] ઘરેણાં ગાંઠાં માટે તો પાંચસો મહોરો ખર્ચાતી નથી અને આ [illegible] માટે વિના કારણે જ પાંચસે મહોરો ખર્ચી નાખી!

કર્કશ સ્વભાવ મુજબ ભંગાણી (ભંગીની સ્ત્રી—ભંગયણી) તેના પતિ પર ક્રોધિષ્ટ થઇ ભંગીએ તેને ફરીથી સમજાવી [illegible] દમદાટી બતાવીને શાન્ત કરી.

ત્યાર પછી થોડાક દિવસો આ પ્રમાણે ભંગિનીને ત્યાં [illegible] રાજા પોતાના માલીક ભંગીને કહ્યા કરતા, કે મને કામ બતાવ [illegible] કામ માગે સમય પણ [illegible] જતો નથી, તેમ [illegible] એમ કહેવું એ દાસ પ્રથા પ્રમાણે અનુકૂળપણું નથી તથાપિ ભંગી રાજાને એ જ જવાબ આપતો, કે બસ આપ એમ જ રહો અને જ્યાં [illegible] હોય ત્યાં ફર્યા કરો, તથા અવારનવાર મને આપના મુખનું [illegible] સંભળાવી દ્યો, એ જ આપનું કામ છે.

રાજા, ભંગી પાસે પણ કામ માગ્યા કરતો, પરન્તુ ભંગી [illegible] આપવાને બદલે ઉલટો હસવા લાગતો. એક દિવસ રાજાએ કામ મા[illegible]

ગવાથી, ભંગિયાણીએ ક્રોધાવેશમાં રાજાને ઘડો લઇને પાણી ભરી લાવવાની આજ્ઞા આપી. રાજા ઘણો જ ખુશી થયો કે, ક્રોધિત બનીને પણ માલીકિનીએ કામ તો બતાવ્યું. તે સર્દા ઘડો લઇને પાણી ભરવા ચાલ્યો અને એ જ પાણીના ઘાટ પર પહોંચ્યો કે, જ્યાં બ્રાહ્મણપુત્ર મોકલેલી તારા, પાણી ભરવા આવી હતી.

સાચા પ્રેમીઓ ક્યારે ને ક્યારે, કોઈ ને કોઈ સ્થિતિમાં મળી જ જાય છે. જો હૃદયમાં સાચો પ્રેમ હોય તો તે પ્રેમીઓ અવશ્ય મળી જાય છે. પરમાત્મા સાથે જેનો સાચો પ્રેમ છે, તેને પરમાત્મા ન મળે એ વાત અસંભવિત છે. સત્યપ્રેમીઓ પરમાત્માને મળે જ છે એમ નહિ, પણ મળીને તેમાં લીન બની જાય છે. સારાંશ એ કે જે વસ્તુથી સાચો અને નિષ્કામ પ્રેમ છે, તે વસ્તુ અવશ્ય મળી જાય છે તે જ પ્રમાણે તે રાજા અને રાણી બન્નેને એક બીજાની ખબર પણ ન હતી, કે ક્યાં છે, તેમ જ એ બાબતની આશા પણ ન હતી કે ફરી કોઈ દિવસ એક બીજાને જોઇ શકીશું, પરન્તુ આજે અનાયાસે જ પાણીના ઘાટ પર મળી ગયા.

પતિ-પત્નીએ એક બીજાને જોયાં. પ્રેમીનું દર્શન કરવાથી કેટલો આનંદ થાય છે, તે આપ્તન પ્રેમીઓ જ જાણે છે, [illegible] ન કરી શકે. એ જ પ્રમાણે રાજા અને રાણીને પણ [illegible] આનંદ [illegible] [illegible] હતી, તેને [illegible] દર્શનના [illegible]

[illegible]

સાર મેં જાંગીને તા વેચાણને સાજ઼ ગૂમાવ્યું છે

પતિ-પત્ની ઉભયના હૃદયમાં અ [illegible] આનંદ [illegible] સમા [illegible] લાગ્યું, પોતાના માલીકની આજ્ઞાનું પાલન કરીને [illegible] કરનાર માલીકની પ્રશંસા કરી રહ્યા છે [illegible] વિચાર કરે છે કે, જો માલીકના (બ્રાહ્મણી) મને પાણી ભરી લાવવાની આજ્ઞા ન આપત, તો રાણીને મળવાનો આનંદ મને કયાંથી પ્રાપ્ત થાત? એ જ પ્રમાણે રાણી વિચાર કરે છે કે, જો બ્રાહ્મણ મને પાણી ભરવા ન મોકલત, તો આ પતિદર્શનનો આનંદ જે મને પ્રાપ્ત થયો છે તે કયાંથી પ્રાપ્ત થાત? અને પતિની બાબતમાં તેમણે બાઈનું સાજ઼ કેવી રીતે ગૂમાવ્યું તથા તેઓ કયાં અને કેવી દશામાં હશે, વગેરે બાબતની મને જે ચિંતાઓ હતી, તે કેવી રીતે દૂર થાત? આ બધો આનંદ પોતાના [illegible] આજ્ઞાપાલનનું જ ફળ છે

હર્ષ અને શોકમગ્ન દંપતી થોડીકવાર સુધી આ પ્રમાણે વાતચીત કરતા રહ્યા ત્યાર પછી તારાએ હરિશ્ચંદ્રને કહ્યું—નાથ, જો કે આપનાથી દૂર થવાની ઇચ્છા તો નથી, પરન્તુ જેમ આપ સ્વતંત્ર નથી, પણ પરતંત્ર છો, તે જ પ્રમાણે હું પણ પરતંત્ર છું. પાણી ભરવા આવ્યે મોડું થઈ ચૂકયું છે, એટલે હવે વધારે વાર કરવી એ માલીકને નુકશાન કરવા જેવું છે

રાણીની વાતનું રાજાએ પણ સમર્થન કર્યું અને કહ્યું કે, ઠીક તમે પણ જાવ અને હું પણ જાઉં છું. જો જીવતા હશું, તો ફરી કોઈવાર મળશું જ

રાજા અને રાણી બંનેએ પોતપોતાનો ઘડો [illegible] રાણી બ્રાહ્મણનો ઘડો લઈને આવી હતી, એટલે પાણી [illegible] બીજી સ્ત્રીઓએ તો તેણીનો ઘડો ઉંચકાવ્યો, પરન્તુ રાજા ભંગીને [illegible] આવ્યો હતો, એથી તેનો ઘડો કોઈએ ન ઉંચકાવ્યો [illegible] પાણી ભરવાનો આ પહેલો જ દિવસ હતો તેને ઘડો ઉપાડવાનો મહાવરો ન

હતો. તેણે રાણીને ઘડો ઉપડાવવા માટે કહ્યું, પણ રાણીએ જવાબ આપ્યો—નાથ, મને આપના પ્રત્યે કોઇ પ્રકારનો રોષ નથી, આપ મારા રોમેરોમમાં વસી રહ્યા છો, પરન્તુ હું બ્રાહ્મણનો ઘડો લઈને આવી છું અને આપ ભંગીનો ઘડો લઇને આવ્યા છો, એટલે હું માલીકની આજ્ઞા વગર આપને ઘડો ચડાવવામાં અસમર્થ છું. આપ આ ઘડો લઇને પાણીમાં ચાલ્યા જાવો. પાણીમાં વસ્તુ ભારે નથી જણાતી ત્યાં વાંકા વળીને આપ ઘડાને આપના ખંભા ઉપર રાખી લેજો.

રાણીની વાત સાંભળીને રાજા ઘણો જ પ્રસન્ન થયો. તે કહેવા લાગ્યો કે, જો આજ તું સેવા-ધર્મને છોડી મને ઘડો ચડાવી પણ દેત, તો મારા માટે ભવિષ્યનું કષ્ટ વળી પાછું બાકી રહી જાત, પરન્તુ આ યુક્તિ બતાવીને તેં આ વિષયમાં હમેશને માટે મારો માર્ગ સરળ કરી આપ્યો છે અને તારો ધર્મ બચાવી લીધો છે.

પતિ-પત્ની પોતપોતાનો ઘડો ઉંચકીને ચાલ્યા ગયા. રાજાને આજે સ્વામિની મારફત કામ મળવાથી અને વિપત્તિને વખતે, ઘણા દિવસથી વિખુટી પડેલી પત્નીનું દર્શન થવાથી ખુબ પ્રસન્નતા છે. જ્યાં રાજાના સત્યની કસોટી થવાની હજુ બાકી છે, એટલા માટે તેની આ પ્રસન્નતા વધુ વખત સુધી ન રહી. જે દુષ્ટ દેવે રાજાને, સત્યથી વિચલિત કરવા માટે, આટલા કષ્ટોમાં નાખ્યો હતો, તેનું ઘડો ઊંચકીને ચાલતા રાજાને એક એવી ઠોકર લાગવાની વ્યવસ્થા કરી કે જે એ જતાં જ રાજા પડી ગયો અને ઘડો ફુટી ગયો. ઘડો ફુટતા જ, રાજાની બધી પ્રસન્નતા ચિંતામાં પ્રવર્તી ગઈ ને વિચાર કરવા લાગ્યો કે, હે વિધિ, મારી કેવી વખતની પ્રાર્થના, ધન, [illegible] પડી, ઘડો જ [illegible] આ કામ બગડ્યું, પરન્તુ [illegible] [illegible] [illegible] તે કહ્યું કે [illegible] [illegible] [illegible]

રાજા, ખાલી હાથે ભંગીને ઘેર આવ્યો. ભંગિની રાજાને દેખતાં જ ક્રોધાયમાન બનીને કહેવા લાગી કે, આટલી બધી વાર ક્યાં કરી અને પાણીનો ઘડો ક્યાં છે ?

રાજા—શેઠાણી ! માફ કરો આ અભાગી મેં વડ પાણીનો ઘડો લઈને, આવતો તો હતો ખૂબ સાવધાનીથી, પણ માર્ગમાં ઠેસ વાગવાથી ઘડા સાથે હું પડી ગયો, એથી ઘડો ફૂટી ગયો.

ઘડો ફૂટ્યો સાંભળી ભંગિનીનો ક્રોધાગ્નિ ભભૂકી ઉઠ્યો, તેણે કર્કશ સ્વરે રાજાને અનેક કટુ વાક્યો કહ્યા, પરન્તુ રાજાએ તે સઘળું ચુપચાપ સહન કર્યું.

ધર્મ પાલનને વખતે, જો માણસ માનાપમાનનો વિચાર કરે, તો તે ધર્મનું પાલન કરવામાં સમર્થ નથી બની શકતો ધર્મનું સંપૂર્ણ રીતે પાલન તે જ માણસ કરી શકે, કે જે કષ્ટ સહન કરવામાં ધીર અને વાત સાંભળવા માટે ગંભીર હોય તથા જેને માનાપમાનનો વિચાર સ્વપ્ને પણ ન હોય જો હરિશ્ચંદ્ર સત્યપાલનને માટે માનાપમાનનો વિચાર કરત, તો તે અયોધ્યાને ન છોડત, ભંગીને ત્યાં ન વેચાત, અથવા ભંગિનીની વાતને સહન ન કરત અને ક્યારનોયે તે સત્યથી પતિત થઇ ગયો હોત પરન્તુ ધૈર્યવાન પુરૂષ સુખ ને સુખ પણ માનતા નથી તેમ દુઃખ ને દુઃખ પણ માનતા નથી. તેઓ પ્રત્યેક દશામાં સમભાવ રાખે છે. તે માટે કહ્યું છે કે:—

क्वचिद्भूमौ शय्या, क्वचिदपि च पर्यंकशयनं ।
क्वचिच्छाकाहारः क्वचिदपि च शाल्योदनरुचिः ॥
क्वचिद् कथाधारी क्वचिदपि च दिव्याम्बरधरो ।
मनस्वी कार्यार्थी, न गणयति दुःखं न च सुखम् ॥ [ભર્તૃહરિ]

અર્થાત્—કોઇવાર જમીનપર જ પડી રહે છે અને કોઇવાર સુંદર પલંગપર સુવે છે. કદી શાકપાન ખાઇને ગુજરાન ચલાવે છે, તો

ી રૂચિપૂર્વક સુંદર દાળ-ભાતનું ભોજન કરે છે. કદી ફાટેલું ગોદડું ાઢીને જ રહે છે અને કદી દિવ્ય સુંદર વસ્ત્ર ધારણ કરે છે. આ ધી દશાઓમાં કોઇ પણ મનસ્વી તથા કાર્યાર્થી પુરૂષ સુખ કે દુઃખ થી ગણતો, અર્થાત્ પ્રત્યેક દશામાં સમભાવ રાખે છે.

એ જ પ્રમાણે રાજાને માનાપમાન, દુઃખ-સુખ, વિયોગ-મીલન ગેરેનું લક્ષ નથી; તેને તો સત્યપાલનનું જ લક્ષ છે તે તો એ જ વિચારે છે કે, ભલે ગમે તેટલી ગાળો સહન કરવી પડે, ગમે તેટલું અપમાનિત થવું પડે અને ગમે તેટલાં કષ્ટ ભોગવવાં પડે, પરન્તુ મારાથી સત્ય ન છૂટે. એ જ વિચારથી તે ભંગિનીના કટુ શબ્દો સહતો થકો પણ તેના તરફ કૃતજ્ઞતા બતાવે છે કે, ભંગિનીની આ કૃપાને લીધે જ આજે મને રાણીનું દર્શન થયું.

જે વખતે ભંગિની ક્રોધિત બનીને, રાજાને દુર્વાક્ય સંભળાવી રહી હતી, તે જ વખતે ભંગી પણ બહારથી આવી ગયો. રાજા પ્રત્યે, પોતાની સ્ત્રીનો આવો દુર્વ્યવહાર તેને અસહ્ય થઇ પડ્યો. તે લાકડી લઇને તેની સ્ત્રીને મારવા દોડ્યો અને કહેવા લાગ્યો કે, મેં તને આટલું સમજાવવા છતાં પણતું ન સમજી, માટે હું તને ઘરમાંથીજ કાઢી મૂકું છું.

કૈશાણી પર ક્રોધિત થયેલા બ્રાહ્મણ જોઇને, રાજા બન્નેની વચમાં ઉભો રહીને કહેવા લાગ્યો—માલીક, આપ તેને કાંઇપણ ન કહેશો. હું આપની પાસે રહેલો કામ માગ્યા કરતો હતો, પરન્તુ આપે આજસુધી કોઇ દિવસ કામ ન બતાવ્યું. આજે તેમણે કૃપા કરીને મને કામ બતાવ્યું, તો તે કામને માટે જ્યાં હું ગયો હતો, ત્યાં મને જે આનંદ મળ્યો, તેનું હું કોઈ રીતે વર્ણન કરી શકું તેમ નથી. હવે જો તે આનંદ પર ક્રોધ-અપમાન થયેલ છે, તો તેમાં તેમનો કાંઇ વાંક નથી. જો હું વહેલો દોડીને ન આવ્યો, ને સાવચેતી ન રાખી, તે માટે જો તે મને કંઇ કહે, તો તેમ અનુચિત જ શું છે ? આપ માતાજી પર દયા કરો અને મારી પ્રાર્થના સ્વીકારીને તેમને કાંઈ ન કહે.

ભંગી અને જાંગિણી, નાગની વાત મ.મ.જીને મ.હર્ષતિ મ ગયા. જાંગિણી વિચારવા લાગી કે, મે તેને આટલી મ.મા આપી. મ ટલા ઢોર ઢાળ્યા ક્યા, ત્યા પણ ન મારી પ્રથમ જ કરી રહ્યો આ તરફ ભંગી વિચારી રહ્યો છે કે મ. પોતને માટે. આપનારે પણ પણ કરી રહ્યો છે, કેવા વિચિત્ર માલુમ છે '

રાગનુ કહેવુ માનીને જાંગીએ પોતની સ્રીને મ ના વિચારે વિચાર માંડી વાળ્યા અને નાગની પ્રશંસા કરતે તેને કહેવા લાગ્યો— મહારાજ, આ દુષ્ટા આપને હમેશ દુવાકે કહ કર છે મ જ પણ આપ હમેશાં કામ પણ માગ્યા કરો છો. અટલે અ તેના વાને રહેના, સ્મશાનભૂમીમાં આવ્યા ત્યાં ત્યા આપ તેની ગેમરી કર રહેજે અને ત્યા આવનાર મૃતક શિવજીનો અગ્નિસંસ્કાર થવા પહેલા મૃતક લાવનાર પાસેથી લાકડાના મૂલ્ય સ્વરૂપ એક ટકો કર લીધા કરજે અને તેને સ્મશાનમાથી લાકડા વગેરે બાળવાની વસ્તુએ આપીને અગ્નિસંસ્કાર થવા દેજે સ્મશાન પર જવાથી આપને કામ પણ મળ જશે અને આ કર્કશા સ્રીના પરાક્રમથી પણ આપ બચી જશે

માલીકની આજ્ઞા મળવાથી, રાજા સ્મશાનભૂમિમા ચાલ્યો અને માલીકની આજ્ઞાનુ પાલન કરવા લાગ્યો



પ્રકરણ ૨૨ મું

સ્વતંત્ર રોહિત

પ્રત્યેક પ્રાણીમાં સ્વતંત્રતાની ભાવના પણ એક પ્રકૃતિદત્ત શ્રેષ્ઠ ગુણ છે. એજ કારણે સ્વતંત્રતાનો હક્ક સૌને પ્રાપ્ત છે. છતાં, પરતંત્રતાના સંસ્કારોથી આ ગુણ ધીરે ધીરે લુપ્ત પ્રાયઃ થતો જાય છે અને એવા પરતંત્ર પ્રાણી પરતંત્રતામાં જ આનંદ માનવા લાગે છે. જો કે સ્વતંત્રતા સારી અને પરતંત્રતા ખરાબ છે, પણ પરતંત્રતાના સંસ્કારોને લીધે, તે સારી નરસી નથી દેખાતી, અને એવા પ્રાણીઓ પરતંત્રતાને જ સારી સમજે છે. ઉદાહરણાર્થે—ભારતને જ જુઓ. ઇતિહાસ પ્રમાણે, ભારતવાસી ઘણા લાંબા સમયથી પરતંત્રતા કે ગુલામીની જંજીરમાં જકડાયેલ છે. આ સંસ્કારાધિન, અહીંના રહેવાસીઓમાંના ઘણા લોકો એવા સંભળાય છે, કે દેશમાં સ્વતંત્રતાની લહેર આવવા લાગતાં છતાં પણ, તે લોકો સ્વતંત્રતાના વિરોધી અને પરતંત્રતાના સમર્થક છે. તેમના સંસ્કારો જ એવા છે કે, તેઓ પરતંત્રતામાં દુઃખનો અનુભવ જ કરતા નથી. એથી ઉલટું, જે મનુષ્યને સ્વતંત્રતાનો જરા માત્ર આભાસ થઈ જાય છે, તેઓને માટે ગુલામી એક નર્કની જેમ દુ:ખદાયી બની જાય છે. પરન્તુ

રાજા હરિશ્ચંદ્ર અને રાણી તારા, જો કે આ બન્ને પરતંત્ર છે, દાસ છે, છતાં તેમની ભાવના સ્વતંત્ર જ છે. તેઓ, સત્ય ન છૂટે, એટલા માટે વિચાર કરીને પરતંત્ર થયા છે પરન્તુ રોહિત તો પરતંત્ર રહેવા ટેવાયેલ ન હતો, એટલે તેણે સ્વતંત્ર—રોહિતે [illegible] [illegible] ન સહ્યું.

રોહિત, પોતાની માતાના ભોજનમાંથી ભોજન કરતાં થોડો વિ-
ચાર કે, મારા માટે મારી માતા ભૂખી રહે છે. આ તો ઠીક [illegible]
ભોજનમાંથી ભોજન કરવું ઉચિત નથી માટે, હવે નહિ, તે [illegible]
પોતું મારા ઉદર પોષણ માટે તો ભોજન મેળવી લઉં જ [illegible]

આ પ્રમાણે વિચાર કરીને, રોહિતે માતાને કહ્યું—માતા, હવે હું તમારું લાવેલું ભોજન નહિ ખાઉં. હું મારા માટે હું પોતે જ ભોજન ઉપાર્જન કરી લઈશ. તમારા લાવેલા ભોજનમાંથી ખાઉં તો કામ પણ કરું અને વળી અત્યાચાર પણ સહું, એ મને રુચતું નથી. હું કાલથી મારા માટે ભોજન લાવ્યા કરીશ અને તમે પણ [illegible] તમને આ દુઃખથી છૂટકારો મળશે તથા [illegible] આનંદ

પુત્રની વાત સાંભળીને, માતા ગદ્ગદિત થઈ ગઈ. પોતાના પુત્રના આવા સ્વતંત્ર વિચારો સાંભળીને, કઈ માતા એવી હશે કે જે પ્રસન્ન ન થાય? તેણીએ પ્રસન્નતા પ્રગટ કરતાં, રોહિતને કહ્યું—બેટા! તારા આ વિચારો તો બહુ જ સારા છે, પરન્તુ તું હજુ નાનો છે. તું જ્યારે મોટો થઈ જા, ત્યારે ગમે તેમ કરજે

રોહિત—નહિ માતા, હવે હું તમારું લાવેલું ભોજન પણ નહિ કરું, આ ઘરમાં કામ પણ નહિ કરું અને અત્યાચાર પણ નહિ સહું. જો હું નહાનો છું, તો મારું પેટ પણ નહાનું છે. હું મારા આ નહાના સરખા પેટને ભરવા માટે એટલું ભોજન તો, મારા આ નહાના નહાના હાથથી ઉપાર્જન કરી જ લઈશ. જ્યારે હું તમારા ભોજનમાંથી ભોજન કરું છું, તો પછી અત્યાચાર કેમ સહન કરું અને કામ શા માટે કરું? આ ઘરમાં વેચાયેલાં તમે છો, એટલા માટે તમે તેમને આધિન રહો. હું તેમને આધિન નહિ રહી શકું. હું તો સ્વતંત્ર નહાનો

રોહિતની આ વાતનો, તારા કાંઈપણ જવાબ આપી ન શકી. તેણીએ કહ્યું—ઠીક, તું જે લાવે તે લાવ્યા કર. હું અને તું બંને ભેગા મળીને તે ખાઈશું.

એક તો તે બાળક રોહિત છે, જેના હૃદયમાં સ્વતંત્રતાની ઉપાસનના ભાવ ઉત્પન્ન થઈ રહ્યા છે, જે પોતાની માતાના ભોજનમાંથી ભોજન લીધા પછી પરતંત્ર રહેવા ઇચ્છતો નથી અને એક આજના તે વૃધ્ધો છે, જેઓ ભારતની જ વસ્તુ ખાઇ-પહેરીને પણ પરતંત્ર રહેવા ઇચ્છે છે. ભારતમાં જ ઉત્પન્ન થતાં રૂના કપડાં પહેરે, ભારતમાં ઉત્પન્ન થયેલું અનાજ ખાય, છતાં પણ વિદેશીઓને આધિન રહેવામાં પોતાનું ગૌરવ માને છે. યુરોપ નથી તો પોતાને ત્યાં ઉત્પન્ન થયેલું અનાજ ભારતને આપતું. કે નથી વસ્ત્ર ભારતને આપતું છતાં પણ ભારતીઓનો મહોટો ભાગ તેનું ગુલામ બની રહેવામાં, પોતાનું સૌભાગ્ય માને છે. આ તફાવતનું કારણ ગુલામીના સંસ્કારો છે. લાંબા કાળસુધી દેશને ગુલામીના બંધનમાં જકડાઇ રહેવાનું કારણ, અહીંના મોટાભાગના દેવાસીઓના સંસ્કાર જ એવા થઇ ગયા છે કે, તેઓ ગુલામીમાં જ સુખનો અનુભવ કરે છે. સ્વતંત્રતામાં તેમને સુખનો અંશ પણ દેખાતો નથી.

બીજે દિવસે સવારમાં જ રોહિત વગડામાં ચાલ્યો ગયો. પ્રાચીન શિક્ષણ પ્રથા મુજબ રોહિતને ઝાડ પર ચડવા-ઉતરવાનું પણ શીખવવામાં આવ્યું હતું. એટલે જ તે ઝાડો પર ચડવા-ઉતરવામાં પ્રવીણ હતો. ઝાડપર ચઢીને, સારાં સારાં ફળાદિ તોડયાં. તેમાંથી થોડાક તો તેણે ખાધા અને થોડાક માતાને માટે રાખી લીધાં.

પ્રાચીન સમયના રાજાઓ, વન પર પોતાની સત્તા ન રાખતા, વનને માટે છોડી દેતા પ્રજામાંથી ઘણા માણસો વનની આવકથી પોતાની આજીવિકા ચલાવતા હતા કોઈ તેમાંથી ઘાસ કે લાકડાં ને પોતાનો નિર્વાહ કરતા કોઈ ગાય આદિ પશુ તેમાં ચારીને નું ગુજરાન ચલાવતા અને કોઈ તેમાં ઉત્પન્ન થતાં ફુલ-ફલાદિ ને ખાયને વેચીને પોતાના દિવસો વ્યતીત કરતા. વન પર કોઇ [illegible] અધિકાર ન હતો, પરન્તુ તે પર સૌનો સમાન અધિ- [illegible]

[illegible] ક્રમશઃ પણ [illegible] હશે. અન્ન તથા ફળ, ફૂલ વગેરે ઉત્પન્ન થતાં હતાં અને મનુષ્યો નિર્મળ જીવન પણ જીવતા હશે. પરન્તુ ત્યારથી [illegible] આવિષ્કાર થઇ ગયા છે ત્યારથી [illegible] [illegible] છે, ત્યારથી પ્રત્યેક [illegible] અને પશુઓનું દુઃખ પણ વધી ગયું છે. આજે, પશુઓની જે ઉત્પત્તિ અને દુર્બળતા દેખાય છે, તેમજ [illegible] ઉત્પત્તિમાં જે કમી ગણાય છે તેના કારણોમાનું એક કારણ, [illegible] અત્યાચાર છે તે પણ છે

ફળ ખાઇને તથા થોડાક ફળો માતાને માટે લઇને રોહિત ઘેર આવ્યો. તેને માતાની ચિંતાનું લક્ષ હતા જ કરતું હતું કે મારા માટે માતા પિતા ચિંતા કરતા હશે. આ તરફ તારા, રોહિતની ચિંતા કરી રહી હતી કે, આજે કોણ જાણે તે ક્યાં ગયો હશે? રોહિતને દેખતાં જ તારાની આ ચિંતા મટી ગઇ. તેણીએ રોહિતને પૂછ્યું—બેટા, તું આજે ક્યાં ગયો હતો?

રોહિત—મા, હું આજે વનમાં ગયો હતો. ત્યાં કુદરતની રચના જોઇને હું આનંદ પામી ગયો. જેમ તમે મારી માતા છો, તેમ તે કુદરત અખિલ જગતની માતા છે. જે પ્રમાણે તમે પોતે દુઃખ ભોગવીને મને ભોજન આપો છો તે જ પ્રમાણે તે પણ જગતને ભોજન આપે છે આ ફળોને જુઓ. આ ફળ, હું આજે તે જ કુદરત માતા પાસેથી લાવ્યો છું આ ફળોથી મારૂં પણ પેટ ભરાઇ જશે અને તમારી પણ ભુખ મટી જશે. હવે હું તમે લાવેલા ભોજનમાંથી ભોજન નહિ કરું પરન્તુ તમારૂં લાવેલું ભોજન તમે જ કરો અને મારૂં લાવેલું ભોજન હું કરીશ. હું આપના ભોજનમાંથી ભોજન કરું અને પછી [illegible] આધિન રહીને વાત સાંભળું, એ હવે મારાથી નહિ બને ત્યારથી હું મારું સ્વતંત્ર જીવન વ્યતીત કરીશ અને મોટો થઇ ગયા પછી તમારા પણ આ દુઃખથી છોડાવી લઇશ

પુત્રની વાતો સાંભળીને, તારાને જે આનંદ થયો, તેનું વર્ણન કરવું અશક્ય છે, તે તો માત્ર અનુમાનથી જ જાણી શકાય છે. તેણે સમજી લીધું કે, રોહિત ક્ષત્રિયપુત્ર છે, વીર બાળક છે, તે વગર કારણે પરાધીન રહી શકે એવો નથી.

તારાએ રોહિતને કહ્યું—પુત્ર, માત્ર ફળોનાં આધાર ઉપર શરીર સશક્ત રહી શકતું નથી. જો તું માત્ર ફળોનાં જ આધાર ઉપર રહીશ તો તારામાં શક્તિ ક્યાંથી આવશે? અને શક્તિ વગર તો તું મને આ પરતંત્રતામાંથી કેવીરીતે છોડાવી શકીશ અને તારા પિતાને કેવીરીતે શોધ લાવીશ ! માટે તું મારા લાવેલા ભોજનમાંથી ભોજન જમ્યા કર.

રોહિત—જો તમે મારાં લાવેલાં ફળો ખાવાનું કબૂલ કરો, તો તમારા લાવેલાં ભોજનમાંથી જમું, નહિ તો નહિ.

તારાએ રોહિતની વાત મંજૂર રાખી. માતા તથા પુત્ર એ બન્ને બ્રાહ્મણે આપેલ ભોજન તથા ફળો ખાધાં.

રોહિતને ન દેખતાં, બ્રાહ્મણપુત્રે તારાને પૂછ્યું કે, આજ તમારો પુત્ર ક્યાં રહે છે ? તારાએ જવાબ આપ્યો કે, હવે તે પો સ્વતંત્ર જીવન ગાળે છે. તારાનો આ જવાબ સાંભળીને બ્રાહ્મ આશ્ચર્યપૂર્વક વિચારવા લાગ્યો કે, હું તો તેને ઓછું ભોજન આ માના તાબે કરવા માંગતો હતો, પરન્તુ તે તો વધારે સ્વતંત્ર બની આ સ્ત્રી એક વિચિત્ર સ્ત્રી છે, હવે તેનાથી બચીને રહેવું એ જ ઉ છે, નહિ તો કોઈ વખતે અનર્થ થઈ જશે. આ પ્રમાણે વિચાર ક બ્રાહ્મણપુત્રે તારા પ્રત્યેની કોઈપણ જાતની અનુચિત આશા છોડી એને કષ્ટ આપવાનું બંધ કર્યું.

તારા અને રોહિત આ પ્રમાણે પ્રસન્નતાપૂર્વક પો દિવસ વ્યતીત કરવા લાગ્યા.



પ્રકરણ ૨૩ મું

નિડર રોહિત

સંસારમાં મનુષ્યોનું જીવન બહુધા આશા ઉપર અવલંબેલું છે, જો આશા એક ક્ષણને માટે પણ મનુષ્યોનો સહવાસ છોડી દે, તો મનુષ્યની જીવનનૌકા પાર ઉતરવી લગભગ મુશ્કેલ બની જાય છે અંધકાર પછી પ્રકાશ, વિપત્તિ પછી સંપત્તિ અને દુઃખ પછી સુખની દરેક માણસ આશા રાખે છે. જો આ આશા ન હોય, જો તેને પ્રકાશ, સંપત્તિ અને સુખ તરફથી એકદમ નિરાશ બની જવું પડે, તો તેનું જીવન ભારરૂપ બની જાય. સંસારમાં ભાગ્યે જ એવા મનુષ્યો નીકળશે કે, જેઓ આશાવાદી ન હોય જેઓ આશાવાદી નથી, નિરાશાવાદ જ જેમના જીવનનો મૂળમંત્ર બની ગયો છે, એવા મનુષ્યોને પ્રત્યેક કાર્યમાં નિરાશા ને નિરાશા જ દેખાય છે. આ કારણથી તેઓ નિરુદ્યમી, કાયર અને આળસુ બની જાય છે તેઓનું જીવન દુઃખમય બની જાય છે અને તેઓ કોઈપણ સત્કાર્યના પ્રારંભનું સાહસ કરી શકતા નથી, પરન્તુ જેઓ આશાવાદી છે, તેઓ અનેક સંકટો પડવા છતાં, ઘોર દુઃખોનો સામનો કરવો પડતો હોવા છતાં, નિરાશ થતાં નથી. કદાચ તેઓ કોઈ કામમાં નિષ્ફળ પણ જાય, તો પણ તેઓ નિરાશાને પાસે આવવા દેતા નથી અને આશાના તાંતણા ઉપર ઉદ્યોગ કરતા જ રહે છે. તારા આજે પરતંત્ર છે, દાસી છે, પાંચસો સોનામહોરો આપીને કોઈ તેને છોડાવશે, આ બાબત પર વિશ્વાસ મૂકવા માટે જો કે, તેની પાસે ખાસ કારણ નથી, છતાં પણ તેને પોતાના પુત્ર પાસે એ બાબતની આશા છે કે, 'તે મોટો થઈને, તેના ઉદ્યોગવડે પોતાને તથા પોતાના પતિને દાસત્વથી છોડાવશે' આ આશા ઉપર તે

પોતાના પુત્રનું મ્હોં જોતી થકી, પોતાના દિવસો વ્યતીત કરે છે. આ આશાનાં કિરણ ઉપર જ તે દાસીપણામાં પણ પ્રસન્ન છે.

જો કે, તારા આ જ આશાએ પોતાના દિવસો વ્યતીત કરી રહી છે, છતાં હજુ તેણીના સત્યની ખરી કસોટી તો બાકી જ છે. હજુ તેને કઠણમાં કઠણ સંકટને વખતે પોતાના સત્યની પરીક્ષા આપવાની છે. આ જ કારણે તેની એ આશા પણ વધુ વખત ટકી ન શકી. વિપત્તિ પોતાના નિયમાનુસાર આશા ઉપર જ પ્રહાર કરે છે અને તેનો નાશ કરે છે. જો તે આશાનો નાશ ન કરે, તો પછી કોઇપણ મનુષ્ય પોતે વિપત્તિમાં છે, એમ ન માને અને વિપત્તિથી ન ગભરાય.

નિયમાનુસાર, રોહિત હમેશાં વનમાં જતો અને ત્યાંથી ફળ લાવીને પોતે પણ ખાતો તથા માતાને પણ આપતો. તારા, પોતાના પુત્રના લાવેલાં ફળોમાંથી પોતે પણ ખાતી તથા બીજાને આપીને પોતાની ઉદારતા તથા દાનશીલતાનો પરિચય પણ આપતી. દાસીત્વના બંધનમાં જકડાયલી હોવા છતાં પણ તારા આ પ્રમાણે સુખપૂર્વક પોતાનાં દિવસો ગુજારી રહી હતી; પરન્તુ તે દુષ્ટ દૈવ, કે જેણે હરિશ્ચંદ્રને સત્યભ્રષ્ટ બનાવવાની પ્રતિજ્ઞા કરી હતી તે, તારાના આ સુખને પણ ન જોઇ શક્યો. તેણે તારાના પુત્રરત્નને ઝુંટવી લઇ, આ રીતે દુઃખ આપી, દંપતીને સત્યભ્રષ્ટ કરવાનો ઉપાય પુનઃ વિચાર્યો.

હમેશની જેમ, રોહિત એક દિવસ વનમાં ગયો. તેણે વનનું દરેક વૃક્ષ જોઇ નાખ્યું, પરન્તુ તે દુષ્ટ દૈવની માયાથી તેને એક પણ ફળ ન મળ્યું. તે ફળોની આશાએ વનમાં ખૂબ રખડ્યો, પરન્તુ તે બધું વ્યર્થ ગયું. રોહિત મનમાં ને મનમાં કહેવા લાગ્યો, શું આજે વનદેવ મારાથી રિસાયા છે ! શું પ્રકૃતિદેવીએ પોતાની ઉદારતા છોડી દીધી છે ! ગમે તેમ પણ એ જ કારણ છે કે, આજે મને ફળ મળતું નથી. જે વનદેવ હમેશાં મને વધારે ને વધારે ફળ આપતા હતા, જે પ્રકૃતિદેવીએ પોતાની ગોદમાં આવેલા બાળકને કદી ભૂખ્યું રાખ્યું ન હતું, તે આજે જરૂર મારા પ્રત્યે કોપાયમાન છે. નહિ તો જે વૃક્ષ

ફળથી હમેશાં લગાવ્યા કરતો હતો. તે આજે ફળ રહિત કેમ બની ગયા.

રોહિતને વનમા ફળ શોધતા વધારે વખત વ્યતીત થઈ ગયો હતો. ફળાહારીને વખત થતા ભૂખ લાગે છે, એ નિયમ પ્રમાણે રોહિતને પણ કડકડતી ભૂખ લાગી ચૂકી હતી અને વધુ ને વધુ તે વધતી જતી હતી. તેણે ઝાડપરથી થોડાક પાંદડા ખાધા, પરન્તુ પાંદડાથી ભૂખ ન ભાંગી. વધારે ભૂખને લીધે રોહિત વ્યાકુળ બની ગયો. વળી તેને માતાની ચિંતા પણ વધારે હતી, કે તેણી મારે લીધે ભૂખી હશે અને મારી આવવાની વાટ જોતી હશે. હુ હમેશાં તો ફળ લઈને જતો હતો અને હું પોતે ખાતો હતો તથા માતાને પણ ખવડાવતો હતો, પરન્તુ આજે ફળ મળ્યા નથી, તેથી જો હું ફળ લીધા વગર જઈશ તો મારે માતાના ભોજનમાથી જ ભોજન કરવુ પડશે અને તેને ભૂખ્યુ રહેવું પડશે. હું માતાના ભોજનમાથી ભોજન કરૂં અને મારે લીધે માતાને ભૂખ્યું રહેવું પડે, એ મારે માટે સર્વથા અનુચિત છે.

આ વિચારથી રોહિત ઘેર ન ગયો અને વનમા ફળ શોધતો રહ્યો રોહિત ભૂખથી ખુબ વ્યાકુળ બની ગયો હતો, ભૂખને લીધે તેની આંખોમાં અંધારાં આવવા લાગ્યા હતા, છેવટ વ્યાકુળ બનીને તે એ વૃક્ષની નીચે પડી ગયો ભૂખને લીધે તેને ઊંઘ તો આવી નહિ, એટલે તે પરમાત્માનુ સ્મરણ કરવા લાગ્યો કે, પ્રભો, હુ તો તને જાણતો નથી પરન્તુ મારી માતા તને જાણે છે તે મને ઉપદેશ આપ્યા કરે છે કે દુઃખમા પરમાત્માનુ સ્મરણ કર્યા કરો તે પોતે તારૂ જ સ્મરણ કરીને પોતના દુઃખના દિવસો વિતાવી રહી છે, એ જ પ્રમાણે હુ પણ તારૂ સ્મરણ કરીને, મારી ભૂખના દુઃખનો વખત વિતાવુ છુ.

રોહિત આ પ્રમાણે પરમાત્માનુ સ્મરણ કરી રહ્યો હતો, તવામા તેની પાસે કોઈ વસ્તુ પડ્યાનો અવાજ સંભળાયો રોહિતનુ ધ્યાન ગ યયું. તેણે ઉઠીને આસપાસ જોયુ, તો તેને એક પાકેલું આમાનુ ફ દેખાયુ રોહિતે તે ફળ લીધુ અને આનંદિત થઈને વિચારવા લાગ્યો

કે, શું આ ફળ મારી માતાએ જણાવેલા તે પરમેશ્વરે જ આપ્યું છે કે, જેનું હું સ્મરણ કરી રહ્યો હતો? જરૂર તેણે જ આપ્યું હશે, નહિ તો અહીંના તો બધા વૃક્ષો હું શોધી વળ્યો હતો, છતાં આ ફળ ક્યાંથી આવ્યું?

રોહિતે, પરમાત્માને ધન્યવાદ આપીને તે આમ્રફળ ચૂસ્યું. તે ફળ તેને એટલું સ્વાદિષ્ટ લાગ્યું કે, જેણે આજસુધીમાં આવું સ્વાદિષ્ટ ફળ ખાધુ ન હતું. એક તો એ વખતે તે ભૂખ્યો પણ હતો અને ભુખમા વસ્તુ સ્વાદિષ્ટ લાગે જ છે, બીજું ફળ પણ કાંઇક વધુ સ્વાદિષ્ટ હતુ. તે ફળ ખાવાથી રોહિતની ભૂખ થોડી ઘણી મટી ગઇ અને તેને શાન્તિ મળી.

રોહિતે જ્યારે ફળ ખાઇ લીધુ, ત્યારે તેને વિચાર આવ્યો કે, આવુ સરસ ફળ, માતાને આપ્યા વગર હું એકલો જ કેમ ખાઇ ગયો? જો આ ફળ હુ માતાની પાસે લઇ ગયો હોત, તો કેવું સારૂં થાત? પણ ધિક્કાર છે ભૂખને, કે જેણે આ વખતે મને માતાનું લક્ષ્ય ન રહેવા દીધુ હવે હુ તે ફળના વૃક્ષને શોધી, તેમાંથી ફળ તોડીને, માતાની પાસે લઇ જાઉં.

આ પ્રમાણે વિચાર કરીને, રોહિત અહીં તહીં તે ફળના વૃક્ષને [illegible] તેને, પાસે જ આમ્રાનું એક ઝાડ જોવામાં આવ્યું કે જે એવાં જ [illegible] હતુ લચકના ફળો વાળું ઝાડ જોઇને, તે ઘણો જ ખુશી [illegible] વિચારવા લાગ્યા કે, આ વૃક્ષોને હું સારી રીતે જોઇ ચૂક્યો [illegible] પણ ફળ મારા જોવામા આવ્યું ન હતું. હવે ફળોથી [illegible] તે એમ જ પરમાત્માની કૃપા છે. જાણે તે પરમા[illegible] જ [illegible] ફળથી ભરપૂર વૃક્ષ મોકલ્યું હોય* હવે હું [illegible] લઇ જઇને મારી માતાને આપીશ, તો તેણી [illegible] આપીને અત્યંત પ્રસન્ન થશે.

* [illegible] નિમિત્તને કર્તા માનવાથી સિદ્ધ થઈ શકે [illegible] સર્વ [illegible] પરમાત્માને દાતા માનશે.—સંપાદક

આ પ્રમાણે વિચાર કરીને, રોહિતે તે વૃક્ષ પર ચડવાની તૈયારી કરી. તે ઉપર ચડવાના વિચારથી જેવો જ તે ઝાડની પાસે પહોંચ્યો કે તરત જ તેની નજર તે ઝાડ સાથે લપેટાયેલા એક કાળા નાગ અચાનક સર્પ પર પડી. તે સર્પ પોતાની લાલચોળ આંખો વડે રોહિત તરફ જોઈ રહ્યો હતો, તથા ફેણ બહાર કાઢીને ફૂંફાડા મારી રહ્યો હતો. આજનું બાળક તો શું પણ યુવાન હોય તો પણ પ્રચંડ કે વિકરાળ સાપને જોઈ નાસી જાત કેમ કે આજનું શિક્ષણ જ એવું છે કે જેમાં ભયને પ્રથમ સ્થાન આપવામાં આવે છે. પરન્તુ રોહિત, રાજ બાળક હતો અને તારાએ પોતાના શિક્ષણદ્વારા તેનામાં વીરતા ભરી દીધી હતી. તે સાપથી જરા પણ ભયભીત ન થતાં, ઊલટો તે પણ પોતાની આંખો લાલ કરીને તે સાપને કહેવા લાગ્યો—ઓ ! વિષધર ! તું આ ઝાડને ઘેરીને શા માટે બેઠો છે ? ફળ તો તું ખાતો નથી, તે તો મનુષ્યોનો આહાર છે અને મારી પ્રાર્થનાથી કોણ જાણે આ ઝાડ ક્યાંથી અને કેવી રીતે આવ્યું છે, છતાં તું આ ઝાડ ઉપર કેમ અધિકાર રાખી રહ્યો છે ? આ ઝાડના ફળોનો અધિકારી હું છું. માટે તું અહીંથી ચાલ્યો જા.

રોહિતની વાત સાંભળીને, સાપે તેના તરફ જોઈને, એક એવો ફૂંફાડો માર્યો કે, જાણે રોહિતને જવાબ આપ્યો કે, જો તને તારો પ્રાણ વહાલો હોય તો તું અહીંથી ચાલ્યો જા પરન્તુ રોહિત એવા ફૂંફાડાથી ડરે તેવો ક્યાં હતો ? તેણે કહ્યું—ફળ એ તારા ખપની વસ્તુ નથી, માટે મેં તને વૃક્ષ છોડી દેવાનો કહ્યું, પરન્તુ તું તારા ઝેરના મદમાં સાંભળતો જ નથી ? હજુ પણ હું તને કહું છું કે, તું આ ઝાડને છોડી ચાલ્યો જા. હું મારા અધિકારની વસ્તુ આ પ્રમાણે તારા ભયથી કદાપિ નહિ છોડું. મારી માતા રાહ જોતી હશે તે મારે લીધે ભૂખી હશે, હું આ ફળો તેને માટે લઈ જઈશ. તો તે ઘણી ખુશી થશે. એટલામાટે તું આ વૃક્ષને છોડી દે,

રોહિતની આ વાત સાંભળીને પણ સર્પ ન હટયો બલ્કે તેણે તેણે એક વધુ ફુંફાડો માર્યો. રોહિત કહેવા લાગ્યો—હું તને કહી ચૂકયો કે, હું મારા અધિકારની વસ્તુ કોઇ પણ રીતે નહીં છોડું, છતાં પણ તું મને ડરાવી રહ્યો છે? જો તું ન હટે, તો કાંઇ નહિ, હું બીજીરીતે વૃક્ષપર ચડીને ફળ તોડી લઇશ.

રોહિતના આ કાર્યનું નામ સત્યાગ્રહ છે, ભય કે સંકટથી ન ડરતાં, પોતાના અધિકારો પર સ્થિર રહેવું, અથવા પોતાના અધિકારોની પ્રાપ્તિ તેમજ રક્ષા માટે ઉપાય કરવો તેનું જ નામ સત્યાગ્રહ છે. રોહિતના આ સત્યાગ્રહથી સાબિત થાય છે કે, તે વખતે બાળકો પણ સત્યાગ્રહ કરવાનું જાણતા હતા, પરન્તુ આજના ઘણા વૃદ્ધો પણ સત્યાગ્રહનું નામ સાંભળતાં જ ડરતા સાંભળવામાં આવે છે. આ તફાવતનું કારણ શિક્ષણમાં તફાવત જ છે. પહેલાંના બાળકોને વીરતાનું શિક્ષણ આપવામાં આવતું હતું, પરન્તુ આજકાલના બાળકોને કાયરતાનું શિક્ષણ આપવામાં આવે છે. જ્યાં પહેલાંના બાળકોને એવું શીખવવામાં આવતું હતું કે, તેઓ કોઇથી ભય ન પામે, તેની જગ્યાએ આજના બાળકોને ભુત, પ્રેતના ખોટા ભયથી ડરાવવામાં આવે છે. એ રીતે આજના બાળકોમાં કાયરતાની ભાવના ભરવામાં આવે છે, તો પછી તેઓ સત્યાગ્રહ કેવી રીતે કરીશકે? કારણ કે સત્યાગ્રહ વીરપુરૂષ જ કરીશકે છે, કાયર કરી શકતો નથી.

સાપે જ્યારે રોહિતને માર્ગ ન આપ્યો, ત્યારે રોહિત ઝાડની આસપાસ ફેલાયેલી ડાળીઓમાની એક ડાળી પકડીને ઝાડપર ચડવા લાગ્યો. જેવો જ તે ઝાડપર ચડવા લાગ્યો કે તરત જ સર્પે [illegible] પોતાના [illegible] રોહિતની [illegible] [illegible] રોહિત [illegible] [illegible] [illegible].

[illegible]

[illegible]

તમને માતા કહેનાર આજે આ જગતમાં કોઈ નહિ રહે. એ વિચારથી મરવું, દુઃખથી રડ્યા કરવું [illegible] આ વખતે ખબર નથી કે, ક્યાં રહી અને તમે ગુલામીના બંધનમાં જકડાયેલા છો. હું ધારતો હતો કે, હું મારા ઉદ્યોગથી તમને ગુલામીના બંધનથી મુક્ત કરાવીશ અને પિતાજીને પણ શોધી લાવીશ, પરન્તુ એ મારી આશા, આજે નિરાશામાં પરિણમીને, મારી જ સાથે કાળના ભયંકર સપાટામાં જતી રહી છે. માતા! મારા મૃત્યુ સમાચાર તને કોણ સંભળાવશે. અને તે સાંભળીને શું તમે જીવિત રહી શકશો? જીવિત રહો કે ન રહો, પણ હવે તમે તમારા રોહિતને જોઈ નહિ શકો. માતા! મારા તમે મારા મૃત્યુની ચિંતા એટલા માટે ન કરશો, કે હું કાયરની જેમ પ્રાણ ગુમાવી નથી રહ્યો, પરન્તુ તમે મને જે શિક્ષામૃત આપ્યું, તે જ પ્રમાણે વીરની જેમ પ્રાણનો ત્યાગ કરી રહ્યો છું. તમે મારા માટે અનેક દુઃખો સહ્યાં, તમે મને તમારું હૃદયધન, જીવનધન અને પ્રાણનો આધાર ગણતા હતા, પરન્તુ હું વચમાં જ તમારો સાથ છોડીને જઈ રહ્યો છું. તમે મને ધીરજ રાખવાની શીખામણ આપતા હતા, પરન્તુ આ વખતે તમારા ધૈર્યની પરીક્ષા છે. તમે મારા મૃત્યુ સમાચાર સાંભળીને, ધૈર્ય રાખજો અને 'મારો પુત્ર વીરગતિમાં ગયો છે' એમ માનીને સંતોષ લેજો. પિતા! તમોને વિખૂટા પડ્યે વધારે સમય થયો છે, એકવાર આવીને જુઓ તો ખરા કે તમારો વહાલો રોહિત, આજે કેવી રીતે મૃત્યુનું આલિંગન કરી રહ્યો છે! આપ મને અપના પ્રાણથી પણ વધારે પ્રિય સમજતા હતા, પરન્તુ હું આજે [illegible] ને હંમેશાને માટે દુઃખસાગરમાં મૂકીને જઈ રહ્યો છું. આપ [illegible] જ્યારે મારા માટે વિલાપ કરશે, ત્યારે તેનો વિલાપ કોણ [illegible] કોણ તેને ધીરજ આપશે? ગમે તેમ થાય, પણ હવે [illegible] આ [illegible] એ વિષયની ચિંતા ન કરતા, તે પરમાત્માનું સ્મરણ કરું [illegible] જેનું સ્મરણ કરવાનો માતાએ ઉપદેશ આપ્યો છે. પ્રભો! મારા મનના [illegible] ભક્તોના નાથ! આ તુચ્છ સેવક તમારા શરણે છે. તમે તેને તમારા

...ણમાં સ્થાન આપો. હું તો તમને જાણતો નથી, મેં તમને કદી ...યા પણ નથી, છતાં માતાના બોધ પર અવિશ્વાસ કરવાનું કારણ ...થી. હું મારી માતાએ બતાવવાથી જ તમારું સ્મરણ કરું છું અને ...મને પ્રાર્થના કરું છું કે, આ અધમનો હાથ પકડો.

ઈશ્વરપ્રાર્થના પછી, તે પુનઃ કહેવા લાગ્યો—માતા ! જો કે તમને મારા આ ઉત્કટ પ્રણામ સંભળાવનાર કોઈ નથી, પણ હું પુત્રના કર્તવ્ય પ્રમાણે તમને પ્રણામ કરું છું અને આ સંસારમાંથી સદાને માટે વિદાય થાઉં છું. આટલું કહેતાં કહેતાં રોહિત વિષના પ્રભાવથી બેશુદ્ધ બની ગયો.

કેટલાક માણસોએ રોહિતને સાપ કરડવાથી નીચે પડી જતો જોયો હતો. તેઓ દોડીને રોહિતની પાસે આવ્યા. રોહિતને જોઈને તે લોકો માંહોમાંહે વિચાર કરવા લાગ્યા કે, આ સુંદર બાળક ખબર નથી કે કોનો હશે ? તેનું કોમળ શરીર જોતજોતામાં ઝેરને લીધે ક્ષીણ થતું જાય છે એ માતા શબ્દનું ઉચ્ચારણ કરતાની સાથે જ, તારા નામનું ઉચ્ચારણ કરે છે, એથી જણાય છે કે તેની માતાનું નામ તારા છે. છતાં ખબર નથી કે તારા કોણ છે અને ક્યાં રહે છે ! જો એમ ખબર હોત કે, તારા કોણ છે અને ક્યાં રહે છે, તો તેને સમાચાર ...પી દેત એટલામાં જ તે લોકોમાંના એકે કહ્યું કે, અમુક બ્રાહ્મણને ... તારા નામની એક દાસી છે આ બાળકને પણ તે જ બ્રાહ્મણને ... જોયો છે સંભવ છે કે કદાચ આ બાળક તે તારાનો હોય. તે ... એકે કહ્યું—જો કે આ બહુ જ થોડા વખતનો મહેમાન છે, ... બચવાની આશા નથી, છતાં આ વખતે પણ જો કોઈ તેની માતાને ... તે બિચારી પોતાના પુત્રનું મુખ તો જુએ ! કોઈ ... અહીં અજાણ ઊભા હતો, તેણે આ કામ કરવાનું ... તે દોડતો પેલો બ્રાહ્મણના ઘર તરફ ગયો કે, ...



પ્રકરણ ૨૪ મું

વિપત્તિનું વજ્ર

સંસારના મનુષ્યો બીજાં બધાં દુઃખો સહન કરવામાં ધૈર્ય ધારણ કરી શકે છે, પરન્તુ સંતતિવિયોગનું દુઃખ તેમને અસહ્ય થઇ પડે છે. અનેક સંતાનો હોવા છતાં પણ કોઇ એકનુ વિયોગદુઃખ સહન કરવામાં જ્યારે તેમનું ધૈર્ય રહેતુ નથી, ત્યારે જે એક જ સંતાન હોય અને તેનો વિયોગ થાય તો ધૈર્ય ન રહે, એ સ્વાભાવિક છે.

રોહિત, એ તારાનો માત્ર એક જ પુત્ર હતો. તે જ રોહિતને આધારે તે પોતાના દિવસો વ્યતીત કરતી હતી, તેનુ જ મુખ જોઇને તે પ્રસન્ન રહેતી અને તેની મારફત તેને ભવિષ્યની સુંદર આશા હતી તે આ આપત્તિને વખતે પણ પોતાના આ પુત્રરત્નને સુરક્ષિત રાખતી, તેના ખાવાપીવાની ચિંતા રાખતી અને તેને માટે તે પોતે ભૂખી પણ રહેતી. પરન્તુ દુષ્ટ દેવે તારાનુ આ પુત્રરત્ન પણ છીનવી લીધુ પુત્ર-વિયોગના દુઃખનો તારાના હૃદય ઉપર કેવો આઘાત થયો હશે, તે માત્ર અનુભવથી જ જાણી શકાય. અસ્તુ.

જે વખતે, રોહિતના સમાચાર લઇને, છોકરાઓ બ્રાહ્મણને ત્યાં આવ્યા, તે વખતે તારા રોહિતની જ ફિકર કરી રહી હતી. હમેશના વખત કરતા આજે ઘણો વધારે વખત વ્યતીત થઇ જવા છતાં પણ, તે ન આવવાથી, તારા ખીલકુલ વ્યાકુળ બની ગયેલી હતી ને મનમાં અનેક જાતના સંકલ્પવિકલ્પ કરી રહી હતી આવી સ્થિતિમાં છોકરાઓએ જઇને તેણીને કહ્યુ કે, તમારો પુત્ર તમને યાદ કરતો, મૂર્છિત બનીને પડી ગયો છે તારાએ ગભરાઇને પૂછ્યુ—તે ક્યાં છે ? હું તો તેની વાટ જોઈ રહી છું

છોકરો—જો કે, છે તો દુઃખદ સમાચાર સાંભળવાથી તમને ઘણું જ દુઃખ થશે, એટલા માટે ન સંભળાવવું જ સારૂં છે, પણ ન સંભળાવવાથી તો વળી વધારે નુકશાન છે, અને આખરે ક્યાંસુધી ન સંભળાવીએ ? એટલે સંભળાવી જ દઇએ છીએ. તમારો પુત્ર એક વૃક્ષ ઉપર ચડતો હતો. ઉપર ચડતી વખતે તેને એક સાપ કરડ્યો એથી તે બેહોશ પડ્યો છે. તેના આખા શરીરમાં ઝેર પ્રસરી ગયું છે અને અમારા અહીં પહોંચતાં પહેલાં જ તેણે પોતાની સંસારયાત્રા પૂરી કરી દીધી હશે.

છોકરાઓએ તારાને આ સમાચાર કેવા સંભળાવ્યા, ધારો કે તેના પર વજ્રનો પ્રહાર કર્યો હોય. તારા, પોતાના પુત્રના આ સમાચાર સાંભળતાં જ, એટલી બધી અધીર બની ગઇ કે, તત્ક્ષણ તે મૂર્છિત બનીને જમીન પર પછડાઇ પડી. પુત્રના વિયોગનું દુઃખ તારાને અત્યંત અસહ્ય હતું, એથી તે તેને આ મૂર્છિત દશા થોડા વખતને માટે સુખદાયક સિધ્ધ થઇ. તે જેટલો વખત મૂર્છિત રહી, તેટલો વખત તે પુત્રના દુઃખથી બચી, પરન્તુ તેને તો પુત્રનો વિયોગ સહન કરીને પોતાના સત્યની પરીક્ષા આપવાની છે. એટલે તેની તે મૂર્છિતાવસ્થા પણ તેની પાસે વધુ વખત સુધી ન ટકી.

જે વખતે તારા મૂર્છિત પડી હતી અને છોકરાઓ તેની પાસે આસપાસ ઉભા હતા, એ વખતે બ્રાહ્મણ પણ ત્યાં આવી પહોંચ્યો. તારાને પડેલી જોઇ તથા છોકરાઓને ઉભેલા જોઇ, બ્રાહ્મણે છોકરાઓને પૂછ્યું કે, શી બાબત છે? છોકરાઓએ રોહિતને સર્પ કરડ્યાના [illegible] સંભળાવીને કહ્યું કે, આ સમાચાર સાંભળતાં જ તે મૂર્છિત બનીને પડી ગઇ છે. [illegible] બ્રાહ્મણે વિચાર્યું કે તેને દુઃખ તે થવા જ [illegible] છે, પરન્તુ તે દુઃખથી કદાચ આ પણ મરી ન જાય, [illegible] [illegible] આ પ્રકારે વિચાર કરીને, બ્રાહ્મણે [illegible] [illegible] માટે તેના મુખ ઉપર પાણી [illegible]

કાવથી તારાની મૂર્છા ઉતરી અને તે રોદિન, રોદિન બોલતી વિલાપ કરવા લાગી. બ્રાહ્મણે તારાને ધમકી આપતા કહ્યું, કે જ્યારે હુ કહેતો હતો, કે તારા પુત્રને ક્યાંઈ જવા ન દે, ત્યારે તો તે મારી વાત ઉપર ધ્યાન ન આપ્યું અને અત્યારે તેને માટે વિલાપ કરે છે, શુ તેની સાથે તું પણ રોઈ રોઈને તારો પ્રાણ આપીશ અને એ રીતે મારી પાંચસો સોનામહોરો ડુબાવીશ, હવે રોવાથી શો લાભ છે? જા, અને તેનું જે કાંઇ કરવાનું હોય તે કરીને જલ્દી પાછી આવ.

બ્રાહ્મણના આ પશુતાભર્યા શબ્દોથી, દુઃખિત તારાના હૃદયમાં કેવો આઘાત થયો હશે, તે વાત પ્રત્યેક માણુસ સમજી શકે છે પરન્તુ તારા વ્યાકુળ હતી, એટલે તે સાંભળ્યા સિવાય બીજુ શું કરી શકે તેમ હતી? આ કઠોર શબ્દોને માટે પણ તારાએ પોતાના મનમા તેને ધન્યવાદ આપ્યો, કે તેણે ઓછામાં ઓછો, વગર માગ્યે પુત્રનો અંતિમ સંસ્કાર કરવા માટે મને સમય તો આપ્યો.

સંસારનો નિયમ છે કે, દુઃખ સહાનુભૂતિથી પણ ઓછું થાય છે, તેમ ધમકીથી પણ ઓછું થાય છે કોઇ કોઇવાર સહાનુભૂતિ અને ધમકી એ બંનેથી દુઃખ વધી જાય છે, પણ મોટે ભાગે તે ઓછું થાય છે બ્રાહ્મણની ધમકીથી, તારા પોતાના પુત્રનુ દુઃખ એક ક્ષણને માટે ભૂલી ગઇ. તેણીએ ધીરજ ધારણ કરીને બ્રાહ્મણને કહ્યુ—પિતાજી, જે થવાનું હતું તે તો થયું, પરન્તુ હવે હુ અબળા ત્યા એકલી જઇને શું કરી શકું? દયા કરીને કાતો આપ ચાલો અથવા કોઇને મારી સાથે મોકલો, જેથી તેને જોઇને જો કાઇ થઇ શકે તો તેનો કાંઈ ઉપચાર કરવામાં આવે

તારાના આ સમયના શબ્દોનો, એક સહૃદય મનુષ્ય ઉપર ઘણો સારો પ્રભાવ પાડી શકે, પરન્તુ તે બ્રાહ્મણમા સહૃદયતાનુ નામ માત્ર પણ ન હતું તેણે તારાની આ વિચલિત કરી દે તેવી પ્રાર્થનાના જવાબમાં કહ્યું—તે તો મરી જ ગયો છે, હવે તે મરી ગયેલાનુ શુ કર-

વાનું હોય? વનમાં મરી ગયેલાને ગામમાં કે ઘરમાં તો લાવવાનો જ નથી, તો પછી અમે તારી સાથે ક્યાં ફર્યા કરીએ? જા, જલ્દી જા. વખત ન ગૂમાવ અને તેને બાળીને જલ્દી પાછી આવી જા. વિલંબ ન કરીશ.

જે તારાની સેવામાં હંમેશાં હજારો સેવકો અને સેવિકાઓ હાજર રહેતી હતી, જેના મુખમાંથી આજ્ઞા નિકળતાં જ કામ થતું હતું, જે પોતે બીજાને દુઃખ વખતે સહાયતા આપતી હતી, તે જ તારાને આજે ઉપર મુજબ જવાબ સાંભળવો પડે છે અને તે પણ એવા સમયમાં કે જ્યારે તેનો પ્રિય પુત્ર મૃતાવસ્થામાં પડ્યો છે. છતાં તારા, આ જવાબથી એટલી દુઃખિત ન થઈ, કે જેટલું દુઃખ તેને પોતાના પુત્રનું છે. તેણીએ, બ્રાહ્મણનો જવાબ સાંભળીને અને તેના તરફથી નિરાશ થઈને, છોકરાઓને કહ્યું—ભાઈઓ, તે ક્યાં પડ્યો છે, સાથે આવીને બતાવો તો ખરા! છોકરાઓએ તારાની વાત સ્વીકારી લીધી. વિલાપ કરતી તારા તે છોકરાઓને સાથે લઈ જ્યાં રોહિત પડ્યો હતો, ત્યાં ગઈ.

છોકરાઓએ, ત્યાં જઈને વિષના પ્રભાવથી મૃત્યુ પામેલ રોહિતનું શબ તારાને બતાવ્યું. તારાએ દોડીને રોહિતના શબને ઉંચકી લીધું અને તે વિલાપ કરવા લાગી.

રોહિતના શબને ખોળામાં લઈને, વિલાપ કરતી થકી, તારા કહેવા લાગી-રોહિત, મેરા રોહિત, તું કઈ નિદ્રામાં સૂતો છે? તારી અભાગણી માતા, તારી પાસે બેસીને રોઈ રહી છે, છતાં તું ચુપચાપ કેમ પડ્યો છે? રોજ તો તું તારી માતનું દુઃખ દૂર કરતો હતો, અને પ્રેમની વાત તો કરીને આશ્વાસન આપતો હતો, છતાં આજે નિષ્ઠુર કેમ બની ગયો છે? બાળક રોહિત, શું આ વખત સૂવાનો છે? શું આ વખત તારી માતાને છોડી જવાનો છે? શું આ અવસ્થા [illegible] છે? છતાં કેમ પડ્યો છે? તારા નેત્રો અને તારી આકૃતિ, એવી જ છે, કે જેવી હમેશાં મારી ગોદમાં સૂતાં વખતે રહ્યા કરતી હતી, છતાં-

આજે બોલતો કેમ નથી, શું પ્રભાતના ચંદ્રમાનું તેજ મલિન હોય? શું મારાથી રિસાઈ ગયો છે? મારા જીવનધન! જો તું રિસાઈ જાય, તો આ દુનિયમાં આ વખતે મારૂં કોણ છે? જે મને આશ્વાસન આપે, તું રોજ તો કહ્યા કરતો હતો કે, હું મોટો થઈને તમને દાસીપણામાંથી છોડાવીશ, અને પિતાને પણ શોધી લાવીશ; પરન્તુ આજ તો બોલતો પણ નથી? અત્યાર સુધી તો તારે માટે એ આશા હતી, કે તું મોટો થઈને તારા માતા-પિતાને દુ:ખમુક્ત કરીશ, પરન્તુ હવે તારા વગર આ આ આશા કોણ પૂરી કરશે? હવે મને માતા, માતા કહીને કોણ બોલાવશે? હવે કોણ મારી આંખોના આંસુઓ લૂછશે. પોતાની તોતલી વાતોથી મને હસાવશે? હવે હું કોનું મ્હોં જોઈને મારી આંખો ઠંડી કરીશ અને મારા દુઃખને ભૂલીશ? તું ભૂખ્યો રહેવા છતાં પણ કદી મને ન કહેતો અને મને સાથે લીધા સિવાય ન ખાતો, પરન્તુ હવે તો કોઈ મારી વાત પૂછનાર પણ ન રહ્યું. પુત્ર રોહિત, મેં તારા પિતાના પુત્રરત્નને ગુમાવી દીધું. હવે જ્યારે તે તારી બાબતમાં મને પૂછશે, કે રોહિત ક્યાં છે? ત્યારે હું તેમને શો જવાબ આપીશ? હું ક્યા હૃદયથી કહીશ કે આપનું જીવનધન અને સૂર્યવંશનું એક માત્ર રત્ન હવે સંસારમાં નથી? વત્સ! રોહિત, શું મેં આટલા જ માટે તને પાળ્યો પોષ્યો હતો? શું તું દુષ્ટ સાપને માટે ડસવા યોગ્ય હતો? તે દુષ્ટે તારા બદલે મને ડંસ કેમ ન દીધો? અથવા હવે કેમ ડસ દેતો નથી? મને તેણે ક્યા સુખને માટે રાખી મૂકી? હે જીવ! તું આ શરીરમાં ક્યા સુખની આશાએ રહ્યો છે? જ્યાં રોહિત ગયો છે, ત્યાં કેમ ચાલ્યો જતો નથી? શું હજુ વધારે દુઃખ જોવાનું બાકી છે? કે જેને માટે તું રોકાયો છે! [જીવનો] પુત્રશોકના ભયંકર દુઃખથી એવું કયું વધારે દુઃખ છે કે જે હજુ સહેવાનું બાકી છે? આ દુઃખથી વધારે મોટું દુઃખ તો દુનિયામાં કોઈ બીજું નથી, તો પછી તું આ શરીરને કેમ છોડતો નથી? પુત્રશોકના ભીષણ દુઃખથી છૂટકારો નથી મળવાનો? જા, તું પણ ત્યાં જ જા, કે જ્યાં રોહિત ગયો છે હું અત્યાર સુધી સત્યને

માટે સઘળાં દુઃખો ખમતી રહી, પરન્તુ આ દુઃખ મારા માટે અસહ્ય છે, જ્યાં મારો રોહિત ગયો છે, ત્યાં હું પણ જઈશ અને જરૂર જઈશ, હવે હું કઈ આશાએ રહું, પુત્રની આશાએ જ અત્યારસુધી હું બધાં દુઃખો સહન કરતી, પરન્તુ આજે તો એ આશા પણ ન રહી, જે પુત્રની આશાને આધારે અત્યાર સુધી મેં મારા દિવસો વીતાવ્યાં, તે પુત્ર પણ આજે અદૃશ્ય થયો. મારા માટે તો આજે આખું વિશ્વ શૂન્ય છે. મારે આ દુનિયામાં રહેવાની પણ શી જરૂર છે.

તારાનું આ કરુણ આક્રંદ સાંભળીને, તેની પાસેના ઘણા માણસો એકત્ર થઈ ગયા. તારાનો હૃદયભેદક વિલાપ સાંભળીને, તે લોકોની આંખોમાંથી આંસુઓ ટપકવા લાગ્યા. સઘળા માણસો તારા પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવા લાગ્યા. તારાનો વિલાપ સાંભળીને, વનનાં પશુ-પક્ષીઓએ પણ ખાવા-પીવાનું છોડી દીધું અને તારાનું અનુકરણ કરવા લાગ્યા. [illegible] બધું થયું, પરન્તુ રોહિતના મૃત શરીરમાં જીવનનો સંચાર ન [illegible]યો. તારા આ પ્રમાણે વિલાપ કરતી હતી, તેવામાં જ એક સજ્જન [illegible] ત્યાં પહોંચ્યો.

સજ્જનોની વાણીમાં કોણ જાણે કેવી શક્તિ હોય છે. તેમના [illegible] કરુણ દુઃખને પણ વાતવાતમાં ઓછું કરી દે છે. [illegible] વાણી, દુઃખરૂપી રોગને માટે, રામબાણ ઔષધિ સમાન હોય છે. [illegible] સુખ, નિરાશામાં આશા અને વિપત્તિમાં [illegible] [illegible], એ જ સજ્જનોની વિશિષ્ટતા છે.

તે સજ્જન તારા પાસે આવીને કહેવા લાગ્યા—[illegible] [illegible] [illegible] [illegible] [illegible]

શરીર જેને માટે તું વિલાપ કરી રહી છે, તે અનિત્ય તથા ક્ષણભંગુર છે અને આત્મા અમર છે. ત્યાં તું શોક કોને માટે કરી રહી છે? આ નાશવંત શરીરથી જેટલાં સુકૃત્ય બને, તેટલાં માગ છે આ બાળક પણ પોતાના જીવનનો અંત એક વીરને છાજે તેવી રીતે કર્યો છે અને તેં પણ સત્યને એવી રીતે પાળ્યું છે તે આજે સકળ સંસારમાં તારી કીર્તિ પ્રસરી રહી છે. હવે, શું પુત્રશોકથી વ્યથિત બની, તારા તે સત્ય અને ધર્મને છોડવા ઇચ્છે છે, કે જેની રક્ષા તે આટલા કષ્ટો સહીને કરી છે, જે સત્યને માટે તેં રાજપાટ છોડી દીધું, જે સત્યને માટે તેં મજુરી કરી, જે સત્યને માટે વેચાઇને તે દાસીપણું કર્યું, શું તે સત્યને હવે પુત્રશોકથી ગભરાઇને છોડી દઇશ? તું વેચાયેલી છે, તે બ્રાહ્મણે તારી પાંચસો સોનામહોરો મૂલવીને તને ખરીદી છે. જો તું પુત્રશોકથી મુંઝાઇને તારો પ્રાણ છોડી દઇશ, તો તે બ્રાહ્મણની સોનામહોરો રહી જ જશે કે નહિં? આવી સ્થિતિમાં તમારું મૃત્યુ વિશ્વાસઘાત કહેવાશે અને તું તારા પ્રિય ધર્મથી પતિત બની જઇશ. અત્યારસુધી તેં ધર્મની રક્ષા કરી છે, હવે તે છોડવું ઉચિત નથી. હે ભદ્રે! તું મરવા માટે પણ સ્વતંત્ર નથી એટલે તારા એ વિચારનો પરિત્યાગ કર અને ગભરામણ છોડીને ધર્મ પર લક્ષ આપ તને તારા સ્વામીએ થોડાક સમયનો અવકાશ આપ્યો છે. એ વખત તું જો પુત્રશોકના વિલાપમા જ વ્યતીત કરી દઇશ, તો પછી તું સ્વામીની આજ્ઞાનું ઉલ્લંઘન કરનારી–પતિત બની જઇશ માટે, ધૈર્ય ધારણ કરીને પુત્રની અંત ક્રિયા કરવાનો વિચાર કર વીર ક્ષત્રિયાણી પોતાના વીરપુત્રને માટે કદી મોહ–વશ થતી નથી. તેમાય પણ તું સૂર્યવંશની કુલવધૂ છે, દાનવીર મહારાજા હરિશ્ચંદ્રની ધર્મપત્ની અને રોહિત જેવા વીર તથા સ્વતંત્રતાપ્રિય બાળકની માતા છે તારે આ પ્રમાણે શોક કરવો શોભાસ્પદ નથી એ ઉપરાંત શોક કરવાથી દુઃખ મટી પણ શકતું નથી યુગયુગાન્તર સુધી શોક કરવાથી કષ્ટનું નિવારણ પછી શોક કરવાથી શો લાભ? એટલે વીર ક્ષત્રિયાણીનું

જેમ ધૈર્ય ધારણ કરીને તરાં કર્તવ્યનો વિચાર કર.

સજ્જનના આ ઉપદેશે તારાના હૃદયમાં વિજળીના પ્રભાવ જેવું કામ કર્યું. તે આશ્ચર્યપૂર્વક વિચાર કરવા લાગી કે, આ સજ્જન મને શાથી ઓળખે છે ? તેણે જે જે વાત કરી છે. તેથી સ્પષ્ટ જણાય છે કે, તે મને અવશ્ય ઓળખે છે ! તેનો ઉપદેશ પણ ઉચિત જ છે. વસ્તુતઃ હું બીજાને ત્યાં દાસી છું. ખરીદનારની રજા વગર હું થોડો પણ વખત વ્યર્થ ગુમાવી ન શકું, તો પછી મરવા માટે તો કેમ સ્વતંત્ર થઇ શકું ? જે સત્યની અત્યારસુધી રક્ષા કરી છે, તે સત્ય મારા આત્મઘાત કરવાથી કદી બચી શકતું નથી. હવે મારું કર્તવ્ય એ જ છે કે, હું રોહિતની અપેક્ષાએ સત્યને અધિક સમજીને રોહિતની ચિંતા ન કરું બલ્કે, સત્યની ચિંતા કરું અને એ જ કામ કરું કે જે કરવાથી સત્ય ન જાય

સજ્જનના સમજાવવાથી, તારાએ ધૈર્ય ધારણ કર્યું. તેણે પોતાનું હૃદયદુઃખ દબાવીને, રોહિતની અંતઃક્રિયા કરવાનો વિચાર કર્યો. પરન્તુ તેણે જાણ્યું કે, કોઈની સહાયતા વિના, હું એકલી સ્ત્રી શું કરી શકીશ! સ્મશાન ક્યાં છે ? અંતક્રિયા કેવી રીતે થતી હશે ! વળી હું [illegible] અજાણ છું, એટલે જો આ સજ્જનની [illegible] મદદ લઉં તો મારું કામ સારી રીતે પાર પડી શકે.

તારા તો પોતાના મનમાં તે સજ્જનની [illegible] વિચાર કરી રહી છે, પરન્તુ દુષ્ટ દૈવ અહીંયા પણ તારાને [illegible] ન [illegible]. તે [illegible] રહી છે, તારાની [illegible] [illegible] તે [illegible] [illegible] [illegible] [illegible] પણ [illegible] [illegible] [illegible] [illegible]

શરીર જેને માટે તું વિલાપ કરી
છે અને આત્મા અમર છે.
આ નાશવંત શરીરથી. જેટલ
બાળક પણ પોતાના જીવનનો
છે અને તેં પણ સત્યને એરી
રમાં તારી કીર્તિ પ્રસરી રહી
તારાં તે સત્ય અને ધર્મને
કષ્ટો સહીને કરી છે, જે
સત્યને માટે તેં મજુરી કરી
કર્યું, શું તે સત્યને હવે
ચેલી છે, તે બ્રાહ્મણે નારી
છે. જો તું પુત્રશોકથી મુંઝા
ણની સોનામહોરો રહી જ
મૃત્યુ વિશ્વાસઘાત કહેવાશે અને
જયશ અત્યારસુધી તેં ધર્મની
નથી. હે ભદ્રે! તું મરવા માટે
વિચારનો પરિત્યાગ કર અને ગંગા
તને તારા સ્વામીએ થોડાક સમયનો
જો પુત્રશોકના વિલાપમાં જ વ્યતીત
મીની આજ્ઞાનું ઉલ્લંઘન કરનારી–પતિ
કરીને પુત્રની અંતઃક્રિયા કરવાનો વિચાર
વીરપુત્રને માટે કદી મોહ-વ્યગ્ર થતી નથ
કુલવધૂ છે, દાનવીર મહારાજા હરિશ્ચં
જેવા વીર તથા સ્વતંત્રતાપ્રિય બાળકની
શોક કરવો ગેરાસ્પદ નથી. એ ઊપરાંત
પણ શકતું નથી યુગયુગાન્તર સુધી
થતુ નથી. તો પછી શોક કરવાથી શો લા

તમે જે ધન ઉપર મદ કરો છો, જે મેળવવા માટે ન્યાય કે અન્યાયનો વિચાર પણ કરતા નથી, તે ધન સ્થાયી નથી, પણ અસ્થાયી છે. એ હંમેશને માટે રહેશે, એમ પણ કોઈ કહી શકતું નથી. તો પછી એને માટે અન્યાય શા માટે કરો છો ? એ પ્રત્યે ખાલી મોહ શા માટે ધરો છો ? અને સંસારમાં તેને જ ઉત્કૃષ્ટ વસ્તુ કેમ સમજો છો ? તે ધનનું અસ્તિત્વ ત્યારે જ સારું છે કે જ્યારે તે વડે કોઈ પ્રકારનાં સત્કાર્યો કરવામાં આવે. નહિ તો પશ્ચાત્તાપ સિવાય બીજું કાંઈ બાકી રહેતું નથી. હરિશ્ચંદ્રનું રાજ્ય જો કોઈ બીજા રાજાની ચઢાઈના કારણે ચાલ્યું જાત, તો તેને હમેશાં પશ્ચાતાપ સિવાય બીજું કાંઈ બાકી રહેતું નથી. હરિશ્ચંદ્રનું રાજ્ય જો કોઈ બીજા રાજાની ચઢાઈના કારણે ચાલ્યું જાત, તો તેને હમેશાં પશ્ચાત્તાપ રહેત કે, મેં મારા રાજ્યનો કાંઈપણ સદુપયોગ ન કર્યો; પરન્તુ તેણે તો રાજ્ય દાનમાં આપી દીધું હતું, એટલે તેને અત્યંત સંતોષ હતો. સારાંશ એ કે, અભિમાન ખરાબ છે, કોઈ ખાસ વસ્તુ ઉપર અભિમાન ન કરતાં જો તેનાથી કોઈ સુકૃત્ય થાય તો તે ઘણું સારું છે.

ભયાનક અંધારી રાત્રિમાં તારા, વનની વચ્ચે પોતાના પુત્રના શબની અંત્યક્રિયાની ચિંતામાં બેઠી છે. તેને સ્મશાનના રસ્તાની પણ ખબર નથી. તારાને [illegible] લેનાર તે [illegible] પણ એટલો નિષ્ઠુર નીવડ્યો, કે તારાના આ દુઃખ વખતે તેને મદદ આપવા તે પોતે પણ ન આવ્યો, તેમ કોઈ બીજાને પણ ન મોકલ્યો સંદેશ. અત્યારે પ્રસંગે સ્મશાનભૂમિ સુધી સાથ આપવાનું તેનું કર્તવ્ય હતું. પરન્તુ તેણે આ કર્તવ્ય પણ ન બજાવ્યું. [illegible] તેણે તારાને, [illegible] અગ્નિસંસ્કાર કરવા માટે, [illegible] પણ ન [illegible], જે [illegible] તારા પોતાના પુત્રનો અગ્નિસંસ્કાર કરી શકે.

એ અંધેરી રાત્રિ, [illegible], પોતાના પુત્રનું શબ એકલું [illegible] તેમ [illegible] ન [illegible], [illegible]

તારાના વિલાપમાં અને ન [illegible] [illegible] ગઈ હતી. સૂર્ય પોતાના પ્રકાશમય કિરણો [illegible] સમેટી લીધા હતો. અમાવાસ્યાની રાત્રિ [illegible] ભયંકર અંધકાર પ્રસરેલો હતો. [illegible] જનક શબ્દો સંભળાતી રહ્યા હતા, આકાશ [illegible] જોણે ચમકતા તારાઓને એ પ્રમાણે [illegible] હતું કે [illegible] રાણી તારાના સત્યને પ્રકાશ [illegible] ભયાનક અને અંધારી રાત્રિમાં [illegible], [illegible] પુત્રને લઈને એકલી બેઠી છે. [illegible] પણ [illegible] થાકવા જવાથી તારાના હૃદયમાં કેટલું દુઃખ થયું હશે એ અનુમાનથી જ જાણી શકાય છે.

તારાની આ વિપદગ્રસ્ત સ્થિતિ [illegible] ખેંચીને, બુદ્ધિમાન માણસો કહે છે કે, હે [illegible] તમને ધન, જન, રૂપ, યૌવન કાર્યક્ષમતા વગેરેનું અભિમાન હોય, તમે તારા તરફ જુઓ [illegible] વાળો બુદ્ધિમાનો અને ક્ષમતાવાળાઓ, એક જ [illegible] ઉપર પણ વિપત્તિ પડી છે, તે તમે શા [illegible] ઉપર ગર્વ કરો છો? તારા [illegible] એક વિશાળ રાજ્યની રાણી હતી, અને [illegible] માણસો તેમના રક્ષણ માટે હમેશા તૈયાર રહેતા, [illegible] તે જ રાજકુમાર, વગડા વચ્ચે મૃત્યુના બાગામાં [illegible] તેની પાસે એકલી બેસીને દુઃખ પોકારી રહી છે [illegible] આશ્વાસન આપનાર પણ નથી, તેમ તેની પાસે [illegible] સંસ્કાર કરવા માટે એક પૈસો પણ નથી [illegible] માણસ પણ નથી કે, જે રોહિતના શબને સ્મશાનનુંવા [illegible] તારાને સ્મશાનનો માર્ગ પણ બતાવે, માટે એ [illegible]

ો.

તમે જે ધન ઉપર મદ કરો છો, જે મેળવવા માટે ન્યાય કે અન્યાયનો વિચાર પણ કરતા નથી, તે ધન સ્થાયી નથી, પણ અસ્થાયી છે. એ હંમેશને માટે રહેશે, એમ પણ કોઇ કહી શકતું નથી. તો પછી એને માટે અન્યાય શા માટે કરો છો ? એ પ્રત્યે ખાલી મોહ શા માટે ધરો છો ? અને સંસારમાં તેને જ ઉત્કૃષ્ટ વસ્તુ કેમ સમજો છો ? તે ધનનું અસ્તિત્વ ત્યારે જ સારું છે કે જ્યારે તે વડે કોઇ પ્રકારનાં સત્કાર્યો કરવામાં આવે. નહિ તો પશ્ચાત્તાપ સિવાય બીજું કાંઇ બાકી રહેતું નથી. હરિશ્ચંદ્રનું રાજ્ય જો કોઇ બીજા રાજાની ચઢાઈના કારણે ચાલ્યું જાત, તો તેને હમેશાં પશ્ચાતાપ સિવાય બીજું કાંઇ બાકી રહેતું નથી. હરિશ્ચંદ્રનું રાજ્ય જો કોઇ બીજા રાજાની ચઢાઇના કારણે ચાલ્યું જાત, તો તેને હમેશાં પશ્ચાત્તાપ રહેત કે, મેં મારા રાજ્યનો કાંઇપણ સદુપયોગ ન કર્યો; પરન્તુ તેણે તો રાજ્ય દાનમાં આપી દીધું હતું, એટલે તેને અત્યંત સંતોષ હતો. સારાંશ એ કે, અભિમાન ખરાબ છે, કોઇ ખાસ વસ્તુ ઉપર અભિમાન ન કરતાં જો તેનાથી કોઇ સત્કૃત્ય થાય તો તે ઘણું સારું છે.

ભયાનક અંધારી રાત્રિમાં તારા, વનની વચ્ચે પોતાના પુત્રના શબની અંતક્રિયાની ચિંતામાં બેઠી છે. તેને સ્મશાનના રસ્તાની પણ ખબર નથી. તારાને વેચાતી લેનાર તે બ્રાહ્મણ પણ એટલો નિષ્ઠુર નીવડ્યો, કે તારાના આ દુઃખ વખતે તેને મદદ આપવા તે પોતે પણ ન આવ્યો, તેમ કોઇ બીજાને પણ ન મોકલ્યો. સંસ્કાર અનુસાર પ્રમાણે સ્મશાનભૂમિ સુધી સાથ આપવાનું તેનું કર્તવ્ય હતું. પરન્તુ તેણે આ કર્તવ્ય પણ ન બજાવ્યું. અને, તેણે ન [illegible], કે [illegible] પુત્રનો અગ્નિસંસ્કાર કરવા [illegible], એક દાસી પણ ન આપી, જે [illegible] તારા પોતાના પુત્રનો અગ્નિસંસ્કાર કરી શકે

એ અપરાધી રાત્રિએ, બાળી અબલા, પોતાના પુત્રનું શબ એકલું [illegible] પોતે એકલી તેમ [illegible] ન રહેવાથી, [illegible]

ભાવનાઓ ઉત્પન્ન થઈ હશે તે કોણ કહી શકે છે ? પરન્તુ તારા [illegible] લાગી હતી. શંકાને મદન કરવામાં અસમર્થ બની [illegible] સજ્જનના સમાગમથી પણ તેને ધૈર્ય મળ્યું હતું અને પોતાના કર્ત-વ્યનું ભાન થઈ ગયું હતું. એટલે તેણીએ સાહસપૂર્વક રોહિતના શબ પોતાના ખાંધ પર ઉપાડી લીધું અને જે તરફ તે મનુષ્યોના ટોળા જતા જોતી હતી, તે તરફ ચાલવા લાગી.

શબને લઈને, સાંકડી તથા ઊંડી [illegible] તારા, [illegible] ગલીઓમાંથી થતી શ્મશાન પાસે પહોંચી. પુત્રનો અગ્નિસંસ્કાર [illegible] વિના કેવીરીતે કરૂં એ ચિંતાથી તારાનું હૃદય અધીર બની [illegible] સાહસ આ વખતે છૂટી ગયું અને તે પુત્રના શબને જમીન ઉપર [illegible] વિલાપ કરવા લાગી. તારા પોતાના વિલાપમાં પુત્રના પૂર્વ [illegible] આ સમયના ભીષણ દુઃખનું તુલનાત્મક વર્ણન કરતી થકી કહે છે કે "હાય બેટા ! તું એક વિશાળ સામ્રાજ્યનો ભાવી અધિપતિ મનાતો પરન્તુ આજે તારો કોઈ સહાયક નથી ! બીજું તો [illegible] નહિ, આજ તારા અગ્નિસંસ્કાર માટે લાકડાં પણ નથી ! પોતાના [illegible] આ દશા, આ અભાગિની માતાને કોણ જાણે ક્યા પાપ [illegible] જોવી પડે છે !"

તારા, આ પ્રમાણે અનેક આક્રંદ કરતી થકી [illegible] છે. તેણીનું હૃદય ભેદક વિલાપ સાંભળીને, ગીધોએ પોતાના [illegible] બંધ કરી દીધા. આ કષ્ટદાયક વખતમાં તારાના હૃદયની કેવી [illegible] થઈ હશે, આ વાત પ્રત્યેક સહૃદય મનુષ્ય અનુમાનથી જ જાણી શકે [illegible] જ્યાં, આ સંકટમાં પણ તારાને પોતાના ધર્મનો [illegible] વિચારોએ જ વખતે પણ તેણીને પુત્રશોકથી છોડાવી હતી [illegible]



પ્રકરણ ૨૫ મું

સ્મશાનમાં

અમાવાસ્યાની ઘોર અંધકારમયી રાત્રિનો સમય છે. આકાશ મેઘથી આચ્છાદિત છે. એક પણ તારો દેખાતો નથી. ભયાનક અંધકારથી આખું સ્મશાન સાંય-સાંય જેવો અવાજ કરતું જણાય છે. નિર્વાણ-પ્રાપ્ત ચિતાઓના પ્રકાશથી. અંધકારની પ્રત્યક્ષ છાયા વધારે સ્પષ્ટ દેખાય છે. સ્મશાનમાં સ્થળે સ્થળે શ્વેત મનુષ્યની ખોપરી અને હાડકાંઓ અસ્તવ્યસ્ત પડ્યાં છે. ચારેબાજુ સનસનાટી છે હા, ગીધોનાં બીભત્સ શબ્દો અને વૃક્ષોનો ખડખડાટ કોઈવાર અવશ્ય સંભળાય છે. આ જ ભયાનક સ્મશાનમાં એક પુરુષ લંગોટી બાંધીને તથા હાથમાં દંડો પકડીને અહીં તહીં આંટા મારી રહ્યો છે. તેનું શરીર વિશાળ, ભુજાઓ લાંબી અને છાતીનો ભાગ પહોળો છે. સ્મશાનની જ્વાળાઓની ધુમાડી વાસ-વાથી, તેનું શરીર કાળું બની ગયું છે. દાઢી અને માથાનાં વાળ વધેલાં અને લાંબા છે વાચકગણ! આ જ પુરુષ આપણો પૂર્વ પરિચિત મહારાજ હરિશ્ચંદ્ર છે, જે સત્યને માટે, ચાંડાળનો દાસ બનીને, તેની આજ્ઞાથી, સ્મશાનની રખેવાળી [રક્ષા] કરી રહ્યો છે

હરિશ્ચંદ્ર અહીંથી તહીં આંટા મારીને ફરી રહ્યો છે—અહા! આ સર્વાંગસુંદર મનુષ્ય દેહનું અંતિમ પરિણામ પણ કેવું ભયંકર છે. જે [illegible] છે, [illegible] બની જાય છે. એક સમયે, જે કાંતિ અતિ સુંદર દેખાય છે, જેના ઉપર મનુષ્ય અભિમાન કરે છે. તે જ કાંતિ [illegible] ચિતાના ભડકામાં બળીને નષ્ટ થઈ જાય છે, મનુષ્ય, [illegible]

નની મોટી મોટી આશાઓ મને માટી અર્પીને સુવાડે છે. ગરીબમાં ગરીબ અને ધનવાનમાં ધનવાન માનુસને મારે જ માર્ગે છે. હમેશાં હું એ જ કહેતું આમ ..... સંસારના મનુષ્યો આ શરીરની અનિત્યતાના વિચાર કરતા નથી. પિતા-માતા અને ભાઈઓ પોતાના પ્રિયમ પ્રિય ...... અહીં ..... બાળી જાય છે તેઓ રડે છે, તેમના હૃદયમાં ..... પણ થાય છે, પરન્તુ તે ત્યાં જ સુધી કે જ્યાંથી ચિતાની ... બુઝાઇ ગઈ ન હોય! તે પછી, તે જ આશાએ ..... અને તે જ સુંદર સુંદર કલ્પનાઓ ..... એક દિવસ પણ એમ વિચારવાની જરૂરિયાત માનતા નથી કે પ્રમાણે હું મારા પુત્ર, મિત્ર કે ભાઈને સ્મશાનમાં બાળીને જાય આવ્યો છું તે જ પ્રમાણે એક દિવસ મારે પણ તે જ સ્મશાન આશ્રય લેવો પડશે. એક દિવસ, આ શરીરની એવી ચિતા ઉપર અને મને પણ એ જ રીતે ભસ્મ કરી દેવામાં આવશે.

સ્મશાનભૂમિમાં આવતાં, મનુષ્યના હૃદયમાં જે ભાવનાઓ ... છે, તે ભાવનાઓને જો તે પોતાના હૃદયમાં હમેશાંને માટે સ્થાન ... તો નશ્વર શરીરથી તે અનેકાનેક સુકૃત્યો કરી શકે.

સ્મશાન! તું મનુષ્યોને કેટલી ઉત્તમ શિખામણો આપે ... જો મનુષ્ય તારી આપેલી શિખામણો તેના હૃદયમાં હમેશાંને માટે ... કરે, તો તે જીવનમુક્ત બની જાય, તેમાં સંદેહ નથી, તું પ્રત્યક્ષ છે. તું રોજ રોજ કેટલાયે દુખીઓના ઉગ્ર આક્રંદો, અને ચીત્કાર-આક્રંદ-હાહાકાર વગેરેને સહજમાં જ ગળી જાય છે! કેટલાયે રાજા-મહારાજાઓ આવીને તારા વક્ષસ્થળ ઉપર હ... માટે અનંતનિદ્રામાં સૂઈ જાય છે! એક રાજાની માફક જ તું ચંડાળને પણ તારા હૃદયમાં એ જ પ્રમાણે સ્થાન આપે છે, રાજા કે પ્રજા, બ્રાહ્મણ હોય કે ચંડાળ અને કોટીઓ હોય કે દિગંબરો

હોય, પણ તારી પાસે તો બધાં સરખાં જ છે. તું કોઇ સાથે ભેદભાવ રાખતું નથી, બધાંને સરખાં ગણે છે. જો માણસ પણ તારી માફક સમદષ્ટિ બની જાય, તો પછી તેને સંસારમાં જન્મ-મરણ કરવાની જરૂર ન રહે તું જડ છે, છતાં પણ તારામાં આ જ્ઞાન છે, પરન્તુ મનુષ્ય ચેતનાશક્તિથી સંપન્ન હોવા છતાં પણ આ જ્ઞાન ધરાવતો નથી. એ જ કારણે તેને પુનઃ પુનઃ તારા શરણમાં આવવું પડે છે, પરન્તુ ફરી પણ તે તારી શિખામણોને મનન કરતો નથી તેમ તે પ્રમાણે આચરણ પણ કરતો નથી.

હરિશ્ચંદ્ર, આ પ્રમાણે બોલતો બોલતો અહીંતહીં ફરી રહ્યો હતો તેવામાં જ તેના કાને કોઇ સ્ત્રીનાં રુદનનો અવાજ સંભળાયો. તે વિચારવા લાગ્યો કે, અંધારી રાત્રિમાં અહીં આવીને રોનારી સ્ત્રી કોણ છે? તે તરફ ચાલવા લાગ્યો, કે જ્યાં પોતાના પુત્રના શબની પાસે બેઠેલી તારા રડી રહી હતી. હરિશ્ચંદ્ર તારા પાસે જઇને, તેણીને પૂછ્યું–બાઇ! તું કોણ છે, જે આ બીહામણી રાત્રીના સમયે સ્મશાનમાં એકલી બેસીને રુદન કરી રહી છે! હરિશ્ચંદ્રનો અવાજ સાંભળતાં જ, તારા ચમકી ઉઠી. પોતાની સામે એક વિશાળ શરીરધારી પરન્તુ બિહામણા પુરૂષ લંગોટી બાંધીને તથા હાથમાં દંડો લઇને ઉભેલો જોઇ, તારા એકદમ ગભરાઇ. તે અવાક્ બનીને વિચારવા લાગી કે રાત્રિને વખતે આ યમ જેવો કયો પુરુષ આવીને ઉભો રહ્યો! તારાએ હિંમતપૂર્વક સામાને પૂછ્યું—તમે કોણ છો, કે, જે આ અંધારી રાત્રિમાં એકલા, એકલી અને દુઃખી સ્ત્રીની પાસે આવીને ઉભા [illegible]

તારાની વાતો સાંભળીને, હરિશ્ચંદ્ર આશ્ચર્યચકિત બનીને વિચારવા લાગ્યો કે, આ કોણ સ્ત્રી છે, કે જે હમણા તો રોતી હતી અને [illegible] ખાંજ આટલી આસ્તિક બની ગઈ? તેણે તારાને કહ્યું—હે[illegible] જેમ તું દુઃખી છે તેમ જ હું પણ દુઃખી છું. હું [illegible] જ છું અને આ સ્મશાનની રક્ષા કરું છું. શું [illegible] પુત્ર [illegible] છે, અને તમે તેને જ માટે શોક કરી રહ્યા છો? પરન્તુ [illegible] શોક વૃથા છે. સંસારમાં જે આવે છે તેને [illegible] નિશ્ચયપૂર્વક જવું જ પડે છે. આ તો અટલ નિયમ જ છે. અહીં રહીને હું એવી ઘટનાઓ હંમેશા જોયા કરું છું એ ઘટનાઓને જોતા જોતા મારું હૃદય વજ્ર જેવું બની ગયું છે અને હું એવા દુઃખો જોઈને [illegible] નથી આ સ્મશાનમાં હજારો માણસો મારા જોતા જોતા [illegible] છે. તેમાં બાળક, યુવાન અને વૃદ્ધ એ બધી અવસ્થાના [illegible] તમારો પુત્ર પણ એ પ્રકારમાંનો એક છે, એટલે [illegible] બાળી નાખો. પાસમાં ઘણી [illegible] છે, [illegible] લાકડાંઓ [illegible] નહિ અને તમારો પુત્ર [illegible]

રાજાની વાતચીત સાંભળીને, તારા વિચારવા લાગી કે આ [illegible] કોણ છે? તેનો સ્વર તો પરિચિત જેવો જણાય છે [illegible] વિચારી જ રહી હતી કે, તરત જ આકાશમાં વિજળી ચમકી [illegible] પ્રકાશમાં રાજાનું મુખ જોઈને, તારાએ અનુમાન કર્યું કે, [illegible] પુરુષ છે તો ગરીબ વેશમાં, પણ તેની આકૃતિ [illegible] છે. જરૂર આ કોઈ મોટા સજ્જન પુરુષ છે, આમ વિચારીને [illegible] તેને કહેવા લાગી—મહાશય, આપ વાતચીતથી તો [illegible] ઓ છો, કદાચ આપ કોઈ દેવ તો નથી અને આ [illegible] પરીક્ષા લેવા અથવા મને મદદ કરવા તો અહીં [illegible] જો એમ હોય, તો કૃપા કરી મારા પુત્રને જીવાડી આપો [illegible] ભર તમારો આભાર માનીશ અને આપને [illegible].

હરિશ્ચંદ્ર—હું પ્રથમથી જ કહી ચૂક્યો છું કે, હું મનુષ્ય છું અને આ સ્મશાનભૂમિની રક્ષા કરૂં છું. હું દેવ છું, એવું તમારૂં અનુમાન તદ્દન ખોટું છે.

તારા—જો આપ દેવ નથી અને મનુષ્ય છો, તો કૃપા કરીને મારા પુત્રનું સર્પવિષ ઉતારી આપો. મેં સાંભળ્યું છે કે, સાપે કરડેલા મનુષ્યનો પ્રાણ જલ્દી નીકળતો નથી અને એ પણ સાંભળ્યું છે કે, લોકો સાપનાં ઝેરને મંત્રદ્વારા ઉતારી નાંખે છે. જો આપ સાપ-વિષ ઉતારવાનું જાણતા હો અને આ દુઃખિનીના એકના એક પુત્રને જીવતો કરો, તો મોટી કૃપા થશે.

રાજા—હું વિષ ઉતારવાનું જાણતો નથી અને હવે મૃત્યુ પામેલો પુત્ર જીવતો પણ થઇ ન શકે, આ જાતની બિનજરૂરી વાતચીતમાં વખત જાય છે, પાછી કદાચ વરસાદ પડશે, તો તમારા પુત્રને બાળવું મુશ્કેલ થઇ પડશે. માટે લાવો તેને બાળી નાખીએ, વધારે વાતચીતથી લાભ નથી, પણ નુકશાન છે.

તારાના સ્વરને સાંભળીને રાજા અને રાજાના સ્વરને સાંભળીને તારા હૃદયમાં એવો તો વિચાર કરતા, કે આ સ્વર પરિચિત છે, પરન્તુ દુનિયામાં એક જ સ્વરવાળા અનેક માણસો હોઇ શકે છે, એમ વિચારીને કોઇપણ એકબીજાને પૂછતા ન હતા. રાજાની ઉપલી વાતથી તારાને પોતાના પુત્ર તરફની નિરાશા થઇ ગઇ. તેણીએ રાજાને કહ્યું—કે મારું દુર્ભાગ્ય એવું જ છે. જો હું મારા પુત્રને કોઇ પણ પ્રકારે ફરી જીવતો જોઇ શકતી નથી અને તમારી ઇચ્છા તેને બાળી જ દેવાની છે, તો લો બાળી નાખો.

રાજા—અહીં જે શબ બાળવામાં આવે છે, તેને બાળવામાં વપરાતાં લાકડાની કીમત પેટે એક ટકો કર આપવો પડે છે. જો તમે પણ એ ટકો કર આપી શકો, તો તમારા પુત્રને બાળવા દેવામાં આવે.

તારા—મારી પાસે એક ટકો તો શું, પણ એક કોડી પણ નથી, કે જે તમને કર તરીકે આપી શકું, હું લાચાર છું, આપ મહાશય દયા કરીને, તેને કર લીધા વગર જ જાવા આપો.

સમય! તારી ગતિ બહુ વિચિત્ર છે. તું જગતના બધા પ્રાણીઓની સ્થિતિને, ગાડીના પૈડાંની જેમ ફેરવ્યા કરે છે. જે રાણી, રોજ હજારોનું દાન કરતી હતી, તે જ આજે એક ટકા કરને માટે દયાની ભિક્ષા માગી રહી છે! તારો એ નિયમ જ છે કે, જે આજે ધનવાન દેખાય છે, તે જ કાલે ઘેર ઘેર ભીખ માગતો જોવામાં આવે છે. આમ થવા છતાં પણ, તારામાં આટલી શક્તિ જણાવા છતાં પણ, સંસારના લોકો તારી પ્રતિષ્ઠા કરતા નથી અને તારી હંમેશા અવગણના કર્યા કરે છે. અસ્તુ.

રાણીની વાત સાંભળીને, રાજા કહેવા લાગ્યો—હું અહીં અનેક સ્ત્રી પુરૂષોને પોતાના સ્વજનનું શબ લઇને આવતાં જોઉં છું, પરન્તુ તું એક વિચિત્ર સ્ત્રી જણાય છે કે, જે પોતાના પુત્રને બાળવાના લાકડાં માટે એક ટકો પણ ન આપતા, તે માટે પણ દયાની ભિક્ષા માગી રહી છે! શું તારો કોઈ પણ સાથી નથી, કે જે તને એક ટકો આપે? શું તું વિધવા છે?

તારા—મહાશય! એવું ન બોલો, હું વિધવા નથી, સધવા છું.

હરિશ્ચંદ્ર—તો શું તારો પતિ એટલો નિષ્ઠુર છે કે, જે તારી સાથે પણ ન આવ્યો, તેમ તને કરને માટે એક ટકો પણ ન આપ્યો! શું તે એટલો બધો નિર્દય છે? તે પતિને ધિક્કાર છે, જે આવા સમયમાં પણ પોતાની સ્ત્રીને મદદ કરતો નથી. જે લોકો, પોતાની સ્ત્રીને મદદ કરી શકતાં નથી તેઓ કોઇ સ્ત્રીના પતિ શા માટે બને છે અને પતિ નામને શા માટે લજાવે છે?

રાજાની આ વાત સાંભળીને, તારાને ઘણું જ દુ:ખ થયું તે મનમાં ને મનમાં કહેવા લાગી—[illegible] સુધી થઇ ન

હતી તે પણ આજે થઈ ગઈ. મેં વિશ્વામિત્ર જેવા ઋષિથી પણ પતિની નિંદા સાંભળી ન હતી, પરન્તુ આજે હું મારાં આ કાનોવડે પતિની નિંદા સાંભળી રહી છું. આ પુરૂષ પતિની ખ્યાતિથી અજ્ઞાત છે. એથી જ તેણે પતિને માટે આવા અશિષ્ટ શબ્દોનો પ્રયોગ કર્યો છે. જો તે પતિની ખ્યાતિ જાણતો હોત તો આવું બોલવાનું સાહસ કદી પણ ન કરી શકત છતાં પણ તે રાજા પ્રત્યે બોલી—કૃપા કરી આપ પતિની નિંદા ન કરો. આપને એ ખબર નથી કે, મારા પતિ કેવા છે અને તેઓ શા કારણે મારાથી અલગ થયા છે. મારા પતિ નિષ્ઠુર પણ નથી, તેમ નિર્દય પણ નથી. તે ખૂબ જ દયાળુ છે. સત્ય-ધર્મની રક્ષાને માટે પોતાનું તમામ સુખ ત્યાગીને, તેઓ પોતે દારૂણ દુઃખો ભોગવવા માટે તૈયાર થયા છે! હું તેમને આંખોની પુતળી સમાન અને આ પુત્ર પુતળીના તારા સમાન પ્રિય છે, પરન્તુ ધર્મપાલનને માટે તેઓ અમને ત્યાગીને આ વખતે અમારાથી દૂર છે.

તારાની વાત સાંભળીને, હરિશ્ચંદ્ર વિચારવા લાગ્યો કે, આ બધી વાતો મારા ઉપર જ ઘટે છે, તેનો સ્વર પણ તારાના સ્વર જેવો જણાય છે; તો શું આ તારા છે! શું તારા ઉપર આજે આ મહાન્ આપત્તિ છે! પરન્તુ તારા ઉપર આવી આપત્તિ આવી પડવી સંભવિત નથી. તેણે તારાને પૂછ્યું—શું સ્ત્રી, પુત્ર અને રાજ્ય છોડનાર તમારો પતિ હરિશ્ચંદ્ર છે! શું તમે હરિશ્ચંદ્રની પતિવ્રતા—સ્ત્રી તારા છો!

રાજાની આ વાત સાંભળીને, તારા સાશ્ચર્ય વિચારવા લાગી કે, આ સ્મશાન-રક્ષક પતિને તથા મને ક્યાંથી ઓળખે છે! તે આ પ્રમાણે વિચાર કરી જ રહી હતી, કે તરત જ મેઘથી છવાયલા આકાશમાં વીજળી થઈ. વિજળીના પ્રકાશથી દંપતીએ એક બીજાને ઓળખ્યા. પતિને જોઈને, રાણીને ધીરજ આવી કે, હવે પતિના આગમનથી મારી ચિન્તા ઓછી થઈ હવે મારી દુઃખનૌકાને સહાયતા મળી ગઈ અને રોહિતના અગ્નિસંસ્કારનો ભાર બે વિભૂતિઓ ઉપર આવી પડ્યો.

સંસારનો નિયમ છે કે, દુઃખ વખતે કોઇ સ્વજનના મેળાપથી જ્યાં હર્ષ થાય છે, ત્યાં દુઃખ પણ આવી પડે છે એ જ પ્રકારે ગણીને પતિનો મેળાપ થવાથી, એ વખતે જ્યાં આનંદ થયો, ત્યાં જ રોહિતના મોતે તેમના પર ખૂબ જોર કર્યું. એ જ રીતે, રાજાને પણ રાણીના મેળાપનો હર્ષ થવાની સાથે જ રોહિતના મૃત્યુનું દુઃખ પણ થયું. તે મનમાં ને મનમાં કહેવા લાગ્યો—હાય ! આ રોહિત ચાલ્યો ગયો ! તારાની આ દશા છે !

પતિને ઓળખીને, તારા રોતી રોતી તેની પાસે ગઈ, તેણીના મુખમાંથી 'નાથ-નાથ' સિવાય બીજું કાંઇ નીકળતું ન હતું અહીં રાજા પણ દુઃખથી અધીર બની ગયો હતો. તેના મુખમાંથી માત્ર 'તારા તારા' જ નીકળ્યું, બીજું કાંઇ જ નહિ દુઃખના આવેશમાં રાજા-રાણી બન્ને એક બીજાને લપેટાઈ ગયા અને પુત્રને માટે વિલાપ કરવા લાગ્યા.

રાજા કહેવા લાગ્યો—હા, રોહિત ! હા પુત્ર ! હા હૃદય સર્વસ્વ તું મને એકલો મૂકીને ક્યાં ચાલ્યો ગયો ? બેટા ! મારી તૃષાના જળ ! રોગની ઔષધિ ! સ્વાસ્થ્યના પથ્ય ! દુર્ભાવનાની શાન્તિ ! અમને વિપત્તિમાં છોડીને તું ક્યાં ચાલ્યો ગયો ? તારી જ આશાથી અમે અત્યાર-સુધી અનેક વિપત્તિઓ સહન કરી રહ્યા હતા, પરન્તુ આજ તેં અમને નિરાશ કેમ કરી દીધા ? પુત્ર ! શું તારા મૃત્યુનો આ સમય હતો ? હા ! કુસુમવત્ સુકુમાર શરીર આજે સ્થિર પડ્યું છે ! પક્ષીઓનું અભિમાન ઉતારવા જેવા તારા નેત્રો, આજે અર્ધ ખુલ્લા દેખાય છે ! આજે પૃથ્વીપર મને પિતા કહેનાર કોઈ ન રહ્યું ! હાય ! આજ હું નિઃસંતાન બની ગયો ! બેટા ! ઉઠ, ઉઠીને એકવાર તારા પિતાને હાંક તો કહે ! વત્સ ! તારો પિતા તારા વિના કેટલો વ્યાકુળ છે તે જો ! તેને કાંઇક શાન્તિ તો આપ !

રાજા અને રાણી પુત્રશોકથી એટલાં બધાં અધીર બની ગયા કે, વિલાપ કરતાં કરતાં તેઓ મૂર્છિત બની ગયા. આ મૂર્છાને લીધે તેઓ પુત્રશોકની વેદનાથી જો કે મુક્ત બની ગયા, તથાપિ આ સ્થિતિ વધુ વખત સુધી ટકી ન શકી. જળ-કણ મિશ્રિત શીતળ પવને તેમને શરીરનો સ્પર્શ કરીને તેમની મૂર્છા દૂર કરી દીધી. મૂર્છા દૂર થતાં જ પુત્રશોકના દુઃખે તેમને પુનઃ ઘેરી લીધાં અને તેઓ ફરી પાછા વિલાપ કરવા લાગ્યા.

વિલાપ કરતો કરતો રાજા કહેવા લાગ્યો—પ્રિયે તારા ! હવે હું સંસારમાં કઇ આશાએ જીવિત રહું ? આજસુધી તો એ આશા હતી કે, પુત્ર રોહિત મોટો થઇને, મારું દુઃખ દૂર કરશે, અને દાસત્વથી મુક્ત કરશે, પરન્તુ આજે એ આશા પણ ન રહી. આ રોહિતના આધારથી જ હું પ્રસન્નતાપૂર્વક ભંગીનો સેવક બન્યો હતો અને તું બ્રાહ્મણને ત્યાં દાસીપણું કરતી હતી, પરન્તુ આજે એ આશાનો સ્તંભ જ તૂટી પડ્યો ! હવે મને સંસારમાં રહેવાથી લાભ જ શો છે ? દિનરાત પુત્રશોકના દુઃખથી શા માટે દગ્ધ થઇએ ? એટલા માટે એ જ ઉચિત છે કે, રોહિતની સાથે જ આપણે પણ પ્રાણત્યાગ કરીને રોહિતનું અનુકરણ કરીએ છતાં પ્રાણત્યાગ કર્યા પહેલાં એ ઉચિત છે કે, આપણે આપણા ધર્મપાલનની આલોચના કરી નાંખીએ કે, જેમાં કોઇ પ્રકારની કોઇ ભૂલ તો થઇ નથી !

સાંસારિક મનુષ્ય, જ્યારે દુઃખથી ગભરાઇ જાય છે, ત્યારે તેઓ દુઃખમુક્ત બનવા માટે, આત્મઘાત કરવાનો વિચાર કરે છે અને સમજે છે કે એવું કરવાથી અમે દુઃખમુક્ત બની જઇશું. એ જ પ્રમાણે રાજા અને રાણીએ પણ આત્મઘાત કરવાનો વિચાર કર્યો અને બન્ને પોતપોતાના ધર્મકાર્યોની આલોચના કરવા લાગ્યા. પોતાનાં ધર્મકાર્યોની આલોચના કરતાં કરતાં રાજાને [illegible] આપ્યું કે, હું મારા ધર્મકાર્યોમાં નાની નાની ભૂલો તો કીધી [illegible] છું, પરન્તુ તેમાં જો હિમાલય

જેવડી મોટી અને ભયંકર ભૂલ થઈ રહી છે, તે તો મને દેખાતી જ નથી ! હું વેચાએલો બીજાનો દાસ છું અને મને સ્મશાનમાં રહીને અહીં આવનાર શબના વાલીઓ પાસેથી કર વસુલ કરવાની અને જે શબનો કર ન મળે, તેને ન બાળવાની આજ્ઞા આપી રાખી છે. છતાં પણ મારે રાણી સાથે મળી જવાનો અને આત્મહત્યા કરવાનો શો અધિકાર છે ? રાણી પણ બીજાને ત્યાં વેચાએલી દાસી છે. તેને પણ શો અધિકાર છે કે, તે મરી જવા માટે આત્મહત્યા કરે ? એ સિવાય આ શરીર કુદરતનું બનાવેલું છે, અમે તેને કોઈ નાના નાના ભાગને પણ બનાવવા સમર્થ નથી. જ્યારે અમે તેને બનાવી શકતા નથી, તો કુદરતના નિયમ વિરૂદ્ધ તેનો નાશ કેવી રીતે કરી શકાએ ? અમને બન્ને પ્રકારે તેનો નાશ કરવાનો અધિકાર નથી. એક તો આત્મહત્યા અને વિશ્વાસઘાત, એ બન્નેય મહા પાપ છે, એ જાણીને પણ અમે બે પાપમાં કેવા લિપ્ત બની ગયા છીએ ! આ વિચાર આવતા જ, રાજા ઉભો થઈ ગયો અને તારાને કહેવા લાગ્યો–સતિ તારા ! આપણે મરવા માટે પણ સ્વતંત્ર નથી. તું અને હું બન્નેય બીજાને ત્યાં વેચાએલાં દાસ છીએ આ પ્રમાણે દુઃખથી વ્યગ્ર બનીને, આત્મહત્યા કરવી અને ખરીદનાર માલીકને દગો દેવા, એ આપણું કામ નથી. એટલા માટે મરવાનો વિચાર છોડી દઈને, ધૈર્યપૂર્વક આ કષ્ટને સહન કરો અને પોતાના કર્તવ્ય ઉપર દૃઢ રહો.

પતિની વાત સાંભળીને તારા કહેવા લાગી–નાથ ! એ જ કારણે મેં રોહિતના મૃત્યુ સ્થાને પ્રાણત્યાગ કર્યો ન હતો નહિ તો અત્યાર સુધીમાં ક્યારની હું રોહિતનું અનુસરણ કરી ચૂકી હોત ! પરન્તુ દુઃખાવેશમાં આ વખતે મને આ જ્ઞાન ન રહ્યું અને હું આપની આજ્ઞા માનીને, મરવા માટે તૈયાર થઈ ગઈ. હવે પરમાત્માની કૃપાથી આપને જ હૃદયમાં આ વાત આવી ગઈ, કે જેથી આપણે આત્મહત્યાના પાપથી પણ બચી ગયા અને માલીકની સાથે વિશ્વાસઘાત કરવાના પાપથી પણ બચી ગયા.

કરણ ૨૯ મું

અંતિમ કસોટી



આત્મહત્યા કરવી, એ મહા પાપ છે અને અમે આત્મહત્યા કરવા માટે સ્વતંત્ર પણ નથી, એવો વિચાર કરીને રાજા રાણીએ મરવાનો વિચાર માંડી વાળ્યો. હવે તેમની સામે ફરી રોહિતની દાહ-સંસ્કારની સમસ્યા ઉપસ્થિત થઇ. રાજા કહેવા લાગ્યો—તારા, જે થવાનું હતું તે થઇ ચૂક્યું, હવે એક ટકો કર લાવ તો રોહિતને બાળી દઉં. મને ખરીદનાર શેઠની આજ્ઞા છે કે, ટકો લીધા વગર શબ બાળવા માટે લાકડાં ન આપવાં

તારા—નાથ, આપ ટકો કોની પાસે માગી રહ્યા છો ? શું દુઃખને લીધે આપ આપને પોતાને પણ ભૂલી ગયા ? જો નહિ તો પછી આ વખતે આપ મારી પાસે ટકો કેવી રીતે માગો છો? હું આપની એ જ અર્ધાંગના—સ્ત્રી છું કે, જેનો વિવાહ આપની સાથે વિધિસર થયો હતો અને આ શબ આપના તે જ પુત્ર રોહિતનું છે, જેને આપ પ્રાણથી પણ વધારે પ્રિય સમજતા હતા. હું આ શબને કોણ જાણે કેવાં કેવાં કષ્ટો વઠીને અહીંસુધી લાવી છું, હવે તેના વિના હોવાને કારણે આપનું કર્તવ્ય છે કે આપ તેનો અંતિમ સંસ્કાર કરો, તેને બદલે આપ મારી [illegible] પાસે કર માગો છો ! નાથ, શું આપનાથી એ વાત અજાણી છે, કે હું [illegible]ના દાસી છું અને મારી પાસે એક પૈસો પણ નથી ? [illegible] આપ મારી પાસે ટકો માગો, એ કયનો ન્યાય છે ?

આ[illegible] વિકટ પરિસ્થિતમાં પડીને, સાધારણ કોટિના માણસોનું [illegible] છે, પરન્તુ જે મહાપુરુષ છે, તે કઠણમાં કઠણ સંકટ

પાનમાં જતાં પણ પોતાનું ધૈર્ય નથી છોડતા. કોઈ કવિએ કહ્યું છે કે-

> कदर्थितस्यापि हि धैर्यवृत्तेर्न शक्यते धैर्यगुणः प्रमार्ष्टुम् ।
> अधोमुखस्यापि कृतस्य वह्नेर्नाधः शिखा याति कदाचिदेव ॥

અર્થાત્- ધૈર્યવાન પુરુષ, ઘોર દુઃખ પડવા છતાં પણ પોતાનું ધૈર્ય છોડતો નથી. કારણ કે અગ્નિને અવળી કરી દેવાથી પણ તેની શિખા ઉપર જ રહે છે, નીચેની બાજુમાં જતી નથી.

એ જ પ્રમાણે હરિશ્ચંદ્ર અહીં પણ ધૈર્યથી વિચલિત ન થયો અને કહેવા લાગ્યો—તારા ! જો કે તારું આ કથન અનુચિત નથી, પણ એ તો કહે, કે તું બ્રાહ્મણને ત્યાં દાસીપણું શા માટે કરી રહી છે!

તારા—સત્ય અને ધર્મના રક્ષણ માટે.

હરિશ્ચંદ્ર—જે સત્ય અને ધર્મના રક્ષણ માટે રાજપાટ છોડ્યું, મજુરી કરી, તું બ્રાહ્મણને ત્યાં અને હું ભંગીને ત્યાં વેચાયો, જે સત્યને માટે આટલાં કષ્ટો સહ્યાં, તે સત્ય અને ધર્મને માત્ર એક ટકાને માટે શું ચાલ્યું જવા દઈશું ? તેં, એક હજાર સોનામહોરો વખતે પણ ધર્મ છોડવાનું ન કહ્યું, પણ ધર્મરક્ષાને માટે પહેલાં તું પોતે જ વેચાઈ, તે જ ધર્મને શું એક ટકા વાસ્તે તું છોડી દેવાનું કહે છે! મને મારા માલીકની આજ્ઞા છે, કે કર લીધા વગર સ્મશાનનાં લાકડાંથી કોઈ શબનો અગ્નિ સંસ્કાર કરવા દેવામાં ન આવે. આવી સ્થિતિમાં હું તારા કે પુત્રના મોહમાં પડીને, ટકો લીધા વગર સ્મશાનના લાકડાંથી અગ્નિસંસ્કાર કરી દઉં, તો શું ધર્મ નહિ જાય ? હું ભંગીનો દાસ છું, તેની જ આજ્ઞાથી હું સ્મશાનની રખેવાળી અને લાકડાંના મૂલ્ય સ્વરૂપ એક ટકો કર વસુલ કરું છું આવી દશામાં ભલે મારો પુત્ર હોય કે બીજાનો હોય, હું કર લીધા સિવાય કદાપિ લાકડાં નહિ લેવા દઉં. હું અખિલ જગતને છોડી શકું છું, પરન્તુ સત્યને છોડી શકતો નથી તે જ મને શિક્ષા આપી છે કે, સત્યની પ્રાણની જેમ રક્ષા

કરવી જોઇએ. તારી આ શિક્ષા ગ્રહણ કરવાથી હવે હું સત્યપાલનમાં એટલો દૃઢ બની ગયો છું, કે સંસારના કોઇપણ પદાર્થો મને સત્યથી વિચલિત કરવામાં સમર્થ થઇ શકતાં નથી, એ સાંસારિક પદાર્થો અનિત્ય છે અને સત્ય નિત્ય છે. નિત્યને છોડીને, અનિત્યને અપનાવવાની મૂર્ખતા કોઈપણ બુદ્ધિમાન કરતો નથી, જો હું આ વખતે માત્ર એક ટકાને માટે કર્તવ્યથી પરાંગમુખ બની જાઉં, તો સત્યની રક્ષાને માટે અત્યાર સુધી જે કષ્ટો સહ્યાં છે, તે સઘળાં નિષ્ફળ થઇ જાય, તથા આટલાં કષ્ટો સહીને પણ, જે સત્યની રક્ષા કરી છે, એ સત્યથી હું અને તું બંનેય દૂર થઈ જઈશું. ભારે મા ભારે આપત્તિમાં પણ, જ્યારે આપણે ન ગભરાયા અને તે ધૈર્યપૂર્વક સહન કરતાં થકાં, સત્યની રક્ષા કરી, તો હવે આ એક ટકાની વાતથી ગભરાઇને, સત્યને છોડી દેવું એ કેમ ઉચિત કહેવાય! તારા! તારી રક્ષા કરવી અને પુત્રનો અંતિમ સંસ્કાર કરવો, એ જો કે મારું કર્તવ્ય છે, તથાપિ હું પરાધીન છું. અને, કર વસુલ કર્યા વગર શબ બાળવાનો લેશપણ અધિકાર નથી એટલા માટે, કર લીધા વગર શબ બાળવાની મારી આશા છોડ અને કર ચુકવવાનો કોઈ ઉપાય કર.

પાઠકગણ! ક્યાં આજના એ લોકો કે, જેઓ વિના કારણે જ અથવા થોડા જ માત્ર લાભમાં પડીને, રાતદિવસ લોકોની આંખોમાં ધૂળ નાંખે છે અને ખોટા સોગંદ ખાઇ-ખાઇને સત્યનો નાશ કરે છે અને ક્યાં સત્યમૂર્તિ મહારાજા હરિશ્ચંદ્ર, જે અર્ધી અને [illegible], પોતાની સ્ત્રી પર દયા કરીને, પોતાનું સત્ય પાળીને [illegible] ને બાળવાની કર લીધા વગર અનુમતિ આપતા નથી! [illegible] લોકો, કે જેઓ સાચી વાતને ખોટી અને [illegible] [illegible] છે, [illegible] તો શું? પણ પોતાના જ સ્ત્રી-પુત્ર અને [illegible] [illegible] પાસે [illegible] કરતા નથી અને [illegible] તો [illegible] કર પોતાના પુત્રને [illegible], [illegible] નથી! આ કેટલું [illegible] સત્યપર વિશ્વાસ [illegible]

એમ જ છે. આજના જેવા લોકોને સત્યપર વિશ્વાસ નથી. તેઓ કહે છે કે, અહીં કોણ જુએ છે! અગર અમારાં અસત્યને કોણ સ્પષ્ટ કરી શકે છે! પરન્તુ હરિશ્ચંદ્રને સત્યપર વિશ્વાસ હતો. તે આ વાતને સાર સમજતો હતો કે, સત્ય એ સર્વત્ર વ્યાપક છે. તે કોઈપણ રીતે છુપાવવાથી છુપાઈ શકતું નથી. અને તેને છુપાવવાની કપટભરી જાળ એ પણ પાપ છે.

આજની મોટા ભાગની સ્ત્રીઓના વિચાર પ્રમાણે હરિશ્ચંદ્રના ઉપરોક્ત કથનથી તારાને દુઃખ થવું સ્વાભાવિક હતું, પરન્તુ તારાના વિચારો એવી સ્ત્રીઓના વિચારોથી તદ્દન ઉલટાં હતાં. સત્ય અને ધર્મ જેવા હરિશ્ચંદ્રને પ્રિય હતા, તેવા જ તેને પ્રિય હતાં. તે મહાનમાં મહાન દુઃખમાં પણ પોતાના સ્વાર્થને માટે પણ, પતિને સત્ય છોડવાનો અનુરોધ કરવાનું જાણતી ન હતી. અસ્તુ.

પતિની વાત સાંભળીને તારા કહેવા લાગી—નાથ! આપનું કહેવું બરાબર છે. દુઃખના આધિપત્યથી મારી બુદ્ધિ અસ્થિર હતી, આ જ કારણથી મેં આપને, કર લીધા વગર પુત્રનો અગ્નિસંસ્કાર કરવાની પ્રાર્થના કરી હતી. માલીકની આજ્ઞાનું પાલન કરવું, એ આપનું કર્તવ્ય છે અને કર્તવ્યપર સ્થિર ન રહેવું એનું જ નામ ધર્મનો ત્યાગ છે. માટે આપ આપના માલીકની આજ્ઞાનું ઉલ્લંઘન ન કરશો. પરન્તુ પ્રશ્ન એ છે, કે મારી પાસે કર આપવા માટે ટકો નથી, તો શું પુત્રનું શબ વગર બાળ્યું અહીં જ પડ્યું રહેશે?

હરિશ્ચંદ્ર—પ્રિયે! તમે જ વિચારો કે, ટકો આપ્યા વગર અગ્નિસંસ્કાર કેવી રીતે થઈ શકે? મારો માલીક અહીં આવી જાય અને તે દયા કરીને કર લીધા વગર અગ્નિસંસ્કાર કરવાની મંજુરી આપે તો તે જુદી વાત છે, તે સિવાય, કર આપ્યા વગર પુત્રનો ...કાર થવો એ સર્વથા અસંભવિત છે.

રાજાનો આ જવાબ સાંભળીને, તારાને ઘણું જ દુઃખ થયું. તે, પોતાના પુત્ર પાસે પછડાઈ પડીને રુદન કરવા લાગી અને કહેવા લાગી—"હાય! આજે આ પુત્ર આવો અભાગી બની રહ્યો છે કે, એક ટકા વગર તેનું શબ અહીં જ પડયું છે! જેના જન્મોત્સવમાં હજારો લાખો રૂપીયા ખર્ચવામાં આવ્યા હતા, આજ તેના જ મૃત્યુ વખતે લાકડાં માટે એક ટકો પણ નથી, કે જે આપીને તેનો અગ્નિસંસ્કાર કરું."

રાણી, આ પ્રમાણે કરુણાપૂર્ણ વિલાપ કરી રહી હતી કે, તરત જ તેને યાદ આવ્યું કે આ રીતે રૂદન અને વિલાપ કરવાથી, પુત્રના અગ્નિસંસ્કારને અંગે કોઇ પ્રકારનો લાભ પણ નથી, તેમ જ કોઇ પ્રકારની સહાયતા મળે, એવી આશા પણ નથી. મારી પાસે પહેરવાની આ જે સાડી છે, તેમાંની અર્ધી સાડી શું એક ટકા કિંમત જેટલી નહિ હોય! એક ટકાની જ નહિ, પણ તે એક ટકા કરતાં ઘણી વધારે કિંમતની હશે તો પછી તેમાથી અર્ધી સાડી ફાડીને એક ટકાને બદલે કેમ ન આપી દઉં! અને તે આપીને મારા પુત્રનો અગ્નિસંસ્કાર કેમ ન કરું! બાબાજીને મારી દશા ઉપર દયા આવશે અને તે મને કોઇ બીજું વસ્ત્ર આપશે, તો તો સારૂં જ છે, નહિ તો અર્ધી સાડીથી જ હું મારું અંગ ઢાંકીને રહીશ; પરન્તુ પુત્રને અગ્નિસંસ્કાર કર્યા વિના પડયું રહેવા દેવો, એ તો માતૃ-કર્તવ્યથી વિરૂદ્ધ છે.

આ પ્રમાણે વિચાર કરીને, રાણીએ પોતાની સાડીમાંથી અર્ધી સાડી ફાડી અને રાજાને કહેવા લાગી—આપ એક ટકા કરના બદલામાં આ વસ્ત્ર લો, જે એક ટકા કરતાં વધારે મુલ્યવાન છે, તે લઇ લો. હવે તો આપને પુત્રનો અગ્નિસંસ્કાર કરવામાં કોઇ પ્રકારની હરકત નથી ને!

પાઠકગણ! સાધારણ મનુષ્ય આવાં વિકટ સંકટથી અધિર થઇ જાય તેમાં કંઈ આશ્ચર્ય નથી, પરન્તુ હરિશ્ચંદ્ર અસાધારણ પુરુષ છે, કે જેઓ આ સંકટમાં પણ સત્યથી વિચલિત ન થયા. [illegible]

ગાળવું હાલ કેળ જ્યો કે વજ્ર જેવું બની ગયું છે કે, જે આ ક્યારે પણ ન પીગળ્યો. અસ્તુ.

રાણીની વાતના જવાબમાં રાજાએ કહ્યું—તમારા જેવી સત્ય પરાયણ સ્ત્રીને ખરેખર ધન્ય છે કે, જે સત્યની રક્ષા માટે પોતાના પહેરેલ વસ્ત્રમાંથી પણ અર્ધું ફાડીને આપી દેવામાં સંકોચ કરતી નથી. આ વસ્ત્રને લઈને અગ્નિસંસ્કાર કરવામાં મને કોઈ જાતની હરકત નથી.

"હે નાથ, જો લાજ ઢાંકવાનું વસ્ત્ર સત્યની રક્ષા માટે ન આપું, તો પછી ક્યારે આપું?" એમ કહીને, રાણીએ પોતાનાં પહેરવાનાં વસ્ત્રમાંથી પણ, અર્ધું વસ્ત્ર, જેવું જ રાજાને આપ્યું અને રાણીનું આપેલું વસ્ત્ર રાજાએ જેવું જ પોતાના હાથમાં લીધું કે, તરત જ આકાશમાં એક દિવ્ય પ્રકાશ પ્રગટ થતાંની સાથે જ દેવદુંદુભી વાગવા લાગી. દેવતાઓ, હરિશ્ચંદ્ર અને તારા પર પુષ્પ વર્ષાવવા લાગ્યા, તથા બંનેનો જયધ્વનિ ઉચ્ચારતાની સાથે-સાથે કહેવા લાગ્યા કે, તમારાં સત્યપાલનના વ્રતને, તમારાં માતા-પિતાને, તમારાં મનુષ્યજન્મને, તમારા ધૈર્ય અને સાહસને તથા તમારી ધર્મ દૃઢતાને ધન્ય છે! ઘોર અંધારી રાત્રિએ, કોઈપણ માણસની હાજરી વગર, અને પોતાના પુત્રના અગ્નિસંસ્કારના કાર્યમાં પણ સત્ય ઉપર દૃઢ બની રહેનાર તથા ધર્મને દગો ન દેનાર હરિશ્ચંદ્ર સમાન બીજો મનુષ્ય કોણ હશે! કઈ એવી સ્ત્રી હશે કે, જે આવા વિકટ સમયમાં પણ પોતાના પતિને ધર્મ છોડવાનો આગ્રહ ન કરે?

આકાશમાંનો પ્રકાશ, પુષ્પવૃષ્ટિ અને ત્યાંના શબ્દો સાંભળીને, રાજા રાણી આશ્ચર્યચકિત બની ગયા. એ જ વખતે એક દિવ્ય શરીરધારી દેવ, આકાશમાંથી ઉતરીને રાજારાણી પાસે આવીને ઉભો રહ્યો. એ જ દેવ છે કે જેણે હરિશ્ચંદ્રને સત્યભ્રષ્ટ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. એ જ દેવે રાજા રાણીને આટલા કષ્ટોમાં નાખ્યા હતા અને [illegible] માયાથી, રોહિતને સાપથી ડસાવીને, તેને નિશ્ચેતનવત્ બનાવી

દીધો હતો. આ છેલ્લી કસોટીમાં પણ રાજાને સત્ય ઉપર દઢ જોઈને, તેનું અભિમાન ઉતરી ગયું. હવે તેણે નમ્રતા ધારણ કરી અને પોતાના કરેલાં દુષ્કાર્યો ઉપર પશ્ચાત્તાપ કરવા લાગ્યો. સ્મશાનમાં આવીને સૌથી પહેલાં તેણે રોહિત ઉપરની પોતાની માયા દૂર કરી. માયા દૂર થતાં જ રોહિત જેમ સૂઈ ગયેલો માણસ ઉઠે, તેવીરીતે ઉઠીને ઉભો થઇ ગયો.

પોતાની પાસે, એક દિવ્ય શરીરધારી દેવને ઉભેલો તથા રોહિતને આ પ્રમાણે જીવન્ત થયેલો જોઈ, રાજા અને રાણીના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તેઓ સમજી ન શક્યા કે આ બધું શું થઇ રહ્યું છે! અમારી પાસે આ કોણ આવી ઉભું રહ્યું છે અને મૃત્યુ પામેલો રોહિત જીવતો શી રીતે થઇ ગયો? એટલામાં જ તે દેવ નમ્રતા દર્શાવતો રાજા અને રાણી પ્રત્યે કહેવા લાગ્યો—તમે મારા ઉપર દયા કરીને મારો અપરાધ માફ કરો.

દેવની આ ક્ષમા પ્રાર્થનાથી તો, રાજા રાણીને ખૂબ જ આશ્ચર્ય થયું. રાજાએ દેવને કહ્યું—હું નથી જાણતો કે તમે કોણ છો અને તમે મારો શો અપરાધ કર્યો છે! કદાચ તમે મારો કોઇ અપરાધ કર્યો પણ હોય, તો પણ મને તમારા ઉપર કોઇપણ જાતનો ક્રોધ થઇ શકતો નથી.

રાજાની વાતના જવાબમાં, દેવ પોતાનો પરિચય આપીને, તેને કહેવા લાગ્યો—મહારાજ, ઈન્દ્રસભામાં ઇન્દ્રના મુખે આપના સત્યની પ્રશંસા સાંભળીને મને મારા સ્વભાવ પ્રમાણે ક્રોધ થઈ આવ્યો. મેં વિચાર્યું કે ઈન્દ્ર, આમ દેવોની સામે મનુષ્યના પ્રશંસા [illegible] કરે છે? ઈન્દ્ર દ્વારા કરવામાં આવેલી આપની પ્રશંસા અને [illegible] અને મેં આપને સત્યભ્રષ્ટ કરવાની પ્રતિજ્ઞા લીધી. આ પ્રતિજ્ઞા પૂરી કરવા માટે જ મેં અપ્સરાઓને મોકલીને, વિશ્વામિત્રને [illegible] કરાવ્યો હતો. અને એ પ્રમાણે વિશ્વામિત્રને ક્રોધાયમાન [illegible] આપને કષ્ટમાં નાંખ્યા હતા. રોહિતને પણ હું જ સર્પ [illegible] હતો, તથા તેને મરવા પછી નિર્દય [illegible]

અત્યારે તેના પરથી મારી માયા ઉઠાવી લીધી, એથી તે ઉઠીને ઉભી થઈ છે. આ બધું કાર્ય મેં આપને સત્યથી વિચલિત કરવા માટે જ કર્યું હતું, પરન્તુ આપ આ ભયંકર દુઃખના સમયમાં પણ સત્યથી વિચલિત ન થયા હવે મારું અભિમાન ઉતરી ગયું છે હું આપને સત્યવીરના સમસ્ત ગુણો યુક્ત માનું છું મેં અભિમાનને લીધે વિનાકારણે જ આપને આટલા કષ્ટો આપ્યા છે, એ માટે હું આપની ક્ષમા માગું છું.

રાજાએ દેવને કહ્યું—મારી ક્ષમા પ્રદાનથી જો આપને શાન્તિ મળતી હોય, તો હું આપને ક્ષમા આપું છું. જો આપ જે કાર્યોને માટે મારી ક્ષમા ચાહો છો, તે કાર્યો કરવાથી આપ મારા અપકારી નથી, પણ ઉપકારી છો. જો આપના તરફથી મારાં સત્યની પરીક્ષા ન થાત, તો હું ન સમજત કે હું ક્યાંસુધી સત્યનું પાલન કરી શકું છું. આપે મારા સત્યની પરીક્ષા માટે સ્વર્ગસુખ છોડીને કષ્ટ ઉઠાવ્યું, એ માટે આપ ધન્યવાદને પાત્ર છો.

દેવ—આપનું આ કથન પણ આપની મહાનતાનો પરિચય આપે છે; પરન્તુ ખરી રીતે, ઉપકારી હું નથી, પણ આપ છો. જો આપ આ કષ્ટોને સહન ન કરત તો મારામાં જે અભિમાન હતું, તે પણ નાશ ન પામત અને સત્ય ઉપરે પણ મને અશ્રદ્ધા થઈ જાત. મારામાં અત્યારસુધી અતિશય અભિમાન હતું. હું અભિમાનને લીધે ઇન્દ્રને પણ કંઇ વિસાતમાં ગણતો ન હતો. પરન્તુ આપે કષ્ટસહન કરીને મારા અભિમાનનો ધ્વંસ કરી દીધો. હવે મારામાં તે અભિમાન કિંચિત માત્ર પણ રહ્યું નથી; કે જે થોડાક વખત પહેલાં હતું. હું આવ્યો તો હતો આપને દુઃખ આપવા, પરન્તુ હું એ રીતે શુધ્ધ બની ગયો કે, જેમ પારસને કાપનારી છરી પારસના સ્પર્શથી પોતે જ સોનાની બની જાય છે. મેં આપને આટલાં કષ્ટો આપ્યાં, છતાં પણ આપે મારો અપરાધ ક્ષમા કર્યો એ આપની મહાન્ ઉદારતા છે. આપે ક્ષમા કરવાથી, મારૂં અજ્ઞાન પણ મટી ગયું અને મારો આત્મા પણ પવિત્ર બની ગયો.

પ્રકરણ ૨૭ મું

વિશ્વામિત્ર અને અયોધ્યા

પરિવાર સહિત મહારાજા હરિશ્ચંદ્ર અયોધ્યાથી ચાલી જતાં, અયોધ્યાની દુઃખી પ્રજા વ્યાકુળ બનીને નગરમાં પાછી ફરી. આ વખતે દરેકના મુખ ઉપર ઉદાસીનતા છવાઈ રહી છે. બધાં પોતાની આંખોમાંથી આંસુઓ વહાવી રહ્યાં છે અને મનમાં ને મનમાં હરિશ્ચંદ્રના ચાલ્યા જવાથી દુઃખનો અનુભવ કરી રહ્યા છે. જે નગર અત્યાર સુધી રમણીય દેખાતું હતું તે આજે ભયંકર જણાય છે. ત્યાંના જે રહેવાસીઓ પ્રસન્નચિત્ત જણાતા હતા, તેઓ આજે ચિંતાજનક અને દુઃખિત દેખાય છે. જે બજારમાં હમેશાં વ્યાપાર થતો હતો, ત્યાં આજે લોકોના ટોળેટોળાં એકત્ર થઈને, આજે દુઃખચર્ચા કરી રહ્યા છે. સારાંશ એ છે કે, મહારાજા હરિશ્ચંદ્રના ચાલ્યા જવાથી તેની સાથે જ અયોધ્યાનગરીની સુંદરતા અને પ્રજાની પ્રસન્નતા પણ ચાલી ગઈ છે. પ્રજા દિનરાત હરિશ્ચંદ્રના ચાલ્યા જવાની ચિંતામાં જ નિમગ્ન રહે છે, બીજું કાંઈ કામ કરવાનું તેમને સૂઝતું પણ નથી, તેમ તે કરવામાં મન પણ ચોંટતું નથી.

પ્રજાના મુખ્ય મુખ્ય માણસો એક તો હરિશ્ચંદ્રના ચાલ્યા જવાથી ચિંતાતુર તો હતા જ તેમાંયે વળી પ્રજાની આવી દુઃખકારક ચિંતાએ તેમને વધારે ઘેરી લીધા. તેઓ વિચારવા લાગ્યા કે, જો પ્રજાની આવી દશા રહી તો સમસ્ત પ્રજા પીડા જ ભોગવશે. હરિશ્ચંદ્રે, વિશ્વામિત્રના જવા માટે હરિશ્ચંદ્ર, ચાલતી વખતે જે ઉપદેશ આપ્યો છે તે મુજબ આપણું કર્તવ્ય છે કે પ્રજાની આ ચિંતા દૂર કરીએ, તેને કેવળ કર્તવ્ય ઉપર પુનઃ આરૂઢ કરીએ.

આ પ્રમાણે વિચાર કરી, તે અપ્સરાઓ પ્રજાને સમજાવવા લાગી. તેઓએ પ્રજાનું લક્ષ હરિશ્ચંદ્રના ઉપદેશ તરફ આકર્ષિત કર્યું અને તેને સમજાવ્યું કે, આ પ્રમાણે હરિશ્ચંદ્રની ચિંતા કરતાં, જો તમે તમારે પ્રાણ છોડી દેશો, તો પણ કાંઈ લાભ નથી. માટે એ જ ઉચિત છે કે, મહારાજા હરિશ્ચંદ્રના આદેશ મુજબ જીવન વ્યતીત કરવું.

અપ્સરાઓના આ પ્રમાણે સમજાવવાથી, પ્રજાને કાંઈક ધીરજ મળી. આ તરફ વિશ્વામિત્ર, પ્રજાના હૃદયમાં હરિશ્ચંદ્ર પ્રત્યે જે સદ્ભાવ છે, તેને દૂર કરી પોતાનો પ્રભાવ જમાવવા માટે, કઠોરતાપૂર્વક રાજ્ય કરવા લાગ્યા. તેના રાજ્યકાર્યથી, સભાસદો ગભરાઈ ગયા અને વિશ્વામિત્રના આ કઠોર અધિકારનો પ્રતિકાર કરવા માટે તેઓએ એક પ્રજા-પરિષદ સ્થાપી. પ્રજા ઉપર પોતાનો પ્રભાવ જમાવવા, વિશ્વામિત્ર જે જે કઠોર નિયમો પ્રચલિત કરતા, તેનો આ પરિષદ વિરોધ કરતી, તથા સત્યાગ્રહ વડે તે નિયમોનો અમલ થવા ન દેતી. પ્રજાના આ કાર્યથી વિશ્વામિત્ર દિવસે દિવસે વધારે ને વધારે ચીડાતા. ચીડાઈ-ચીડાઈને તે પ્રજા ઉપર પોતાનો અમલ જમાવવા માટે વધારે અત્યાચાર કરવા લાગ્યા. પ્રજા તેમના અત્યાચારોને ધૈર્યપૂર્વક સહન કરતી રહી. તેણે પોતાનું સત્યાગ્રહ રૂપી હથિયાર ન છોડ્યું, તેમ તેણે વિશ્વામિત્રના આ કાર્યોમાં સહકાર પણ ન આપ્યો.

પ્રજાના હૃદયમાં, હરિશ્ચંદ્ર પ્રત્યેનો સદ્ભાવ દૂર કરીને, તેની જગ્યાએ પોતાનો પ્રભાવ જમાવવાના આ પ્રયત્નમાં વિશ્વામિત્ર હંમેશાં નિષ્ફળ થતા રહ્યા. તેઓ તે માટે જે જે પગલાં ભરતાં, તેનો સત્યાગ્રહ દ્વારા પ્રજા વિરોધ કરતી.

વિશ્વામિત્ર, સત્યને સમજતા હતા, હૃદયમાં તો પ્રજાની પ્રશંસા કરે છે, પરન્તુ પોતાની હઠ પુરી કરવા માટે પ્રત્યક્ષમાં તેઓ પ્રજા ઉપર અન્યાય જ કર્યે જાય છે. કોઈકોઈ વાર તેઓ ખૂબ પશ્ચાત્તાપ કરવા લાગે છે કે, મેં આ શું કર્યું ? મેં મને પોતાને જ આ જાળમાં

ફસાવી લીધો અને હવે જેમ જેમ હઠ પૂર્વક હું આમાંથી નીકળવાની પ્રવૃત્તિ કરૂં છું, તેમ તેમ હું વધારે વધારે ફસાતો જાઉં છું. મને ક્રોધ કરવાનું ફળ પૂરેપૂરૂં મળી રહ્યું છે. જો હું ક્રોધી ન હોત, મારા પર ક્રોધનું આધિપત્ય થવા ન દેત, તો આજ મારી આ દશા કેમ થાત?

ગમે તેવો અન્યાયી માણસ હોય, પણ તેના ઉપર સત્યનો પ્રભાવ પડ્યા વગર રહેતો નથી. હરિશ્ચંદ્રના સત્યથી પ્રભાવિત બનીને, વિશ્વામિત્ર પોતાની મેળે પશ્ચાત્તાપ કરે છે કે, મેં હરિશ્ચંદ્ર સાથે ખૂબ જ અન્યાય કર્યો છે જેને સત્યથી વિચલિત કરવા, મેં મારી તપશ્ચર્યાનું સંપૂર્ણ બળ વાપર્યું, છતાં પણ જે પોતાના સત્યથી ન ડગ્યો, જરૂર તે એક મહાપુરૂષ છે. આવા મહાપુરૂષની સાથે, મેં જે વ્યવહાર કર્યો છે, તે તદ્દન નિંદ્ય છે. અહીં પ્રજા ઉપર તેઓ જે કાંઇ અત્યાચાર કરી રહ્યા છે, તેનો પણ વખતે વખતે તેમને પશ્ચાત્તાપ થતો જ જાય છે.

વિશ્વામિત્ર, જ્યારે કોઇપણ રીતે પ્રજાના હૃદયમાંથી હરિશ્ચંદ્રનું આધિપત્ય દૂર કરાવી, પોતાનું આધિપત્ય જમાવી ન શક્યા અને તે તરફથી નિરાશ થયા, ત્યારે વિરક્ત બનીને તેમણે પ્રજાને રાજસભામાં આવવાનું આમંત્રણ આપ્યું. પ્રજા આવી જવાથી, તે કહેવા લાગ્યા — "મેં આપના રાજાને તથા આપને પણું જ દુઃખ આપ્યું છે રાજાની, રાજપરિવારની તથા આપ લોકોની સહનશીલતા, અગ્નિ બનીને મને બાળી રહેલ છે. હું મારા કાર્યોને માટે હૃદયથી પશ્ચાત્તાપ કરું છું અને આપ લોકોની ક્ષમા માગું છું. હવે હું ગુનેગાર છું જ અને આપના પ્રિય રાજાને પણ જલદીથી શોધી લાવું છું. તમે ફરીથી તેમને તમારા રાજા બનાવીને આનંદથી રહો.

વિશ્વામિત્રની આ વાત સાંભળીને, જેમ [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

સભા વિશ્વામિત્રના આ વિચારની પ્રશંસા કરવા લાગી અને તેમને ધન્યવાદ આપવા લાગી

હરિશ્ચંદ્રને લાવીને, પુનઃ રાજસિંહાસન પર આરૂઢ કરવાની ઇચ્છાથી કાર્ય રૂપમાં પરિણીત કરવાના નિશ્ચયથી, વિશ્વામિત્ર અયોધ્યાને છોડી શીઘ્ર નગર વિદાય થયા. રસ્તામાં તેમના હૃદયમાં અનેક સંકલ્પ-વિકલ્પ થઈ રહ્યા છે. તેમના મનમાં ઘડી-ઘડીએ એ શંકા ઉદ્ભવે છે કે મારી પ્રાર્થનાથી હરિશ્ચંદ્ર અયોધ્યામાં પાછા આવશે કે નહીં! પરન્તુ જેમ બનશે તેમ તેમને જરૂર લાવીશ, એવો નિશ્ચય કરીને વિશ્વામિત્ર પોતાનો માર્ગ કાપવા લાગ્યા.



પ્રકરણ ૨૮ મું

સ્મશાનમાં સભા

અત્યાચારની પણ મર્યાદા હોય છે. જ્યારે અત્યાચાર મર્યાદાહીન થઇ જાય છે, ત્યારે તે અત્યાચારી પોતે પોતાને જ દુઃખ આપવા માંડે છે. જે અત્યાચારનો પ્રતિકાર સહનશીલતા વડે કરવામાં આવે છે, તે અત્યાચાર, અત્યાચારીને જ દુઃખકર્ત્તા બની જાય છે. હરિશ્ચંદ્રને તે દેવે અનેક દુઃખો આપ્યાં, તેના ઉપર મહાનમાં મહાન અત્યાચાર કર્યા પરન્તુ હરિશ્ચંદ્રે તે અત્યાચારોને ધૈર્યપૂર્વક સહન કર્યા. એ જ કારણ છે કે, તે અત્યાચાર અત્યારે તે અત્યાચારી-દેવને જ દુઃખ આપી રહેલ છે. તે પોતાનાં અત્યાચારોનું સ્મરણ કરીને સ્વયં બળી રહ્યો છે અને હરિશ્ચંદ્ર પ્રત્યે ક્ષમાની પ્રાર્થના કરી રહ્યો છે.

હરિશ્ચંદ્ર, પોતાને કષ્ટ આપનાર દેવને જેવી જ ક્ષમા આપી કે, તરત જ આકાશમાં પુનઃ હરિશ્ચંદ્ર અને તારાની જયઘોષણા સાથે દેવદુંદુભી વાગવા લાગી. જોતજોતામાં, આખું સ્મશાન દેવ-દેવીઓથી ભરાઇ ગયું અને સ્મશાનભૂમિ સભાભૂમિના રૂપમાં ફેરવાઇ ગઇ દેવ-દેવીઓએ, તે બન્નેને હરિશ્ચંદ્ર-તારા તથા રોહિતને સ્નાન કરાવી, વસ્ત્રા-ભૂષણોથી અલંકૃત કર્યા. તે પછી તેમને સભાની વચ્ચે ઉભા કરેલા રત્નના સિંહાસન ઉપર બેસાડ્યાં અને ઇન્દ્ર તથા અન્ય દેવ-દેવીઓ તેમની સ્તુતિ કરવા લાગ્યા.

પાઠકગણ! થોડી જ વાર પહેલાં, હરિશ્ચંદ્ર અને તારા આજ સ્મ-શાનમાં સ્મશાન વચ્ચે પોતાના મૃત પુત્રના [illegible] કરી [illegible] હતાં. હવે તેમને દાસત્વથી છુટા બનવાની કોઈ આશા ન હતી. પરન્તુ [illegible]

જ વાર પછી, અંધારાને સ્થાને પ્રકાશ અને શોકને સ્થાને હર્ષ છવાયે છે. જો આ વખતે રાજા અને રાણી પોતાનાં સત્ય ઉપર સ્થિર રહ્યા ન હોત; જો તેઓ કર લીધા-દીધા વગર જ પુત્રનો અગ્નિસંસ્કાર કરવા માટે તૈયાર થાત, તો તેમને આ પ્રકાશ પણ ન મળત કે, આ આનંદ પણ ન મળત. સારાંશ એ છે કે, સત્યપાલનમાં તેમણે જે કષ્ટ ભોગવ્યું છે તે કષ્ટ સત્યપાલનની તપશ્ચર્યા હતી અને તે તપશ્ચર્યાના ફળ રૂપે જ આ પ્રકાશ અને આનંદ મળ્યો છે સત્યપાલનમાં, કષ્ટને ધૈર્યપૂર્વક સહવાનું અને તે કષ્ટોથી ભયભીત બની સત્ય ન છોડવાનું જ આ પરિણામ છે. કોઇ કવિએ કહ્યું છે કે:—

सब्र तलखिस्त व लेकिन बरे शीरीं दारद ।

અર્થાત્—સંતોષ અવશ્ય કડવો છે, છતાં ફળ મીઠાં જ આપે છે.

એ જ પ્રમાણે, સત્યપાલનમાં ભલે દુઃખ સહવું પડે, પરન્તુ તે દુઃખને ધીરજપૂર્વક સહી લેવાથી અને સત્યથી પતિત ન થવાથી, સ્થાયી આનંદ પ્રાપ્ત થાય છે, જે અસત્યદ્વારા પ્રાપ્ત થતા અસ્થાયી આનંદથી અસંખ્ય ગુણો વધારે હોય છે. સત્ય પાળનારનું દુઃખ પણ કાયમ રહેતું નથી. તે ક્ષણવાર પછી જ સુખરૂપે પરિણામી જાય છે. એ માટે કહ્યું છે કે—

पतितोऽपि कराघातैरुत्पतत्येव कन्दुकः ।
प्रायेण साधुवृत्तानामस्थायिन्यो विपत्तयः ॥ } ભર્તૃહરિ.

અર્થાત્—જેમ હાથમાંથી પડતો રબરનો દડો ઉપર જ આવે છે, તેવી જ રીતે ન્યાયવૃત્તિ ઉપર ચાલનારાઓની વિપત્તિ પણ હમેશાં રહેતી નથી. અથવા જે પ્રમાણે દડો નીચે પડીને ઉપર જ ઊછળે છે, તે જ પ્રમાણે ન્યાયવૃત્તિવાળો મનુષ્ય પણ આપત્તિમાં પડી જઇને ઉપર જ આવે છે.

થોડી જ વારમાં આ પરિવર્તન જોઇ, હરિશ્ચંદ્ર તારાને કહેવા લાગ્યો—પ્રિયે તારા ! આજે જે પરિવર્તન તું જોઇ રહેલ છે, તે બધી તારી જ કૃપાનું ફળ છે. જો તું મને તે વિષય રૂપી કૂપમાંથી ન

હાલત, જો તું મને સાથ ન આપત, જો તું મને સમયે સમયે ધૈર્ય આપતી ન રહેત, અને તું પોતે વેચાઇને મારા માટે આદર્શ ઉપસ્થિત ન કરત. તો હું અવશ્ય જ સત્યથી પતિત થઇ ગયો હોત. સત્યથી પતિત થતાં જે આનંદ અત્યારસુધી મળી રહ્યો છે તે કદાપિ મળી ન શકત.

પતિની વાતના જવાબમાં તારાએ કહ્યું—નાથ, આમાં મારી જરા પણ વિશેષતા નથી. મેં જે કાંઇ કર્યું. તે કરવાનું મારું કર્ત્તવ્ય હતું. મેં મારા કર્ત્તવ્યથી વધારે કાંઇ પણ કર્યું નથી. એતો બધો આપનો જ પ્રતાપ છે. જો આપ રાજ્યદાન આપીને, આપના માથા ઉપર દક્ષિણાનો બોજો ન લેત, તો મને આ આનંદ ક્યાંથી મળત?

સ્મશાનમાં અભૂતપૂર્વ પ્રકાશ દેખી અને કોલાહલ સાંભળી, કાશીના રહેવાશીઓ આશ્ચર્યપૂર્વક વિચારવા લાગ્યા કે, આજે સ્મશાનમાં આ પ્રકાશ અને કોલાહલ શાને લીધે છે? ઘણા માણસો આ પ્રકાશમય દશ્ય જોવા માટે, સ્મશાન તરફ દોડ્યા. મહારાજા હરિશ્ચંદ્રને ખરીદનાર ભંગી પણ એવો વિચાર કરતો સ્મશાનમાં દોડી આવ્યો કે, આજે મારા સ્મશાનમાં શી ગડબડ છે? ભંગી જેવો જ તે સ્મશાનમાં પહોંચ્યો અને રાજાની દૃષ્ટિ તેના ઉપર પડી કે તરત જ રાજા સિંહાસન ઉપરથી નીચે ઉતરી ગયો. તેણે ભંગીનો સત્કાર કરતાં કહ્યું કે, શેઠ! આ બધો આપના જ અનુગ્રહનો પ્રતાપ છે. તમે જ મને ખરીદીને મારા સત્યની રક્ષા કરી હતી, એ તેનું જ ફળ છે.

ભંગી હાથ જોડીને રાજાને કહેવા લાગ્યો—આપ મને ક્ષમા કરો આપના પ્રત્યે મેં તથા મારી સ્ત્રીએ ઘણો જ અનુચિત વ્યવહાર કર્યો છે! હું એ પાપથી ધ્રુજી રહ્યો છું, મને ક્ષમા આપીને મારો ઉદ્ધાર કરો.

રાજા—નહિ, સ્વામિન્! આપના તરફથી તો કદી અને ઉલટો સહૃદયતાનો જ વ્યવહાર થયો છે. સ્વામિની પણ બહુ કૃપાળુ છે. તેમની જ કૃપાથી મને સ્મશાન રક્ષાનું કામ મળ્યું હતું, જેનું ફળ તમે પ્રત્યક્ષ જોઇ રહ્યા છો.

બ્રાહ્મણે તારા સાથે જે દુર્વ્યવહાર કર્યો હતો, તારાએ તેના દુર્વ્યવહારનો હા કાંઈ પણ ન કર્યો અને તેણે જે સદ્વ્યવહાર કર્યો હતો, તેની પ્રશંસા કરી.

સજ્જનોમાં સ્વભાવિક રીતે એ ગુણ હોય છે કે, તેઓ દુર્વ્યવહાર ઉપર લક્ષ ન દેતાં, કેવળ સદ્વ્યવહાર ઉપર જ ધ્યાન આપે છે. જ્યારે દુર્જન મનુષ્યો કેટલાંએ કરેલા અનેક સદ્વ્યવહારો તરફ લક્ષ ન કરતાં માત્ર અપવાદરૂપે જે થોડોક માત્ર દુર્વ્યવહાર થઈ જાય છે, તેનું જ વર્ણન કર્યા કરે છે, ત્યારે સજ્જન મનુષ્યો અનેક દુર્વ્યવહારોને પણ ભૂલી જઈને, જે થોડોક માત્ર સદ્વ્યવહાર કર્યો હોય છે, તેને જ મહત્ત્વ આપે છે અને તેની જ પ્રશંસા કરે છે. એ જ પ્રમાણે રાણી પણ પોતાના ખરીદનારના અનેક દુર્વ્યવહારો પર ધ્યાન ન આપતાં તેના થોડા જ સદ્વ્યવહારને મોટું રૂપ આપી રહી છે.

રાણીએ બ્રાહ્મણ પ્રત્યે દર્શાવેલા કૃતજ્ઞતાના પૂર્ણ ભાવો સાંભળીને, દેવતાઓએ બ્રાહ્મણની પ્રશંસા કરીને તેનો પણ સત્કાર કર્યો.

જે શેઠ શાહુકારોની પાસે મહારાજા હરિશ્ચંદ્ર નોકરી માટે ગયા હતા અને જેઓએ તેની વાત પણ સાંભળી ન હતી, એટલું જ નહીં પણ તે સાંભળીને તેનો તિરસ્કાર કર્યો હતો, તે સઘળા મહારાજા હરિશ્ચંદ્રને જોઈને ઘણા શરમિંદા બન્યા. તેઓ રાજા સામે પશ્ચાત્તાપ પ્રગટ કરતા, પોતાના અપરાધની માફી માગવા લાગ્યા, મહારાજાએ તેઓને આશ્વાસન આપતાં કહ્યું કે, તમે કાંઈ અપરાધ કર્યો નથી. તમે સાધારણ બુદ્ધિથી ઓળખનાર છો, એવી સ્થિતિમાં પરિચય આપ્યા સિવાય મને કેવી રીતે ઓળખી શકો! જો આથી પણ તમે તમને અપરાધી માનતા હો, તો તેનું પ્રાયશ્ચિત એ છે કે, ભવિષ્યમાં તમારે ત્યાં આવેલ કોઈ દીન-દુઃખીનું અપમાન કરીને, તેને ધુત્કારી કાઢશો નહિ, પણ તેનું દુઃખ દૂર કરવાનો ઉપાય કરજો.

કાશીનરેશ, સ્મશાનમાં પહોંચીને મહારાજા હરિશ્ચંદ્રને કહેવા લાગ્યા કે, હું તદ્દન અજ્ઞાની અને હતભાગી નરેશ છું. આપે આટલા દિવસો સુધી મારા નગરમાં રહીને કષ્ટ ભોગવ્યું, છતાં મને તેની ખબર પણ ન પડી, એનાથી વધારે અજ્ઞાનતા બીજી કઈ હોઇ શકે ? આપ મારો અપરાધ ક્ષમા કરો અને કૃપા કરી એ બતાવો કે, આ અજ્ઞાનતા તથા અપરાધનું શું પ્રાયશ્ચિત્ત કરૂં ?

હરિશ્ચંદ્રે કાશીનરેશનો સત્કાર કરીને, તેને આશ્વાસન આપ્યું અને કહ્યું કે, આપ વિના કારણે જ પશ્ચાત્તાપ કરો છો. જો આપને મારા આવવાના સમાચાર મળ્યા હોત, તો આપ જરૂર મને મળત. પણ જ્યારે મેં કોઇને મારો પરિચય જ ન આપ્યો અને પરિચય ન આપવાને લીધે આપને સમાચાર જ ન મળ્યા, એવી સ્થિતિમાં આપનો શો અપરાધ ? મેં કોઇને મારી ખબર ન આપી, તેનું કારણ સ્પષ્ટ છે. પરિચય આપવાથી આપ જરૂર મને આપના મહેલમાં લઈ જાત, અને મારૂં કરજ ચૂકાવીને, મને આપનો અતિથિ બનાવત, આમ સંયોગોમાં આજે આપ જે રચના જોઈ રહ્યા છો, આ રચના કેમ થાત ? એટલા માટે આપ આ બાબતમાં ખેદ ન કરો. ખેદની વાત એ અવશ્ય હોઇ શકે છે કે, જે કાશીની ભૂમિ પવિત્ર મનાય છે, જે કાશીમાં આવી મારા જેવાને મેં લાભ મેળવ્યો છે, જે કાશીની ભૂમિમાં હું [illegible] સમર્થ બની શક્યો છું અને સત્યને બાબત [illegible] ન બની, તે જ કાશીમાં રહીને [illegible] કાશીની ભૂમિ જ્યારે જ [illegible] સત્યનું પાલન થાય. સત્ય [illegible] સાચા દાતા ન બની શકે [illegible] તેમાં ભોગ ન આપવાથી [illegible] કહી શકવાનું શું મહત્વ છે [illegible] [illegible] આ રીતે તે [illegible]

છે કે, જેમણે હરિશ્ચંદ્રને આટલાં દુઃખમાં ધકેલ્યા હતા, પરન્તુ આજે તે પોતે જ હરિશ્ચંદ્ર અને તારાનો જયધ્વનિ ઉચ્ચારી રહ્યા છે. તથા આ હરિશ્ચંદ્ર, એ તારા પણ તે જ છે કે, જેઓએ વિશ્વામિત્રદ્વારા આટલું દુઃખ પામ્યા છે, છતાં પણ તેઓ પોતાને કષ્ટ આપનાર વિશ્વામિત્રનો સત્કાર કરી રહ્યા છે.

વિશ્વામિત્રે રાજા અને રાણીને કહ્યું કે, તમે સિંહાસન ઉપર જ બેસો. તમારી મહિમા હવે હું સમજ્યો છું. અત્યારસુધી હું સમજતો હતો કે, મારો ક્રોધ જ અપાર છે, પરન્તુ હવે હું આટલા અનુભવ પછી એ વાત સ્વીકારૂં છું કે, તમારું સત્ય તથા તમારો ધર્મ મારા ક્રોધ કરતાં પણ વધારે છે ! જે વાત મેં હઠને લીધે અત્યારસુધી કબુલ કરી ન હતી, તે જ વાત આજે હું તમારા સત્યથી પરાભવ પામીને કબુલ કરૂં છું. તમે તમારા સત્ય અને તમારી સહનશીલતા વડે મારા તપને પરાજિત કરી દીધું છે, તથા તે સાથે જ મારા ક્રોધનો પણ નાશ કરી દીધો છે. જે ક્રોધને કારણે મેં અનેક હાનિઓ મેળવી, જે ક્રોધે મારી તપશ્ચર્યાનું બળ નષ્ટ કર્યું, જે ક્રોધને વશ બની મેં નિરપરાધીઓ અને આપ જેવા સજ્જનોને દુઃખમાં નાખ્યા, તે મારો ક્રોધ તમે તમારી ક્ષમા વડે જીતી લીધો. આ દુષ્ટ ક્રોધે પકડેલો મારો પીછો આપ જેવા સજ્જનોએ જ છોડાવ્યો, બીજા કોઇ છોડાવી ન શકત. અત્યારસુધીમાં મારે જેટલાં જેટલાં મનુષ્યોના પ્રસંગમાં આવવું પડ્યું હતું, તે સઘળાઓએ મારા ક્રોધને ઉત્તેજિત કર્યો હતો, પરન્તુ તેનો નાશ કરવામાં સમર્થ થઇ શક્યા ન હતા. આપને હું અનેકાનેક ધન્યવાદ આપું છું અને મારા અપરાધો માટે ક્ષમાપ્રાર્થના કરું છું.

વિશ્વામિત્રની વાત [illegible] [illegible] વિસ્મય [illegible] છે, કે વિશ્વામિત્ર પોતાના ક્રોધને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ન હતા, તેમના [illegible] [illegible] [illegible] [illegible] [illegible]! વિશ્વામિત્રને ક્રોધરહિત બનાવ[illegible] [illegible] [illegible] [illegible] હરિશ્ચંદ્રને ધન્યવાદ આપવા લાગ્યા.

મુનિની નિંદા[illegible] તો [illegible] સ્મશાનમાં રહીને પણ જે પવિત્ર છે, તેઓને માટે તે ભૂમિ પણ કાશીની ભૂમિ [illegible] કારણ કે ઉત્તમ છે અને કાશીની ભૂમિમાં રહીને પણ જેઓ પવિત્ર પ્રયત્ન કરતા નથી તેઓને માટે બધી ભૂમિ સરખી જ છે. [illegible] સત્યપાલન વડે જ ભૂમિનો લાભ મેળવાય અને ગયેલું ધન, પ્રત્યક્ષ [illegible] સમજીને, દરેક [illegible] કાર્યોમાં વર્તો અને એમ કરવાથી તમારું [illegible] કલ્યાણ-મંગળ [illegible]. પ્રાપ્તિથી [illegible] પણ [illegible] જાગે અને આપને લાભ પણ થશે.

આ પ્રમાણે સત્યવાદી કાશીનિવાસીઓએ [illegible] પોતાના નગરમાં રહ્યા હોવા છતાં પણ ન ઓળખ્યા હોવાને કારણે પશ્ચાત્તાપ કર્યો. રાજાએ બધાને આશ્વાસન આપ્યું અને તેમને સમજાવ્યું કે, મારે મેં મારો પરિચય જ કોઈને ન આપ્યો, તો પછી તમે લોકો વિના કારણ પશ્ચાત્તાપ શા માટે કરો છો ? આ પ્રમાણે રાજાએ સહૃદયતાપૂર્વ-ભાષામાં બધાના હૃદયને શાન્ત કર્યું.

જે વખતે સ્મશાનમાં આ બધી લીલા થઈ રહી હતી, તે જ વખતે અયોધ્યાથી નીકળીને વિશ્વામિત્ર પણ કાશીમાં આવી પહોંચ્યા. સ્મશાનમાં અદ્ભુત પ્રકાશ નિહાળીને તેમ જ હરિશ્ચંદ્ર તથા તારાની જયઘોષણા સાથે અનિશય કોલાહલ સાંભળીને વિશ્વામિત્ર પણ ત્યાં ગયા ત્યાં જઈને જુએ છે કે તો જે રાજા-રાણીની તપાસ માટે પોતે નીકળ્યા હતા તે જ મહારાજા હરિશ્ચંદ્ર સિંહાસન ઉપર બિરાજ્યા છે. તેમની પાસે રોહિતને ખોળામાં લઈને તારા પણ બેઠી છે અને ઇન્દ્રાદિ દેવો તેમની સ્તુતિ કરી રહ્યા છે. વિશ્વામિત્ર ત્યાંથી જ મોટા સ્વરે હરિશ્ચંદ્ર તથા તારાની જયઘોષણા કરવા લાગ્યા. હરિશ્ચંદ્ર વિશ્વામિત્રને જોતાં કે, તરત જ તારા તથા સાથે સિંહાસન ઉપરથી નીચે ઉતરી પડ્યા, હરિશ્ચંદ્ર, તારા અને રોહિતે વિશ્વામિત્રને પ્રણામ કર્યાં. ત્યાં હાજર રહેલા લોકો વિશ્વામિત્ર તથા હરિશ્ચંદ્ર બંનેના વ્યવહારો જોઈને આશ્ચર્યચકિત બની ગયા અને વિચારવા લાગ્યા કે, તેઓ એ જ વિશ્વામિત્ર

છે કે, જેમણે હરિશ્ચંદ્રને આટલાં દુઃખમાં ધકેલ્યા હતા, પરન્તુ આજે તે પોતે જ હરિશ્ચંદ્ર અને તારાનો જયધ્વનિ ઉચ્ચારી રહ્યા છે. તથા એ હરિશ્ચંદ્ર, એ તારા પણ તે જ છે કે, જેઓએ વિશ્વામિત્રદ્વારા આટલું દુઃખ પામ્યા છે, છતાં પણ તેઓ પોતાને કષ્ટ આપનાર વિશ્વામિત્રનો સત્કાર કરી રહ્યા છે.

વિશ્વામિત્રે રાજા અને રાણીને કહ્યું કે, તમે સિંહાસન ઉપર જ બેસો. તમારી મહિમા હવે હું સમજ્યો છું. અત્યારસુધી હું સમજતો હતો કે, મારો ક્રોધ જ અપાર છે, પરન્તુ હવે હું આટલા અનુભવ પછી એ વાત સ્વીકારૂં છું કે, તમારૂં સત્ય તથા તમારો ધર્મ મારા ક્રોધ કરતાં પણ વધારે છે ! જે વાત મેં હઠને લીધે અત્યારસુધી કબુલ કરી ન હતી, તે જ વાત આજે હું તમારા સત્યથી પરાભવ પામીને કબુલ કરૂં છું. તમે તમારા સત્ય અને તમારી સહનશીલતા વડે મારા મને પરાજિત કરી દીધું છે, તથા તે સાથે જ મારા ક્રોધનો પણ નાશ કરી દીધો છે. જે ક્રોધને કારણે મેં અનેક હાનિઓ મેળવી, જે ક્રોધે મારી તપશ્ચર્યાનું બળ નષ્ટ કર્યું, જે ક્રોધને વશ બની મેં નિરપરાધીઓ અને આપ જેવા સજ્જનોને દુઃખમાં નાંખ્યા, તે મારો ક્રોધ તમે તમારી ક્ષમા વડે છતી લીધો. આ દુષ્ટ ક્રોધે પકડેલો મારો પીછો આપ જેવા સજ્જનોએ જ છોડાવ્યો. બીજા કોઇ છોડાવી ન શકત. અત્યારસુધીમાં મારે જેટલાં જેટલાં મનુષ્યોના પ્રસંગમાં આવવું પડ્યું હતું, તે સઘળા-ઓએ મારા ક્રોધને ઉત્તેજિત કર્યો હતો, પરન્તુ તેનો નાશ કરાવવામાં સમર્થ થઇ શક્યા ન હતા. આપને હું અનેકાનેક ધન્યવાદ આપું છું અને મારા અપરાધો માટે ક્ષમાપ્રાર્થના કરૂં છું.

વિશ્વામિત્રની વાત સાંભળીને આખી સભા દિગ્મૂઢ બની ગઇ કે, જે વિશ્વામિત્ર પોતાના ક્રોધને માટે પ્રસિદ્ધ હતા, નમ્રતા કે ક્ષમાને જેઓ જાણતા જ ન હતા, તેમનામાં આજે આટલી નમ્રતા ક્યાંથી આવી ગઇ ! વિશ્વામિત્રને ક્રોધરહિત બનાવી દેવા માટે સઘળા માણસો હરિશ્ચંદ્રને ધન્યવાદ આપવા લાગ્યા.

જ મેં આપની પાસેથી રાજ્ય માગી લીધું હતું. તેમ જ વિચારો કે જો એમ ન હોત, તો હું પોતે તો મારૂં રાજ્ય છોડી ચૂક્યો હતો, તો પછી તમારી પાસે રાજ્ય શા માટે માગત ? એ વખતે મારી બુદ્ધિ અ-સ્થિર હતી, એથી મેં રાજ્ય માગી લીધું હતું નીતિ પ્રમાણે બુદ્ધિની અસ્થિરતામાં કરવામાં આવેલું કાર્ય પ્રામાણિક ગણાતું નથી. એટલે મારે તમારૂં રાજ્ય લેવામાં જરાપણ સંકોચ કરવો ન જોઇએ.

હરિશ્ચંદ્ર—મહારાજ, આપની આ વાત ઘડીભરને માટે હું માની પણ લઉં, તો પણ હું જે રાજ્યને દાનમાં આપી ચૂક્યો, તે ફરીથી લઈ ન શકું. કારણ કે ક્રોધનો આવેશ રહ્યો હશે, તો આપને રહ્યો હશે અને બુદ્ધિ અસ્થિર રહી હશે. તો આપની રહી હશે. હું તો ક્રોધના આવેશમાં પણ ન હતો, તેમ મારી બુદ્ધિ પણ અસ્થિર ન હતી મેં બુદ્ધિની સ્થિરતામાં રાજ્યનું દાન કર્યું છે. એટલે મારૂં કાર્ય તો પ્રમાણિક જ માની શકાય.

વિશ્વામિત્ર અને હરિશ્ચંદ્રની ઉપરોક્ત વાતચીત સાંભળીને, તે દેવ કહેવા લાગ્યો કે, રાજ્ય માંગવામાં વિશ્વામિત્રનો જરા પણ અપરાધ નથી. રાજ્ય માગતી વખતે તેમની બુદ્ધિ ઉપર મારો અધિકાર હતો, અર્થાત્ આપને સત્ય ભ્રષ્ટ કરવા માટે મારી જ પ્રેરણાથી તેણે રાજ્ય માગ્યું હતું અને વેચાવા માટે તમને લાચાર કર્યા હતા.

હરિશ્ચંદ્ર—હું આપની વાત પણ માનું છું, પરન્તુ મારી બુદ્ધિ ઉપર તો કોઈ બીજાનું આધિપત્ય [illegible] હતું [illegible] કર્યું છે, તે મારી પોતાની બુદ્ધિ વડે [illegible] કર્યું [illegible] મારી સ્થિરબુદ્ધિ [illegible] આપેલું દાન પાછું [illegible]

વિશ્વામિત્ર [illegible] કરી દીધું, ત્યારે [illegible] કહેવા લાગ્યા [illegible] સ્વર્ગમાં [illegible] નહિ, ત્યારે [illegible]

[illegible]

ા માટે તમે અયોધ્યામાં જાઓ. તમારે અયોધ્યાનું રાજ્ય કરવું પડશે. આ વાત અહીં કોઈ કહેતું નથી, તેનો નિર્ણય તો પરિ-િ જોઈને કરજો.

ઇન્દ્રના આ કથનનું સૌએ સમર્થન કર્યું બધા લોકો હરિશ્ચંદ્રને યોધ્યા જવા માટે અત્યધિક આગ્રહ કરવા લાગ્યા સૌનો આગ્રહ જોઇ, રિશ્ચંદ્ર વિચારમાં પડી ગયા કે, હવે મારે શું કરવું જોઇએ. આટલા ૃષ્સો અને વધારામાં ઇન્દ્રનો આગ્રહ ન માનવો, એ તો હદ જ હેવાય. અંતમાં વ્યાકુળ બની તેમણે કહ્યું કે, રાણી અને હું બંનેય ખરીદાએલા દાસ છીએ. અમારા માલીકોએ પાંચસો પાંચસો સોના-મહોરો આપીને અમને ખરીદ્યા છે. જ્યાંસુધી અમારા માટે અપાએલી સોનામહોરો તેમને પાછી ન મળી જાય, ત્યાંસુધી અમારે જવાની વાત કરવાનો અધિકાર નથી, અહીંથી અયોધ્યા જવું એ તો બીજી વાત છે.

બ્રાહ્મણ અને ભંગી કહેવા લાગ્યા કે, અમે આપનું મુલ્ય આ રીતે મેળવી ચૂક્યા છીએ. હવે આપ અમારા દાસ નથી. અને આપના પૈસાથી કોઈ કામ નહિ લઇએ.

ભંગી અને બ્રાહ્મણના ના કહેવા છતાં પણ, દેવતાઓએ તેમના ખર્ચેલા દ્રવ્ય કરતા અનેકગણું વધારે દ્રવ્ય આપ્યું.

આ પ્રમાણે, દેવતાઓએ દંપતીને દાસત્વથી મુક્ત કર્યા. ત્યાર બાદ દેવતાઓએ તત્ક્ષણ એક સુંદર વિમાન તૈયાર કર્યું. [illegible]

પ્રકરણ ૨૯ મું

પુનરાગમન

વિશ્વામિત્રે અયોધ્યાની પ્રજાને રાજસભામાં આમંત્રણ કરીને આ શુભ સમાચાર સંભળાવ્યા કે, હરિશ્ચંદ્રને હું ફરીથી લાવીને અયોધ્યાના રાજ્યાસન ઉપર બેસાડીશ, કે તરત જ એ સમાચાર વિજળીની માફક આખા શહેરમાં ફેલાઈ ગયા હતા. એનાથી સમસ્ત પ્રજા પ્રસન્ન થઈ ગઈ અને વિશ્વામિત્રની દુર્બુદ્ધિ મટીને સદ્બુદ્ધિ પ્રાપ્ત થવા માટે તે ઈશ્વરને ધન્યવાદ આપવા લાગી અસ્તુ.

આજે આખા નગરમાં એ જ ચર્ચા ચાલે છે. હરિશ્ચંદ્રનું આગમન સાંભળીને લોકો હર્ષથી પ્રફુલ્લિત બની ગયાં. આખું નગર શણગારવામાં આવ્યું છે. હરિશ્ચંદ્રના આગમનના શુભ સમાચાર મળવાની આશાએ સ્ત્રી પુરૂષ જ્યાં ત્યાં બેઠા છે. સ્ત્રીઓ હરિશ્ચંદ્ર અને તારાનું નામ લઈ-લઈને મંગળ ગીત ગાઈ રહી છે. પુરૂષો, હરિશ્ચંદ્ર અને તારાની જયઘોષણા કરવાની સાથે જ તેમનું તથા તેમના સત્યનું ગુણગાન કરી રહ્યા છે, તેમજ સત્યપાલનમાં હરિશ્ચંદ્રનો વિજય થવાને લીધે, પ્રસન્નતા પ્રદર્શિત કરી રહ્યા છે. હરિશ્ચંદ્ર અયોધ્યામાં પાછા આવવાની અભિલાષાએ, આખું નગર આનંદનીમૂર્તિ સમું બની ગયું . ઘણા માણસો ઉંચી ઉંચી જગ્યાઓ ઉપર ચઢીને, કાશીના માર્ગ તરફ તાકી તાકીને જોઈ રહ્યા છે. તરત જ કાશી તરફથી આવતું એક વિમાન તેમની દષ્ટિએ પડ્યું.

કાશી તરફથી એક વિમાન આવી રહ્યું છે અને સંભવ છે કે, વિમાનમાં મહારાજા હરિશ્ચંદ્ર અને પુત્ર સહિત મહારાણી તારા હોય ... સમસ્ત નગર નિવાસીઓ કાશીના માર્ગ તરફ દોડી ગયા.

સ્ત્રીઓ, સોનાની થાળીમાં મંગળ દ્રવ્યો, મૂકીને, હરિશ્ચંદ્ર અને તારાના મંગળગીત ગાતી જઇ રહી છે, અને પુરૂષો ઉચ્ચસ્વર જયઘોષ કરતાં જઈ રહ્યા છે. વિમાનને જોઇને, સમસ્ત નગરનિવાસીઓ પૂર્ણમાના ચંદ્રદર્શનથી સમુદ્રની જેમ, ખૂબ આનંદથી પ્રફુલ્લિત બન્યા અને કોલાહલ કરવા લાગી ગયા.

અહીં વિમાનમાં મહારાજા હરિશ્ચંદ્ર, ઇન્દ્રને અયોધ્યાપુરી બતાવતાં કહી રહ્યા છે કે, આ એ જ અયોધ્યા છે કે, જેમાં જન્મ ધરવા માટે દેવતાઓ પણ મહત્તા સમજે છે. અહીંના નરનારીઓ મને ઘણા જ પ્રિય છે. મારી દૃષ્ટિએ અયોધ્યા આગળ સ્વર્ગ પણ તુચ્છ છે. એક તો અયોધ્યાપુરી નૈસર્ગિક કારણોથી જ રમ્ય છે, બીજું, આજ નગરીમાં ભગવાન ઋષભદેવ આદિ તીર્થંકરોએ જન્મ ધારણ કર્યો હતો. અને ત્રીજું, આ અયોધ્યાપુરી એ મૃત્યુલોકમાં છે કે જ્યાં પુણ્યોપાર્જનનાં કાર્યો કરી શકાય છે. આ બધાં કારણોથી અયોધ્યા ઘણું જ પ્રશંસનીય સ્થળ છે.

હરિશ્ચંદ્રની વાતના જવાબમાં ઇન્દ્ર કહેવા લાગ્યા. ખરેખર, અયોધ્યા એવી જ છે. અયોધ્યાની જેટલી પ્રશંસા કરવામાં આવે, તેટલી થોડી જ છે. હું ઇન્દ્ર હોવા છતાં પણ અયોધ્યાનો ઋણી છું.

આ પ્રમાણે વાતચીત કરતાં, વિમાનમાં બેઠા બેઠા, જ્યાં અયોધ્યાની નજીક આવ્યા નગરની બહાર પ્રજાને એકત્રિત થયેલી તથા વિમાન તરફ દૃષ્ટિ કરતી જોઈ, હરિશ્ચંદ્ર ઇન્દ્રને કહેવા લાગ્યા— મહારાજ, હવે મારે વિમાન ઉપર રહેવું ઉચિત નથી અને મારી પ્રજા મારી રાહ જોઈ જમીન ઉપર ઉભી છે અને હું [illegible] રહું, એ તદ્દન અનુચિત છે. આ ઉપરાંત [illegible] મહાનતા નહિ, પરન્તુ ભૂમિ ઉપર [illegible] ઉપર રહેવામાં જ આનંદ આવે છે

પ્રકરણ ૨૯ મું

પુનરાગમન

વિશ્વામિત્રે અયોધ્યાની પ્રજાને રાજસભામાં આમંત્રણ કરી આ શુભ સમાચાર સંભળાવ્યા કે, હરિશ્ચંદ્રને હું ફરીથી લાવીને અયોધ્યાના રાજ્યાસન ઉપર બેસાડીશ; કે તરત જ એ સમાચાર વિજળી માફક આખા શહેરમા ફેલાઇ ગયા હતા. એનાથી સમસ્ત પ્રજા પ્રસન્ન થઇ ગઇ અને વિશ્વામિત્રની દુર્બુધ્ધિ મટીને સદ્બુદ્ધિ પ્રાપ્ત થવા બદલ તે ઇશ્વરને ધન્યવાદ આપવા લાગી અસ્તુ.

આજે આખા નગરમાં એ જ ચર્ચા ચાલે છે. હરિશ્ચંદ્રનુ આગમન સાંભળીને લોકો હર્ષથી પ્રફુલ્લિત બની ગયા આખું નગર શણગારવામાં આવ્યુ છે હરિશ્ચંદ્રના આગમનના શુભ સમાચાર મળવાની આશાએ સ્રી પુરૂષ જ્યાં ત્યાં બેઠાં છે. સ્રીઓ હરિશ્ચંદ્ર અને તારાનાં નામ લઇ-લઇને મંગળ ગીત ગાઇ રહી છે. પુરૂષો, હરિશ્ચંદ્ર અને તારાની જયઘોષણા કરતાની સાથે જ તેમનું તથા તેમના સત્યનુ ગુણગાન કરી રહ્યા છે; તેમજ સત્યપાલનમાં હરિશ્ચંદ્રનો વિજય થવા લીધે, પ્રસન્નતા પ્રદર્શિત કરી રહ્યા છે. હરિશ્ચંદ્ર અયોધ્યામા પાછા આવવાની અભિલાષાએ, આખુ નગર આનંદની મૂર્તિ સમું બની ગયું છે. ઘણા માણસો ઉંચી ઊંચી જગ્યાઓ ઉપર ચડીને, કાશીના માર્ગ તરફ તાકી તાકીને જોઇ રહ્યા છે તરત જ કાશી તરફથી આવતુ એક વિમાન તેમની દૃષ્ટિએ પડયુ.

કાશી તરફથી એક વિમાન આવી રહ્યુ છે અને સંભવ છે કે તે વિમાનમા મહારાજા હરિશ્ચંદ્ર અને પુત્ર સહિત મહારાણી તારા હોય આ વિચારથી સમસ્ત નગર નિવાસીઓ કાશીના માર્ગ તરફ દોડી ગય

સ્ત્રીઓ, સોનાની થાળીમાં મંગળ દ્રવ્યો, મૂકીને, હરિશ્ચંદ્ર અને તારાના મંગળગીત ગાતી જઇ રહી છે, અને પુરૂષો ઉચ્ચસ્વર જયઘોષ કરતાં જઈ રહ્યા છે. વિમાનને જોઈને, સમસ્ત નગરનિવાસીઓ પૂર્ણિમાના ચંદ્રદર્શનથી સમુદ્રની જેમ, ખૂબ આનંદથી પ્રફુલ્લિત બન્યા અને કોલાહલ કરવા લાગી ગયા.

અહીં વિમાનમાં મહારાજા હરિશ્ચંદ્ર, ઇન્દ્રને અયોધ્યાપુરી બતાવતાં કહી રહ્યા છે કે, આ એ જ અયોધ્યા છે કે, જેમાં જન્મ લેવા માટે દેવતાઓ પણ મહત્તા સમજે છે. અહીંના નરનારીઓ મને ઘણા જ પ્રિય છે. મારી દૃષ્ટિએ અયોધ્યા આગળ સ્વર્ગ પણ તુચ્છ છે. એક તો અયોધ્યાપુરી નૈસર્ગિક કારણોથી જ રમ્ય છે, બીજું, આજ નગરીમાં ભગવાન ઋષભદેવ આદિ તીર્થંકરોએ જન્મ ધારણ કર્યો હતો, અને ત્રીજું, આ અયોધ્યાપુરી એ મૃત્યુલોકમાં છે કે જ્યાં પુરુષોપાર્જનનાં કાર્યો કરી શકાય છે. આ બધા કારણોથી અયોધ્યા ઘણું જ પ્રશંસનીય સ્થળ છે.

હરિશ્ચંદ્રની વાતના જવાબમાં ઇન્દ્ર કહેવા લાગ્યા, ખરેખર, અયોધ્યા એવી જ છે. અયોધ્યાની જેટલી પ્રશંસા કરવામાં આવે, તેટલી થોડી જ છે. હું ઇન્દ્ર હોવા છતાં પણ અયોધ્યાનો ભક્ત છું.

આ પ્રમાણે વાતચીત કરતાં, વિમાનમાં [illegible] અયોધ્યાની નજીક આવ્યા નગરની બહાર [illegible] તથા વિમાન તરફ દૃષ્ટિ કરતી જોઈ, હરિશ્ચંદ્ર ઇન્દ્રને કહેવા લાગ્યા — મહારાજ, હવે મારે વિમાન ઉપર રહેવું ઉચિત નથી. [illegible]

ઇન્દ્રની આજ્ઞાથી વિમાન જમીન ઉપર ઉતર્યું. વિમાનમાં હરિશ્ચંદ્ર તથા રોહિત સાથે તારાને જોઈને, પ્રજાને એટલો આનંદ થયો કે જેટલો આનંદ એક ગોપાલને ગુમાયેલી ગાયના ગળ્યા મળવાથી થાય છે. પોતાની વ્હાલી પ્રજાને, ઘણાં દિવસો પછી જોવાથી હરિશ્ચંદ્ર અને તારાને પણ એટલી જ પ્રસન્નતા થઈ કે જેટલી પ્રસન્નતા આજ દિવસથી વિખૂટું પડેલું બચ્ચું મળવાથી માતાને થાય છે

વિમાનમાંથી હરિશ્ચંદ્ર, તારા અને રોહિત ઉતર્યા જ. પ્રજાએ તેમના ઉપર વસ્ત્રાભુષણ આદિની નિછાવર કરી અને પુષ્પોની વૃષ્ટિ સાથે ગગનભેદી જયનાદ ગજાવ્યો. પુરૂષોએ હરિશ્ચંદ્રને, સ્ત્રીઓએ તારાને અને બાળકોએ રોહિતને ચારે તરફથી ઘેરી લીધા. નરનારીઓ તારા અને હરિશ્ચંદ્રના ચરણોમાં પડી-પડીને તેઓને પ્રણામ કરવા લાગ્યા પૃથ્વી ઉપર પડેલા લોકોને ઉઠાડી-ઉઠાડીને રાજા તથા રાણી પોતાના કંઠે લગાડવા લાગ્યા અને તેમને કુશળ વર્તમાન પુછવા લાગ્યા. પરન્તુ પ્રેમમગ્ન પ્રજા, તે વખતે તેમના કુશળપ્રશ્નનો જવાબ આંખોમાંથી આંસુ વહાવ્યા ઉપરાંત બીજો કાંઈ આપી શકી નહિ હૃદયરૂપી સરોવરથી, પ્રેમરૂપી જળને, નેત્રોદ્વારા બહાર કાઢીને સઘળા સ્ત્રી-પુરૂષો તારા અને હરિશ્ચંદ્રના પગને એ પ્રમાણે પ્રક્ષાલન કરવા લાગ્યા કે, જાણે તેઓ રાજા-રાણીએ પૂછેલા કુશળ પ્રશ્નોનો જવાબ આપતા ન હોય !

હરિશ્ચંદ્રના મેળાપથી, પ્રજાને જે આનંદ થયો, તે અવર્ણનીય છે. હરિશ્ચંદ્ર પાછા આવ્યાની ખુશાલીમાં, સૌએ યથાશક્તિ દાન આપ્યું સ્ત્રીઓ પણ તારાના મેળાપથી પ્રસન્ન બની ગઈ અને તારા પ્રત્યે કહેવા લાગી કે, આપે આવા આપત્તિના સમયમાં પતિની સાથે જઈને સ્ત્રીજાતિનું મુખ ઉજ્જવળ કરી દીધું. ખરેખર, આપ સ્ત્રી જાતિને કલંકમાંથી બચાવવા માટે જ પતિની સાથે કષ્ટ સહન કરવા ગયા હતા.

પ્રજાનો આવો પ્રેમ નિહાળીને ઇન્દ્રાદિ બધા દેવો, પ્રજા તથા હરિશ્ચંદ્રની પ્રશંસા કરવા લાગ્યા વિશ્વામિત્રે રાજાને રાજમહેલમાં લઈ

જવા માટે, પ્રજાને સંકેત કર્યો. વિશ્વામિત્રના સંકેત પ્રમાણે, હરિશ્ચંદ્ર, તારા અને રોહિતને લઇ, પ્રજા રાજમહેલ તરફ ચાલી; ઇન્દ્રાદિ બધા દેવો અને વિશ્વામિત્ર પણ સાથે સાથે જ રાજમહેલ તરફ ચાલ્યા.

હરિશ્ચંદ્રના આવવાની આશાથી, નગરવાસીઓએ નગરને પહેલેથી જ શણગારી રાખ્યું હતું. જગ્યાએ-જગ્યાએ સુંદરતા વધારનારી અને સ્વાગત દર્શાવનારી વસ્તુઓ લગાડી હતી. શહેરમાં ચારે તરફ સુગંધિત પદાર્થો એવી રીતે ઉડી રહ્યા હતા અને એથી વાતાવરણ એવું થઇ રહ્યું હતું કે, જાણે ફુવારો ઉડી રહ્યો હોય. આ શણગારેલા નગરમાં પ્રજાએ એક સરઘસ કાઢીને, રાજા, રાણી અને રોહિત વગેરેને ફેરવ્યા. અને પછી તેમને રાજમહેલમાં લઇ જવામાં આવ્યા. જે રાજમહેલ મહારાજા હરિશ્ચંદ્ર વિના ઘણા સમયથી સુનો હતો, તે આજ મહારાજા હરિશ્ચંદ્રના પદાર્પણથી સુશોભિત બની ગયો. જે સુનો રાજમહેલ જોઇ જોઇને પ્રજા દુઃખ કર્યા કરતી હતી, એ જ રાજમહેલમાં આજે રાજા, રાણી અને રોહિત પુનઃ પધારવાથી પ્રજાને અપાર આનંદ થયો.



પ્રકરણ ૩૦ મું

પુનઃ રાજ્ય-પ્રાપ્તિ

મહારાજા હરિશ્ચંદ્ર અને મહારાણી તારા વગેરે રાજમહેલમાં પહોંચ્યા પછી, વિશ્વામિત્રે ફરીથી હરિશ્ચંદ્રને કહ્યું કે, હવે આપ રાજ્યાસનને સુશોભિત કરો આપના વિના, અહીંની પ્રજા ઘણી જ વ્યાકુળ હતી. એટલે આપ રાજ્યાસન ઉપર બિરાજીને, તેના દુઃખ દૂર કરો.

હરિશ્ચંદ્ર—મહારાજ ! આ રાજ્ય આપનું છે, મારું નથી. હું તો આપને તે દાનમાં આપી ચુકયો છું. દાનમાં આપેલી વસ્તુ ઉપર હવે મારો કોઈ અધિકાર નથી. અમે, ઇન્દ્રની આજ્ઞા તથા આપની વાત માનીને, અહીં આવ્યા છીએ, નહિ તો જે રાજ્યનું અમે દાન કરી ચૂકયા હતા અને જેમાં ન રહેવાની અમને સૂચના મળી હતી, એ રાજ્યમાં પગ મૂકવાનો અમને લેશપણ અધિકાર ન હતો. પ્રજાએ મને જોઈ લીધો અને મેં પ્રજાનું દર્શન કરી લીધું, એ જ આપની ઘણી કૃપા છે. પ્રજા જો દુઃખી છે તો રાજા હોવાને લીધે તેની જવાબદારી આપના ઉપર છે, મારા પર નહિ.

હરિશ્ચંદ્રનો આ જવાબ સાંભળીને પ્રજા અત્યંત દુઃખી થઈ. તે હરિશ્ચંદ્રને રાજ્ય સ્વીકારવાની વિનતી કરવા લાગી. હરિશ્ચંદ્ર પ્રજાને સમજાવતા કહ્યું કે, હું આ રાજ્યનું દાન કરી ચૂકયો છું, એટલે ફરીથી તે ગ્રહણ કરી શકતો નથી

અલ્પ બુદ્ધિવાળી પ્રજા, હરિશ્ચંદ્રના આ કથનથી નિરુત્તર બનીને ચૂપચાપ આંસુ વહાવવા લાગી. ત્યારે ઇન્દ્રે હરિશ્ચંદ્રને કહ્યું કે, તમે મને એમ કહી ચુકયા છો કે, 'હું બીજાના હિતકર કાર્યો કરવામાં પ્રાણપણથી તૈયાર છું' એટલે હું પ્રજાને એ પ્રશ્ન પૂછું છું કે, તેનું હિત વિશ્વામિત્ર રાજા રહે, તો છે, કે તમે રાજા રહો, તો છે ?

ઉપર પ્રમાણે ઇન્દ્રે પ્રશ્ન પૂછવાથી, એકી અવાજે પ્રજાએ કહ્યું કે, અમારૂં હિત મહારાજા હરિશ્ચંદ્ર રાજ્ય કરશે, તો જ થશે. અમને જે સુખ, તેમના શાસનમાં મળ્યું હતું અને ભવિષ્યમાં મળવાનો વિશ્વાસ છે, તે સુખ વિશ્વામિત્રના શાસનમાં કદી સ્વપ્નેય પણ મળ્યું નથી. તેમ ભવિષ્યમાં પણ મળવાની આશા જ નથી.

પ્રજાનો જવાબ સાંભળીને, ઇન્દ્ર ફરીથી મહારાજા હરિશ્ચંદ્રને કહેવા લાગ્યા-પ્રજા આપના પ્રત્યે પ્રસન્ન છે અને આપના રાજ્ય કરવાથી સુખની આશા સેવે છે. આવી સ્થિતિમાં પ્રજાની ઇચ્છા વિરૂદ્ધ અને તે પણ આવી પરિસ્થિતિમાં, કે જ્યારે વિશ્વામિત્ર પોતે જ આપની રાજ્ય ગ્રહણ કરવાનો આગ્રહ કરે છે, ત્યારે રાજ્ય ન લેવું એ કોઇરીતે ઉચિત નથી. પ્રજા આપની પાસે સુખની આશા રાખે છે, એટલે આપને એ જ ઉચિત છે કે, આપ તેની ઇચ્છાનુસાર કાર્ય કરો.

હરિશ્ચંદ્ર—પરન્તુ આપ જ કહો કે, જે વસ્તુ દાનમાં આપી દીધી હોય, તે શું પાછી લઇ લેવી ઉચિત છે?

ઇન્દ્ર—આપનું કથન બરોબર છે. પરન્તુ હું પહેલાં જ કહી ચૂક્યો છું, કે રાજ્ય કરતાં રાજ્ય સુખ ભોગવવું, એ એક બાબત છે અને પ્રજા ઉપર રાજ્ય કરતાં, દુષ્ટોથી તેનું રક્ષણ કરવું, તથા તેને સુખ-સમૃદ્ધિ સંપન્ન બનાવવી, એ બીજી બાબત છે. આપને આ બીજી બાબત કરવા માટે જ કહેવામાં આવે છે. પહેલી બાબત માટે રાજ્ય સોંપવામાં આવતું નથી આ ઉપરાંત, દાનમાં આપે રાજ્ય આપ્યું છે, કુમાર રોહિતને આપ્યું નથી. વિશ્વામિત્ર, પોતાનું રાજ્ય કુમાર રોહિતને આપે છે. રોહિતને વિશ્વામિત્રનું આપેલું રાજ્ય લેવામાં કોઈ જાતની હરકત નથી. રોહિત જ્યાંસુધી નાનો છે, રાજ્યભાર ઉપાડવા શક્તિવાન્ થયો નથી, ત્યાંસુધી તેના તરફથી, તેના વતી હોવાને કારણે તમે રાજ્ય કરો અને જ્યારે રોહિત રાજ્યભાર ઉપાડવા માટે શક્તિસંપન્ન બને, ત્યારે તમે તેનું રાજ્ય તેને સોંપી દેજો સારૂં એ છે કે, આપને તેના તરફથી રાજ્ય લેવું પડશે. જો તમે એમ કહેશો કે, અને દાનમાં

પેલી વસ્તુમાંથી કેમ ખાઈ, પી શકીએ? તો તેનો જવાબ એ છે
સંસારમાં કોઈપણ માણસ ખાધા-પીધા વગર કામ કરી શકતો નથી
વેચાયા હતા, ત્યારે પણ ખરીદનાર માલીકને ત્યાનું અન્ન ખાધું
હતી. એ જ પ્રમાણે અહીં પણ કામ કરો અને ખાઓ-પીઓ
મારા વિના પ્રજા કેટલું દુઃખ ભોગવી રહી છે, તેનો વિચાર કરો
તેને દુઃખ મગ્ન જ રહેવા દેવી, એ તમારા જેવા સત્યવાદીને
ઉચિત નથી.

ઇન્દ્ર, વિશ્વામિત્ર, પ્રજા અને પોતાના ઇષ્ટ દેવ વગેરેના સમ-
વવા-બુઝાવવાથી તથા અનેક વિનંતીઓ કરવાથી વિવશ બનીને
શ્ચંદ્ર, રોહિત ઉમર લાયક થાય, ત્યાંસુધી રાજ્ય સંભાળવાનું કબૂલ
. આમ કરીને તેમણે ભવિષ્યને માટે એ આદર્શ મુક્યો કે, પોતાની
ોના વારસદાર ભરત, પોતાના વડીલ ભાઈ શ્રી રામચંદ્રજીની ગેર-
રીમાં અયોધ્યાનું રાજ્ય સંભાળે. હરિશ્ચંદ્રે રાજ્યનો સ્વીકાર કરતા
સમસ્ત પ્રજા આનંદમગ્ન બની ગઈ. હરિશ્ચંદ્ર અને તારાની જય-
ઘોષથી આખો રાજમહેલ ગર્જી ઉઠયો.

અયોધ્યાથી કાશી તરફ રવાના થતી વખતે જ, વિશ્વામિત્ર
ીઓને રાજ્યાભિષેકની સામગ્રી હાજર રાખવાની આજ્ઞા આપી ગયા
. તે પ્રમાણે રાજ્યાભિષેકની તમામ સામગ્રી લાવીને, સિંહાસન પાસે
ામાં આવી. વિધિસહિત હરિશ્ચંદ્ર, તારા અને કુમાર રોહિતને
ંશી વસ્ત્રાલંકારો અલંકૃત્ત કરવામા આવ્યાં અયોધ્યાનો રાજમુ-
હરિશ્ચંદ્ર ત્યાગી જવાથી ત્યા જ રાખવામા આવ્યો હતો, તે પુન
શ્ચંદ્રના મસ્તક ઉપર શોભવા લાગ્યો. આ બધું થઈ ગયા પછી, રાણી
કુમાર સહિત મહારાજા હરિશ્ચંદ્રને, અયોધ્યાના એ છત્રમય સિંહા-
પર બેસાડવામાં આવ્યા, કે જે સિંહાસન તેમના વિના અદ્યાપિ
ી પડી રહ્યું હતું વિશ્વામિત્રે રાજાના હાથમા રાજ્યદંડ આપ્યો.
ા લોકો, મહારાજા હરિશ્ચંદ, મહારાણી તારા અને કુમાર રોહિતની
બોલવા લાગ્યા, તથા બંદીવાનો તેમના યશોગાન ગાવા લાગ્યાં.

વિવિધ પ્રકારના વાજિંત્રોથી, આખું આકાશ ગાજી ઉઠયું લોકોએ સહર્ષ યથાશક્તિ ભેટ આપી અને મહારાજા હરિશ્ચંદ્રે સૌનો ઉચિત આદર સત્કાર કર્યો.

રાજ્યાભિષેકનું બધું કામ તત્કાળ આટોપાઇ ગયા પછી, બધા લોકોની હાજરીમાં સભાની વચમાં ઉભા થઇને ઇન્દ્ર કહેવા લાગ્યા— એક દિવસ એ હતો કે, જ્યારે મેં મારી સભામાં મહારાજા હરિશ્ચંદ્રના સત્યની પ્રશંસા કરી હતી અને એક દિવસ આજનો છે કે, જ્યારે હું તેમની સામે જ તેમની પ્રશંસા કરવા માટે ઉભો થયો છું. એ વખતે મેં જે પ્રશંસા કરી હતી, તે એ જાતની હતી કે, જેમ સોનાનો માત્ર રંગ કે તેનું રૂપ જોઇને સોનું કહેવું, અને આજે પ્રશંસા કરી રહ્યો છું તે એવી છે કે, જેમ સોનાને તપાવીને, ટીપીને કે કાપીને પરીક્ષા થઇ ગયા પછી તેને સોનું કહેવુ. આજે જે પ્રશંસા કરી રહ્યો છું, તે મહારાજા હરિશ્ચંદ્રના સત્યની પરીક્ષા થઇ ગયા બાદ કરી રહ્યો છું. જો કે, હું એ જાણું છું કે, મહારાજા હરિશ્ચંદ્ર પોતાના કર્તવ્ય માર્ગ ઉપર મહારાણી તારાની સહાયતાથી જ સ્થિર રહી શકયા છે અને તેમની સહાયતાથી તારા સત્યપાલનમાં સમર્થ થઇ છે, તો પણ સાથે જ એ પણ મને માલુમ છે કે ભારતની સ્ત્રીઓ, પોતાના પતિના ઉપસ્થિતિમાં, પોતાની પ્રશંસા ઇચ્છતી નથી. તેઓ, જે કંઇ સત્કાર્ય કરે છે, તેનો યશ પતિને જ આપે છે અને પતિની પ્રશંસાથી જ તેઓ પ્રસન્ન રહે છે, તથા પતિની પ્રશંસાને પોતાની જ પ્રશંસા માને છે એટલા માટે હું મહારાણી તારાની પ્રશંસા જુદી ન કરતાં, માત્ર તે મહારાજા હરિશ્ચંદ્રની જ પ્રશંસા કરું છું કે જેની તે અર્ધાંગના છે

મહારાજા હરિશ્ચંદ્રના સંબંધમાં [illegible] કહું, તે પહેલાં હું [illegible] ભારતવાસીઓ પાસે [illegible] [illegible] [illegible] હરિશ્ચંદ્ર [illegible] [illegible] છે અને [illegible] [illegible] તેમનું અનુકરણ કરે છે. આ કારણ અને [illegible]

ભૂમિની જેટલી પ્રશંસા કરવામાં આવે તેટલી થોડી છે.

મહારાજ હરિશ્ચંદ્રના સત્યપાલનની ખ્યાતિનું, જો કે, હું સંપૂર્ણપણે વર્ણન કરવા સમર્થ નથી, તો પણ એટલું તો હુ કહેવા ઇચ્છું છું કે, મહારાજ હરિશ્ચંદ્ર ધર્મનો મર્મ સમજીને જ આટલી કષ્ટ સહનની તપશ્ચર્યા કરી છે. તેમના ઉપર જે જે સંકટો પડ્યાં છે, તે સાંભળીને જ સાધારણ મનુષ્ય તો ગભરાઈ જાય. પરન્તુ તેઓ તે કષ્ટોને ધીરજપૂર્વક સહન કરતા ગયા અને પોતાના સત્યથી ચલિત ન થયા. આજ કારણે આજે મનુષ્ય લોકમાં જ નહિ, પણ દેવલોકમાં પણ તેમના સત્યની અને સાથે સાથે તેમની પણ પ્રશંસા થઈ રહી છે. આજે અખિલ જગત તેમનાં સત્યની શ્લાઘા કરી રહ્યો છે. જો મહારાજા હરિશ્ચંદ્ર જેવા સત્યવાન રાજા ન હોત, તો કહી શકતો નથી કે, દેવલોકના દેવો સત્યને માટે કોનો આદર્શ સન્મુખ રાખીને સત્યના યશોગાન ગાત. મહારાજ હરિશ્ચંદ્રના સત્ય ઉપર મુગ્ધ બનીને, મારું હૃદય એમ કહે છે કે, સત્ય વગરનાં રાજત્વની અપેક્ષાએ આવા સત્યવાનનું દાસત્વ પણ અનેક ગણું ઉત્તમ છે. સત્ય વગરનું રાજ્ય નરકની જ ગતિ પ્રાપ્ત કરાવે છે, પરન્તુ સત્ય સાથેનું દાસત્વ આત્માને ઉન્નતાવસ્થામાં મૂકે છે.

અંતમાં, હું આશીર્વાદ આપું છું કે, મહારાજા હરિશ્ચંદ્ર અને તેમના સત્યની કીર્તિ, અનંત અને અટલ આકાશની જેમ અનંત અને અટલ બની રહે. જે સત્ય ઉપર શ્રદ્ધા રાખીને, મહારાજા હરિશ્ચંદ્રે આટલાં કષ્ટો સહ્યા છે અને જે સત્યના પ્રતાપથી આજે તેમની કીર્તિ દિગ્દિગન્તમાં વ્યાપી રહી છે, તે સત્ય ઉપર શ્રદ્ધા રાખનાર અને તે સત્યના પાલનમાં કષ્ટથી ભયભીત ન થનાર લોકો અવશ્ય શુભ ગતી પ્રાપ્ત કરશે.

આ પ્રમાણે સત્ય અને હરિશ્ચંદ્રની પ્રશંસા કરીને, હરિશ્ચંદ્ર પાસેથી વિદાય માગીને ઈન્દ્રાદિ સઘળા દેવો દેવલોકમાં ગયા અને વિશ્વામિત્ર વનમાં ચાલ્યા ગયા.



પ્રકરણ ૩૧ મું

રાજ્ય અને દીક્ષા

જગતનો નિયમ છે કે, ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત થવાથી હૃદયને અત્યંત આનંદ થાય છે એ જ પ્રમાણે આજે મહારાજા હરિશ્ચંદ્ર અને મહારાણી તારાના પ્રાપ્ત થવાથી, પ્રજાને પણ અપૂર્વ આનંદ થાય છે. આ આનંદથી આખું નગર પ્રફુલ્લિત બની ગયું અને ત્યાંના રહેવાસીઓએ અનેક દિવસો તહેવાર માફક પસાર કર્યા.

સઘળા લોકોને વિદાય કરીને, મહારાજા હરિશ્ચંદ્ર રાજ્યકાર્યમાં પ્રવૃત્ત બન્યા. રાજ્યમાં મહારાજા હરિશ્ચંદ્રના નામનો ઢંઢેરો પિટાનાં તથા તેમની ગગનસ્પર્શી પતાકા ફરકવાથી, સૂર્યોદય થતાં જેમ તારાઓ અદૃશ્ય થાય, તેમ ચોર, લુટારા વગેરે છુપાઈ ગયા. સઘળા મનુષ્યો પોત-પોતાના કર્તવ્યનું પૂર્વવત્ પાલન કરવા લાગ્યા, અને સત્યપાલનને માટે પોતાના [illegible] આદર્શ [illegible] લાગ્યા. થોડા દિવસોમાં જ સમસ્ત પ્રજા પુનઃ [illegible] બની ગઈ.

કેમકે, અયોધ્યાનું [illegible] મહારાજ હરિશ્ચંદ્રના અધિકારમાં આવી ગયું [illegible] પોતે કિંચિત પણ [illegible] માટે [illegible] વ્યવસાય કરતા [illegible] કાર્ય સમાપ્ત.

[illegible]

માનો કે તેમનું રાજ્ય સાક્ષાત્ રામ નિરૂપ હતું. દરિદ્રતાનું દુઃખ ાય છે, એ તેમની પ્રજા જાણતી ન હતી. સમગ્ર મનુષ્યોની ક સ્થિતિ સારી જ હતી. સમસ્ત જીવો એવા નિર્ભય રહેતા ા, કોઈ કોઈને સતાવતા ન હતા.

મહારાજા હરિશ્ચંદ્રના રાજ્યમાં, અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ હોતી યથાસમયે જરૂરિયાત પૂરતો વરસાદ થયા કરતો હતો સુગં શીતળ પવન, મંદમંદ ગતિથી વહ્યા કરતો હતો. સૂર્ય પ્રમાણે જ તપતો હતો, ન્યૂનાધિક નહીં. જમીન હમેશાં ફળ હેતી હતી અને પ્રજાને ઉત્તમોત્તમ અનાજ આપ્યા કરતી હતી. વૃક્ષો ફળ, ફુલોથી લચકતાં જ રહેતાં હતા ગાય આદિ દૂધાળાં દૂધ અને ઘીથી પ્રજાજનોને અહર્નિશ પ્રસન્ન રાખતા. નદીઓ પ્રજાને સુખ આપતી એવી રીતે વહ્યા કરતી હતી, કે જાણે અમૃત તે વહી રહી ન હોય! સમુદ્ર પણ વખતોવખત મણિ-મુક્તાદિ રીતે પોતાના કિનારાપર નાખતો હતો કે, જાણે પ્રજાને તેની વનાઓનો બદલો આપતો ન હોય! સારાંશ એ છે કે મહારાજ દનું રાજ્ય ખુબ જ સુખદાયક હતું દશે-દિશાઓમાં આનંદ રીતે વ્યાપી રહ્યો હતો કે, જાણે તે મહારાજા હરિશ્ચંદ્ર અને તેમની આધિન હોય. અસ્તુ

પહેલાના મનુષ્યો, પોતાની આખી ઉંમર સંસારની ભ્રમજાળમાં તાવતા ન હતા. પરન્તુ આયુષ્યનો એક ભાગ આત્મકલ્યાણમાં જ . એમ તો તેઓ ગૃહસ્થપણામાં રહીને પણ આત્મકલ્યાણને માર્ગે જનારા કાર્યો કરતા હતા, પણ આયુષ્યનો અંતિમ ભાગ નિરંતર કાર્યમાં ગાળતા. એટલા માટે તેમણે આયુષ્યને ચાર ભાગમાં નાખ્યું હતું. આયુષ્યના પહેલા ભાગમાં, તેઓ બ્રહ્મચર્ય પાલ- સાથે વિદ્યોપાર્જન કરતા હતા બીજા ભાગમાં, ગૃહસ્થપણાના બોજો, પોતાના ઉપર લઈને, ગૃહસ્થાશ્રમ ચલાવતા હતા, ત્રીજા

ભાગમાં, સંસારત્યાગનો અભ્યાસ કરતા હતા, અને ચોથા ભાગમાં સંસારથી વિરક્ત થઈને, ઈશ્વરભજનમાં તલ્લીન બની જતા હતા. આ નિયમોનું પાલન ન કરનારા અધમ માનવામાં આવતા હતા અને બધા લોકો તેમના તરફ ઘૃણાની નજરે જોતા હતા. એટલા માટે બધા લોકો, સંતાન જ્યારે ગૃહસ્થપણાનો ભાર ઉપાડવા યોગ્ય થાય ત્યારે, ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરીને વિરક્ત બની જતા હતા. ઘરમાં રહીને, સાંસારિક કાર્યોમાં આસક્ત બનીને મરવું, એ એક શરમજનક અને કાયરોચિત કાર્ય માનવામાં આવતું હતું. તેમનો સિદ્ધાન્ત હતો કે—

> अवश्यं यातारश्चिरतरमुषित्वापि विषया ।
> वियोगे को भेदस्त्यजति न जनो यत्स्वयममून् ॥
> व्रजन्तः स्वातन्त्र्यादतुलपरितापाय मनसः ।
> स्वयं त्यक्ता ह्येते शमसुखमनन्तं विदधति ॥

અર્થાત્—વિષયોને અમે ગમે તેટલા ભોગવીએ, ગમે તેટલો પ્રેમ કરીએ, પરન્તુ એક દિવસે તે અવશ્ય અમારાથી અલગ થઈ જશે; તો પછી અમે પોતે અમારી ઈચ્છાથી જ તેને શા માટે ન છોડીએ! કારણ કે જ્યારે તે વિષયો અમને છોડશે, ત્યારે અમને મહાદુઃખ અને મનને કલેશ થશે અને જો અમે તેને છોડી દઈશું. તો અમને અનંત સુખ અને શાન્તિ મળશે.

મહારાજ હરિશ્ચંદ્ર અને મહારાણી તારાની યુવાવસ્થા [illegible] થઈ હતી. જો કે, તેજસ્વી હોવાને લીધે, યુવાવસ્થાના [illegible] કોઈ ચિહ્ન તેમનાં શરીર પર [illegible] તેઓ, આજના મનુષ્યો, કે જેઓ [illegible] ગૃહસ્થાવાસમાં જ ફસાયેલા રહે છે [illegible] કિંચિત્ પણ ચિકિત્સા [illegible] 'નોટીસ' સમજતા, અને [illegible] પુનઃ [illegible]

ઓનો પ્રયોગ કરે છે, ત્યારે તે જીવનના માળમાં ગૃહસ્થાશ્રમ છોડીને તપશ્ચર્યામાં તલ્લીન બની જતા હતા. એ જ પ્રમાણે મહારાજા હરિશ્ચંદ્ર અને મહારાણી તારાએ પણ ગૃહત્યાગનો વિચાર કર્યો. અહીં રોહિત પણ મોટો થઈ ગયો હતો. રાજ્યકાર્ય સંભાળવાની યોગ્યતા પણ તેનામાં આવી ચૂકી હતી. મહારાજા હરિશ્ચંદ્રે રોહિત મોટો થાય ત્યાં સુધી જ, રાજ્ય ચલાવવાનું કબૂલ કર્યું હતું. તે પ્રમાણે પણ તેમને રાજ્યનો ત્યાગ કરવાનું ઉચિત માન્યું.

રાજ્યત્યાગનો વિચાર કરીને, મહારાજા હરિશ્ચંદ્રે, રોહિતના રાજ્યાભિષેકની તૈયારી કરાવી. પોતાના પ્રિય રાજા-રાણીના આ વિચાર સાથે પ્રજા પણ સંમત થઈ અને પ્રજાવર્ગમાંના ઘણા સ્ત્રી-પુરુષો રાજારાણીના આ કાર્યનું અનુકરણ કરવા માટે તૈયાર થયા.

'यथा राजा तथा प्रजा' એ કહેવત મુજબ જે કાર્ય રાજા કરે છે, તેને પ્રજા વિશેષ રૂપે અપનાવે છે મનુષ્ય, સ્વભાવથી જ અનુકરણશીલ હોય છે. તેમાંય વળી રાજાનું અનુકરણ કરવું, એ તો પ્રજા પોતાને માટે ગૌરવભરી વાત સમજે છે રાજાના દરેક કાર્યનું પ્રજા અનુકરણ કરવા માડે છે, પછી ભલે તે કાર્ય સારું હોય કે ખરાબ હોય. કયું કામ સારું છે કે કયુ કામ ખોટું છે, એ બાબતનો વિચાર કરવાનો ભાર રાજાની ઉપર સમજીને, જે કામ રાજા કરે છે, તે કામ કરવામાં પ્રજા જરાપણ સંકોચાતી નથી. કામના સારાપણાનો કે ખરાબપણાનો વિચાર કરવાની બુદ્ધિ પ્રજાજનો પૈકી ઘણા થોડાને હોય છે. એટલા માટે પહેલાના રાજાઓ પ્રત્યેક કાર્ય એવા રૂપમાં કરતા, કે જેનું અનુકરણ કરવાથી પ્રજાને કોઈ પ્રકારનું નુકશાન ન થાય; પણ લાભ જ થાય. અસત્ય, વ્યભિચાર, હિંસા, માદકતા આદિ ખોટાં કાર્યો, તેઓ પોતાની પાસે પણ ફરકવા દેતા ન હતા આ જ કારણથી, રાજાના કાર્યોનું અનુકરણ કરતા, પ્રજા આ લોકનો આનંદ, મેળવવાની: સાથે જ પરલોકનો આનદ પણ મેળવતી હતી

નિશ્ચિત સમયે, મહારાજા હરિશ્ચંદ્રે કુમાર રોહિતને રાજ્યાસન ઉપર બેસાડીને તેનો રાજ્યાભિષેક કર્યો. કુમાર રોહિત રાજા થવાથી, સમસ્ત પ્રજા પ્રસન્ન બની ગઇ. અને મહારાજા હરિશ્ચંદ્રની પ્રશંસા કરવા લાગી. રાજ્યાભિષેકની સઘળી વિધિઓ પતી જવાથી. રોહિતને રાજ્યદંડ આપતાં, મહારાજા હરિશ્ચંદ્ર કહેવા લાગ્યા-આજે અતિ હર્ષની વાત છે કે, હું રાજ્ય તથા ગૃહસ્થીનો ભાર કુમાર રોહિતને સોંપી, મહારાણી તારા સહિત, આ કાર્યથી મુક્ત બનીને, બાકીનું જીવન ઇશ્વરભજનમાં વ્યતીત કરવા માટે વનમાં જાઉં છું. રોહિત જો કે પોતે એક ચતુર અને પ્રજાપ્રિય રાજ્ય ચલાવનાર તરીકે સાબીત થશે, તો પણ પિતા હોવાને લીધે મારું કર્તવ્ય છે કે, હું તેને શીખામણને માટે કાંઇક કહું. એટલા માટે હું રોહિતને મારા તરફથી એ શીખામણ આપું છું કે, રાજાને માટે પ્રજા પુત્રવત્ છે. જેમ, પુત્રના સુખ દુઃખ વગેરેનું ધ્યાન રાખવું તથા દુઃખ દૂર કરીને તેને સુખ આપવું, એ પિતાનું કર્તવ્ય છે, તેમ તે પ્રજાનાં સુખદુઃખની ચિંતા રાખીને, તેનું દુઃખ દૂર કરે. જો રાજા પોતાની પ્રજાનું દુઃખ દૂર કરવામાં અસમર્થ હોય છે, અથવા તે તરફ દુર્લક્ષ રાખે છે, [illegible] એટલે રાજાએ પ્રજાનું દુઃખ દૂર કરવામાં કદાપિ [illegible] જોઇએ. પ્રજા સુખી રહેવાથી જ [illegible] સુખી [illegible] કદાપિ સુખી રહી શકતો નથી [illegible] થી સન્માન કરવું, એ પણ રાજાનું [illegible] તથા આપનાર જનોનું સન્માન [illegible] અયોગ્ય ગણાય છે.

અંતમાં હું [illegible] અને ધર્મ કદાપિ [illegible] ન [illegible] [illegible]

વિના એ શાંભાગિક વસ્તુઓ આ લોકમાં તો દુઃખદાયક થાય છે જ, પરન્તુ પરલોકમાં પણ દુઃખદાયક થશે.

હું પ્રજાને રોહિતના હાથમાં અને રોહિતને પ્રજાના હાથમાં સોંપું છું. આશા છે કે, તમે પરસ્પર સહકાર રાખીને, સત્ય-ધર્મપૂર્વક રાજ્યની વ્યવસ્થા કરશો.

રાજાનું કથન સમાપ્ત થતાં જ પ્રજાએ હર્ષપૂર્વક હરિશ્ચંદ્ર, તારા અને રોહિતનો જયધ્વનિ કર્યો. મહેલમાંથી નીકળીને, પ્રજા સહિત મહારાજા હરિશ્ચંદ્ર, રોહિત અને મહારાણી તારા નગરની બહાર આવ્યા. મહારાજા હરિશ્ચંદ્ર અને મહારાણી તારાનું અનુકરણ કરવા માટે, અનેક સ્ત્રી-પુરુષો પણ પોતાનું ગૃહસ્થજીવન છોડીને તેમની સાથે ચાલી નીકળ્યા હતા.

નગરની બહાર આવીને, અનેક સ્ત્રીપુરુષોની સાથે મહારાજા હરિશ્ચંદ્ર અને મહારાણી તારાએ દીક્ષા ધારણ કરી. કુમાર રોહિત તથા પ્રજા, તેમનો રાજશાહી વેશ સાધુઓના વેશમાં પરિણીત થએલો જોઈ, તેમનો જયધ્વનિ ઉચ્ચારવા લાગ્યા, તથા તેમને ધન્યવાદ આપવા લાગ્યા. આ પ્રમાણે વૈરાગ્ય વેશ ધારણ કરીને, પોતાના સહયોગી સ્ત્રી-પુરુષો સહિત, મહારાજા હરિશ્ચંદ્ર તથા મહારાણી તારા બે વિભાગોમાં વહેંચાઈને વનમાં ચાલ્યા ગયા. વનમાં પહોંચીને, બંનેએ ખૂબ તપશ્ચર્યા કરી. શુકલ ધ્યાન ધ્યાવીને બંનેએ કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત કર્યું અને અંતમાં સિદ્ધગતિને પ્રાપ્ત થયા.

માતા-પિતાદિને વન તરફ વિદાય કરીને પ્રજા સહિત મહારાજ રોહિત નગરમાં આવ્યા પ્રજા મહારાજા રોહિતના રાજ્યાભિષેકને અંગે, તથા મહારાજા હરિશ્ચંદ્રની દીક્ષાધારણને અંગે કેટલાય દિવસો સુધી આનંદોત્સવ ઉજવતી રહી મહારાજા હરિશ્ચંદ્રની પછી, મહારાજા રોહિત, પોતાના પિતાની જ માફક સત્ય અને ધર્મની રક્ષા કરતા થકા, ન્યાયપૂર્વક રાજ્ય ચલાવવા લાગ્યા. એમણે પણ એવું સરસ રાજ્ય કર્યું કે પ્રજાને મહારાજાહરિશ્ચંદ્રના રાજ્યત્યાગથી કિંચિત પણ દુઃખ ન થયું.

પ્રકરણ ૩૨ મું.

ઉપસંહાર

પાઠકગણ ! એ તો પહેલેથી જ કહી દેવામાં આવ્યું છે કે, ચરિત્ર કહેવા-સાંભળવાનું તાત્પર્ય એ છે કે, ચરિત્રમાં વર્ણવેલ સારાં કાર્યોનું અનુકરણ કરવું અને ખોટાં કાર્યોનો ત્યાગ કરવો. આ કથનનું તાત્પર્ય માત્ર એ નથી કે, મહારાજા હરિશ્ચંદ્ર અને મહારાણી તારાના ચરિત્રનું અનુકરણ કરવા માટે, તમે પણ તમારાં ગૃહ આદિનું દાન કરી દો, અથવા બીજાના દાસ બનીને રહો. સત્યને માટે, જો એ બની શકે, તો તો સારૂં જ છે, પરન્તુ એવું ન થઇ શકવાને લીધે, સત્યથી વંચિત રહેવું, એ ઉચિત નથી. જે આકાશમાં ગરૂડ પક્ષી ઉડે છે, તેમાં એક પતંગને પણ ઉડવાનો અધિકાર છે. એ વાત જુદી છે કે, તે ઉડવામાં ગરૂડની સમાનતા ન કરી શકે; છતાં સમાનતા ન કરી શકવાના કારણે, ઉડવાનું બંધ કરતો નથી. એ જ પ્રમાણે જે સત્ય, મહારાજા હરિશ્ચંદ્ર અને મહારાણી તારા જેવા ઉચ્ચ વ્યક્તિઓએ પાળ્યું છે, તે જ સત્ય સાધારણ માં સાધારણ માણસ પણ પાળી શકે છે. એ વાત બીજી છે કે, આજનો મનુષ્ય મહારાજા હરિશ્ચંદ્ર અને મહારાણી તારાની માફક ત્યાગ બતાવી ન શકે, પણ ત્યાં સત્યનું પાલન ન કરવું એ કદી ઉચિત કહી શકાય નહિ. [illegible] અવસર આ અવસર કહો સહન કરવું, પણ સત્ય ન છોડવું, [illegible] સન્મુખ [illegible]. તમે સાધારણ [illegible], સત્ય ન [illegible], [illegible] થવાનો [illegible] નથી, ત્યાં તો સત્યનો ત્યાગ ન કરે.

મહારાજા હરિશ્ચંદ્ર અને મહારાણી તારા [illegible].
તો [illegible] છે.